# જૈન પાઠાવલી

પુસ્તક : ૧૨

શ્રેણી : ૨૫




શ્રી બૃ. મું. વ. સ્થાનકવાસી જૈન મહાસંઘ સંચાલિત

દર્શન જ્ઞાન ચારિત્ર

માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા


ધાર્મિક શિક્ષણ બોર્ડ

શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

:સંચાલિત:

માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

મુંબઇ-૪૦૦૦૦૨



## પ્રકાશન શ્રુતાનુરાગી દાતા

**મનુભાઈ વનેચંદ સંઘવી**
**હસ્તે શિલ્પાબેન સંજયભાઈ સંઘવી (તાડદેવ/મુંબઈ)**

પ્રકાશન દિન

વીર સંવત : 2549

વિક્રમ સંવત : 2079

ઈ.સ. : Dec. 2023

## પ્રથમ આવૃત્તિ

પ્રત : 1000

જ્ઞાનાર્થે : 50 ₹


## પ્રાપ્તિ સ્થાન


**શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ**

**:સંચાલિત:**

**માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા- ધાર્મિક શિક્ષણ બોર્ડ**

જયંત આર્કેડ, ઓફિસ નંબર-૨૦૨
બીજે માળે, એમ. જી. રોડ,રાજાવાડી સિગ્નલ,
ઘાટકોપર (પૂ.),મુંબઇ-૪૦૦૦૭૭

**Office : 9702277914**
**Chaayaben : 9029933775**
**Alpa Mehta : 9820462132**

**E-mail: jainshikshanboard@gmail.com**
**Website: www.jaineducationboard.org**

# અતીતની અટારીએથી

ધાર્મિક શિક્ષણ બોર્ડ

આજે વિશ્વમાં પ્રલોભનો વધી રહ્યા છે. આજનો માનવી સૂર્યોદયથી સૂર્યાસ્ત નહિ પણ મધરાત સુધી યંત્રવત્ દોડી રહ્યો છે. સમય અને નિરાંત જેવા શબ્દો તો એના જીવનના શબ્દકોશમાંથી ક્યારના રવાના થઇ ગયા છે, ત્યારે પ્રશ્ન થાય છે કે આ બધી દોટ કોના માટે ?

ત્યારે જવાબ છે કે સુખ, સમૃદ્ધિ, અખૂટ સંપત્તિ માટે પણ શું આટલી દોડાદોડ કર્યા પછી આ બધું મળે છે ખરું ? કદાચ યંત્રયુગમાં સમૃદ્ધિ અને સંપત્તિ મળી જાય છે પણ જીવન યંત્રવત્ બની જાય છે અને સુખ-શાંતિના હવાતિયા મારવા છતાં સુખ-શાંતિ તો વહેંત છેટા જ રહી જાય છે. બધા પાસે જવાબ માગશો તો કોઈ પાસે સો ટકા સુખીપણાનો જવાબ નહીં મળે. કોઈને કોઈ દુ:ખ તો હશે જ. આ બધા દુ:ખોથી મુક્ત થવું હોય તો આધ્યાત્મિક જ્ઞાન જ સહાયક થાય છે.

આવી પરિસ્થિતિ નિર્માણ થશે એ આપણા વડિલો જાણતા હતા. એમાંના શ્રી ચીમનભાઈ ચકુભાઈ સાહેબ આગેવાની લઇને અંદાજે ૬૦ વર્ષ પૂર્વે એટલે કે ૩૦/૭/૧૯૬૧ના બૃહદ મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘની સ્થાપના કરીને સમસ્ત મુંબઈના સ્થાનકવાસી સંઘોને એક છત્ર નીચે એકત્ર કર્યા અને આ મહાસંઘની આગેવાની હેઠળ માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

જૈનધર્મના ૩૨ આગમમાંથી પ્રેરણા લઈ, આગમધોધમાંથી મંથન કરીને સરળ ભાષામાં બોધ થઈ શકે તે માટે, સમસ્ત વિશ્વના સ્થાનકવાસી જૈનોના જૈનધર્મ આધારિત વિજ્ઞાનનો વિકાસ થાય માટે ધાર્મિક શિક્ષણ બોર્ડે શરૂઆતમાં શ્રેણી ૧ થી ૭ ના અભ્યાસક્રમના પાઠ્ય પુસ્તકો તૈયાર કર્યા. આ પાઠ્યક્રમ તૈયાર કરવામાં પૂજ્ય સંતબાલજી મહારાજ

સાહેબનો અવિસ્મરણીય સાથ-સહકાર મળ્યો.

પછી ક્રમશ :સંઘના વિદ્વાનોએ કોર્સનો વિકાસ કર્યો. જેને કારણે આજે ૧ થી ૨૪ શ્રેણીનો કોર્સ તૈયાર થઈ ગયો અને જ્યારે જ્યારે જરૂર લાગી, ત્યારે નવી આવૃત્તિમાં જે ફેરફાર કરવા પડે એ કર્યા. વર્તમાને હવે ૨૪મી શ્રેણીના કોર્સ પછી ૨૫મી શ્રેણીના કોર્સની માંગ થતા પુનરાવર્તન કોર્સ તરીકે ૨૫મી શ્રેણીનો કોર્સ તૈયાર કર્યો છે. જે આપના કરકમળમાં મૂકતા આનંદ અનુભવીએ છીએ.

- ૧ થી ૪ શ્રેણીનો કોર્સ બાલ શ્રાવક બનાવશે.
- ૫ થી ૮ શ્રેણીનો કોર્સ શ્રાવક બનાવશે .
- ૯ થી ૧૨ શ્રેણીનો કોર્સ જિન શ્રાવક બનાવશે.
- ૧૩ થી ૧૬ શ્રેણીનો કોર્સ શ્રેષ્ઠ શ્રાવક બનાવશે.
- ૧૭ થી ૨૦ શ્રેણીનો કોર્સ દેવાનુપ્રિય શ્રાવક બનાવશે.
- ૨૧ થી ૨૪ શ્રેણીનો અભ્યાસક્રમ શ્રુતશ્રાવક બનાવશે.

અને હવે આ ૨૫મી શ્રેણીનો કોર્સ જે રજૂ થવાનો છે તે શ્રુત સ્વાધ્યાય શ્રાવક બનાવશે.

સમય અનુસાર ક્રમિક વિકાસ કરતા કરતા આજે માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ સંસ્કાર સિંચન માટે કાર્યશીલ છે.

ધાર્મિક શિક્ષણ બોર્ડની પ્રવૃત્તિ :-

૧) જૈનશાળા અને મહિલા મંડળની ધાર્મિક પરીક્ષાઓનું આયોજન.

૨) પરીક્ષા માટે જરૂરી પુસ્તકોનું પ્રકાશન.

૩) શિક્ષકોના અને વિદ્યાર્થીઓના સંમેલનો યોજી તેમને અભ્યાસક્રમની સમજણ આપવી.

૪) શ્રેણીની પરીક્ષાઓના ઈનામી મેળાવડાનું આયોજન કરવું.

૫) જ્ઞાનદાતા શિક્ષકોનું અભિવાદન.

કોર્સ તૈયાર કરવામાં અનેક સંપ્રદાયના અનેક ગુરુ ભગવંતો ગુરુણી ભગવંતોનું માર્ગદર્શન મળ્યું છે અને એ માર્ગદર્શન અનુસાર શ્રાવક શ્રાવિકાઓએ પણ પોતાનું યોગદાન આપ્યું છે. એ દરેકનું અમે ભાવપૂર્વક અભિવાદન કરીએ છીએ.

આ કોર્સના આધારે આજ સુધીમાં હજારો લોકોએ પરીક્ષા આપી છે અને ભવિષ્યમાં પણ લાખો લોકો પરીક્ષા આપશે એ જ અભ્યર્થના.

અંતમાં આ પુસ્તકમાં છદ્મસ્થાવસ્થાને કારણે જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# શ્રેણી - ૨૫

## જૈન પાઠાવલી (Level - 25)

| પાના નંબર | ગુણ | અભ્યાસક્રમ |
|---|---|---|
| ૯ | ૨૦ | સામાયિક + પ્રતિક્રમણ + ૧ થી ૨૪ શ્રેણીનું પુનરાવર્તન, ૯૯ અતિચાર વિવેચન અને પ્રશ્નોત્તર |
| ૪૯ | ૪૦ | નવ તત્ત્વ વિશેષ સમજણ સહિત + પુનરાવર્તન |
| ૫૪ | | ૧. જીવ તત્ત્વ |
| ૬૫ | | ૨. અજીવ તત્ત્વ |
| ૭૯ | | ૩. પુણ્ય તત્ત્વ |
| ૮૮ | | ૪. પાપ તત્ત્વ |
| ૯૨ | | ૫. આશ્રવ તત્ત્વ |
| ૯૭ | | ૬. સંવર તત્ત્વ |
| ૧૦૨ | | ૭. નિર્જરા તત્ત્વ |
| ૧૧૯ | | ૮. બંધ તત્ત્વ |
| ૧૨૬ | | ૯. મોક્ષ તત્ત્વ |
| ૧૪૦ | | ૧૦. નવ તત્ત્વના પ્રશ્નોત્તર |
| ૧૪૯ | | ૧૧. નવ તત્ત્વના વિવિધ બોલમાં વિચારણા |
| ૧૫૨ | ૨૦ | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર<br>અધ્યયન - ૩૦ સંપૂર્ણ ગાથા + શબ્દાર્થ + ભાવાર્થ |
| ૧૭૦ | ૨૦ | માર્ગણા - ૧ થી ૨૫૦ પાઠાવલીમાં આપેલી તથા બહારની પણ પૂછાશે |

# શ્રાવક વ્રતના ૯૯ અતિચાર

ગૃહસ્થ જીવનના તમામ વ્યવહારોની વચ્ચે રહીને સ્વયંની આરાધના શ્રધ્ધા અને વિવેકપૂર્વક કરે છે, તેને શ્રાવક કહેવાય છે, શ્રાવક સંસારની સમસ્ત પાપ પ્રવૃત્તિઓ છોડવા જેવી છે, તેવી પૂર્ણ શ્રધ્ધા સાથે પોતાની પરિસ્થિતિનો, જવાબદારીઓનો વિચાર કરીને વ્રત ધારણ કરે છે.

વ્રત ધારણ કરવા કઠિન છે પરંતુ ધારણ કરેલાં વ્રતોનું યથાવત્ પાલન કરવું, તે તેનાથી પણ વિશેષ કઠિન છે. તેથી શ્રાવકે વ્રતનું સ્વરૂપ, પોતે ગ્રહણ કરેલી મર્યાદાઓને તથા વ્રતના અતિચારોને વિસ્તારથી જાણવા જરૂરી છે. જો તેને યથાર્થ બોધ હોય, તો જ તે અતિચારોથી દૂર રહીને વ્રતોનું યથાર્થ રીતે પાલન કરી શકે છે.

શાસ્ત્રકારોએ ગૃહસ્થ જીવનની પરિસ્થિતિનો વિચાર કરીને શ્રાવકના દરેક વ્રતમાં કેટલાંક આગાર-(છૂટ) કહ્યા છે, તેમ જ દરેક વ્રતની કરણ-કોટિની વિવિધતા દ્વારા વ્રતોની વિશાળતાનું દર્શન કરાવ્યું છે. જેમકે શ્રાવક પરિગ્રહની મર્યાદા એક કરણ અને ત્રણ યોગથી અર્થાત્ ત્રણ કોટિથી કરે છે અર્થાત્ તે સ્વયં પોતાના માટે કેટલો પરિગ્રહ રાખશે, તેની જ મર્યાદા કરે છે, તે પોતાના સંતાનો કે સ્વજનો માટે કાંઇ પણ કરી શકે છે. તેનાથી તેનો વ્રત ભંગ થતો નથી. આ રીતે દરેક વ્રત ગ્રહણ કરીને શ્રાવક પોતાની મર્યાદા પ્રતિ હંમેશા સાવધાન રહે અને તેમાં કોઇ દોષ સેવન ન થાય, તેના માટે જાગૃત રહે છે.

તેમ છતાં ક્યારેક અજાણતાં વ્રતની મર્યાદાનું આંશિકરૂપે ઉલ્લંઘન થઇ જાય અને અતિચારોનું સેવન થઇ જાય, તો શ્રાવક પ્રતિદિન સવારે અને સાંજે નિરીક્ષણ કરીને તેનું પ્રતિક્રમણ કરે છે અને દોષ સેવનથી પાછા ફરીને વ્રતની શુદ્ધિ કરે છે.

સ્વીકારેલા વ્રતમાં સ્થિરતા રહે, ઉપાસકના ભાવોમાં ન્યૂનતા ન આવે તે માટે જૈન સાધનામાર્ગમાં અતિચાર દ્વારા દોષો દૂર કરવાના સુંદર ઉપાય દર્શાવ્યા છે.

અતિચાર એટલે વ્રતમાં સ્ખલના અથવા આંશિક મલિનતા આવવી. સાધારણ રીતે લીધેલા વ્રતભંગનો વિચાર પ્રથમ મનમાં આવે છે. પછી વાણીમાં અને

ત્યાર બાદ કાર્યમાં (ક્રિયામાં) આવે છે. આ ક્રિયા મોટે ભાગે ક્રમમાં થાય છે એટલે જ શાસ્ત્રકારોએ વ્રત ભંગના ચાર પ્રકાર અથવા ચાર પગથિયા બતાવ્યા છે.

૧) **અતિક્રમ :** એક માણસે બટેટા ન ખાવાના પ્રત્યાખ્યાન લીધા છે. હવે તેને બટેટા ખાવાની ઇચ્છા થઇ.

૨) **વ્યતિક્રમ :** તે માણસ બજારમાં ગયો, ભાવ પૂછયો. ભાવ પૂછીને બટેટા લીધા.

૩) **અતિચાર :** બજારમાંથી બટેટા લઇને શાક બનાવ્યું, પણ હજુ ખાધું નથી, ત્યાં સુધી તેનો વિચાર પરિવર્તન થવાનો સંભવ છે. તેથી અહીં સુધી વ્રતભંગ થતો નથી.

૪) **અનાચાર :** બટેટાનું શાક ખાધું. અહીં તેનો વ્રતભંગ થાય છે અર્થાત્ અતિચારની સીમા જ્યારે આગળ વધી જાય છે, ત્યારે અતિચાર અનાચારમાં પરિવર્તિત થઇ જાય છે. અનાચારનો અર્થ છે લીધેલા વ્રતનું ખંડિત થવું, જે દોષ અતિચારની સીમા સુધીના હોય, તેની શુદ્ધિ પ્રતિક્રમણથી થાય છે પરંતુ જે દોષ અતિચારની મર્યાદાનું ઉલ્લંઘન કરીને અનાચારની કક્ષામાં આવી ગયાં હોય અર્થાત્ વ્રતભંગ થયો હોય, તો તેની શુદ્ધિ પ્રતિક્રમણથી થતી નથી, તેના માટે ગુરુ પાસે જઇને દંડરૂપ વિશેષ પ્રાયશ્ચિત લેવું પડે છે. જેમકે કોઇ વ્યક્તિએ બીજી વ્યક્તિનું ખૂન કર્યું હોય, તો તેને સોરી કહેવાથી કે હાથ જોડી માફી માંગવાથી માફી મળતી નથી. તેનો ગુનો કોર્ટમાં જાય છે. યોગ્ય કાર્યવાહી થાય છે અને કોર્ટ ચુકાદો આપે તે પ્રમાણે સજા ભોગવવી પડે છે. ગુરુ તે વ્યક્તિની પાત્રતા, સમય, સંજોગ, પરિસ્થિતિ વગેરેનો વિચાર કરીને પ્રાયશ્ચિત આપે છે. તેથી ઉપાસકોએ અતિચારનું યથાવત્ સ્વરૂપ સમજીને જાગૃતિ અને આત્મબળ સાથે તેનો ત્યાગ કરવો જોઇએ. વ્રતને સુરક્ષિત રાખવા માટે અતિચારનો ત્યાગ કરવો અતિ આવશ્યક છે.

**શ્રાવક અતિચાર :** શ્રાવક જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના માટે વ્રતનો

સ્વીકાર કરે છે. શ્રી આવશ્યક સૂત્રમાં મુખ્ય ૯૯ અતિચારનો ઉલ્લેખ છે. જ્ઞાનના-૧૪, દર્શનના-૫, ચારિત્રના-૭૫, તપના-૫ અતિચાર દર્શાવેલ છે. આ અતિચારોનું સ્વરૂપ યથાર્થ રીતે જાણી તેનો ત્યાગ કરવો જોઇએ. તેથી જ આવશ્યક સૂત્રમાં જાણિયવ્વા ન સમાયરિયવ્વા એટલે આ અતિચાર જાણવા યોગ્ય છે પરંતુ આચરવા યોગ્ય નથી તેવો સૂત્ર પાઠ છે. જો અતિચારનું સ્વરૂપ જાણશું, તો જ અતિચારના સેવન સમયે જાગૃતિ રાખી શકશું અને તે દોષોને અનાચારની કક્ષાથી બચાવી શકશું.

**જ્ઞાનના અતિચાર :** શ્રાવક સદ્‌ગુરુના માધ્યમથી અથવા સ્વયં જિનવાણીનું વાંચન કે શ્રવણ શ્રદ્ધાપૂર્વક કરતાં હોય છે. સમ્યગ્ બોધ પ્રાપ્ત કરીને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરી સ્વયંનો અખંડ જ્ઞાનગુણ પ્રગટ કરવા માટે જાગૃતિ રાખે છે. જ્ઞાનની આરાધના શ્રદ્ધા અને વિનયપૂર્વક વિધિવત્ થવી જોઇએ, પરંતુ ક્યારેક તેમાં કોઇપણ પ્રકારે સ્ખલના થઇ હોય, ઉચ્ચારણમાં ઓછું, અધિક બોલાયું હોય તો તેમાં ૧૪ પ્રકારના અતિચાર-દોષની સંભાવના છે. તે ૧૪ અતિચાર આ પ્રમાણે છે

**૧) જં વાઇદ્ધં :** સૂત્રો આઘાં પાછાં ભણાયા હોય. જેમકે આયરિયાણંના બદલે આરિયયાણં બોલીએ. એક શબ્દ આઘો પાછો ભણાતા અર્થનો અનર્થ થાય છે. જ્ઞાન ભણતા કે ભણાવતા આવી કોઇ ભૂલ થઇ હોય.

**૨) વચ્ચામેલિયં :** ધ્યાન વિના સૂત્રો ભણાયા હોય. ભગવાને શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે ધ્યાન વિના ભણાયેલું જ્ઞાન સફળ થતું નથી, માટે જ દરેક શબ્દ સાથે મનને જોડવું જોઇએ. પ્રત્યેક સ્વાધ્યાયના શબ્દો સાથે મનની હાજરી ન હોય એટલે કે મન હોવા છતાં ઉપયોગ શૂન્ય ભણાયું હોય.

**૩) હીણક્ખરં :** અક્ષરો ઓછા ભણાયા હોય. કુંતીના બદલે કુતી, બંગલાને બદલે બગલો. સંસારના બદલે સસાર-સાર યુક્ત શબ્દ થઇ જાય. અક્ષરોની ન્યૂનતાથી પણ અર્થ બદલાય જાય છે, તેથી તે અતિચારરૂપ છે.

૪) **અચ્ચક્ખરં :** અક્ષર અધિક ભણાયા હોય. અક્ષરો અધિક બોલવાથી પણ અર્થનો અનર્થ થાય છે. જેમકે નલ શબ્દના બદલે અનલ બોલીએ, તો જે કહેવું હોય તે ભાવોની સ્પષ્ટતા થતી નથી, તેથી તે અતિચારરૂપ ગણાય છે.

૫) **પયહીણં :** પદ ઓછું ભણાયું હોય. 'લોગસ્સ' ના પાઠમાં 'સુમઇં ચ' ના બદલે 'સુવિહિં ચ' બોલીએ તો વચ્ચેના શબ્દો છૂટી જાય છે અથવા અલગ અલગ સૂત્રોમાં આવેલા એક સમાન અર્થવાળા શબ્દોને એકવાર બોલવા, તે શાસ્ત્રના અનાદર ભાવરૂપ હોવાથી અતિચાર રૂપ ગણાય. જેમકે નમો અરિહંતાણં, સિદ્ધાણં, આયરિયાણં બોલવું.

૬) **વિણયહીણં :** વિનય વગર ભણાયું હોય, ધાર્મિક જ્ઞાન ભણતી વખતે પહેલાં અને પછી વંદન કરી ગુરુનો વિનય ન કર્યો હોય. ગુરુ પ્રતિ બહુમાનનો ભાવ ન રાખ્યો હોય, ગુરુથી ઊંચા આસને બેસીને ભણ્યા હોય, ગુરુ પ્રત્યક્ષ ન હોય ત્યારે ઈશાનકોણમાં તીર્થંકર પરમાત્મા અને ગુરુના સ્મરણપૂર્વક વંદન કરીને ભણ્યું કે ભણાવ્યું ન હોય.

૭) **જોગહીણં :** મન-વચન-કાયાના અસ્થિર યોગે ભણાયું હોય. ઉપયોગ શૂન્ય ભણાયું હોય તથા શરીરની અનુકૂળતા હોવા છતાં સૂતા- સૂતા પગ લાંબા કરવા અગર ચોપડીનું ઓશીકું કરી ભણ્યા હોય અથવા ચંચળતાપૂર્વક શાસ્ત્રનું પઠન-પાઠન વગેરે કર્યું હોય અથવા શાસ્ત્ર જ્ઞાનની મહત્તા સૂચક તપ આદિ કર્યા વિના જ શાસ્ત્ર ભણવા તે યોગહીનતા છે.

૮) **ઘોસહીણં :** શુદ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય. સૂત્રરૂપ આગમ ભણનાર માટે ઉચ્ચારણ શુદ્ધિ અત્યંત આવશ્યક છે.

૯) **સુટ્ઠુદિન્નં :** રૂડું જ્ઞાન અવિનીતને દીધું હોય. જેને જ્ઞાનની રૂચિ, બહુમાન નથી, તેને પરાણે ભણાવ્યું હોય. પાત્ર-કુપાત્રનો વિચાર કર્યા વિના શાસ્ત્રજ્ઞાન આપવાથી તે વિપરીત રૂપે પરિણમન પામે છે. જેમ સર્પના મુખમાં ગયેલું દૂધ પણ ઝેરરૂપ પરિણમે છે. આ રીતે શ્રેષ્ઠ જ્ઞાન કુપાત્રને દીધું હોય અને સુપાત્ર

જીવોને ન દીધું હોય તો તે અતિચારરૂપ છે.

૧૦) **દુટ્ઠુપડિચ્છિયં:** અવિનીતપણે જ્ઞાન લીધું હોય. રસ, રૂચિ વગર ભણ્યા હોય. કોઈના force થી ભણ્યા હોય, દુષ્ટ ભાવથી ગ્રહણ કર્યું હોય. જેમકે ઘમંડથી, ગુરુને પરાજિત કરવા શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરવું અથવા દુષ્ટ પુરુષ પાસેથી ગ્રહણ કર્યું હોય.

હવે પછીના ચાર અતિચાર જ્ઞાન ભણવાના યોગ્ય સમય અને સ્થાન સંબંધી છે.

૧૧) **અકાલે કઓ સજ્ઝાઓ:** અકાળે સ્વાધ્યાય કર્યો હોય. ચાર સંધ્યાકાળ આદિ બાર કાળ સ્વાધ્યાય માટે અકાળ છે. તેમજ કાલિક સૂત્ર માટે બતાવેલ કાળ વગેરે તરફ ઉપેક્ષા ભાવ રાખ્યો હોય.

૧૨) **કાલે ન કઓ સજ્ઝાઓ:** સજ્ઝાય કરવાને સમયે સજ્ઝાય ન કરી હોય. ધર્મ કરવાની પૂરી અનુકૂળતા હોવા છતાં પ્રમાદથી સમય સાચવી સ્વાધ્યાય ન કર્યો હોય.

૧૩) **અસજ્ઝાઈએ સજ્ઝાઈયં:** સજ્ઝાય ન કરવા યોગ્ય સ્થળે સજ્ઝાય કરી હોય. જિનાગમમાં પરમાત્માની વાણી છે, તેની પવિત્રતા જળવાઈ રહે તે માટે પવિત્ર સ્થાનમાં જ સ્વાધ્યાય કરવો જોઈએ તેમ છતાં તેના પ્રતિ ઉપેક્ષા ભાવ રાખવો તે દોષ છે. અસ્વાધ્યાયના સ્થાન પર સ્વાધ્યાય કર્યો હોય. જેમકે આસપાસ મનુષ્યના લોહી-માંસ વગેરે હોય તેવા સ્થાને સ્વાધ્યાય કર્યો હોય.

૧૪) **સજ્ઝાઈએ ન સજ્ઝાઈયં:** સજ્ઝાય કરવા યોગ્ય સ્થળે સજ્ઝાય ન કરી હોય. યોગ્ય, શાંત, પવિત્ર તથા શુદ્ધ સ્થાનમાં સ્વાધ્યાય કર્યો ન હોય. પૌષધશાળા, ઉપાશ્રય આદિ પવિત્ર સ્થાનમાં ધર્મધ્યાન ન કરતાં વાતો કરી હોય.

આ રીતે જ્ઞાનના ચૌદ અતિચારના ત્યાગથી પરમાત્માના ઉપદેશરૂપ નિર્ગ્રંથ પ્રવચન પ્રતિ બહુમાન પ્રગટ થાય છે અને વિનયપૂર્વક યથાર્થ રીતે ગ્રહણ કરેલું જ્ઞાન જ સફળ બને છે.

**દર્શનના અતિચાર:** શ્રાવકની શ્રદ્ધા દૃઢ હોવી જરૂરી છે. શ્રદ્ધાના પાયા ઉપર જ વ્રતરૂપ મહેલનું નિર્માણ થાય. તેથી શ્રાવક અરિહંત અને સિદ્ધ ભગવંતને દેવરૂપે, પંચમહાવ્રતધારી નિગ્રંથ મુનિભગવંતોને ગુરુરૂપે અને કેવળી પ્રરૂપિત પૂર્ણ સત્ય ધર્મને ધર્મરૂપે સ્વીકારે છે.

તેમ છતાં ક્યારેક તેની શ્રદ્ધા વિચલિત થાય તો તે પાંચ અતિચારોનું સેવન કરે છે. તે પાંચ અતિચાર આ પ્રમાણે છે.

૧) **સંકા:** જૈનધર્મ વિશે શંકા રાખવી અથવા ભગવાનના વચનમાં શંકા કરવી. સ્વર્ગ-નરક, પાપ-પુણ્ય વગેરે અપ્રત્યક્ષ પદાર્થોમાં શંકા થવી, દેવ-ગુરુ કે ધર્મના વિષયમાં શંકા કરવી.

૨) **કંખા:** કાંક્ષા-મિથ્યાત્વના મતની ઈચ્છા કરવી, બહારનો દેખાવ, આડંબર અથવા બીજા પ્રલોભનથી પ્રભાવિત થઈને અન્ય મતની ઈચ્છા કરવી. જૈનધર્મના પાલનમાં કઠિનતા કે નીરસતા લાગવાથી અન્ય ધર્મમાં દેવ-દેવીના ચમત્કારો, અનુકૂળતાઓ, શારીરિક સુખશીલતા વગેરે જોઈને તે ધર્મ સ્વીકારવાની ઈચ્છા થવી તે કાંક્ષા નામનો અતિચાર કહેવાય.

૩) **વિતિગિચ્છા:** કરણીના ફળમાં સંદેહ રાખવો. મનુષ્યના ચંચળ મનમાં પ્રશ્ન ઊઠે કે ધર્મના અનુષ્ઠાનોનું, તપનું આચરણ કરું છું તેનું ફળ મળશે કે નહીં ધર્મના ફળ રૂપે તાત્કાલિક કોઈ ભૌતિક લાભ થતો નથી. ધર્મના ફળ સ્વરૂપે ભવિષ્યમાં સદ્‌ગતિ વગેરે મળે છે, તેવી વાતોનું પ્રત્યક્ષ પ્રુફ ન હોવાથી ફળના વિષયમાં સંદેહ થવો, સંદેહ થવાથી તેના કાર્યની ગતિમાં સહજ શિથિલતા આવે છે માટે સમકિતીએ તેનાથી દૂર રહેવું જોઈએ.

૪) **પરપાસંડ પસંસા:** અન્ય મતાવલંબીઓની પ્રશંસા કરવી. આ પ્રશંસા તાત્ત્વિક અર્થમાં છે એટલે કે અન્ય મતાવલંબીઓના ધાર્મિક સિદ્ધાંતોનું સન્માન કરવું, ધર્મગ્રંથો અથવા ધર્મ પ્રવર્તકોની અતિશય પ્રશંસા અન્ય માટે 'કાંક્ષા' દોષનું નિમિત્ત બને છે, તેની શ્રદ્ધામાં શિથિલતા આવે છે. પોતે સ્વીકારેલા આર્હત

ધર્મ પર વિશ્વાસ, દઢતા રહે તે માટે પરપાસંડ પ્રશંસાનો ત્યાગ અતિ મહત્ત્વનો છે. પરદ્રવ્યની પ્રશંસા પરપાસંડ પસંસા છે.

**૫) પરપાસંડ સંથવો (સંસ્તવ):** સંસ્તવનો અર્થ છે ઘનિષ્ઠ સંપર્ક અથવા નિકટતાપૂર્વકનો પરિચય, પરમતાવલંબી પાંખંડીઓની સાથે ધાર્મિક દૃષ્ટિએ ગાઢ પરિચય અથવા સંપર્ક કરવો તે શ્રાવક માટે ઉપાદેય નથી. ગાઢ પરિચયથી આસ્થામાં વિચલિતપણું ઉત્પન્ન થવાની આશંકા રહે છે.

શ્રદ્ધાવાન શ્રાવકે સમ્યક્ત્વના આ પાંચ અતિચારને યથાર્થ રીતે જાણીને તેનો ત્યાગ કરવો જોઈએ અને પોતાની શ્રદ્ધાને અવિચલ બનાવવી જોઈએ.

**ચારિત્રના અતિચાર:** ચારિત્ર એટલે આચરણ. શ્રાવકના પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત રૂપ બાર અણુવ્રત હોય છે. તેના કુલ ૭૫ અતિચાર છે.

**પહેલું અણુવ્રત (સ્થૂલ પ્રાણાતિપાત-વેરમણ વ્રત):**

શ્રાવક ગૃહસ્થ પૂર્ણત: હિંસાનો ત્યાગ કરી શકતો નથી, તેથી તે કેટલીક છૂટછાટ (આગાર) સાથે વ્રતનો સ્વીકાર કરે છે. તેને સ્થૂલ પ્રાણાતિપાત-વેરમણ વ્રત કહે છે. સાધુને ૨૦ વસા અને શ્રાવકને સવા વસા (ભાવ) હિંસાનો ત્યાગ હોય છે. પ્રશ્ન થાય છે કે

**સવા વસા એટલે શું ?**

સાધુના ૨૦ વસા અહિંસા મહાવ્રતની અપેક્ષાએ શ્રાવકનું વ્રત માત્ર સવા વસા અર્થાત 1 ¼% જ હોય છે




સાધુ: 20% દયા



શ્રાવક: 1 ¼% દયા

**શ્રાવકો પહેલા સ્થૂળ પ્રાણાતિપાત વેરમણ વ્રતમાં શેના પચ્ચક્ખાણ-ત્યાગ કરે છે ?**

ત્રસ જીવોની હિંસા સ્થૂળ હિંસા છે. શ્રાવકો સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ કરી શક્તા નથી. તેથી સ્થાવર જીવોની હિંસાની મર્યાદા કરી ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરે છે. ત્રસ જીવોની હિંસાના બે પ્રકાર છે. (૧) સંકલ્પી હિંસા (૨) આરંભી હિંસા.




## સંકલ્પી હિંસા કોને કહેવાય ?

સંકલ્પ કે ઈરાદાપૂર્વક જીવોને મારી નાંખવાની બુધ્ધિથી હિંસા કરવી તે સંકલ્પી હિંસા છે. જેમકે માંસ, લોહી, ચામડા આદિને માટે, ક્યારેક કેવળ શોખથી, કુતૂહલથી, ક્યારેક આવેશ કે દુર્ભાવથી તે જીવોને ઈરાદાપૂર્વક મારી નાખવા.

## આરંભી હિંસા કોને કહેવાય ?

ગૃહસ્થ જીવનના આવશ્યક કાર્ય કરતાં જે હિંસા થાય તે આરંભી હિંસા છે. જેમકે ખેતર ખેડતા જીવજંતુ મરી જાય, વાહનો ચલાવતાં જીવહિંસા થાય. રસોઈ બનાવતા કંથવા આદિ મરી જાય તે સર્વ આરંભી હિંસા છે. શ્રાવકો સંકલ્પી હિંસાનો ત્યાગ કરે છે, આરંભી હિંસાનો ત્યાગ કરતા નથી.

## નિરપરાધી હિંસા એટલે શું ?

જે જીવોએ કોઈ પણ પ્રકારનો અપરાધ કર્યો નથી, આપણા વ્યવહારમાં બાધક બનતા નથી, તેવા જીવોની હિંસાને નિરપરાધી હિંસા કહે છે. શ્રાવકને નિરપરાધી જીવોની હિંસાનો સંપૂર્ણ ત્યાગ હોય છે.

## સાપરાધી હિંસા એટલે શું ?

જે જીવોએ કોઈ પણ પ્રકારનો અપરાધ કર્યો હોય, આપણા શરીરમાં પીડા પહોંચાડી હોય, વ્યવહારમાં બાધક બનતા હોય, તેવા જીવોની હિંસાને સાપરાધી હિંસા કહે છે, જેમકે રાજ્ય વ્યવસ્થા માટે ગુનેગારને દંડ આપવો. શ્રાવકોને સાપરાધી જીવોની કે શરીરમાં પીડા પહોંચાડતાં જીવોની હિંસાનો આગાર-છૂટ હોય છે. કેન્સરનો દર્દી કીમો લે છે તેનો આગાર છે.

## સાપેક્ષ હિંસા કોને કહેવાય ?

દ્વેષબુધ્ધિ કે કષાયના ભાવ વિના કોઈ વિશેષ પ્રયોજનથી જીવહિંસા થાય તે સાપેક્ષ હિંસા છે. જેમકે ગાય, ભેંસ આદિ પશુઓને તેની સુરક્ષા માટે ખીલે બાંધવા, બાળકોને ન ગમે છતાં કડવી દવા પીવડાવવી વગેરે પ્રવૃત્તિની શ્રાવકોને છૂટ હોય છે.

## નિરપેક્ષ હિંસા કોને કહેવાય ?

કોઈ પણ પ્રકારના પ્રયોજન વિના જીવહિંસા થાય તે નિરપેક્ષ હિંસા છે જેમ કે હાલતા ચાલતા વિના પ્રયોજને વૃક્ષના પાન તોડવા.

## સાધુના મહાવ્રત અને શ્રાવકના સ્થૂળ વ્રતમાં શું તફાવત છે ?

સાધુ ત્રસ-સ્થાવર સર્વ જીવોની હિંસાનો પૂર્ણપણે ત્યાગ કરે છે, જ્યારે શ્રાવકો ત્રસ જીવોની હિંસાના ત્યાગમાં પણ માત્ર સંકલ્પી હિંસા, નિરપરાધી હિંસા

અને નિરપેક્ષ હિંસાનો ત્યાગ કરે છે.

તે ત્યાગ સાધુની અપેક્ષાએ આંશિક છે. જો સાધુનો ત્યાગ 20% ગણીએ તો શ્રાવકનો ત્યાગ માત્ર 1 ¼ % જ હોય છે.

તેમાં શ્રાવકો મન-વચન-કાયાથી નિરપરાધી અને નિર્દોષ ત્રસ જીવોની સંકલ્પપૂર્વક જાણી જોઈને, કાંઈપણ કારણ વિના હિંસા કરીશ નહીં અને કરાવીશ નહીં અને પૃથ્વી આદિ સ્થાવર જીવોની હિંસાની મર્યાદા કરીશ આ પ્રકારની પ્રતિજ્ઞા કરે છે, શ્રાવકોને હિંસાની અનુમોદનાનો ત્યાગ હોતો નથી. શ્રાવકના પાંચ અતિચાર નીચે પ્રમાણે છે.

**૧. બંધે :** કષાયને વશ થઈને અથવા શોખથી ત્રસ જીવોને બંધનમાં રાખવા.

બંધનના બે પ્રકાર છે- દ્રવ્યબંધ અને ભાવબંધ,

a) દોરડા, સાંકળ વગેરેથી બાંધવા, પક્ષીઓને પિંજરામાં પૂરવા તે દ્રવ્યબંધ છે.

b) જીવની સ્વતંત્રતાને છીનવી લેવી તે ભાવબંધ છે.

ભાવબંધનના ભાવ સહિતના દ્રવ્યબંધનનો સમાવેશ બંધે અતિચારમાં થાય છે.

- પાળેલા કૂતરાને સાંકળથી બાંધી રાખવો, આપણી ઈચ્છા પ્રમાણે તેને છોડવો.
- ગાય-ભેંસ આદિ પશુઓને બાંધીને રાખવા, આપણી ઈચ્છા પ્રમાણે તેને ચરવા મોકલવા.
- ઘરમાં માછલીઘર રાખવું તે માછલી માટે બંધનરૂપ છે.
- પાળેલા પોપટ આદિ પક્ષીઓને પિંજરામાં પૂરી રાખવા, તેને મનગમતો ખોરાક આપવા છતાં પિંજરું તેને માટે બંધનરૂપ હોય છે.
- ઘરના નોકર-ચાકર આદિ કર્મચારીઓને બંધનમાં રાખવા, તેની સ્વતંત્રતા છીનવી લેવી, તેને સાંકળ આદિ બંધન ન હોવા છતાં ભાવથી બંધન છે.
- ઘરના કે પરિવારના નાના-મોટા કોઈપણ સદસ્યને બંધનમાં રાખવા, તેની પ્રોપર્ટી પોતાના અધિકારમાં લઈ લેવી, તેનો હક છીનવી લેવો વગેરે.

શ્રાવકને ઉપરોક્ત વિવિધ પ્રકારની બંધનરૂપ ક્રિયાઓનો ત્યાગ હોય છે,

પરંતુ પશુ-પક્ષી આદિ તિર્યંચ પ્રાણીઓ કે મનુષ્યોમાં નોકર-ચાકર આદિની સુરક્ષા માટે હિતદષ્ટિથી કદાચ બંધનમાં રાખવા પડે, તો તે શ્રાવકો માટે દોષરૂપ કે અતિચારરૂપ નથી. જેમકે બાળકના બંને હાથ પકડીને માતા ઔષધ પીવડાવે તો તે દોષ નથી, કોઈ પણ પ્રયોજન વિના નિર્દોષ નોકર-ચાકર કે પશુ-પક્ષી વગેરેને બાંધવા તે બંધે નામનો અતિચાર ગણાય.

**૨) વહે (વધ):** જોયા વિના ઉતાવળથી દરવાજો બંધ કરતાં ગરોળી વગેરે જીવોનો વધ થયો હોય, જોયા વિના ચપ્પલ-બૂટ પહેરતાં નીચે કોઈ કીડી, મંકોડા જેવા ક્ષુદ્ર જીવ મરી ગયા હોય, કરોળિયાના જાળા તોડતા કરોળિયા મરી ગયા હોય વગેરે પ્રવૃત્તિ નિરપેક્ષ વધ છે. કોઈને કડવું વચન બોલી દુભવીએ, વાણીના ઘા આપીએ તો વહે નામનો અતિચાર- દોષ લાગે છે.

**૩) છવિચ્છેએ (છવિચ્છેદ):** નાક કાન આદિ અવયવો છેદ્યાં હોય. મનોરંજન માટે કૂતરા, બિલાડી વગેરે પાળેલા પશુઓના પૂછડાં કાન આદિ કાપવા, કોઇની આજીવિકાનો છેદ કરવો, સમયસર પગાર ન આપવો, પગારમાં કાપ મૂકવો. કોઇની આજીવિકામાં બાધા નાંખવી વગેરે પ્રવૃત્તિ આ અતિચારમાં આવી જાય. વગેરે...

**૪) અઇભારે:** ગજા ઉપરાંત કામ કરાવ્યું હોય. પશુ, નોકર આદિ પાસેથી તેના વેતન કરતાં વધુ કામ લીધું હોય, વિશેષ અભિપ્રાય આગ્રહ, અપેક્ષા, અધિકાર વધુ રાખી આપણે બીજાનો બોજ વધાર્યો હોય.

**૫) ભત્તપાણ વોચ્છેએ (ભક્તપાન વ્યવચ્છેદ):** દ્વેષ બુદ્ધિથી ભોજન-પાણીની અંતરાય પાડી હોય, ક્રોધને વશ થઇને કે પોતાના સ્વાર્થ માટે પોતાને આશ્રિત મનુષ્ય, પશુ વગેરેને સમયસર ભોજન-પાણી ન આપવા. વ્યાપારની સીઝનમાં તેને જમવા મોડા મોકલવા,

આજે સામાજિક પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. નિર્દયતા, ક્રૂરતા, અત્યાચાર વગેરે પ્રવૃત્તિ વિવિધરૂપે પ્રતીત થાય છે, માટે શ્રાવકે પોતાની દૈનિક જીવનચર્યા

સૂક્ષ્મતાથી જોઇ-તપાસીને અતિચારના મૂળ ભાવોને ગ્રહણ કરવા. નિર્દયતાપૂર્વકના કાર્ય છોડી દેવા. પહેલા વ્રતના પાંચ અતિચાર જાણી તેનો ત્યાગ કરવો.

### બીજું અણુવ્રત (સ્થૂલ મૃષાવાદ વેરમણ વ્રત) :

બીજા વ્રતમાં શ્રાવક સ્થૂલ મૃષાવાદનો ત્યાગ કરે છે. તેમાં કોઇને અકારણ દંડિત થવું પડે, લોકમાં નિંદા થાય, જાતિ કે કુળ કલંકિત થાય, કોઇના પ્રાણ સંકટમાં મૂકાય, તેવા અસત્યનો ત્યાગ કરે છે. તેમાં મુખ્યતયા કન્યાના રૂપ-ગુણ, પશુ-પક્ષીઓના ગુણ, ભૂમિ સંબંધી, કોઇની થાપણ સંબંધી જૂઠુ બોલવું કે ખોટી સાક્ષી આપવી. આ પ્રકારના સ્થૂલ મૃષાવાદનો ત્યાગ કરે છે. તેના પાંચ અતિચાર આ પ્રમાણે છે.

૧) **સહસાભક્ખાણે** (સહસા અભ્યાખ્યાન): સહસાનો અર્થ થાય એકાએક, ઓચિંતુ, કોઇ વાત વિચાર્યા વગર ભાવાવેશમાં આવી જલ્દી કહી દેવી. વિચાર્યા વિના કોઇ પર એકાએક ખોટો આક્ષેપ કરવો, વિચાર્યા વિના કોઇના માટે ખોટો અભિપ્રાય આપ્યો હોય, નિર્અપરાધી વ્યક્તિ પર કલંક લગાડયું હોય, ઉતાવળમાં કે મજાકમાં કોઇને ધ્રાસકો પડે તેવું બોલવાથી આ અતિચાર લાગે.

૨) **રહસાભક્ખાણે** (રહસ્ય અભ્યાખ્યાન): કોઇની છાની વાત ઉઘાડી કરી હોય. રહસ્નો અર્થ એકાંત થાય છે. રહસ્ય એટલે ગુપ્ત વાત, ગુપ્ત મંત્રણા, દીકરા-દીકરીની સગાઇ કે લગ્નમાં બંને પક્ષની ગુપ્ત વાતો જાહેર કરવી, કોઇના ધંધાના સીક્રેટ ખુલ્લા કરવા, તે જ રીતે ધન-સંપત્તિ આદિ વિષયક ગુપ્તતા ખુલ્લી કરવી વગેરે પ્રવૃત્તિથી રહસાભક્ખાણેનો દોષ લાગે છે.

3) **સદાર (સભર્ત્તાર) મંતભેએ** (સ્વદાર મંત્રભેદ): પુરુષે પોતાની સ્ત્રીના અને સ્ત્રીએ પોતાના પુરુષના મર્મ ઉઘાડા કરવા. જેનાથી કેટલાંકના સંસાર ભાંગી પડે છે. વિશ્વાસપાત્ર સમજીને પતિ-પત્ની બંનેએ પરસ્પર પોતાની ગુપ્ત વાત પ્રગટ કરી હોય. પોતાની ગુપ્તતા ખુલ્લી પડવાથી દુ:ખ થાય છે. પોતાની દુર્બળતા પ્રગટ થતાં લજ્જિત બનવું પડે છે.

**૪) મોસોવએસે (મૃષોપદેશ):** ખોટો ઉપદેશ, ખોટી સલાહ આપવી તે મૃષા ઉપદેશ છે. વિષયની સત્યતા-અસત્યતા, હિતકારતા-અહિતકારતા વગેરેનું જ્ઞાન ન હોવા છતાં વ્યાપારાદિમાં પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે બીજાને ખોટી સલાહ આપવી વગેરે મૃષોપદેશ અતિચાર ગણાય.

**૫) કુડલેહ કરણે (કૂટ લેખ કરણ):** ખોટા લેખ, દસ્તાવેજ, બિલ, ચોપડા વગેરે લખ્યા હોય, ખોટી ચલણી નોટ-સિક્કા ચલાવવા, ખોટા હસ્તાક્ષર દ્વારા વેપારમાં બે નંબરના કાર્ય કર્યાં હોય વગેરે કૂટલેખ ક્રિયા કહેવાય.

ઉપરોક્ત પાંચે અતિચારને સમજતાં સ્પષ્ટ થાય છે કે સત્ય ભાષા પણ જો બીજાને દુ:ખકારી હોય, અહિતકારી હોય, વેર- વિરોધકારી હોય તો શ્રાવકોએ તેનો ત્યાગ કરવો જોઇએ. અહીં સત્યની વિશાળતા પ્રગટ થાય છે.

## ત્રીજું અણુવ્રત (સ્થૂલ અદત્તાદાન વેરમણ વ્રત):

અદત્ત-અન્યના આપ્યા વિના, આદાન-ગ્રહણ કરવું, તેને અદત્તાદાન-ચોરી કહે છે. શ્રાવક સ્થૂલ અદત્તાદાનનો ત્યાગ કરે છે. જે કૃત્ય સમાજમાં ચોરી કહેવાય, જેનો દંડ ભોગવવો પડે તેવી ચોરીનો શ્રાવકો ત્યાગ કરે છે. જેમકે કોઇની દિવાલ કે દરવાજા તોડીને, કોઇની પેટી કે પટારા ખોલીને, તાળા તોડીને કે બીજી ચાવીથી તાળા ખોલીને ચોરી કરવી. કોઇનો વિશ્વાસઘાત કરી, ખિસ્સા કાપીને માલ લઇ લેવો અથવા અન્યની કિંમતી વસ્તુને પોતાની છે, તેમ કહીને લઇ લેવી. આ પ્રકારની ચોરીનો ત્યાગ હોય છે.

શ્રાવકને આ વ્રતમાં કેટલીક છૂટ પણ હોય છે. પોતાના સ્વજનની કોઇ વસ્તુ ચોરીના ભાવ વિના લેવી, પેન-પેન્સીલ જેવી નજીવી વસ્તુ પૂછયા વિના લીધી હોય કે વ્યાપારમાં કોઇ સૂક્ષ્મ ચોરી થઇ હોય તો તેનો શ્રાવકો ત્યાગ કરી શકતા નથી. તેના પાંચ અતિચાર-

**૧) તેનાહડે (સ્તેનાહૃત):** સ્તેનનો અર્થ ચોર થાય છે. આહૃત-લાવેલી અર્થાત્ ચોર

દ્વારા ચોરીને લાવેલી વસ્તુ, દાણાચોરીનો માલ લેવો.

૨) **તક્કરપ્પઓગે (તસ્કર પ્રયોગ):** ચોરને મદદ કરી હોય. પોતાના વ્યાપારના કાર્યોમાં ચોરનો ઉપયોગ કર્યો હોય, ચોરને ચોરી કરવા ઉત્તેજન આપ્યું હોય તેમજ ચોરને ખાન, પાન, વસ્ત્ર, વાહન, હથિયાર વગેરે વસ્તુ આપી હોય અર્થાત્ ચોરને તેની ચોરી કરવા પ્રોત્સાહિત કર્યાં હોય.

૩) **વિરુદ્ધ રજ્જાઇક્કમે (વિરુદ્ધ રાજ્યાતિક્રમ):** રાજ્ય વિરુદ્ધ દાણચોરી વગેરે કરવી, રાજકીય કોઈ પણ નિયમોનું ઉલ્લંઘન કરવું. બીજા રાજ્યમાં ગેરકાનૂની રીતે વીઝા વગર પ્રવેશ કરવો, ગેરકાનૂની વ્યાપાર કરવો વગેરે પ્રવૃત્તિ આ અતિચાર અંતર્ગત છે.

૪) **કુડતોલે- કૂડમાણે (કૂટતોલ કૂટમાન):** તોલવામાં અને માપવામાં ખોટા તોલ-માપનો ઉપયોગ કરવો અર્થાત્ ઓછું તોલવું કે માપવું. તેમજ તોલ કરતી વખતે કાંટો દબાવવો વગેરે.

૫) **તપ્પડિરૂવગવવહારે (તત પ્રતિરૂપક વ્યવહાર):** સારી વસ્તુ દેખાડી નરસી વસ્તુ આપવી, માલમાં ભેળસેળ કરવી, વેપારમાં અનૈતિકતા અને અસત્યનું આચરણ કરવું, સેંપલ પીસ કરતાં ડીલીવરીના માલમાં ગોટાળો કરવો.

પ્રભુ મહાવીરે કહેલા આ અતિચારોને ખૂબ જ સૂક્ષ્મતાથી જાણી વિચારીને તેનો ત્યાગ કરવો આવશ્યક છે.

## ચોથુ અણુવ્રત (સ્થૂલ મૈથુન વેરમણ વ્રત):

બ્રહ્મસ્વરૂપી શુદ્ધ આત્મસ્વરૂપમાં રમણ કરવું તે બ્રહ્મચર્ય છે. પૂર્ણ બ્રહ્મચર્યના લક્ષ્ય સાથે શ્રાવક પરસ્ત્રી કે પરપુરુષનો ત્યાગ કરીને પોતાની પરણિત સ્ત્રી કે પુરુષમાં સંતોષ રાખે અને અન્ય સ્ત્રી-પુરુષને ભાઇ-બહેન સમાન સમજે છે. આ પ્રમાણે ચોથા વ્રતની મર્યાદા કરે છે. તેના પાંચ અતિચાર-

૧) **ઈત્તરિય પરિગ્ગહિયાગમણે (ઇત્વરિક પરિગૃહીતાગમન):** વાગદત્તા અથવા

અલ્પવયની પત્ની સાથે સમાગમ કરવો અથવા મોબાઈલમાં મેસેજ દ્વારા તેવા દશ્યો બતાવીને સામી વ્યક્તિને ઉત્તેજિત કરવા.

**૨) અપરિગ્ગહિયાગમણે (અપરિગૃહીતા ગમન):** જે સ્ત્રી સાથે સગાઈ થઈ છે, લગ્ન થયાં નથી તેની સાથે ગમન કરવું. વેશ્યા સાથે મૈથુન સેવવું અથવા વાગ્દતા સાથે સહવાસ કરવો એ બીજો અતિચાર છે.

**૩) અનંગક્રીડા:** સ્વાભાવિક અંગ સિવાય અનેરે અંગે કામક્રીડા કરી હોય. સ્વજાતીય સંભોગ, અપ્રાકૃતિક મૈથુન, કૃત્રિમ કામ ઉપકરણોથી વિષય વાસના શાંત કરવી વગેરે પ્રવૃત્તિનો સમાવેશ આ અતિચારમાં ગણાય છે.

**૪) પર વિવાહ કરણે (પર વિવાહ કરણ):** પોતાના પુત્ર-પુત્રી સિવાય બીજાના વિવાહ મેળવી આપ્યા હોય, મેરેજ બ્યુરો ચલાવવા વગેરે....

**૫) કામભોગેસુ તિવ્વાભિલાસા:** કામભોગની તીવ્રતમ આકાંક્ષા રાખી હોય. પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં અત્યંત આસક્તિભાવ રાખવો, વિષય વિકાર વધારે એવા વસ્ત્રો પહેરવા, બ્લુ ફીલ્મો, બીભત્સ દશ્યો જોવા, વિકારવર્ધક વાતો સાંભળવી, વિકારવર્ધક ભાષાનો પ્રયોગ કરવો, વિજાતીયના સ્પર્શમાં આનંદની અનુભૂતિ કરવી, બીભત્સ મેસેજ પાસ કરવા વગેરે. શ્રાવકોએ ઉપરોક્ત તમામ પ્રવૃત્તિઓ પર અંકુશ રાખી આત્મભાવમાં સ્થિર થવા પુરુષાર્થ કરવો જોઈએ.

## પાંચમું અણુવ્રત (સ્થૂલ ઈચ્છા પરિમાણ વેરમણ વ્રત):

પરિ- ચારે બાજુથી જીવને ગ્રહ- જકડી રાખે છે. (શાસ્ત્રોમાં मुच्छा परिग्गहो वुत्तो) મૂર્ચ્છા- આસક્તિભાવને પરિગ્રહ કહ્યો છે. આસક્તિપૂર્વકની ઈચ્છા સંગ્રહ વૃત્તિને જન્મ આપે છે. અમર્યાદિત ઈચ્છાઓ અનંત પાપકર્મનો બંધ કરાવે છે. તેથી શ્રાવકોએ જીવન જરૂરિયાતની વસ્તુઓની છૂટ રાખી નવ પ્રકારના બાહ્ય પરિગ્રહની મર્યાદા કરવી જોઈએ. આ રીતે ૧. ખુલ્લી જમીન, ૨. ઢાંકેલી જમીન, ૩. ચાંદી, ૪. સોનું, ૫. ધન, ૬. ધાન્ય, ૭. દાસ-દાસી આદિ મનુષ્ય, ૮. પશુ-

પક્ષી, ૯. ઘર વખરીની ચીજ વસ્તુઓ. આ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહની મર્યાદા કરવાની હોય છે. તે મર્યાદાના ઉલ્લંઘન રૂપ તેના પાંચ અતિચાર આ પ્રમાણે

**૧) ખેત્ત વત્થુપ્પમાણાઇક્કમ્મે (ક્ષેત્ર વાસ્તુ પ્રમાણાતિક્રમ):** ખેતર આદિ ખુલ્લી જમીન અને ઘર આદિ ઢાંકી જમીનની મર્યાદાનું ઉલ્લંઘન કરવું. ફાર્મહાઉસ, ખેતર, વાડી આદિ ખુલ્લી જગ્યા અને દુકાન, મકાન, ગોડાઉન વગેરનો સમાવેશ બાંધેલી (ઢાંકેલી) વસ્તુમાં થાય છે. શ્રાવકે જે મર્યાદા કરી છે તેનું ઉલ્લંઘન કર્યું હોય.

**૨) હિરણ્ણ સુવણ્ણપ્પમાણાઇક્કમે (હિરણ-સુવણ્ણ પ્રમાણાતિક્રમ):** રૂપા અને સોના જેવી બહુ મૂલ્યવાન ધાતુની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોય.

**૩) ધન-ધાન્યપ્પમાણાઈક્કમે (ધન-ધાન્ય પ્રમાણાતિક્રમ):** રોકડ નાણું રૂપિયા આદિ સિક્કા, ધન તથા ચોખા, ઘઉં, ચણા વગેરે અનાજનો સમાવેશ ધાન્યમાં છે, તેની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોય.

**૪) દુપદ - ચઉપદપ્પમાણાઈક્કમે (દુપદ-ચઉપદ પ્રમાણાતિક્રમ):** પક્ષી આદિ બે પગાં અને દાસ-દાસી, નોકર-ચાકર વગેરે મનુષ્ય તથા પશુ આદિ ચાર પગાંની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોય.

**૫) કુવિયપ્પમાણાઈક્કમે (કુપ્ય પ્રમાણાતિક્રમ):** કુપ્યનો અર્થ ઘરનો સામાન. જેમકે કપડાં, વાસણ, કબાટ, પલંગ વગેરે ઘરના તમામ ફર્નીચરની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોય, બીજાનો વૈભવ જોઈએ ઈર્ષા કે લોભ કર્યો હોય, તમામ ઘરવખરીની મર્યાદા ઓળંગી હોય.

શ્રાવકોએ સ્વીકારેલા વ્રતની મર્યાદા પ્રતિ જાગૃત રહીને પાંચ અતિચારનો ત્યાગ કરવો જોઈએ.

## છઠ્ઠું દિશા પરિમાણ વ્રત :

અણુવ્રતોની પુષ્ટિ માટે ત્રણ ગુણવ્રત ધારણ કરવાના હોય છે. તેમાં છઠ્ઠા

વ્રતમાં દિશાની મર્યાદા કરવાની છે.

આ ચૌદ રાજલોકમાં સર્વત્ર પાપ પ્રવૃત્તિઓ થઈ રહી છે. દિશાની મર્યાદા કરવાથી જેટલી દિશાઓ ખુલ્લી રાખી હોય, તેમાં થતી પાપપ્રવૃત્તિના તમે ભાગીદાર બનો છો. તે સિવાયની દિશાના સમસ્ત પાપોનો આશ્રવ છૂટી જાય છે. તેથી શ્રાવક પોતાના કાર્યક્ષેત્રનો વિચાર કરીને છ દિશાઓની (ઉપરની, નીચેની, તિરછી-પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશા) મર્યાદા નિશ્ચિત કરે છે.

તે મર્યાદાનું અજાણતાં ઉલ્લંઘન કરવું, તે તેના અતિચાર બની જાય છે.

**તેના પાંચ અતિચાર :**

**૧) ઉઢ્ઢદિસિપ્પમાણાઈક્કમે (ઊર્ધ્વદિશા પ્રમાણાતિક્રમ) :** એટલે પર્વતાદિક ઉપર ઊંચે જવાની દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોય.

**૨) અહો દિસિપ્પમાણાઈક્કમે (અધોદિશા પ્રમાણાતિક્રમ) :** સબમરીન, સ્કુબા ડ્રાઈવીંગ, સ્નોર્કલીંગ વગેરેથી નીચી દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોય.

**૩) તિરિયદિસિપ્પમાણાઈક્કમે (તિર્યગ્દિશા પ્રમાણાતિક્રમ) :** પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કરેલ હોય.

**૪) ખેતવુઢ્ઢી (ક્ષેત્ર વૃધ્ધિ) :** પોતાના કાર્યની સિદ્ધિ માટે એક દિશાની મર્યાદા ઘટાડીને બીજી દિશામાં વધારો કરવો. જેમકે એક દિશાની મર્યાદા ૫૦ માઈલની પ્રતિજ્ઞા કર્યા પછી તે દિશામાં ૬૦ માઈલ જવાની જરૂર પડતાં બીજી દિશાના ૧૦ માઈલ કાઢી પહેલી દિશામાં ૧૦ માઈલ ઉમેરવાથી આ અતિચાર લાગે છે.

**૫) સઈઅંતરદ્ધાએ (સ્મૃત્યંતર્ધાન) :** સંદેહ પડ્યા છતાં આગળ વધાયું હોય. સ્વીકૃત મર્યાદાને ભૂલી જવી અથવા ઉપેક્ષા કરીને ગમનાગમન કરવું.

**સાતમું વ્રત-ઉવભોગ-પરિભોગ પરિમાણ વ્રત :**

ઉવભોગ-એકવાર ભોગવાય તેવી વસ્તુ, આહાર-પાણી વગેરે, પરિભોગ-વારંવાર ભોગવાય તેવી વસ્તુ. વસ્ત્ર, આભૂષણ વગેરે.

જીવની ભોગોપભોગની અમર્યાદિત ઈચ્છાઓ અનંત પાપનું સેવન કરાવે છે. અમર્યાદિત ઈચ્છાઓને મર્યાદિત બનાવીને અનંત પાપથી બચવું, તે આ વ્રતનો આશય છે.

શ્રાવક પોતાના જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ ભોજન, પાણી, વસ્ત્ર, આભૂષણો વગેરે ૨૬ બોલની મર્યાદા કરે છે.

સાતમાં વ્રતમાં ભોજન સંબંધી પાંચ અતિચાર અને વ્યાપાર સંબંધી પંદર અતિચાર છે.

**ભોજન સંબંધી પાંચ અતિચાર :**

જમવું તો છે, પરંતુ વિવેકપૂર્વકનું ભોજન કર્મબંધ ઓછા કરાવે છે, કાચે કાચુ ખાવું તે ક્રૂરતા છે, જેવું અન્ન તેવું મન, તેથી ભગવાને ભોજન માટે ખૂબ ઝીણવટથી જતના બતાવી છે, કાચું ન ખાવું તેમ કાચું-પાકું પણ ન ખાવું, માઠી રીતે એટલે આખે આખું દુષ્ટતાથી પકવેલું ન ખાવું, નિસાર વસ્તુ પણ ન ખાવી.

**૧) સચિત્તાહારે :** મર્યાદા ઉપરાંતની સચેત વસ્તુનો ઉપયોગ થયો હોય. કાચા શાકભાજી, અસંસ્કારિત અન્ન, પાણી વગેરે સચિત આહાર છે. શ્રાવકે સચેત દ્રવ્યની મર્યાદા કરી હોય તેનું અસાવધાનીથી ઉલ્લંઘન થઈ ગયું હોય.

**૨) સચિત પડિબદ્ધાહારે :** સચેત વસ્તુ સાથે લાગેલી અચેત વસ્તુને ખાવી તે સચિત પ્રતિબદ્ધ આહાર છે. જેમકે વૃક્ષને લાગેલ ગુંદ, બીજ સહિતના ફળ, ઠળિયાવાળો ખજૂર વગેરે. જે વ્યક્તિએ સચેત વસ્તુની મર્યાદા કરી હોય અને જો તે સચિત્ત પ્રતિબદ્ધનું સેવન કરે તો તેની મર્યાદાનું ઉલ્લંઘન થાય.

**૩) અપ્પોલિઓ સહિ ભક્ખણયા (અપકવ ઔષધિ ભક્ષણ) :** પૂરી પકવેલી ન હોય અર્થાત્ પૂર્ણરૂપે અચેત થઈ નથી તેવી વનસ્પતિ, ફળ, ધાન્ય વગેરેનો આહાર કરવો. જેમકે તરતના વઘારેલા ખારિયા, કાચા સંભારા, સલાડ, કાચી કેરી વગેરેનો ઉપયોગ કર્યો હોય.

**૪) દુપ્પોલિઓ સહિ ભક્ખણયા** (દુષ્પકવ ઔષધિ ભક્ષણ)**:** અયોગ્ય રીતથી અતિ હિંસાથી પકવેલા પદાર્થોનું સેવન કરવું, જેમકે ડૂંડા સહિત પકવીને તૈયાર કરેલો ઘઉં કે જુવારનો પોંક, આખા રીંગણાને અગ્નિમાં શેકીને બનાવેલો રીંગણાનો ઓળો વગેરે ખાવા.

**૫) તુચ્છોસહિ ભક્ખણયા** (તુચ્છ ઔષધિ ભક્ષણ)**:** જે ફળ, ફૂલ ઔષધિમાં ખાવા યોગ્ય ભાગ થોડો હોય અને ફેંકવા યોગ્ય ભાગ વધુ હોય છે. જેમકે શેરડી, બોર સીતાફળ, બીડી, સીગરેટ વગેરે વસ્તુનો ઉપયોગ તે તુચ્છ આહાર છે.

### ૧૫ કર્માદાનના અતિચાર :

શ્રાવકની આજીવિકા પણ નૈતિક અને ઓછામાં ઓછી હિંસા થાય તેવી હોય. અગ્નિ વગેરેનો મહાઆરંભ થાય, ત્રસ કે સ્થાવર જીવોની મહાહિંસા થાય તેવા વ્યાપારથી શ્રાવક દૂર રહે, શ્રાવક શેરની લે-વેચ કરે તેમાં પણ વિવેક રાખે. આપણે જે શેરની લે-વેંચ કરીએ છીએ તે કંપની હિંસક વેપાર તો નથી કરતી ને ? વધુ કર્મબંધ તો નથી કરાવતી ને ? તેનો વિવેક રાખે.

**૧) ઈંગાલકમ્મે** (અંગાર કર્મ)**:** અંગાર એટલે કોલસા. અંગાર કર્મનો, મુખ્ય અર્થ કોલસા વગેરે બનાવી વેચવાના કાર્યો છે. ઈંટની ભટ્ટી ચલાવવી, આગમાં વાસણ પકાવવા તથા ચૂનાની ભટ્ટી, લુહારકામ વગેરે વ્યાપાર દ્વારા અર્થોપાર્જન કરવું.

**૨) વણકમ્મે** (વન કર્મ)**:** જંગલ કાપી સાફ કરવું, લાકડા વેચવા, જંગલ કાપવાનો ઈજારો રાખવો, લીલી વનસ્પતિનું છેદન-ભેદન કરવું, વન ઉત્પાદન, કે વન સંવર્ધન કરીને વૃક્ષ કપાવવા વગેરે ઘોર હિંસાના કાર્યો આજીવિકા માટે કરવા.

**૩) સાડીકમ્મે** (શકટ કર્મ)**:** શકટનો અર્થ ગાડી. સવારી અથવા માલ લઈ જવા લાવવા વપરાતા સર્વ વાહન જેવા કે બેલગાડી, સ્કૂટર, મોટર ટ્રક વગેરે બનાવીને વેંચવા તે શકટ કર્મ છે.

**૪) ભાડીકમ્મે** (ભાડી કર્મ)**:** ભાડીનો અર્થ ભાડું-બળદ, ઘોડા, ઊંટ વગેરે તેમજ

મોટર, રીક્ષા, ટ્રક આદિ વાહનો ભાડે આપવાનો વ્યાપાર કરવો.

**૫) ફોડી કમ્મે (સ્ફોટન કર્મ) :** સ્ફોટન એટલે ફોડવું, તોડવું, ખોદવું. ખાણ ખોદવી, પથ્થર તોડવા, કૂવા, વાવ, તળાવ, બોરવેલ વગેરે ખોદાવવાનો વ્યાપાર કરવો.

**૬) દંતવાણિજજે (દંતવાણિજ્ય) :** હાથી દાંતનો વ્યાપાર કરવો, ત્રસ જીવોના શરીરના અવયવોનો ધંધો કરવો. જેમકે હાથી દાતની બંગડી, વાઘના નખ, શીંગડા વગેરે

**૭) કેસ વાણિજ્જે (કેશ વાણિજય) :** ચમરી ગાય, લોમડી વગેરે પક્ષીઓ, પશુઓના વાળ તેમ જ રોમયુક્ત ચામડાનો, ઊનનો વેપાર, મોરપીંછનો વેપાર કરવો વગેરે કેશ વાણિજ્ય છે.

**૮) રસ વાણિજજે (રસ વાણિજ્ય) :** મદિરા વગેરે માદક રસનો વ્યાપાર તેમ જ મધ, માંસ, ચરબી, માખણ વગેરેનો વ્યાપાર કરવો.

**૯) લક્ખ વાણિજજે (લાક્ષા વાણિજ્ય) :** લાખ, મણશીલ, હડતાલ વગેરે પાપકારી વસ્તુઓનો વેપાર કરવો.

**૧૦) વિસ વાણિજજે (વિષ વાણિજય) :** ઝેરી પ્રાણઘાતક વસ્તુ જેવી કે અફીણ વચ્છનાગ, સોમલ, ધતૂરો ઈત્યાદિ ઝેરી ઔષધિનો વ્યાપાર કરવો.

**૧૧) જંતપીલણ કમ્મે (યંત્રપીડન કર્મ) :** તલ, સરસવ, મગફળી વગેરેનું ઘાણી દ્વારા તેલ કાઢવાનો અર્થાત્ ઓઈલમિલ તેમ જ ચરખા, મિલ, પ્રેસ વગેરેનો વ્યાપાર કરવો.

**૧૨) નિલ્લંછણ કમ્મે (નિલંછણ કર્મ) :** બળદ, ઘોડા, પાડા વગેરે પશુઓને નપુંસક બનાવવાનો ધંધો કરવો, અંગ-ઉપાંગનું છેદન કરવું, ખસી કર્યા હોય, ડામ દીધા હોય.

**૧૩) દવગ્ગિદાવણયા (દાવગ્નિ-દાપન) :** જંગલ, ખેતર, બાગ, બગીચા આદિમાંથી ઘાસ વગેરે સાફ કરવા માટે આગ લગાડવાનો ધંધો કર્યો હોય.

**૧૪) સર દહ તલાગ પરિસોસણયા (સરહદ-તડાગ-શોષણ) :-** સરોવર,

તળાવ, જળાશય વગેરે પાણીના સ્થાનોને સૂકવવાનો (ઉલેચવાનો) ધંધો કરવો, જળસ્થાનો પૂરીને જમીન લે-વેંચ તથા બિલ્ડીંગ બનાવવા વગેરે ધંધો કરવો.

**૧૫) અસઈજણ પોસણયા (અસતીજન પોષણ):** વ્યભિચાર માટે વેશ્યા વગેરેનું પોષણ કરવું, શોખ માટે હિંસક પશુઓને પાળવા, શિકાર માટે શિકારી કૂતરા પાળવા, આ સર્વ કાર્યો અસતીજન પોષણની અંતર્ગત છે.

આ પંદર કર્માદાનથી (વ્યાપારથી) વિશેષ પાપકર્મનો બંધ થાય છે. તેમજ આવા વ્યાપારો અનેક જીવોને દુ:ખ, ત્રાસ અને સંહારના હેતુભૂત છે. માટે વ્રતી શ્રાવકે આવા વ્યાપાર ધંધાનો ત્યાગ કરવો અતિ આવશ્યક છે.

## આઠમું વ્રત - અનર્થદંડ વેરમણ વ્રત :

શ્રાવક કેટલીક વાર પ્રયોજનપૂર્વક પાપ કરે છે. જેમકે ઘરમાં રસોઈ બનાવવી તેમાં હિંસા થાય છે, પરંતુ તે પાપ શ્રાવક માટે અનિવાર્ય છે, તેવા પાપને અર્થદંડ કહે છે. પરંતુ કેટલીક વાર તે કોઈ પણ પ્રયોજન વિના પાપ કરે છે જેમકે મોર્નીંગ વોકમાં ગાર્ડનના ઘાસ પર ચાલવું તેમાં જે હિંસા થાય તે નિષ્પ્રયોજન છે, તેવા પાપને અનર્થાદંડ કહે છે.

શ્રાવક ગૃહસ્થ હોવાથી અર્થદંડનો ત્યાગ કરી શકતા નથી પરંતુ જો તે વિવેકપૂર્વક વ્યવહાર કરે તો, અનર્થદંડનો ત્યાગ અવશ્ય કરી શકે છે. આ વ્રતમાં ચાર પ્રકારના અનર્થદંડનું કથન કર્યું છે.

**૧) અપ્રશસ્ત ધ્યાન:** આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન **૨. પ્રમાદ સહિતનું આચરણ**
**૩) હિંસ્ત્રપ્રદાન:** હિંસાને પ્રોત્સાહન આપવું **૪. પાપકર્મનો ઉપદેશ.**

શ્રાવકો આ ચારે પ્રકારના અનર્થદંડનો ત્યાગ કરે છે. આપણી આળસ, જાગૃતિ અને વિવેકના અભાવથી પ્રમાદવશ કર્મબંધ થાય તે અનર્થદંડ, કોઈપણ પ્રયોજન વગરનો કર્મબંધ, જેનો દંડ આત્માને ભોગવવો પડે. દા.ત. એઠાં વાસણ

રાખી મૂકીએ, ઘી-તેલના વાસણ ખુલ્લા મૂકીએ, ઘાસ ઉપર ચાલીએ, શાક સુધારાઈ ગયા પછી તેના કચરાને ઠાંસી-ઠાંસીને ભરીએ, હાલતા-ચાલતા પાન તોડીએ, કોઈ જીવજંતુ કે જનાવર શાંતિથી બેઠું હોય, તો તેને શાંતિથી બેસવા ન દઈએ વગેરે પ્રવૃત્તિનું કોઇ પ્રયોજન નથી. તેથી તે અનર્થદંડ છે. તેના પાંચ અતિચાર :

૧) **કંદપ્પે (કંદર્પ) :** કંદર્પનો અર્થ કામવિકાર થાય. કામવિકારને ઉત્તેજિત કરે તેવા તમામ વચન પ્રયોગ, અશ્લિલ મશ્કરી, બીભત્સ દ્રશ્યો જોવા, તેવા દ્રશ્યોના મેસેજ બીજાને મોકલવા, અન્યની વાસના ઉત્તેજિત થાય, તેવા ડ્રેસ પહેરવા વગેરે પ્રવૃત્તિ, તેમજ સંસારની પ્રત્યેક ક્રિયામાં ખૂબ રસ રેડ્યો હોય.

૨) **કુક્કુઇએ (કૌત્કુચ્ય) :** હાથ, મુખ, આંખ આદિથી અભદ્ર ચેષ્ટા કરવી, વિદૂષકની જેમ કુચેષ્ટા કરવી, તુચ્છતાદર્શક ચેનચાળા કરવા, ચાર વિકથા કરી હોય.

૩) **મોહરિએ (મૌખર્ય) :** અધિક વાચાળ હોવું, ઉચિત-અનુચિતના વિચાર વિના બોલવું, નિરર્થક વાતો કરવી, અપશબ્દનો ઉપયોગ કરવો, ગપ્પા મારવા, નિંદા કરવી, નિંદા કરવી તે પીઠ પાછળ માંસ ખાવા સમાન છે.

૪) **સંજુત્તાહિગરણે (સંયુક્તાધિકરણ) :** આવશ્યકતા વિના હિંસક સાધનો ભેગા કરવા. જેમકે ચાકુ, છરી વગેરે શસ્ત્રોને સજાવીને તૈયાર રાખવા, બંદૂકમાં ગોળી ભરી રાખવી વગેરે. તેનાથી પાપ પ્રવૃત્તિઓ તરત થાય છે અને તેનાથી આરંભની વૃદ્ધિ થાય છે.

૫) **ઉવભોગ પરિભોગ અઇરત્તે (ઉવભોગ-પરિભોગઅતિરેક) :** ઉવભોગ-પરિભોગના સાધનો આવશ્યક્તાથી વધારે રાખવા તેમજ તે સાધનોમાં અત્યંત મૂર્ચ્છાભાવ રાખવો, પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં, મનોહર દ્રશ્યો, મનોહર સ્થાન, કુદરતી સૌંદર્ય, કોયલ વગેરેના મધુર ટહૂકાર, પુષ્પોની સુગંધ, મનભાવન ભોજન કે મુલાયમ સ્પર્શ એટલે કે પાંચ ઈન્દ્રિયના તમામ પદાર્થોમાં મૂર્ચ્છિત થઈ ગયા હોય.

શ્રાવકના બાર વ્રતોમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત પછી ચાર શિક્ષાવ્રત છે. આત્માને શિક્ષિત કે સંસ્કારિત કરવા જેનો વારંવાર અભ્યાસ કરવો પડે, તેને શિક્ષાવ્રત કહે છે. આ સંસારના સમસ્ત પાપ, આરંભ-સમારંભ હું ક્યારે છોડીશ ? શ્રાવકનો આ પ્રથમ મનોરથ છે. ગૃહસ્થ જીવનના વ્યવહારમાં પગલે પગલે પ્રાય: પાપમય પ્રવૃત્તિઓ કરવી પડે છે, તેથી શ્રાવક ઓછામાં ઓછી દિવસની બે ઘડી માટે સર્વ પાપપ્રવૃત્તિનો ત્યાગ કરી, સામાયિકમાં સ્થિત થઈ સમભાવ કે આત્મભાવમાં સ્થિર થવાનો પ્રયોગ કરે છે.

### નવમું સામાયિક વ્રત :

સામાયિકની આરાધનાને બીજો વિસામો કહ્યો છે. આત્માનો સ્વભાવ સમભાવમાં રહેવાનો છે પરંતુ, જીવને જંપીને સ્થિર થવું ગમતું નથી. તેથી સમભાવમાં રહેવાની ટેવ પાડવા માટે બે ઘડી, ચાર ઘડી નિયમ લઈ સર્વ પાપથી નિવૃત્ત થઈ વ્રત ધારણ કરી બેસવું, તેને સામાયિક વ્રત કહ્યું છે. તેમાં મન-વચન અને કાયાના યોગોને વિભાવમાંથી સ્વભાવ- સમભાવમાં સ્થિર કરવાની સાધના એટલે સામાયિક. આવી ઉત્તમ સાધુ જીવનની પ્રતીતિ કરાવનારી સામાયિકમાં કોઈ દોષનું સેવન થયું હોય તો, તેની શુધ્ધિ માટે અતિચાર બતાવ્યા છે.

૧) **મણ દુપ્પણિહાણે (મન દુષ્પ્રણિધાન) :** પ્રણિધાન એટલે એકાગ્રતા. મનને અયોગ્ય પ્રવૃત્તિમાં એકાગ્ર બનાવ્યું હોય, અથવા દૂષિત ચિંતન મન દુષ્પ્રણિધાન કહેવાય. મન સૌથી ચંચળ હોવાથી તે તરંત અશુભભાવોમાં વહી જાય છે. તેમજ જન્મોજન્મના રાગ-દ્વેષના સંસ્કારથી મન પાપકારી પ્રવૃત્તિમાં જોડાઇ જાય છે, સાંસારિક પ્રપંચોની, ઘરની સમસ્યાઓની વિચારણામાં મગ્ન થવું તેમજ મનના દસ દોષોનું સેવન તે મન દુષ્પ્રણિધાન છે.

૨) **વય દુપ્પણિહાણે (વચન દુષ્પ્રણિધાન) :** સામાયિકમાં વચનનો દુરુપયોગ કરવો અર્થાત્ કર્કશ, કઠોર, માર્મિક, હિંસક, અપ્રિય આદિ વચનો બોલવા, યોગ્ય

વાણીનો પ્રયોગ ન કરવો, મિથ્યાભાષણ કરવું, વચનના દસ દોષોનું સેવન કરવું તે વચન દુષ્પ્રણિધાન કહેવાય.

**૩) કાય દુપ્પણિહાણે (કાય દુષ્પ્રણિધાન):** કાયાની ચંચળતાથી હાથ-પગ લાંબાટૂંકા કરવા, ગમે તેમ બેસવું, આળસ મરડવી, વારંવાર આસન બદલવું, પ્રયોજન વિના ઊભા થવું વગેરે કાયાના બાર દોષોના સેવનને કાય દુષ્પ્રણિધાન કહે છે.

**૪) સામાઈયસ્સ સઈ અકરણયા (સામાયિક સ્મૃતિ અકરણતા):** સામાયિક લીધી હોવા છતાં સામાયિકની સ્થિતિને ભૂલી જવી, સામાયિકની સમય મર્યાદાને ભૂલી જઈને સામાયિકનો સમય પૂર્ણ થાય તે પહેલા પાળી લેવી વગેરે.

**૫) સામાઈયસ્સ અણવટ્ઠિયસ્સ કરણયા (સામાયિક અનવસ્થિત કરણતા):** વ્યવસ્થિત-યથોચિત રીતે સામાયિક ન કરવી. જેમકે સામાયિક વેઠની જેમ પૂર્ણ કરવી, નિંદા, વિકથા આદિમાં સામાયિકનો સમય વ્યર્થ ગુમાવવો.

### દશમું દેશાવગાસિક વ્રત :

છઠ્ઠા અને સાતમાં વ્રતમાં આપણે જાવજીવ માટે વધુ છૂટ રાખી હોય તેટલી છૂટ એક દિવસ માટે જરૂરી ન હોય તેથી તે મર્યાદા એક દિવસ માટે ઘટાડીએ તેને વ્રત સંક્ષેપ કહેવાય છે, દિશાની મર્યાદામાં ભારતભરમાં કે વિદેશમાં જિંદગીમાં ક્યારેક જઈશું પરંતુ આજે જ્યાં જવાનું હોય તેટલી છૂટ રાખી બાકીના ક્ષેત્રના પચ્ચક્ખાણ કરી લેવા, ઉવભોગ-પરિભોગમાં પણ જે વધુ મર્યાદા રાખી હોય તેને ઘટાડી આજની જરૂર પૂરતી મર્યાદા કરવી. દરરોજના ૧૪ નિયમ ધારીએ તે પણ ૧૦મું વ્રત કહેવાય.

### તેના પાંચ અતિચાર :

**૧) આણવણપ્પઓગે (આનયન પ્રયોગ):** જેટલા ક્ષેત્રની મર્યાદા કરી છે, તે મર્યાદા ક્ષેત્રથી બહારની વસ્તુઓ કાગળ, ચિટ્ઠી, ટેલિફોન દ્વારા અન્ય પાસેથી મંગાવી હોય-૧૦ મું વ્રત એટલે એક દિવસનો સંયમ, તેમાં બહારથી વસ્તુ

મંગાવવાના પચ્ચક્ખાણ હોય છે છતાં ગૃહસ્થો પાસેથી વસ્તુ મંગાવી હોય.

**૨) પેસવણપ્પઓગે (પ્રેષ્ય પ્રયોગ):** મર્યાદિત ક્ષેત્રથી બહારનું કાર્ય કરવા માટે સેવક, નોકર-ચાકર, પરિવારના સભ્ય આદિને મોકલ્યા હોય.

**૩) સદ્દાણુવાએ (શબ્દનુપાત):** મર્યાદિત ક્ષેત્રની બહારનું કાર્ય કરવાનો પ્રસંગ આવે, તો તે સમયે ઉધરસ છીંક કે ખોંખારો ખાઈને અથવા કોઈને બોલાવીને,

**૪) રૂવાણુવાએ (રૂપાનુપાત):** મર્યાદિત ક્ષેત્રથી બહારના કામ માટે મુખથી કાંઈ પણ બોલ્યા વગર પોતાનુ રૂપ (મોઢું) મુખદર્શનથી, દ્રષ્ટિ સંકેતથી, પાડોશી પાસે સંકેત કરીને કામ કરાવ્યું હોય. ક્રોધ આદિ કરીને કામ કરાવ્યું હોય.

**૫) બહિયા પોગ્ગલ પક્ખેવે (બહિ: પુદ્ગલ પ્રક્ષેપ):** કાંકરો આદિ ફેંકી બીજાને ઈશારો કર્યો હોય.

ટૂંકમાં આ વ્રતમાં બીજાની સહાય લીધી હોય અને મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોય તો પાંચે અતિચાર લાગે છે.

## અગિયારમું પૌષધ વ્રત:

આત્મગુણોનું પોષણ થાય તે સાધનાને પૌષધ કહે છે, તેમાં શ્રાવક ચારે પ્રકારના આહારનો તથા સમસ્ત શોભા શણગારનો, અબ્રહ્મચર્યનો તથા પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ કરી એક અહોરાત્ર પર્યંત આત્મભાવમાં સ્થિર રહે છે.

ભગવાને પૌષધવ્રતને શ્રાવકનો ત્રીજો વિસામો કહ્યો છે. એક દિવસ માટે શ્રાવક પાપમય સંસારના બોજને ઉતારીને સમભાવ કે આત્મભાવની શાંતિનો અનુભવ કરે છે. શાસ્ત્રમાં પૌષધના ચાર પ્રકાર કહ્યાં છે.

**૧) આહાર પૌષધ:** ભોજન, પાણી, મેવા-મીઠાઈ અને મુખવાસ, આ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો.

**૨) શરીર સત્કાર પૌષધ:** શરીર સ્નાન, શોભા શણગાર, આભૂષણો આદિનો ત્યાગ કરવો.

**૩) બ્રહ્મચર્ય પૌષધ :** એક અહોરાત્ર પર્યંત બ્રહ્મચર્યનું પાલન કરવું.

**૪) અવ્યાપાર પૌષધ :** સમગ્ર પાપકારી વ્યાપારોના, શસ્ત્રપ્રયોગનો ત્યાગ કરવો.

એક અહોરાત્ર પર્યંત અર્થાત્ ૨૪ કલાક માટે ઉપરોક્ત ચારે પ્રકારના નિયમનું પાલન કરવું, તેને પ્રતિપૂર્ણ પૌષધવ્રત કહે છે. શ્રાવક પોતાની ઈચ્છા અને અનુકૂળતા પ્રમાણે વ્રત ધારણ કરી શકે છે, તેથી પ્રતિપૂર્ણ પૌષધવ્રતની અનુકૂળતા ન હોય તો, રાત્રિપૌષધ કે દિવસનો પૌષધ પણ કરી શકે છે.

પૌષધવ્રતનો સ્વીકાર કરનાર શ્રાવક પોતાનું સ્થાન, પથારી, પરઠવાની જગ્યા વગેરે નિશ્ચિત કરે છે, તેનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરવું જરૂરી છે, જો તે યથાર્થ રીતે ન કરે તો તે અતિચાર કહેવાય છે.

તેના પાંચ અતિચાર આ પ્રમાણે છે.

**૧) અપ્પડિલેહિય-દુપ્પડિલેહિય સિજ્જા સંથારએ (અપ્રતિલેખિત-દુષ્પ્રતિલેખિત શય્યા સંસ્તારક) :** શય્યા એટલે પૌષધ કરવાનું સ્થાન અને સંસ્તારક એટલે જેના પર સૂઈ શકાય તેવી ચટાઈ વગેરે પાથરવાના ઉપકરણ. તે જોયા વગર વાપરવા અથવા અયોગ્ય રીતે જોવા, જતનાથી ન જોયેલા ઉપકરણનો ઉપયોગ કર્યો હોય. પ્રતિલેખનની ક્રિયાથી જીવ શાતા વેદનીય કર્મનો બંધ કરે છે.

**૨) અપ્પમજ્જિય-દુપ્પમજ્જિય સિજ્જા સંથારએ (અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત શય્યા સંસ્તારક) :** પોંજ્યા વગરનું અથવા અયોગ્ય રીતે પોંજેલુ સ્થાન અને પાથરવાના ઉપકરણનો ઉપયોગ કર્યો હોય.

**૩) અપ્પડિલેહિય-દુપ્પડિલેહિય ઉચ્ચાર પાસવણ ભૂમિ (અપ્રતિલેખિત-દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર પ્રસ્ત્રવણ ભૂમિ) :** વડીનીત-લઘુનીત અથાત્ - મળ, મૂત્ર, કફ વગેરે પરઠવાની- ત્યાગવાની ભૂમિનું પ્રતિલેખન કર્યું ન હોય કે અયોગ્ય રીતે પ્રતિલેખના કરી હોય.

**૪) અપ્પમજ્જિય-દુપ્પમજ્જિય ઉચ્ચાર પાસવણ ભૂમિ (અપ્રમાર્જિત-**

દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રસ્ત્રવણ ભૂમિ): પ્રમાર્જના કર્યા વિનાની તથા અયોગ્ય રીતે પ્રમાર્જના કરેલી લઘુનીત, વડીનીતના ત્યાગના સ્થાનનો ઉપયોગ કર્યો હોય.

**૫) પોસહસ્સ સમ્મં અણણુપાલણયા:** (પૌષધોપવાસ સમ્યક્ અનનુપાલન) પૌષધ ઉપવાસનું સમ્યક્ પ્રકારે અથવા યથાવિધિ પાલન ન કર્યું હોય. પૌષધ વ્રતમાં આત્મગુણોનું પોષણ થાય તેવી પ્રવૃત્તિ ન કરી હોય.

સંક્ષેપમાં પૌષધવ્રત જેવી પવિત્ર સાધના પ્રમાદ આદિ કોઈપણ કારણે દોષિત બનાવી હોય તો, તેની પ્રતિક્રમણ દ્વારા નિવૃત્તિ કરવાની હોય છે.

## બારમું અતિથિ સંવિભાગ વ્રત:

જેના આગમનનો દિવસ કે તિથિ નિશ્ચિત નથી, તેને અતિથિ કહે છે. અહીં પંચ મહાવ્રતધારી નિર્ગ્રંથ મુનિરાજ માટે અતિથિ શબ્દનો પ્રયોગ થયો છે.

સંવિભાગ-પોતાના માટે તૈયાર થયેલા અથવા પોતાની માલિકીના ભોજન-પાણી, વસ્ત્ર, પાત્ર વગેરેનો સમ-યોગ્ય રીતે વિભાગ કરવો અર્થાત્ સાધુચર્યાના નિયમાનુસાર પ્રાસુક-જીવરહિત અચેત વસ્તુઓ અને એષણીય-નિર્દોષ, ગોચરીના દોષરહિત વસ્તુઓ સાધુને ભક્તિભાવપૂર્વક આપવી તેને અતિથિ સંવિભાગ વ્રત કહે છે.

શાસ્ત્રોમાં સાધુને આપવા યોગ્ય ચૌદ પ્રકારના દાનનું કથન છે.

૧) ભોજન ૨) પાણી ૩) મેવા-મીઠાઈ ૪) મુખવાસ ૫) વસ્ત્ર ૬) પાત્ર ૭) કંબલ ૮) રજોહરણ ૯) પાટ-પાટલા ૧૦) પાટિયું ૧૧) સ્થાન ૧૨) સંસ્તારક-પાથરવા માટે ચટાઈ, ઘાસ આદિ ૧૩) ઔષધ ૧૪) ભેષજ-એકથી અધિક દ્રવ્યોના મિશ્રણથી બનેલી દવા.

આ ચૌદ પ્રકારના દાનમાંથી ૧ થી ૮ પ્રકારના દાન દીધા પછી પાછા લેવાતા નથી ૯ થી ૧૪ પ્રકારના પદાર્થો પાઢિયારા અર્થાત્ સાધુની આવશ્યકતા પૂરી થઈ જાય પછી ગૃહસ્થને પાછા આપી શકે છે.

શાસ્ત્રોમાં સુપાત્રદાન-સંતોને અપાતા દાનનો અદ્‌ભૂત મહિમા પ્રદર્શિત કર્યો છે દાન, તે ગૃહસ્થોનું આવશ્યક કર્તવ્ય છે. તેનાથી ઉદારતાનો ગુણ પ્રગટ થાય, સંયમની અનુમોદનાનો લાભ મળે છે. કેટલાય તીર્થંકરોએ પૂર્વના ભવમાં સુપાત્રદાનથી જ સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ કરી હતી. સુપાત્ર દાનથી ભવકટ્ટી થઇ શકે છે. સુબાહુ કુમારે પણ સુપાત્રદાનથી સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી હતી.

સુપાત્રદાન ભક્તિભાવથી અને વિવેકપૂર્વક કરવું જોઈએ, તેમ છતાં તેમાં કોઈ ભાવોની મલિનતા કે વિવેકના અભાવે કોઈ દોષ સેવનની સંભાવના છે. તેના પાંચ અતિચાર આ પ્રમાણે છે.

**૧) સચિત્ત નિક્ખેવણયા** (સચિત્ત નિક્ષેપણતા): વિવેકના અભાવથી અચેત-નિર્જીવ, સંયમીને લેવા યોગ્ય ઢોકળા પર કાચી કોથમીર, લાડુ પર ખસખસ છાંટી હોય અથવા સચેત-સજીવ ધાન્યાદિની ઉપર અચેત પદાર્થો રાખી દેવા. જેમકે સચેત પાણીના માટલાં પર દૂધનું તપેલું રાખવું.

**૨) સચિત્ત પેહણયા** (સચેત પિધાન): વિવેકના અભાવમાં સચેત વસ્તુથી અચેત વસ્તુને ઢાંકી દેવી જેમકે શ્રીખંડના તપેલા પર સચેત બરફ મૂકવો.

**૩) કાલાઇક્કમે** (કાલાતિક્રમ): કાળ અથવા સમયનું ઉલ્લંઘન કરવું. કોઇપણ સમયે ગોચરીની વેળા ન હોય ત્યારે ભાવના ભાવવી, અથવા વસ્તુની કાળ મર્યાદા પૂર્ણ થાય, બગડી જાય ત્યાર પછી વહોરાવી હોય.

**૪) પરોવએસે** (પરવ્યપદેશ): વિવેક, જાગૃતિ અને સ્મૃતિના અભાવમાં પોતાને હાથે ન વહોરાવવું, અન્યને વહોરાવવાનો નિર્દેશ કર્યો હોય તો, લક્ષ્મી ચાંદલો કરે ત્યારે મોઢું ધોવા જવા જેવી વાત છે.

**૫) મચ્છરિયાએ** (મત્સરિતા): દાન આપી અહંકાર કર્યો હોય. તેના વિવિધ અર્થ થાય છે.

- દાનની ભાવનાથી નહીં પરંતુ અહંકારની ભાવનાથી દાન આપ્યું હોય.
- મત્સરિતા એટલે કૃપણતા, કંજુસાઇ, દાન આપવામાં કંજુસાઇ કરી હોય.

- મત્સરિતા એટલે ક્રોધ, ક્રોધપૂર્વક ભિક્ષા આપવી. આમ ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાય ભાવથી ભિક્ષા આપી હોય તો, આ અતિચાર લાગે.
- આ પાંચે અતિચારનું સમ્યક્ સ્વરૂપ સમજી તેનો ત્યાગ કરવો. શ્રાવકની દાન વૃત્તિ હંમેશા ઉત્સાહિત બની રહે તે માટે વિવેકભાવથી દાન આપવું...

## તપના અતિચાર :

**સંથારો :** જૈનધર્મમાં જીવનને સુધારવા માટે, જીવનને સંયમિત અને નિયમિત બનાવવા માટે વ્રતપાલનની સાધના છે. તે જ રીતે મૃત્યુને સુધારવા, મૃત્યુને મહોત્સવ બનાવવા માટે અંતિમ સંથારાની સાધનાનું અદ્‌ભૂત કથન છે.

જ્યાં સુધી શરીર સાધનામાં સહાયક બને, ત્યાં સુધી આ દેહનું પાલન-પોષણ કે સંરક્ષણ કરવું પરંતુ જ્યારે શરીર સાધનામાં સહાયક બની શકે તેમ ન હોય, ત્યારે સ્વેચ્છાથી શરીરનો અને શરીર સંબંધિત સ્વજનો અને સમસ્ત સંસારભાવનો ત્યાગ કરી જીવનના અંતિમ શ્વાસ સુધી આત્મભાવમાં લીન બની જવું તે જ સંથારાની સાધના છે. તેમાં ૧૮ પ્રકારના પાપસ્થાન + ૪ પ્રકારના આહાર અને પોતાના શરીરના મમત્વનો ત્યાગ-આ ૨૩ બોલના પચ્ચક્‌ખાણ કરવાના હોય છે.

સંથારાના સાધક પૂર્ણત : આત્મભાવમાં લીન બનવા માટે પુરુષાર્થશીલ હોય છે. તેમ છતાં છદ્મસ્થદશાના કારણે ભાવોમાં કોઈ મલિનતા આવી જાય, શરીર પ્રતિ મમત્વના સંસ્કાર જાગૃત થાય, અંત સમયની વેદના સહન ન થાય, ઈત્યાદિ કોઈ પણ કારણથી સ્ખલના થઈ જાય તો, તેને દોષસેવનની સંભાવના છે. તેના પાંચ અતિચાર આ પ્રમાણે છે.

૧) **ઇહલોગા સંસપ્પઓગે** (ઇહલોક આશંસા પ્રયોગ) : આ લોક સંબંધી ભોગ અથવા સુખની ઇચ્છા કરવી કે હું મરીને સમૃદ્ધિશાળી સુખસંપન્ન રાજા બનું.

૨) **પરલોગા સંસપ્પઓગે** (પરલોક આશંસા પ્રયોગ) : પરલોક સંબંધી સ્વર્ગના ભોગ- સુખની કામના કરવી. આ લોકના બિન્દુ જેટલાં ભૌતિક સુખો છોડી દેવલોકના સમુદ્ર જેટલાં સુખો મળશે તેવા ભાવથી તપની આરાધના કરી હોય.

**૩) જીવિયા સંસપ્પઓગે (જીવિત આશંસા પ્રયોગ):** પ્રશસ્તિ, પ્રશંસા, યશ-કીર્તિ, નામના વગેરે લોભથી અથવા મોતના ભયથી વધુ જીવવાની ઇચ્છા કરી હોય.

**૪) મરણા સંસપ્પઓગે (મરણ આશંસા પ્રયોગ):** તપશ્ચર્યાને કારણે થનારી ભૂખ, તરસ, અશક્તિ તથા બીજી શારીરિક પ્રતિકૂળતાઓને કષ્ટ માનીને જલદી મરવાની ઇચ્છા થઇ હોય.

**૫) કામભોગા સંસપ્પઓગે (કામભોગ આશંસા પ્રયોગ):** આ લોક તેમજ પરલોક સંબંધી શબ્દ, રૂપ, રસ, ગંધ તથા સ્પર્શમૂલક ઈન્દ્રિય સુખોને ભોગવવાની ઇચ્છા કરી હોય. મનુષ્ય અને દેવ સંબંધી ભોગની ઇચ્છા કરી હોય.

આ અંતિમ સંલેખના જેવા સાધનાકાળમાં ઉપયુક્ત અતિચાર સર્વથા ત્યાગવા જરૂરી છે કારણકે તે આંતરિક પવિત્રતામાં બાધક બને છે.

આ રીતે શ્રાવકના બાર વ્રતના ૯૯ અતિચારોની સમજણ શ્રાવકોને માટે અત્યંત જરૂરી છે, તે સમજણ શ્રાવકને દોષસેવનથી દૂર રાખે છે અને કદાચ દોષસેવન થઇ જાય તો, પ્રતિક્રમણના માધ્યમથી તેની આલોચનાદિ કરીને શુદ્ધ-વિશુદ્ધ બની શકે છે.



## નીચેના વાક્યો કયા અતિચાર માટે બંધબેસતા છે તે અતિચાર લખો.

૧) ઓમ નમો અરિહંતાણં! ઓમ નમો સિદ્ધાણં એમ નવકાર મંત્રમાં ઓમ લગાડીને બોલ્યા હોય.

**અચ્ચક્ખરં**

૨) ચૂંટણીની લાઈનમાં ઊભા ઊભા કે બસની લાઈનમાં ઊભા ઊભા મિત્ર પાસેથી સામાયિકનો પાઠ લીધો હોય, ગુરુને વંદન કર્યા વગર પાઠ લીધા હોય.

**વિણયહીણં**

૩) એકાગ્રતા વગર, મન-વચન-કાયાના યોગ સ્થિર રાખ્યા વગર પ્રતિક્રમણ કર્યું હોય, સંયુક્ત અક્ષરોના ઉચ્ચારણનું ધ્યાન ન રાખ્યું હોય.

**જોગ હીણં**

૪) સૂતાં સૂતાં પેટ પર ચોપડી રાખીને જ્ઞાન ભણ્યા હોય, પગ પર પગ ચડાવીને જ્ઞાન લીધું હોય, દુષ્ટભાવથી બીજાને નીચા દેખાડવા જ્ઞાન ભણ્યા હોય.

**દુટ્ઠુ પડિચ્છિયં**

**સુટ્ઠુદિન્નં અને દુટ્ઠુ પડિચ્છિયં બંનેથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.**

૫) પોષ સુદ પૂનમના સવાસો ગાથાનો સ્વાધ્યાય ન કર્યો હોય, રક્ષાબંધનના દિવસે બહાર જવાનું હોવાથી નિયમ હોવા છતાં સવાસો ગાથાનો સ્વાધ્યાય ન થઈ શક્યો, અનુકૂળતા હોવા છતાં પહેલાં પ્રહરમાં પુચ્છિંસ્સુણંનો સ્વાધ્યાય ન કર્યો હોય.

**કાલે ન કઓ સજ્ઝાઓ**

૬) મરેલો ઉંદર પડયો હોય ત્યાં સ્વાધ્યાય કર્યો હોય, બાજુના ઘરમાં કોઈનું મૃત્યુ થયું હોય, તેના અંતિમ સંસ્કાર પહેલાં પુચ્છિંસ્સુણંનો સ્વાધ્યાય કર્યો હોય.

**અસજ્ઝાઈએ સજ્ઝાઈયં**

૭) ઉપાશ્રયના પવિત્ર વાતાવરણમાં સ્વાધ્યાય કરવાના સમયે બહેનપણીઓ સાથે ગપ્પાં મારીને સમય પસાર કર્યો હોય. દેવસી પ્રતિક્રમણ પછી ઉપાશ્રયમાં સ્વાધ્યાય ન કર્યો હોય.

**સજ્ઝાઈ એ ન સજ્ઝાઈ યં... જ્ઞાનના ચૌદ અતિચારમાં**

**ઉચ્ચારણ સંબંધી છ અતિચાર** જં વાઇદ્ધં, વચ્ચામેલિયં, હીણક્ખરં, અચ્ચક્ખરં, પયહીણં, ઘોસહીણં

**અવિધિ સંબંધી :** ૨ અતિચાર. વિણયહીણં, જોગહીણં

**કાલ સંબંધી :** ૨ અતિચાર. અકાલે કઓ સજ્ઝાઓ- કાલે ન કઓ સજ્ઝાઓ.

**સ્થાન સંબંધી :** ૨ અતિચાર. અસજ્ઝાઈ એ સજ્ઝાઈ યં, સજ્ઝાઈ એ ન સજ્ઝાઈ યં.

**જ્ઞાન લેનાર :** દેનારની પાત્રતા સંબંધી. સુટ્ઠુદિન્નં, દુટ્ઠુપડિચ્છિયં.

૮) મોક્ષની વાત હંબગ છે, મોક્ષ કોણે જોયો છે. આ ભવ મીઠો તો પરભવ કોણે દીઠો ? બટેટામાં અનંત જીવો કેવી રીતે હોઈ શકે ? સ્થાનકવાસી ધર્મ સાચો છે કે નહિ કોને ખબર ? આવી વાતો કરી હોય.

**સંકા**

૯) ફરાળ ખાઈને ઉપવાસ કરવાની મજા જ અલગ છે. કાશ મારા ધર્મમાં પણ ફરાળ ખાઈને ઉપવાસ કરવાનો હોય તો મજા જ આવી જાય, આપણા ધર્મમાં પણ રાસ-ગરબા હોવા જોઈએ.

**કંખા**

૧૦) પ્રતિક્રમણથી પાપ ધોવાય કે નહિ કોને ખબર છે ? હું તપ કરું છું પણ એનાથી શું કર્મ ખપતા હશે ? મને તો વિશ્વાસ નથી બેસતો કે આ બધી ધર્મક્રિયા કરવાનું કોઈ ફળ હોઈ શકે.

**વિતિગિચ્છા**

૧૧) નવરાત્રિમાં રોજ અલગ અલગ દેવીઓની આરતી ઉતારી હોય, વાઘેશ્વરી માતાને પ્રસન્ન કરવા એમની આરતી ઉતારી હોય, ગજાનનની આરતી ઉતારી હોય.

**પરપાસંડ પસંસા**

૧૨) ગાડી નીચે સાપ કચડાઈ ગયો હોય, લોકોએ ભેગા મળીને ચોરને માર મારીને ધીબેડી નાખ્યો, ખંધક ઋષિના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલવાનો હુકમ કર્યો.

**વહે**

૧૩) નજીવા કારણસર નોકરનો પગાર કાપી નાખ્યો, ગોરિલા વાનરના કાન છેદ્યાં હોય.

**છવિચ્છેએ**

૧૪) ઘરમાં વડીલોને જમવાના સમયે જમવા આપ્યા વગર મતદાન કરવા ગયા હોય, જમવાના સમયે નોકરને બહારનું કામ પતાવવા મોકલી દીધો હોય.

**ભત્તપાણ વોચ્છેએ...**

૧૫) સાસુને ધ્રાસ્કો પડે એવું બોલ્યા હોય, મહેન્દ્ર તારું રિઝલ્ટ આવી ગયું ? તું તો બધા વિષયમાં ફેલ જ થવાનો છે તને તો કાંઈ આવડતું જ નથી, પાસ થઈ ગયેલા વિદ્યાર્થીને આવીને એકદમ કહે કે તું નાપાસ થયો છે.

**સહસાભક્ખાણે**

૧૬) કોર્ટમાં છૂટાછેડાનો કેસ દાખલ કરે, છૂટાછેડા થયા પછી પતિ-પત્ની એક બીજાની ગુપ્ત વાતો જાહેરમાં ખુલ્લેઆમ કહેતા ફરે.

**સદાર મંતભેએ**

૧૭) પડોસણને સાસુની સામે બોલવા માટે ચડાવી હોય, બીજાને ફસાવવા માટે ખોટી સાક્ષી આપવા માટે તૈયાર કર્યા હોય.

**મોસોવએસે**

૧૮) ચોર બજારમાં ખરીદી કરવા ગયા હોય, ટાટાની ગાડીમાં બેસીને ચોર-બજારમાં ખરીદી કરવા ગયા હોય, મીલમાંથી ચોરી કરીને લાવેલો માલ કારીગર પાસેથી લીધો હોય, ટેક્ષની ચોરી કરી હોય એવો માલ લીધો હોય.

**તેનાહડે**

૧૯) ટ્રેનની રિટર્ન ટિકિટ એકવાર વાપરી લીધા પછી બીજીવાર વાપરવા બીજાને આપી હોય. મોબાઈલની દાણચોરી કરી હોય, G.S.T. ન ભર્યા હોય, ટ્રાફિકના નિયમોનું પાલન ન કર્યું હોય.

**વિરૂધ્ધ રજ્જાઈ કમ્મે**

૨૦) અસલી સોનું બતાવીને નકલી સોનું વેચ્યું હોય, મરીમાં પપૈયાના બી ભેળવીને એનો વેપાર કર્યો હોય, પ્યોર ઘીમાં ડાલ્ડા ઘી ઉમેરીને પ્યોર ઘી બતાવીને વેચ્યું હોય.

**તપ્પડિરૂવગવવહારે...**

૨૧) સગીર વયની પત્ની સાથે અબ્રહ્મચર્યનું સેવન કર્યું હોય. બાળવિવાહ કરાવ્યા હોય.

**ઈત્તરિય પરિગ્ગહિયાગમણે**

૨૨) અવિવાહિત સ્ત્રી સાથે ગમન કર્યું હોય, અન્યની પત્ની સાથે ગમન કર્યું હોય, બીજી સ્ત્રીઓ સાથે મજાક મસ્તી કરી શકાય એવા ક્લબના મેમ્બર બન્યા હોય, વેશ્યા સાથે ગમન કર્યું હોય.

**અપરિગ્ગહિયાગમણે**

૨૩) સ્વાભાવિક અંગ સિવાય અન્ય અંગ સાથે કામક્રીડા કરી હોય, વિનયભંગ કર્યો હોય, બજારમાંથી કૃત્રિમ અંગો ખરીદી એના દ્વારા કામક્રીડા કરી હોય.

**અનંગકીડા**

૨૪) અમર્યાદિત ઘર ખરીદ્યા હોય, મર્યાદા કરી હોય પણ સસ્તા વાડી, બગીચા મળતા હોય એટલે ખરીદી લીધા હોય, ગુડી પડવાને દિવસે મર્યાદા ઉપરાંતનો

બ્લોક ખરીદ્યા હોય.

**ખેત-વત્થુપ્પમાણાઈક્કમે**

૨૫) અખાત્રીજના દિવસે મર્યાદા ઉપરાંત સોનાની ખરીદી કરી હોય. દશેરાના દિવસે કે પુષ્યનક્ષત્રમાં મર્યાદા ઉપરાંત સોનું ખરીદ્યું હોય.

**હિરણ્ણ-સુવણ્ણપ્પમાણાઈક્કમે**

૨૬) દુષ્કાળ પડવાનો છે તેમ જાણીને ઘણું બધું અનાજ (મર્યાદા ઉપરાંતનું) સ્ટોરરૂમમાં ભરી રાખ્યું હોય, આ વર્ષે કમાણી ઘણી સારી થઈ એટલે વધારાના પૈસા તિજોરીમાં રાખી દીધા હોય.

**ધન-ધાન્યપ્પમાણાઈક્કમે**

૨૭) પોતાની મર્યાદા ઉપરાંત સોનાની ખાણમાં ઉતર્યા હોય, સોનાની ખાણ જોવા ગયા હોય અથવા ઊંડા ભોંયરાઓમાં ગયા હોઈએ, સબમરીનથી સાગરના પેટાળમાં ઊંડે ઉતર્યા હોઈએ.

**અહોદિસિપ્પમાણાઈક્કમે**

૨૮) ઘોડાગાડીમાં બેસીને મર્યાદા ઉપરાંત દક્ષિણ દિશામાં ગયા હોઈએ, સાસુની સાથે જઈને પશ્ચિમ દિશાની મર્યાદા તોડી હોય, હાથી પર બેસીને પૂર્વ દિશાની મર્યાદા તોડી હોય, ટાટાની ગાડીમાં બેસીને ઉત્તર દિશાની મર્યાદા ઓળંગી હોય.

**તિરિયદિસિપ્પમાણાઈક્કમે**

૨૯) ફરવા જવાનું ક્ષેત્ર પોતે કરેલી મર્યાદા ઉપરાંત દૂર હતું એટલે બીજી દિશાની મર્યાદા ઉમેરીને આગળ વધી ગયા હોય.

**ખેતવુઢ્ઢી**

૩૦) પપૈયાનો કાચો પાકો સંભારો કે કાકડીનું કાચુંપાકું કચુંબર ખાધું હોય.

**અપ્પોલિઓસહિભક્ખણયા**

૩૧) હાથી પર બેઠાં બેઠાં રીંગણાનો ઓળો ખાધો હોય, પોંક પાર્ટી કરી હોય,

સુરતથી સ્પેશિયલ પોંક મંગાવીને ખાધો હોય.

**દુપ્પોલિઓસહિભક્ખાણયા**

૩૨) ચોપાટીમાં ફેરિયા પાસેથી ગંડેરી લઈને ખાધી હોય. હાથી પર બેઠા બેઠા બોર ખાધા હોય. ટ્રેનમાં બોર વેચવાવાળી બાઈ પાસેથી બોર ખરીદીને ઘરે લઈ આવીને ખાધા હોય.

**તુચ્છોસહિભક્ખાણયા...**

૩૩) ટાટાની અણુભટ્ઠીના શેરો ખરીદ્યા હોય, ભાભા અણુભટ્ઠીના શેર ખરીદ્યા હોય, ફટાકડાનો વેપાર કર્યો હોય.

**ઈંગાલકમ્મે**

૩૪) મોટા મોટા વનના ઝાડો કપાવવાનો કોન્ટ્રાક્ટ લીધો હોય, આસામમાં લાકડાની ફેક્ટરી નાખી હોય. લાકડાની ફેક્ટરીની એજન્સી કે શેર લીધા હોય.

**વણકમ્મે**

૩૫) વાઘના નખનો વેપાર કર્યો હોય, હાથીદાંતની વસ્તુઓ-શોપીસ વગેરેનો વેપાર કર્યો હોય, ગેંડાના શીંગડાનો વેપાર કર્યો હોય, હાથીદાંતના વેપારની એજન્સી લીધી હોય.

**દંત વાણિજ્જે**

૩૬) ફરના વસ્ત્રોનો વેપાર કર્યો હોય, સાપની કાંચળીનો વેપાર કર્યો હોય. મયૂરપંખનો વેપાર કર્યો હોય.

**કેસવાણિજ્જે**

૩૭) વેક્ષના પૂતળા બનાવવાનો ધંધો કર્યો હોય, રંગનો વેપાર કર્યો હોય, એશિયન પેઈન્ટસની એજન્સી લીધી હોય, નેરોલેક પેઈન્ટસના શેર ખરીદ્યા હોય.

**લક્ખવાણિજ્જે**

૩૮) D.D.T. ની એજન્સી લીધી હોય, ગુડનાઈટ, ઓલ આઉટ વગેરે મચ્છર મારવાની દવાઓનો વેપાર કર્યો હોય.

**વિસવાણિજ્જે**

૩૯) મિલસેન્ટ ચક્કીની એજન્સી લીધી હોય, ફીલિપ્સ કંપનીના શેર લીધા હોય જેમાં મીક્ષર આદિ યંત્રો બનતા હોય છે.

**જંતપીલણ કમ્મે**

૪૦) પ્રયોગશાળામાં પ્રયોગ કરવા માટે દેડકા, ઉંદર આદિને છેદન-ભેદન કરવાના કાર્યો કર્યો હોય, પ્રસાધનની ફેક્ટરીમાં પશુઓના અંગ ઉપાંગ છેદવા માટે સપ્લાય કર્યા હોય.

**નિલ્લંછણ કમ્મે**

૪૧) મોટા મોટા તળાવોના પાણી ઉલેચીને ખતમ કર્યા હોય, મોટા મોટા ટેન્કરો દ્વારા પાણી વેંચીને તળાવ ખાલી કરવાના ધંધા કર્યા હોય.

**સરદહ તલાગ પરિસોસણયા**

૪૨) કૂતરા- બિલાડીને ઉછેરીને એનો વેપાર કર્યો, ગલ્ફના શહેરોમાં યુવતીઓને ફસાવીને સપ્લાય કરવાનો વેપાર કર્યો હોય.

**અસઈજણ પોસણયા**

૪૩) અસભ્ય વાક્યોનો પ્રયોગ કર્યો હોય, દ્વિઅર્થી વાક્યો બોલીને બધાને હસાવવાનો પ્રયત્ન કર્યો હોય, વિકાર વર્ધક પુસ્તકોનું વાંચન કર્યું હોય.

**કંદપ્પે**

૪૪) કેબ્રેડાન્સ કરીને બીજાની કામવાસના જગાડી હોય.

**કુક્કુઇએ**

૪૫) મને તો હાથીદાંતની ચૂડી પહેરવા જોઈએ જ. મારી થાળીમાં કચુંબર તો હોવું જ જોઈએ એના વગર તો હું જમું નહિ. વાઘનખના લોકેટ પ્રત્યે આસક્તભાવ રાખ્યો હોય, કેરીની સીઝનમાં હું કેરી વગર તો જમું જ નહિ.

**ઉવભોગ-પરિભોગ અઈરત્તે**

૪૫) સામાયિકમાં મનોમન રાગ- દ્વેષના ભાવ કર્યા હોય, સામાયિકમાં વાઘનો ડર

લાગ્યો હોય. સામાયિકમાં બેઠાં બેઠાં ચૂંટાઈ આવેલા ઉમેદવારનું બૂરૂં ઈચ્છયું હોય, સામાયિકમાં નિયાણું કર્યું હોય.

**મણ દુપ્પણિહાણે**

૪૬) સામાયિકમાં કોને મત આપવો તેની ચર્ચા કરી હોય, સામાયિકમાં સાસુ સાથે ટી.વી. સીરિયલની ચર્ચા કરી હોય, સામાયિકમાં ટાટાની ગાડીના ગુણદોષ ગાયા હોય, સામાયિકમાં સાધુ-સાધ્વીની નિંદા કરી હોય.

**વય દુપ્પણિહાણે**

૪૭) સામાયિકમાં બેઠાં બેઠાં કૂતરાંને લાકડી મારી હોય, હાથી પર બેસીને સામાયિક કરી હોય, સામાયિકમાં જાપ ચાલુ હોય, ત્યારે જાપમાં મોડા આવેલ બહેન તરફ ઈશારો કરીને બાજુમાં બેઠેલાને જણાવ્યું હોય.

**કાય દુપ્પણિહાણે**

૪૮) સામાયિક બાંધ્યા પછી બાળકો સાથે રમત-ગમતમાં પડી જઈને સામાયિક કરી છે એ ભૂલી ગયા હોય, સામાયિક પાળ્યા વગર ઘરકામ કરવા લાગી ગયા હોય.

**સામાઈયસ્સ સઈ અકરણયા**

૪૯) ઘરેથી અચાનક કોઇ સમાચાર આવતા સમય પહેલાં સામાયિક પાળી લીધી હોય, સામાયિક અવ્યવસ્થિત રીતે કરી હોય.

**સામાઈયસ્સ અણવટ્ઠિયસ્સ-કરણયા...**

૫૦) દશમા વ્રતમાં પોતે જેટલા ક્ષેત્રની મર્યાદા કરી હોય એ ઉપરાંતથી કોઈ વસ્તુ મંગાવી હોય. મુંબઈની બહાર જવાની મર્યાદા કરી હોય ને મીરારોડથી મીઠાઈ મંગાવીને વાપરી હોય, સ્વીગી દ્વારા કલકત્તાથી રસગુલા મંગાવ્યા હોય.

**આણવણપ્પઓગે**

૫૧) દશમા વ્રતમાં પોતાના મર્યાદિત ક્ષેત્રથી બહાર પુત્ર જઈ રહ્યો હોય એને સાદ કરીને એની પાસેથી વસ્તુ મંગાવી હોય.

**સદ્દાણુવાએ**

પ૨) દશમા વ્રતમાં મર્યાદિત ક્ષેત્રથી બહાર કાંકરો ફેંકીને કોઇને બોલાવી એની પાસેથી ખાવાની વસ્તુઓ મંગાવી હોય.

**બહિયાપોગ્ગલ પક્ખેવે...**

પ૩) પરિપૂર્ણ પૌષધમાં રાત્રે રજોહરણથી પોંજ્યા વગર બહાર પરઠવા ગયા હોય, પરિપૂર્ણ પૌષધવ્રતમાં ઉતાવળથી જેમ તેમ જોયા વગર પોંજ્યું હોય.

**અપ્પમજ્જિય-દુપ્પમજ્જિય સિજ્જા સંથારએ**

પ૪) પરિપૂર્ણ પૌષધવ્રતમાં પરઠવાની ભૂમિનું બરાબર પડિલેહણ ન કર્યું હોય, જેમ તેમ જલદી જલદી જોઈને પાછા આવી ગયા હોય.

**અપ્પડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચાર પાસવણ ભૂમિ**

પપ) પરિપૂર્ણ પૌષધવ્રતમાં પરઠવાની જગ્યાને બરાબર પોંજી ન હોય અને પોંજી હોય તો જેમ તેમ માઠી રીતે પોંજી હોય.

**અપ્પમજ્જિય દુપ્પમજ્જિય ઉચ્ચાર પાસવણ ભૂમિ**

પ૬) ચૂરમાના લાડવા પર સચેત ખસખસ છાંટી હોય એવા લાડવા વહોરાવ્યા હોય, ખાંડવી પર સચેત કોથમીર ભભરાવી હોય એ વહોરાવ્યું હોય.

**સચિત્ત નિક્ખેવણયા**

પ૭) દૂધના તપેલા પર કાકડી મૂકી હોય એ વહોરાવવા લીધું હોય, શાકના તપેલાના છીબા પર સચેત મરચા પડ્યા હોય એ વહોરાવવા લીધું હોય.

**સચિત્ત પેહણયા**

પ૮) વાસી ભાવનગરી ગાંઠિયા વહોરાવ્યા હોય, ભરૂચની ખોરી થઈ ગયેલી ખારી શિંગ વહોરાવી હોય, વડોદરાનો વાસી ચેવડો વહોરાવ્યો હોય.

**કાલાઈક્કમે**

પ૯) પોતે સૂઝતા હોય છતાં મહારાજને કહે કે મહારાજ, મહારાજ પધાર્યા છે એમને વહોરાવજો. આ તો લક્ષ્મી ચાંદલો કરવા આવ્યા અને મોઢું ધોવા

ગયા એવું થયું.

**પરોવએસે**

૬૦) મારે ત્યાંથી તો સાધુ-સાધ્વી ક્યારેય વહોર્યા વગર જાય જ નહિ. મારા જેવી તૈયારી બીજા કોઈની હોતી જ નથી, નામ છે ચૌરેન્દ્રિયનું, રૂપ છે કષાયનું, દોષ છે દાનનો એ ક્યો અતિચાર ?

**મચ્છરિયાએ**

૬૧) હું આવતા ભવમાં નરેન્દ્ર મોદી જેવો વડાપ્રધાન બનું એવી ઈચ્છા કરી હોય, મને આવતા ભવમાં ઈંગલેન્ડની મહારાણી જેવા સુખ મળે તો સારું.

**ઈહલોગા સંસપ્પઓગે**

૬૨) મારો સંથારો લાંબો ચાલે તો સારું, મારી કીર્તિ ચોમેર પ્રસરી જાય. દશ દિવસ થયા પણ હજી મારા બહારગામના સગાવહાલા શાતા પૂછવા નથી આવ્યા. હજી થોડા દિવસ વધારે જીવું તો જે નથી આવી શક્યા એ બધા આવી જાય.

**જીવિયા સંસપ્પઓગે**

૬૩) હવે મારાથી ભૂખનું દુ:ખ સહન નથી થતું, પ્રભુ હવે તો મોત આપી દે. મેં સંથારો કર્યો છે તો પણ કોઈ સેવા કરવા નથી ઈચ્છતા, આના કરતા તો જલ્દી મોત આવી જાય તો સારૂં.

**મરણા સંસપ્પઓગે**

૬૪) મારા સંથારાનું કોઈ ફળ હોય તો મને આવતા ભવમાં પાંચે ઈન્દ્રિયોનો શ્રેષ્ઠ ભોગવટો કરવા મળવો જોઈએ. આ ભવમાં ડાયાબિટિશના કારણે ખાવામાં ઘણા બંધનો હતા પણ આવતા ભવમાં મન ભરીને ખાઈ શકું તો સારૂં.



**કામભોગા સંસપ્પઓગે**

## નવ તત્ત્વ

વિશ્વના કોઈપણ દર્શન કે સિદ્ધાંતનો અભ્યાસ કરતા પહેલા તેની પદાર્થ વ્યવસ્થાને સમ્યક્ પ્રકારે જાણવી જરૂરી છે કારણ કે પદાર્થ વિભાગને જ દર્શનરૂપ ભવ્ય મહેલમાં આધારરૂપ માનવામાં આવે છે. જે દર્શનમાં પદાર્થ વ્યવસ્થાની જેટલી દીર્ઘ દૃષ્ટિથી છણાવટ થઇ હોય, તે દર્શન તેટલાં જ પ્રમાણમાં મૌલિક, સત્ય અને તથ્યપૂર્ણ ગણાય છે. બધાં દાર્શનિકોએ પોતપોતાની દૃષ્ટિએ તત્ત્વોનું નિરૂપણ કર્યું છે. જૈનદર્શનમાં પણ તત્ત્વને સમજવા માટે બે પદ્ધતિઓ સ્વીકારવામાં આવી છે (૧) જાગતિક-જગત સંબંધિત અને (૨) આત્મિક-આત્મા સંબંધિત

**૧) જાગતિક :** જગત એટલે લોકના સ્વરૂપને જાણવું. જીવના પરિભ્રમણનું સ્થાન અથવા કર્મભોગનું સ્થાન આ લોક છે. તેથી લોકની જાણકારી સાધકોને માટે જરૂરી છે. આ લોક છ દ્રવ્યાત્મક છે. જેટલા ક્ષેત્રમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળદ્રવ્ય, આ છ દ્રવ્યો હોય તેને લોક કહે છે. લોકની લંબાઈ, પહોળાઇ તેનો આકાર, તેના વિભાગો વગેરે વિષયોનો બોધ કરવો એ જાગતિક પદ્ધતિ છે.

**૨) આત્મિક :** જીવ જગતનો બોધ કરવો એ આત્મિક પદ્ધતિ છે. શુદ્ધ આત્મ તત્ત્વનું સ્વરૂપ અને કર્મયુકત સંસારી જીવોનું સ્વરૂપ, સંસારી જીવોની અનંતતા, તેના ભેદ-પ્રભેદ, અશુદ્ધ આત્માની અશુદ્ધિના કારણરૂપ કર્મ, કર્મ આવવાના કારણો, કર્મબંધ, આવતા કર્મોને અટકાવવાના કારણો, કર્મનાશના ઉપાયો તથા કર્મોથી પૂર્ણત: મુક્તિ અને શુદ્ધ સ્વરૂપનું પ્રગટીકરણ આ સંપૂર્ણ વિષય નવ તત્ત્વના માધ્યમથી સમજી શકાય છે. જૈનદર્શનની કરોડરજ્જુ ગણાતા તત્ત્વ શબ્દના બે ફલિતાર્થ છે.

**૧. અસ્તિત્વની દૃષ્ટિથી :** જે મૂળવસ્તુ કે પદાર્થ છે, તે તત્ત્વ છે. જેને આપણે સત્ (Reality) પણ કહીએ છીએ.

तत्त्व : तस्य भाव: तत्त्व। પદાર્થનો ભાવ, પદાર્થની મૂળભૂતતા જે ત્રિકાલ શાશ્વત છે, તે તત્ત્વ છે. તત્ત્વમાં ષટ્દ્રવ્યના જ્ઞાન (Metaphysics) નો સમાવેશ થાય છે.

**૨. પરમાર્થની દૃષ્ટિથી:** 'तत्त्व पारमार्थिक वस्तु'। પરમાર્થ એટલે જે મોક્ષની પ્રાપ્તિમાં સાધક બને છે તે પારમાર્થિક તત્ત્વ છે, જે નવ તત્ત્વનો વિષય છે. એ રીતે વિચારતાં જીવ- અજીવ મુખ્ય તત્ત્વ છે. એમાં પુણ્ય, પાપ, બંધ, આશ્રવ એ મોક્ષના બાધક તત્ત્વ છે અને સંવર, નિર્જરા એ મોક્ષના સાધક તત્ત્વ છે.

આત્મધર્મની ઈમારત બનાવવી છે, તો તેનો આધાર જ્ઞાનની ઊંડાઈ પર છે. નવ તત્ત્વનું એક માત્ર જ્ઞાન જ આત્મધર્મની ઊંડાઈ વધારી શકે છે.

અંધ વ્યક્તિને ડૉક્ટર હાથ પકડી કેટલું ચલાવશે ? પરંતુ એ જ ડૉક્ટર આંખ આપશે તો તેને હાથ પકડવો પડશે નહીં, તેમ મુક્તિમાર્ગમાં નવ તત્ત્વ એ આંખ સમાન છે. ગુરુજનો પાસે નવ તત્ત્વરૂપ જ્ઞાનની આંખ લેવાથી મુક્તિમાર્ગનું દર્શન સરળતાથી થાય છે.

ટૂંકમાં જગતના સ્વરૂપને જાણવા માટે છ દ્રવ્ય અને આત્માના સ્વરૂપને જાણવા માટે નવ તત્ત્વનું જ્ઞાન અનિવાર્ય છે. નવતત્ત્વના બોધથી અધ્યાત્મ સાધનાનો બોધ થાય છે. મોક્ષમાર્ગમાં નવ તત્ત્વનું જ્ઞાન દિવ્યચક્ષુ સમાન છે, તેના દ્વારા જ સાધક મોક્ષમાર્ગનું દર્શન કરીને આત્મશુદ્ધિની યાત્રાને આગળ વધારે છે. આત્મશુદ્ધિની યાત્રાનો પ્રારંભ નવ તત્ત્વના જ્ઞાનથી થાય છે અને મોક્ષ તત્ત્વમાં આત્મશુધ્ધિની યાત્રા પૂર્ણવિરામ પામે છે. આ રીતે નવ તત્ત્વ આત્મશુદ્ધિની યાત્રા છે.

જીવ સ્વયં યાત્રિક છે. અનાદિકાળથી જીવ સ્વયંના બોધના અભાવે સંસારની યાત્રા અર્થાત્ ભવભ્રમણ કરી રહ્યો છે. જ્યારે તેને સ્વયંનો અર્થાત્ જીવ તત્ત્વનો-આત્મ તત્ત્વનો બોધ થાય ત્યારે, તેની આત્મયાત્રાનો પ્રારંભ થાય છે, સહુ પ્રથમ જીવ પોતાના ભવભ્રમણના કારણરૂપ કર્મને જાણે છે, કર્મ જડ છે, અજીવ છે, કર્મના સંયોગે જ સંસારનું સર્જન અને કર્મના વિયોગે જ સંસારનું વિસર્જન અર્થાત્ મોક્ષ છે. કર્મનો નાશ કરવા માટે અજીવ તત્ત્વનો બોધ જરૂરી છે, ત્યાર પછી કર્મના

પ્રવેશદ્વાર સમ આશ્રવ તત્ત્વ છે. કર્મ જડ હોવા છતાં ચૈતન્યસ્વરૂપી આત્મા સાથે કઈ રીતે એક-મેક થઈને રહે છે અને કર્મ પોતાની વિવિધ પ્રકૃતિઓ દ્વારા જીવને સંસારના કેવા નાટકો કેટલો સમય કરાવે છે વગેરે વિષયોનો બોધ બંધ તત્ત્વ દ્વારા થાય છે. બંધાયેલા કર્મો ક્યારેક શુભ-પુણ્યરૂપ અને ક્યારેક અશુભ-પાપરૂપ હોય છે, તે પુણ્ય તત્ત્વ અને પાપ તત્ત્વ છે. આશ્રવ, બંધ, પુણ્ય અને પાપ આ ચારે તત્ત્વ સંસારની યાત્રાનો બોધ કરાવે છે.

ત્યાર પછી કર્મને રોકવાના ઉપાયરૂપ સંવર તત્ત્વ, કર્મને દૂર કરવાની પ્રોસેસ રૂપ નિર્જરા તત્ત્વ અને સંપૂર્ણ કર્મોનો નાશ તે મોક્ષતત્ત્વ છે. આ રીતે સંવર, નિર્જરા અને મોક્ષ તત્ત્વ એ સંસારયાત્રાનું પૂર્ણવિરામ કરી આત્માયાત્રાને પૂર્ણતા સુધી પહોંચાડે છે. આ રીતે નવ તત્ત્વના બોધના માધ્યમથી આત્મશુદ્ધિની યાત્રાનો પ્રારંભ થાય છે અને ક્રમશઃ પૂર્ણ થાય છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં તત્ત્વના નવ પ્રકાર કહ્યા છે.

जीवाजीवा य बंधो य पुण्णं पावासवो तहा।

संवरो णिज्जरा मोक्खो, संतिए तहिया णव ।। અધ્ય. ૨૮

(૧) જીવ તત્ત્વ (૨) અજીવ તત્ત્વ (૩) બંધ તત્ત્વ (૪) પુણ્ય તત્ત્વ (૫) પાપ તત્ત્વ (૬) આશ્રવ તત્ત્વ (૭) સંવર તત્ત્વ (૮) નિર્જરા તત્ત્વ (૯) મોક્ષ તત્ત્વ.

તત્ત્વના પ્રકારના વિષયમાં વિવિધ વિચારધારાઓ પ્રચલિત છે.

**તત્ત્વના બે પ્રકાર :** તત્ત્વના મુખ્ય બે પ્રકાર છે. જીવ તત્ત્વ અને અજીવ તત્ત્વ. તે સિવાયના અન્ય તત્ત્વો જીવ-અજીવના સંયોગ કે વિયોગથી જ થાય છે. જેમકે પુણ્ય-પાપ, આશ્રવ અને બંધ આ ચાર તત્ત્વ જીવ-અજીવના સંયોગથી બન્યા છે અને સંવર, નિર્જરા અને મોક્ષ આ ત્રણ તત્ત્વો જીવ-અજીવના વિયોગમાં નિમિત્ત બને છે. આ રીતે જીવ અને અજીવ મુખ્ય બે તત્ત્વો જ છે.

**તત્ત્વના પાંચ પ્રકાર :** એક વિચારધારા પ્રમાણે પુણ્ય અને પાપનો સમાવેશ શુભ-

અશુભ આશ્રવ કે બંધમાં થાય છે અને આશ્રવ અને બંધને એક તેમ જ સંવર અને નિર્જરાને પણ એક તત્ત્વરૂપે સ્વીકારે છે. આ રીતે ચાર તત્ત્વ ઘટાડતાં તત્ત્વના પાંચ પ્રકાર છે.

**તત્ત્વના સાત પ્રકાર :** કેટલાક લોકો પુણ્ય-પાપને સ્વતંત્ર તત્ત્વ રૂપે સ્વીકારતા નથી, તેનો સમાવેશ શુભ-અશુભ આશ્રવ કે બંધમાં કરીને તત્ત્વના સાત પ્રકાર માને છે.

**તત્ત્વના નવ પ્રકાર :** શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અનુસાર તત્ત્વના ઉપરોક્ત નવ પ્રકાર છે. હવે નવ તત્ત્વના સ્વરૂપને વિસ્તારથી સમજીએ.




**પ્રભુ કહે, મોક્ષ પામવા**
**સમ્યક્ત્વ પામવું જરૂરી છે.**
**સમ્યક્ત્વ પામવા નવ તત્ત્વને જાણવા જરૂરી છે.**

# 1.JIV TATVA




**અજર- અમર ને ત્રિકાળ શાશ્વત છે અંખડ જ્ઞાનવાન**
**સુખ-દુઃખને જાણે- માણે તે છે જીવ સદા ચૈતન્યવાન.**

## જીવ તત્ત્વ

સામાન્ય રીતે પ્રત્યેક સાધકને પોતાના અસ્તિત્વના વિષયમાં જિજ્ઞાસા થાય છે, હું કોણ છું ? મારું સ્વરૂપ શું છે ? હું ક્યાંથી આવ્યો ? મૃત્યુ પછી ક્યાં જઈશ ? મારા ભૂતકાળ અને ભવિષ્યકાળનું સંચાલન કોણ કરે છે ? કેવી રીતે થાય છે ? વગેરે અનેક પ્રશ્નો તેના અંતર મનમાં ઉદ્‌ભવે છે. સાધક જ્યારે અંતરના અતલ ઊંડાણમાં જાય છે, ત્યારે તેના ઉત્તરો મળે છે. વિવિધ દાર્શનિકોએ 'જીવ' ના વિષયમાં વિવિધ વિચારધારા પ્રગટ કરી છે, કોઈ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ આ પંચભૂતના સંયોગથી જીવની ઉત્પતિ અને પંચભૂતના વિનાશથી જીવનો નાશ થાય છે તેમ માને છે, કેટલાક જીવને નિત્ય, કેટલાક અનિત્ય માને છે, કેટલાક લોકો જીવ બ્રહ્માંડ વ્યાપી માને છે, જ્યારે જૈનદર્શનની દૃષ્ટિએ જીવનું સ્વરૂપ આચારાંગ સૂત્રની ટીકામાં નીચે પ્રમાણે બતાવ્યું છે.

**૧) जीवति प्राणान् धारयति इति जीव: ।** જે જીવે છે, દ્રવ્ય પ્રાણ કે ભાવ પ્રાણને ધારણ કરે છે, તે જીવ છે.

જીવ ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે અર્થાત્ જે ત્રૈકાલિક છે, ઈન્દ્રિય, મન, શ્વાસોચ્છ્‌વાસ આદિ દશ દ્રવ્ય પ્રાણ અને જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય આ ચાર ભાવ પ્રાણના માધ્યમથી જે જીવે છે, તે જ જીવ છે. પ્રાણના માધ્યમથી જ જીવનું જીવત્વ ત્રૈકાલિક ટકી રહે છે.

**૨) ચૈતન્યયુક્ત હોય, તે જીવ છે,** चिति-ज्ञाने ચિત્ ધાતુ પરથી ચૈતન્ય શબ્દ બન્યો છે. તેનો અર્થ જ્ઞાન થાય છે, જે જ્ઞાનમય છે ચૈતન્યયુક્ત અર્થાત્ જ્ઞાનયુક્ત છે, તે જીવ છે, જ્ઞાનગુણના કારણે જ જીવને સુખ-દુ:ખનું સંવેદન થાય છે. જે સુખ-દુ:ખનું સંવેદન કરે છે, તે જીવ છે. જીવ અને અજીવ દ્રવ્યનો ભેદ કરનાર મુખ્ય ગુણ જ્ઞાન ગુણ છે.

**૩) जे आया से विण्णाया, जे विण्णाया से आया।** શ્રી આચારાંગ સૂત્ર,

અધ્યયન-૫/૫, જે આત્મા છે, તે વિજ્ઞાતા અર્થાત્ જાણનાર છે. જે વિજ્ઞાતા છે, તે જ આત્મા છે.

જ્ઞાન તે જ આત્માનું સ્વરૂપ છે, જ્ઞાન ગુણની બે ધારા છે. પદાર્થના સામાન્ય ધર્મને જાણવો તેને દર્શન અને પદાર્થના વિશેષ ધર્મને જાણવો તેને જ્ઞાન કહે છે.

આ રીતે જ્ઞાન અને દર્શન આત્માના મુખ્ય ગુણ છે. ગુણ અને ગુણી પરસ્પર અભિન્ન છે. પાણીની શીતળતા કે અગ્નિની ઉષ્ણતા હંમેશાં પાણીની કે અગ્નિની સાથે જ રહે છે. શીતળતા પાણીનો ગુણ છે, તે પાણીથી અભિન્ન છે, તે જ રીતે જ્ઞાન-દર્શન પણ આત્માના ગુણ છે, તે આત્માથી અભિન્ન છે, તે જ આત્માનું સ્વરૂપ છે, આત્માનો સ્વભાવ છે.

**૪) जीवो उवओग लक्खणो।** (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય ૨૮/૧૦) ઉપયોગ જીવનું લક્ષણ છે, જે સદાય જ્ઞાન-દર્શનરૂપ આત્મગુણોથી ઉપયુક્ત હોય, જોડાયેલો હોય તે જીવ છે, ટૂંકમાં જે સદા સઉપયોગી ચેતનાની પ્રવૃત્તિવાળો હોય તે જીવ છે.

**૫) अतति सततं गच्छति तान् तान् पर्यायान् इति आत्मा।** જે નિરંતર તે તે પર્યાયોને પ્રાપ્ત કરે છે, તે આત્મા છે. જે નિત્ય હોય, તેમાં જ સતત ભિન્ન ભિન્ન પર્યાયોની ઉત્પતિ થાય છે. આ રીતે આત્મા દ્રવ્ય છે, જ્ઞાન-દર્શન તેના ગુણો છે અને તેમાં સતત ભિન્ન ભિન્ન પર્યાયોની ઉત્પતિ અને વિનાશ થાય છે. આત્મદ્રવ્ય નિત્ય છે. તેની પર્યાયો અનિત્ય છે. આ રીતે જીવ નિત્યાનિત્ય છે.




**પ્રભુ કહે, ગુણ અને દ્રવ્યની પર્યાય હોય છે. પર્યાય સમયે-સમયે પરિવર્તન પામે છે.**

## (६) औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य,स्वतत्त्वमौदयिक पारिणामिकौ च।।

(શ્રી તત્ત્વાર્થસૂત્ર અધ્યાય-૨/૧) ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદાયિક અને પારિણામિક આ પાંચ ભાવ, તે જીવનું સ્વરૂપ છે, આ ભાવો જીવમાં હોય છે, અજીવમાં આ પાંચ ભાવો હોતા નથી, પ્રથમના ચાર ભાવ આત્માની પર્યાયો રૂપે છે. તે ચાર ભાવોને નિમિત્તની પ્રધાનતાથી કહેવામાં આવ્યા છે અર્થાત્ કર્મનો ક્ષય, ઉપશમ, ક્ષયોપશમ કે ઉદય નિમિત્ત છે, માટે એ ચાર પર્યાયાર્થિક નયનો વિષય છે. ઉદય ભાવ, તે જીવની વિકારી પર્યાય છે બાકીના ત્રણ ભાવોથી જીવની નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. પારિણામિક ભાવ પરમભાવ, શુદ્ધાત્મભાવ, જ્ઞાયકભાવ છે માટે દ્રવ્યાર્થિક નયનો વિષય છે.

૧) મોહનીય કર્મના ઉદયને અલ્પ સમય માટે ઢાંકી દેવો તેને ઉપશમ કહે છે અને કર્મના ઉપશમથી જીવમાં જે ભાવ પ્રગટ થાય તે **ઔપશમિકભાવ** છે.

૨) કર્મનો ક્ષય થવાથી જીવમાં જે ભાવ પ્રગટ થાય તે **ક્ષાયિક ભાવ** છે.

૩) ઉદયમાં આવેલા કર્મોનો ક્ષય અને ઉદયમાં નહીં આવેલા કર્મનો ઉપશમ, આમ ક્ષય+ઉપશમ અર્થાત્ ક્ષયોપશમથી જીવમાં જે ભાવ પ્રગટ થાય, તેને **ક્ષાયોપશમિક ભાવ** કહે છે.

૪) કર્મના ઉદયથી જીવમાં જે ભાવ પ્રગટ થાય તે **ઔદાયિક ભાવ** છે.

૫) કર્મના ઉદય, ઉપશમ કે ક્ષયની અપેક્ષા વિના દ્રવ્યમાં જે સહજ પરિણમન થાય અને તેનાથી જે ભાવો પ્રગટ થાય તેને **પારિણામિક ભાવ** કહે છે.

આ પાંચ ભાવોમાંથી ઔદાયિક અને પારિણામિક ભાવ, અજીવ દ્રવ્યમાં પણ ઘટિત થાય છે પરંતુ ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવ માત્ર જીવમાં જ હોય છે.

સંક્ષેપમાં ચૈતન્ય લક્ષણયુક્ત, સદા સઉપયોગી, જ્ઞાન-દર્શન સ્વરૂપ, સુખ-

દુ:ખનો જાણનાર અને તેનું સંવેદન કરનાર, વિવિધ ભાવોની અનુભૂતિ કરનાર, અરૂપી અને નિત્યાનિત્ય દ્રવ્ય જીવ છે.

જીવના સ્વરૂપની વિચારણા છ સ્થાનથી પણ થઈ શકે છે.

૧) **જીવ છે.** ચૈતન્ય લક્ષણયુક્ત, અસંખ્યાત પ્રદેશી ત્રિકાળ શાશ્વત, અમૂર્ત છે તે જીવ છે. તેનું અસ્તિત્વ સદાય હોય છે.

૨) **જીવ નિત્ય છે.** જીવની ઉત્પતિ કે વિનાશ થતો નથી. તેનું સ્વરૂપ શાશ્વત છે, ત્રૈકાલિક છે.

૩) **જીવ કર્મોનો કર્તા છે.** સંસારી જીવો કષાય અને યોગના કારણે કર્મોનો બંધ કરે છે, તેથી જીવ કર્મોનો કર્તા છે.

૪) **જીવ કર્મોનો ભોક્તા છે.** જીવે સ્વયં બાંધેલા કર્મોના ફળ જીવ સ્વયં જ ભોગવે છે. જૈનદર્શન અનુસાર જીવ સ્વયં પોતાના ભાવોથી કર્મો કરે છે અને સ્વયં જ તેનું ફળ ભોગવે છે. તેમાં ઈશ્વર કે ઈશ્વર પ્રેરણાની જરૂર નથી.

જીવ જ્યાં સુધી કર્મયુક્ત છે, ત્યાં સુધી નવા કર્મોને બાંધે છે અને કરેલા કર્મોને ભોગવે છે. જીવ જ્યારે કર્મોથી મુક્ત થાય ત્યાર પછી તે કર્મોનો કર્તા કે ભોક્તા નથી. આ રીતે જીવ વ્યવહારથી કર્મોનો કર્તા અને ભોક્તા છે. નિશ્ચયથી-વાસ્તવિક રીતે આત્મગુણો કર્તા અને આત્મગુણો જ ભોક્તા છે.

૫) **જીવનો મોક્ષ છે.** કર્મબંધ અને તેના ફળનું વેદન, આ ચક્ર સદાય ચાલ્યા જ કરે તેવું નથી, જીવ પોતાના સવળા પુરુષાર્થથી કર્મોથી મુક્ત થઈ શકે છે અર્થાત્ જીવનો મોક્ષ છે.

૬) **મોક્ષનો ઉપાય પણ છે.** જીવનો સ્વયંનો સવળો પુરુષાર્થ અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ તે મોક્ષનો ઉપાય છે.

આ છ પદ દ્વારા જીવનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

જીવ દ્રવ્ય સંખ્યાની દૃષ્ટિએ અનંત છે. અનંત જીવોનું જીવત્વ એક સમાન છે, તેથી સંગ્રહનયની દૃષ્ટિએ આત્મા એક છે. કર્મોની ભિન્નતાના કારણે સંસારી

જીવોમાં વિવિધતા દેખાય છે, તેથી સંસારી જીવોના ૫૬૩ ભેદ થાય છે. ગતિ, જાતિ, શરીર, ઈન્દ્રિય આદિ વિવિધ અપેક્ષાએ જીવોના ભેદ-પ્રભેદ વિવિધ પ્રકારે થાય છે.

પ્રત્યેક જીવને કર્મના ઉદયે જે શરીર મળે તેમાં તે રહે છે. શરીરમાં તે વ્યાપક છે. સંસારી જીવોમાં સંકોચ-વિસ્તારનો ગુણ છે, તેથી તેને નાનું-મોટું જે શરીર મળે તેમાં તે ગોઠવાઈ જાય છે.

આ રીતે છ દ્રવ્યોમાં જીવ દ્રવ્યની મુખ્યતા તેના જ્ઞાન ગુણથી થાય છે.

જીવ તત્ત્વનો બોધ એટલે સ્વયંને થતો સ્વયંનો બોધ. પોતાની શુદ્ધ અને અશુદ્ધદશાનો બોધ જ દુઃખમુક્તિનો ઉપાય છે. જીવ સ્વયં પોતાને જાણી, પોતાની અશુદ્ધિને દૂર કરી, શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થાય, તો જ જીવ તત્ત્વના બોધની સફળતા છે.

શ્રી આચારાંગ સૂત્રની ટીકામાં જીવના વિશિષ્ટ ગુણોની અપેક્ષાએ ૧૨ મુદ્દાઓથી જીવનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે, તે નીચે પ્રમાણે છે.

૧) **ઔપશિમક આદિ ભાવ:** પર્યાયોની ભિન્ન ભિન્ન અવસ્થાઓ ભાવ કહેવાય છે. આત્માના પર્યાયવર્તી ભાવ પાંચ પ્રકારના છે, આ વિવિધ ભાવોનું પરિણમન જ્યાં થાય છે, તે જીવ છે.

૨) **અસંખ્યાત પ્રદેશી:** પ્રદેશોની સંખ્યાની અપેક્ષાએ પ્રત્યેક આત્માનું પરિમાણ લોકાકાશ (લોક પ્રમાણ આકાશાસ્તિકાય) માં જેટલા આકાશ પ્રદેશો છે, એટલા જ પ્રદેશો એક જીવમાં હોય છે અર્થાત્ પ્રત્યેક જીવ અસંખ્યાત પ્રદેશી છે.

૩) **પરિણામી:** પ્રત્યેક સમયે જીવ એક પર્યાય છોડી બીજી પર્યાય ધારણ કરે તેને પરિણામ કહેવાય. આ પ્રકારનું સતત પરિણમન જેમાં હોય તે જીવ કહેવાય છે.

૪) **સંકોચ - વિસ્તાર:** સંસારી જીવોમાં સંકોચ- વિસ્તારનો ગુણ છે. જીવ કંથવા જેટલા નાના શરીરમાં પણ રહી શકે અને હાથી જેટલા મોટા શરીરમાં પણ વિસ્તરી શકે છે. તેમ જ લોકાકાશના અસંખ્યાતમા ભાગથી લઈને સંપૂર્ણ લોકાકાશમાં જીવનું અવગાહન થઈ શકે છે. કર્મોથી પૂર્ણતઃ મુક્ત થાય પછી અર્થાત્ સિદ્ધ થયા પછી શુદ્ધાત્મામાં સંકોચ કે વિસ્તાર થતો નથી.

૫) **વ્યક્તિરૂપથી:** જીવો અનંત સંખ્યામાં છે. તેમાં ક્યારેય વધઘટ થતી નથી. એક પણ જીવ નવો ઉત્પન્ન થતો નથી અને તેનો નાશ થતો નથી, માત્ર તેની અવસ્થાનું પરિવર્તન થયા કરે છે.

૬) **ક્રિયાશીલ:** જીવમાં કોઈને કોઈ અર્થક્રિયા થતી રહે છે. ઉપયોગરૂપે જ્ઞાન અને દર્શનમાં ક્રિયા થાય છે. અર્થક્રિયા એટલે દ્રવ્યની ક્રિયા, દ્રવ્યનું કાર્ય-પરિણમન-પર્યાય, પ્રત્યેક દ્રવ્યોમાં અનંત ગુણો હોય છે. તે પોતપોતાનું કાર્ય કર્યા કરે છે. જેમ કે જ્ઞાન ગુણ જાણવાનું કાર્ય કરે છે, તો દર્શન જોવાનું કાર્ય કરે છે. એમાં પણ ઉત્પાદ-વ્યયપણું સતત થયા કરે છે.

૭) **પ્રદેશ સમુદાયરૂપી:** જીવ અસંખ્યાત પ્રદેશોના સમૂહરૂપે છે, એ પ્રદેશો ક્યારેય છૂટા પડતા નથી. જીવ પોતાની દરેક ક્રિયા અસંખ્યાત પ્રદેશોના સમુદાયરૂપે અર્થાત્ અખંડરૂપે જ કરે છે.

૮) **નિત્ય:** જે વસ્તુ તેના પોતાના સ્વભાવથી અવ્યય રહે એટલે પોતાના સ્વભાવને ક્યારેય ન છોડે, તે નિત્ય છે એટલે જીવ હંમેશા જીવરૂપે જ રહે છે ક્યારેય અજીવ રૂપે થતો નથી. દ્રવ્યનયની અપેક્ષાથી એનું સ્વરૂપ નષ્ટ થતું નથી, માટે તે નિત્ય છે.

૯) **અરૂપી:** જીવ વાસ્તવમાં અરૂપી છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી રહિત છે. અરૂપી હોવા છતાં કર્મસંગે દેહની અપેક્ષાએ રૂપી દેખાય છે.

૧૦) **અવસ્થિત:** જીવના પ્રદેશો જેટલા છે, તેટલા કાયમ રહે છે. તેના પ્રદેશોમાં ક્યારેય વધઘટ થતી નથી.

૧૧) **અમૂર્ત:** શુદ્ધ જીવ નિરાકાર-આકાર રહિત છે. કર્મસંગે તે આકાર ધારણ કરે છે.

૧૨) **ઊર્ધ્વગમનના સ્વભાવવાળો:** જેમ તુંબડીનો સ્વભાવ પાણીની ઉપર તરવાનો છે, પરંતુ તે જ તુંબડા ઉપર માટીના લેપ લગાડતાં, તે ભારે બની જાય છે અને ભારે બનેલું તુંબડુ પાણીમાં ડૂબી જાય છે, તેમ જીવમાં અગુરુલઘુ નામનો ગુણ છે. તેનાથી જીવ ભારે પણ નથી અને હળવો પણ નથી અને

સ્વભાવથી જ તે ઊર્ધ્વગમન કરે છે. સકળ કર્મોનો ક્ષય થયા પછી જીવ તીવ્રતાથી ઊર્ધ્વગમન કરે છે. અંતરાયરૂપ કર્મોના નિમિત્તથી સંસારી જીવ અધોગમન કરે છે અથવા સકલ કર્મોનો અંત થઈ જાય છે, ત્યારે ઊર્ધ્વગમન કરવામાં કોઈ અંતરાય પડતી નથી.

આ રીતે ૧ ૨ પ્રકારના મુદ્દાઓથી જીવનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

જીવ અનંત ગુણોનો ભંડાર છે, પરંતુ મુખ્ય ગુણ ચાર છે. (૧) અનંતજ્ઞાન (૨) અનંત દર્શન (૩) અનંત સુખ અને (૪) અનંત વીર્યથી યુક્ત છે જેને ભાવ પ્રાણ તરીકે પણ ઓળખવામાં આવે છે.

એ જ રીતે તેની મુખ્ય ચાર શુદ્ધ પર્યાય છે.

**૧) અવ્યાબાધત્વ :** શરીરની બાધા-પીડાથી રહિત હોવું અર્થાત્ અશરીરી હોવું.

**૨) અનાવગાહત્વ :** શુદ્ધ જીવ પોતે જ્યાં છે, ત્યાં અનંત જીવો અવગાહીને રહી શકે છે અર્થાત્ એક જીવના અવગાહ ક્ષેત્રમાં અનંત જીવો સમાઈ જાય છે.

**૩) અમૂર્તિકત્વ :** નિરંજન-નિરાકાર છે. કોઈ આકાર નથી.

**૪) અગુરુલઘુત્વ :** પ્રત્યેક જીવદ્રવ્યની અંદર અનંતગુણો રહેલા છે. તે ગુણોમાં ઓછા વધુપણું થતું નથી, તેમ અનંત ગુણો એક સાથે રહેવા છતાં દરેક ગુણો પોતાના સ્વભાવમાં જ રહે છે. એક ગુણ બીજા ગુણ રૂપે પરિણમતો નથી. આમ આ ચારે પર્યાયો શુદ્ધ અવસ્થામાં પ્રાપ્ત થાય છે.

**ઉપયોગ :** ચેતના અર્થાત્ જ્ઞાન એ જીવનો મુખ્ય ગુણ છે અને જાણવું એ એક પ્રકારનો ચેતનાનો વ્યાપાર છે, તેને જ ઉપયોગ કહે છે. વસ્તુને સામાન્યરૂપે જાણવાની ચેતના શક્તિ તે દર્શન છે અને વિશેષરૂપે જાણવાની ચેતનાશક્તિ જ્ઞાન છે. બંને પ્રકારની શક્તિનું અસ્તિત્વ માત્ર આત્મદ્રવ્યમાં જ હોઈ શકે છે, બીજા દ્રવ્યમાં હોતું નથી. **ઉપયોગના બે પ્રકાર છે.**

**૧) સાકાર ઉપયોગ :** સ+ આકાર. અહીં આકાર એટલે આકૃતિ નહી પણ નિશ્ચિત થયેલું, નિર્ણિત થયેલું, વ્યક્ત થયેલું, સ્પષ્ટ જ્ઞાન. જ્ઞાન દ્વારા જે પદાર્થ જેવો છે, તેવો

જાણી શકાય. તેના આઠ ભેદ છે. પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન.

**૨) અનાકાર ઉપયોગ :** અવ્યક્ત, અસ્પષ્ટ, અનિશ્ચિત, પૃથક્કરણ ન કરી શકે, એક પદાર્થથી બીજો પદાર્થ જુદો ન પાડી શકે, તેવો વસ્તુનો સામાન્ય ધર્મ, જે સત્તામાત્રને જ જાણે, તે અનાકાર કહેવાય છે. એના ચાર ભેદ છે તે ચાર દર્શન, હાલનું માનસશાસ્ત્ર આ ક્રિયાને Pereehiten કહે છે.

છદ્મસ્થ જીવોમાં પ્રથમ અનાકાર ઉપયોગ થાય, પછી સાકાર, જ્યારે કેવળી ભગવાનને પ્રથમ સાકાર પછી અનાકાર ઉપયોગ થાય.

એક સમયે એક જીવને એક જ જ્ઞેય વસ્તુ કે વિષયનો ઉપયોગ હોઈ શકે છે. એક સાથે બે વસ્તુમાં ઉપયોગ રહી શકતો નથી તેમ જ કોઈ પણ જીવ કોઈ પણ કાળે ઉપયોગ રહિત હોતો નથી. ઉપયોગનું વિષયાંતર થાય તો પણ ઉપયોગનું અસ્તિત્વ તો પ્રત્યેક સમયમાં જીવમાં વર્તતું જ રહે છે માટે જ ઉપયોગને જીવનું લક્ષણ કહેવામાં આવ્યું છે.

### ''જીવની સિદ્ધિ''

પ્રશ્ન : ''જીવ'' ની સિદ્ધિ કરવી જરૂરી શા માટે ?

ઉત્તર : જીવનો (આત્માનો) હાર્દિક સ્વીકાર જ્યાં સુધી ન થાય ત્યાં સુધી જીવદયાના પાલન માટે, વિશેષ ઉત્સાહ જાગૃત થતો નથી. આત્મા છે, આત્મા શરીરથી જુદો છે, શરીર નાશ પામે અને આત્મા પરલોકમાં જાય છે, પરલોકમાં નવું શરીર મળે છે, ઈત્યાદિ શ્રદ્ધા એકવાર દઢ થયા બાદ જીવદયા પાળવી અને જીવહિંસાથી બચવાનો પ્રયત્ન થાય કારણ કે, 'હું જીવ છું' એવું સમજ્યા પછી જગતના સર્વ જીવો મારા આત્મા સમાન હોવાથી મારે બીજા જીવોને હિંસાના માધ્યમથી અશાતા, અસમાધિ હવે આપવી નથી. આ રીતે જીવદયા પાળવાનો ઉત્સાહ આપોઆપ જાગૃત થાય છે, તેથી ''જીવ'' ની સિદ્ધિ જરૂરી છે.

શ્રી આચારાંગ સૂત્ર ઘાસીલાલજી મ.સા. લિખિત આચાર ચિંતામણી ટીકાના પૃષ્ઠ ૨૧૩ પર આત્માના અસ્તિત્વની સિદ્ધિ બતાવી છે, જેનો સાર નીચે મુજબ છે :

### ૧) પ્રત્યક્ષ પ્રમાણથી આત્માની સિદ્ધિ :

અ) આત્મા છે કે નહિ આ પ્રકારનું સંશયાદિ જ્ઞાન પોતપોતાના આત્મામાં સ્વસંવેદન પ્રત્યક્ષથી સિદ્ધ છે. તે જ્ઞાન આત્માથી અભિન્ન હોવાથી આત્મસ્વરૂપ જ છે.

**આત્માની શંકા કરે આત્મા પોતે આપ,**
**શંકાનો કરનાર તે અચરજ એહ અમાપ**

બ) મેં અમુક કામ કરી લીધું, હું કરું છું, હું કરીશ ઈત્યાદિ રૂપથી જે 'અહં પ્રત્યય' થાય છે, તે આત્મામાં જ થાય છે નહીં કે શરીરમાં. અન્યથા મૃત શરીરમાં પણ અહં પ્રત્યય થવો જોઈએ, પરંતુ મૃત શરીરમાં તેવું થતું નથી. આ રીતે અહં પ્રત્યય (પોતાને પોતાનું જ્ઞાન થવું) થી જીવની પ્રત્યક્ષ સિદ્ધિ થાય છે. જે પ્રત્યક્ષ સિદ્ધ છે.

ક) સ્મૃતિ, જિજ્ઞાસા, ઈચ્છા, સંશય વગેરે પણ આત્મામાં પ્રત્યક્ષ સિદ્ધ છે. જે આત્માના ગુણ છે, જડના નહિ. તેથી પ્રત્યક્ષ પ્રમાણથી આત્માનું અસ્તિત્વ સિદ્ધ છે.

### ૨) અનુમાન પ્રમાણથી આત્માની સિદ્ધિ :

અ) ઈન્દ્રિયો જ્ઞાન પ્રાપ્તિનું સાધન છે. તે સાધનનો ઉપયોગ કરનાર ઈન્દ્રિયથી ભિન્ન છે. તે જે છે તે આત્મા છે.


બ) શરીર જડ છે, તેમાં જે કોઈ પણ ક્રિયાઓ થઇ રહી છે, તેને જોઈને અનુમાન કરી શકાય કે શરીરનું સંચાલન કરનાર શરીરથી ભિન્ન શક્તિ છે, તે શક્તિ જ આત્મા છે. તે શક્તિ અર્થાત્ આત્મા દેહમાં હોય ત્યાં સુધી જ દેહમાં ક્રિયાઓ થાય છે. મૃત શરીરમાં કોઈ ક્રિયા થતી નથી.

**૩) આગમ પ્રમાણથી આત્માની સિદ્ધિ :** एगे आया- આત્મા એક છે. जे आया से विण्णाया, जे विण्णाया से आया। જે આત્મા છે, તે વિજ્ઞાતા છે અને વિજ્ઞાતા છે, તે જ આત્મા છે. આવા અનેક સૂત્રો આગમોમાં ઉપલબ્ધ છે.

શ્રી રાયપસેણીય સૂત્રમાં પરદેશી રાજાના દશ તર્ક- પ્રયોગ અને કેશી શ્રમણે આપેલા સમાધાનથી દેહથી ભિન્ન આત્માની સિદ્ધિ થાય છે.

આ રીતે આગમ પ્રમાણથી આત્માની સિદ્ધિ થાય છે. સંક્ષેપમાં આત્માના અસ્તિત્વનો, તેના અનંત ગુણોનો, તેની વિવિધ અવસ્થાઓનો બોધ પ્રાપ્ત કરવો, ત્યાર પછી પોતાના જ શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થવા જડ પદાર્થોની આસક્તિ કે તેનો મમત્વ ભાવ છોડવો, તજ્જન્ય કર્મબંધથી દૂર રહીને અનંતગુણોને પ્રગટ કરવા પુરુષાર્થશીલ બનવું તે જ સાધના છે અને તે જ જીવ તત્ત્વના બોધની ઉપયોગિતા છે.

- શીંગ જમીનની નીચે થાય છે પરંતુ બે ભાગ થાય છે. તેથી કંદમૂળ કહેવાય નહીં.
- આદુ અને હળદર આ બે કંદમૂળ પોતાની મેળે સૂકાઈ જાય છે. કોઈક અપેક્ષાએ તે ઔષધિ વર્ગના છે માટે તેને સૂકાયા પછી પાવડર કરી સૂંઠ અને હળદર રૂપે વાપરીએ છીએ, પરંતુ બાકીના કંદમૂળની સૂકવણી પોતાની મેળે થતી નથી તે કોહવાઈ કે સડી જાય છે માટે તેનો ઉપયોગ ન કરવો યોગ્ય છે. તેનાથી પેટ ભરાય, જીભમાં રસ આવે છે.



# 2. AJIV TATVA

## કર્મરજ રૂપી પાણી




**અરૂપી દ્રવ્ય છે ધર્મ- અધર્મ આકાશ ને વળી કાળ**
**પુદ્ગલ દ્રવ્ય રૂપી છે પાંચે ચૈતન્ય રહિત જાણ.**

# અજીવ તત્ત્વ




જડ લક્ષણ ચૈતન્ય રહિત હોય તેને અજીવ કહે છે. જેમાં જીવ ન હોય તે અજીવ. અજીવનું સ્વરૂપ અર્થાત્ અજીવનું અજીવપણું તે અજીવ તત્ત્વ. તેના ધર્માસ્તિકાય આદિ પાંચ પ્રકાર છે.

**૧) ધર્માસ્તિકાય:** પાંચ પ્રકારમાંથી ધર્માસ્તિકાયનું સ્થાન સૌથી પ્રથમ છે. ધર્મ+અસ્તિકાય એ બે શબ્દોથી આ શબ્દ બન્યો છે. અહીં ધર્મનો અર્થ અલગ છે. 'गतिसहायो धर्म:' જે ગતિમાં સહાયક થાય, તે ધર્મ છે એટલે જે દ્રવ્ય ગતિ કરાવતું નથી પણ જે ગતિ કરવા ઈચ્છે છે, તેને ઉદાસીન ભાવથી સહાયક થાય છે. દા.ત. આપણને તરતાં સરસ આવડતું હોય પણ તરણહોજ (સ્વીમીંગ પુલ) માં પાણી જ ન હોય તો કેમ તરી શકીએ ? જેમ પાણી તરવા માટે સહાયક છે. એમ ગતિ કરવા ઈચ્છતા જીવ અને પુદ્ગલોને ગતિ ક્રિયામાં ધમાસ્તિકાય સહાયક છે.

જીવ અને પુદ્ગલની સર્વ પ્રકારની ગતિ ક્રિયા-સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્પંદનમાં પણ તેનો સહયોગ છે. આપણે ચાલીએ, બેસીએ, દોડીએ, હાથપગ હલાવીએ,

આંખ ખોલ-બંધ કરીએ, ખાઈએ, પીઇએ, શ્વાસોચ્છ્વાસ લઈએ આ બધી સ્થૂલ ક્રિયા અને લોહીનું પરિભ્રમણ કે હૃદયનું ધડકવું વગેરે સૂક્ષ્મ પ્રક્રિયાઓમાં ધર્માસ્તિકાય સહાયક છે.

જેને આપણે Medium of motion કહી શકીએ. વિજ્ઞાને પણ શોધ્યું છે કે ગતિમાં સહાયક કોઈ પદાર્થ છે તેને વૈજ્ઞાનિકોએ ઈથર તરીકે ઓળખાવ્યું છે.

ધર્માસ્તિકાયના બંધારણની અપેક્ષાએ ત્રણ ભેદ થાય છે. ૧. સ્કંધ-દ્રવ્યરૂપ છે. આખા પદાર્થને, અખંડ વસ્તુને સ્કંધ કહેવાય છે. ૨. દેશ-સ્કંધનો કેટલોક ભાગ જે સ્કંધ સાથે જોડાયેલો હોય, તેને દેશ કહેવાય છે. ૩. પ્રદેશ- સ્કંધની સાથે જોડાયેલો નિર્વિભાજ્ય અંશ પ્રદેશ કહેવાય છે અર્થાત્ દ્રવ્યનો નાનામાં નાનો ભાગ જેના બીજા ભાગની કલ્પના ન થઈ શકે એવો અંશ પણ તે સ્કંધ સાથે જોડાયેલો હોય તેને પ્રદેશ કહે છે. જેમકે ૧. આખા લોકમાં અખંડ રૂપે વ્યાપ્ત ધર્માસ્તિકાયને ધર્માસ્તિકાયનો સ્કંધ કહે છે. ૨. લોકના કોઇપણ એક વિભાગના ધર્માસ્તિકાયને અર્થાત્ અધોલોક, ઊર્ધ્વલોક આદિ કોઇપણ વિભાગના ધર્માસ્તિકાયને ધર્માસ્તિકાયનો દેશ કહે છે. ૩. અખંડ ધર્માસ્તિકાય દ્રવ્યના અવિભાજ્ય અંશને ધર્માસ્તિકાયનો પ્રદેશ કહે છે. કોઇપણ સ્કંધ દેશ અને પ્રદેશ સ્કંધ સાથે જોડાયેલા હોય છે. દા.ત. ૫૦૦ પાનાનું એક પુસ્તક છે એ આખું પુસ્તક એક સ્કંધ છે. તેના પ્રત્યેક પાનાને પ્રદેશ માનીએ તો બે પાનાથી માંડીને ૪૯૯ પાના દેશ છે. એક -પાનુ ફાડીને છૂટું મુકીએ એને પરમાણુ કહેવાય છે. પણ એ માત્ર પુદ્ગલાસ્તિકાયમાં જ બને છે. બાકીના દ્રવ્યોના પ્રદેશો છૂટાં પડતાં નથી. એ જ પુસ્તકની સાથે જોડાયેલા બે પાનાનો ઉલ્લેખ કરવામાં આવે, તો તે પણ દેશભાગ કહેવાય એ. જ રીતે ત્રણ, ચાર, યાવત્ ૪૯૯ પાના સુધીનો ઉલ્લેખ હોય તો, એ બધાને સ્કંધદેશ કહેવાય છે અર્થાત્ સ્કંધના નાના કે મોટા કોઇપણ વિભાગ ને સ્કંધદેશ કહે છે.

દ્રવ્ય આદિથી ધર્માસ્તિકાયના પાંચ ભેદ છે.

**દ્રવ્યથી** – દ્રવ્યથી એક જ અખંડ દ્રવ્ય છે.

**ક્ષેત્રથી** – આખા લોક પ્રમાણે એટલે આખા લોકમાં વ્યાપક છે. લોકાકાશનો એક પણ પ્રદેશ એવો નથી જ્યાં ધર્માસ્તિકાય ન હોય.

**કાળથી** – અનાદિ અનંત છે. તે પહેલા હતો, હમણાં છે, ભવિષ્યમાં પણ હશે.

**ભાવથી** – અરૂપી, અવર્ણે, અગંધે, અરસે, અફાસે અર્થાત્

Colour less, smel less, Taste less & Touch less

**ગુણથી** – ચલન સહાય, ગતિ કરવામાં સહાયક છે.

અહીં ગતિમાં ઉપાદાન કારણ જીવ કે પુદ્ગલ પોતે જ છે પણ નિમિત્ત કારણ ધર્માસ્તિકાય છે. ધર્માસ્તિકાયના અભાવમાં જીવ કે પુદ્ગલ કોઈ પણ પ્રકારની ગતિ ક્રિયા કરવામાં અસમર્થ છે. સિદ્ધના જીવો અનંત શક્તિમાન હોવા છતાં લોકાંતે જ સ્થિર થઇ જાય છે. અલોકમાં ધર્માસ્તિકાય દ્રવ્ય ન હોવાથી ત્યાં જીવ કે પુદ્ગલની ગતિ થતી નથી.

૨) **અધર્માસ્તિકાય:** બીજા નંબરે અધર્માસ્તિકાય છે, તે ગતિશીલ જીવ અને પુદ્ગલને સ્થિર થવામાં સહાય કરે છે. જે સ્થિર થવા ઈચ્છે છે તેને સહાયક થાય છે. Medium of rest. વૈજ્ઞાનિકો એને એન્ટી ઈથર તરીકે ઓળખે છે.

જીવ અને પુદ્ગલની બધા પ્રકારની સ્થિતિમાં અધર્માસ્તિકાય સહાય કરે છે. આપણે ઊભા રહેવું છે, બેસવું છે, સૂવું છે, સ્થિર થવું છે, કાઉસ્સગ્ગ કરવો છે વગેરે ક્રિયામાં અધર્માસ્તિકાય સહાયક થાય છે. તેના પણ ધર્માસ્તિકાયની જેમ જ બંધારણની અપેક્ષાએ ત્રણ ભેદ છે. સ્કંધ, દેશ, પ્રદેશ તેમજ દ્રવ્યાદિ પાંચ ભેદ છે. તેમાં ગુણથી સ્થિત સહાયક છે. બાકીના ભેદ ધર્માસ્તિકાયની સમાન જ છે.

૩) **આકાશાસ્તિકાય:** ત્રીજા નંબરનું દ્રવ્ય છે આકાશાસ્તિકાય. જે અવગાહ એટલે જગ્યા આપવાનું કાર્ય કરે છે. અવગાહ એક એવું લક્ષણ છે જે આકાશના અસ્તિત્વને પ્રગટ કરે છે, આકાશ ન હોત તો આપણે ક્યાં રહી શકત ? સંસારના બધા જડ-ચેતન-સચરાચર પદાર્થોને આશ્રય આપનારું દ્રવ્ય આકાશ છે. જે લોક અને અલોક બંનેમાં વ્યાપ્ત છે. જેને વૈજ્ઞાનિકો 'Space' ના નામથી

ઓળખે છે. તે જીવ અને અજીવને અવગાહના પ્રદાન કરે છે, જે આકાશ પ્રદેશ પર જીવ રહ્યા હોય, તેના પર જ બીજા અન્ય પદાર્થો પણ રહી શકે છે. સમસ્ત દ્રવ્યોને એક સાથે અવકાશ આપનારું દ્રવ્ય આકાશ છે. બ્રહ્માંડનું એક પણ ક્ષેત્ર એવું નથી જ્યાં આકાશ ન હોય. બંધારણ અપેક્ષાએ તેના પણ ત્રણ ભેદ છે. સ્કંધ, દેશ, પ્રદેશ.

દ્રવ્યાદિથી પાંચ ભેદ છે.

૧) દ્રવ્યથી: એક જ અખંડ દ્રવ્ય છે. ૨) ક્ષેત્રથી: લોકાલોકમાં (લોક અને અલોક બંનેમાં છે.) ૩) કાળથી: અનાદિ અનંત છે. ૪) ભાવથી: અરૂપી વર્ણાદિ રહિત છે. ૫) ગુણથી: અવગાહનાદાન. તે અદૃશ્ય છે, અરૂપી છે. આકાશ એક એવું દ્રવ્ય છે જે લોક અને અલોકને સાંકળીને અખંડપણે બંનેમાં ફેલાઈને રહ્યું છે.

લોકભાષામાં આકાશને નીલા (બ્લુ) રંગનું કહેવાય છે. પણ હકીકતમાં આકાશ રંગહીન (colourless) અરૂપી છે. અરૂપી હોવાને કારણે ઈન્દ્રિયોનો વિષય ન બની શકે પણ તેના અવગાહન ગુણથી તે ઓળખાય છે.

૪) **કાળ:** ચોથા નંબરે કાળ દ્રવ્ય છે. સ્વયં પરિણત દ્રવ્યોની પરિણતિમાં સહાયક બને, તે કાળ દ્રવ્ય છે. વર્તના તેનો મુખ્ય ગુણ છે. દરેક દ્રવ્ય પર જે વર્તે છે, અર્થાત્ પોતાનો પ્રભાવ બતાવે છે, તે કાળ દ્રવ્ય છે. કાળ દ્રવ્યના પ્રભાવથી જ નવી વસ્તુ જૂની થાય, જૂની હોય તે જીર્ણ-શીર્ણ થાય, નાનાને મોટા કરે, વગેરે કાળદ્રવ્યનો પ્રભાવ છે.

કાળની ગણના અસ્તિકાયમાં કરવામાં આવી નથી પણ છ દ્રવ્યમાં એનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે પ્રદેશોના સમૂહ રૂપ નથી. ભૂતકાળ વ્યતીત થઈ ગયો અર્થાત્ નષ્ટ થઈ ગયો છે. જ્યારે અનાગત ભવિષ્યકાળ ઉત્પન્ન થયો નથી અને વર્તમાન કાળ એક સમય રૂપ જ છે. માટે એનો પ્રચય (સંગ્રહ) થતો નથી, તેથી તેનો સ્કંધ બનતો નથી માટે કાળ અસ્તિકાય રૂપ નથી. તેના વર્તના આદિ પાંચ ભેદ છે.

**૧) વર્તના:** દરેક દ્રવ્ય ઉપર જે વર્તે છે, પોતાનો પ્રભાવ બતાવે છે તેને વર્તના કહેવાય. આ વસ્તુ હાજર છે. એ આપણે કાળથી જ જાણીએ છીએ. ભૂતકાળમાં હતી, ભવિષ્યકાળમાં હશે એ પણ કાળ દ્વારા જ જાણીએ છીએ. બાળકને યુવાન અને યુવાનને વૃદ્ધ બનાવે તેને જ વર્તના કહેવાય છે. તેના દ્વારા કાળને ઓળખી શકાય છે.

**૨) પરિણામ:** સંસારના પદાર્થોમાં જેટલી પરિણતિઓ (પરિણમન) દેખાય છે. તે બધી કાળથી થાય છે. પદાર્થોનું વિવિધ રૂપમાં પરિણમન થવું, તે પરિણામ છે. બીજમાંથી અંકુર, અંકુરમાંથી છોડ વગેરેથી લઈને ફળ સુધીની પ્રક્રિયા કે પરિણતિઓનું કારણ કાળ દ્રવ્ય છે.

**૩) ક્રિયા:** કોઈ પણ પ્રકારની ક્રિયા કરવામાં લાગતો સમય જ આપણી દરેક ક્રિયામાં પરમ સહયોગી છે. દા.ત. આપણે ક્યાંક જવું છે. એ સ્થાન પર પહોંચતા કેટલો સમય લાગશે તે કાળ દ્વારા નક્કી થાય છે.

**૪) પરત્વ:** પહેલા થવું. અમુક વસ્તુ અમુક વસ્તુથી પહેલાં થઈ છે માટે જૂની છે, મોટી છે, રમેશનો જન્મ પરેશથી પહેલાં થયો છે, તેથી રમેશ મોટો છે વગેરે.

**૫) અપરત્વ:** પછીથી થવું - અમુક વસ્તુ પછી થઈ માટે નાની છે, નવી છે. રમેશથી પરેશનો જન્મ પછી થયો છે, તેથી પરેશ નાનો છે વગેરે.

આ ઉપરાંત શ્રી ઠાણાંગ સૂત્રમાં કાળના ચાર વિભાગ બતાવ્યા છે.

**૧) પ્રમાણ કાળ:** જે કાળથી દિવસ- રાત્રિ, વર્ષા આદિનું પ્રમાણ જણાય તેને પ્રમાણકાળ કહે છે.

**૨) યથાયુનિર્વૃતિ કાળ:** જીવે બાંધેલા આયુષ્યનું કાલમાન અર્થાત્ જન્મ અને મૃત્યુ વચ્ચેનો સમય.

**૩) મરણ કાળ:** જીવનનો અંત કાળ.

**૪) અદ્ધા કાળ:** સમય, આવલિકાથી લઈને પલ્યોપમ અને સાગરોપમ સુધીના

કાળને અદ્ધા કાળ કહે છે. તેના બે ભેદ છે. ગણના કાળ અને ઉપમા કાળ. સૂર્યની ગતિ સાથે સંબંધ રાખનાર કાળ ગણના કાળ છે. કાળનો અવિભાજ્ય અંશ સમય છે, ત્યાંથી શરૂ કરીને અસંખ્યાત સમયની આવલિકા, ક્ષુલ્લક ભવ, શ્વાસોચ્છ્વાસ, પ્રાણ, સ્તોક, લવ, મુહૂર્ત, દિવસ, પક્ષ, માસ, વર્ષ, વગેરે ગણના કાળ કાળ છે. પલ્યોપમ અને સાગરોપમ તે ઉપમાકાળ છે. (પલ્યોપમ અને સાગરોપમ વિશેષ વર્ણન માટે જુઓ પાઠાવલી- ૨) સૂર્યની ગતિના આધારે નિશ્ચિત થતો ગણના કાળ અઢીદ્વીપમાં જ છે. અઢીદ્વીપની બહારના કોઇપણ ક્ષેત્રમાં સૂર્યની ગતિ ન હોવાથી ગણના કાળ નથી, ત્યાં વર્ષ વગેરેની ગણતરી થઇ શકતી નથી.

કાળના દ્રવ્યાદિ પાંચ ભેદ (૧) દ્રવ્યથી અનંત (૨) ક્ષેત્રથી - અઢીદ્વીપમાં ગણના કાળની અપેક્ષાએ (૩) કાળથી અનાદિ અનંત (૪) ભાવથી - અરૂપી (૫) ગુણથી વર્તના લક્ષણ. આ રીતે દરેક પ્રવૃત્તિમાં કાળ દ્રવ્ય ઉપકારક છે.

## ૫) પુદ્ગલાસ્તિકાય:

પુદ્ગલ શબ્દ જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે. તેનો અર્થ આ પ્રમાણે છે પુદ્ = પુરણ, ગલ = ગલણ અર્થાત્ પુદ્ એટલે સંયુક્ત (fusion) થવું, જોડાવું. ગલ એટલે ભેદ- વિયુક્ત (fission) થવું, છૂટા પડવું. છ દ્રવ્યમાં પુદ્ગલ એક જ એવું દ્રવ્ય છે જે જોડાય છે અને છૂટું પડે છે. બાકીના પાંચ દ્રવ્યોમાં આ ક્ષમતા નથી. જે દ્રવ્ય પ્રતિસમય મળે છે, ગળે છે, બને છે, બગડે છે એ પુદ્ગલ છે. જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે. આ એક એવું અજીવ તત્ત્વ છે જે દશ્યમાન થઈ શકે છે. રૂપી હોવાને કારણે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરી શકાય છે. જેને ચાખી, સૂંઘી અને સ્પર્શી શકાય છે.

પુદ્ગલનો આધુનિક પર્યાયવાચી શબ્દ જડ અથવા ભૌતિક પદાર્થ છે, પરંતુ કોઈ એને ઊર્જા કહે તો તે પણ જડનું જ રૂપ છે અને પુદ્ગલની અંતર્ગત જ આવી

જાય છે. વૈજ્ઞાનિકો તેને મેટર (Matter) કહે છે. તેને જ જૈનદર્શને પુદ્ગલ સંજ્ઞા આપી છે. પુદ્ગલ મૂર્તિક (રૂપી) દ્રવ્ય છે. આ એક એવું દ્રવ્ય છે જેના વિભાગ થાય છે. બંધારણની અપેક્ષાએ એના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એમ ચાર ભેદ થાય છે. આ વિશ્વમાં પરમાણુઓની સંખ્યા અનંત છે. પ્રત્યેક પરમાણુ એક અલગ વ્યક્તિરૂપે છે, જ્યારે બે પરમાણુ ભેગા થાય છે ત્યારે બે પ્રદેશી સ્કંધ બને છે, એ રીતે ૩, ૪, ૫ યાવત્ સંખ્યાતા, અસંખ્યાતા, અનંત પ્રદેશો જોડાઈને સ્કંધ બને છે. અર્થાત્ સ્કંધમાં બે પ્રદેશ (પરમાણુ) થી લઈને અનંત પ્રદેશો હોઈ શકે છે એવા અનંત સ્કંધો હોય છે.

**બંધારણની અપેક્ષાએ :** પુદ્ગલાસ્તિકાયના ચાર ભેદ છે. જેમકે અનેક બુંદીના દાણા ભેગા થઇને બનેલો બુંદીનો લાડવો સ્કંધ છે, લાડવાનો નાનો કે મોટો એક વિભાગ દેશ છે. લાડવાનો અવિભાજ્ય અંશ અથાત્ લાડવાની સાથે જોડાયેલી જ એક બુંદી પ્રદેશ છે. તે બુંદીનો એક દાણો જ્યારે લાડવાથી છૂટો પડી જાય ત્યારે તે પરમાણુ કહેવાય છે. પ્રદેશ અને પરમાણુ બંને સ્કંધના અવિભાજ્ય અંશ જ છે પરંતુ પ્રદેશ સ્કંધ સાથે જોડાયેલો હોય છે અને પરમાણુ સ્કંધથી છૂટો પડેલો હોય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય સ્કંધ, દેશ અને પ્રદેશ, આ ત્રણ-ત્રણ ભેદ જ થાય છે. તેમાં પરમાણુરૂપ ચોથો ભેદ નથી કારણ કે તે ત્રણે દ્રવ્યો અખંડ છે. તેનો પ્રદેશ દ્રવ્યથી છૂટો પડી શકતો નથી અને પુદ્ગલાસ્તિકાયમાં છેદન-ભેદન, ભેગા થવું, છૂટા પડવું વગેરે ક્રિયા થતી હોવાથી તેમાં સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ આ ચાર ભેદ થાય છે.

**પુદ્ગલોની અવગાહના :** પુદ્ગલ દ્રવ્યો વ્યક્તિરૂપે અનેક છે. દરેક પુદ્ગલ દ્રવ્યોના અવગાહનાનું ક્ષેત્ર ભિન્ન (અલગ) હોય છે. કોઈ પુદ્ગલ દ્રવ્ય લોકાકાશના એક પ્રદેશમાં, કોઈ ૨, ૩, ૪ યાવત્ સંખ્યાત કે અસંખ્યાત પ્રદેશોમાં રહે છે. જેમકે એક પરમાણુ એક આકાશ પ્રદેશમાં જ રહે છે. દ્વિપ્રદેશી સ્કંધ એક કે બે પ્રદેશમાં રહે છે. ત્રિપ્રદેશી સ્કંધ એક, બે, કે ત્રણ પ્રદેશોમાં રહી શકે છે. એ જ રીતે સંખ્યાત પ્રદેશી

સ્કંધો ૧, ૨, ૩, ૪ યાવત્ સંખ્યાત પ્રદેશોમાં રહી શકે છે. અસંખ્યાત પ્રદેશી સ્કંધો ૧, ૨, ૩ યાવત્ અસંખ્યાતા પ્રદેશોમાં રહી શકે છે. અનંત પ્રદેશી સ્કંધો પણ ૧, ૨, ૩ યાવત્ અસંખ્યાત પ્રદેશોમાં રહી શકે છે. લોકાકાશના પ્રદેશો જ અસંખ્યાતા છે માટે વધારેમાં વધારે અસંખ્ય પ્રદેશો અવગાહીને રહી શકે પણ અનંત પ્રદેશો નહીં.

અનંત પ્રદેશી સ્કંધો પણ એક આકાશ પ્રદેશ અવગાહીને રહી શકે છે તેનું કારણ એ જ કે પુદ્ગલોનો અત્યંત સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ થવાનો સ્વભાવ છે તથા આકાશનો પુદ્ગલોને તે રીતે અવગાહન આપવાનો સ્વભાવ છે. તેથી અનંત પ્રદેશી એક સ્કંધ તો શું અનંત પ્રદેશી અનંત સ્કંધો પણ એક પ્રદેશમાં રહી શકે છે. જેમ કે ઓરડામાં એક દીપકનો પ્રકાશ ફેલાય છે, તે જ રીતે હજારો, લાખો દીવાઓનો પ્રકાશ પણ ફેલાઈ શકે છે. પુદ્ગલોના સંકોચ-વિસ્તારના સ્વભાવને કારણે ઓછી કે વધુ જગ્યા અવગાહીને રહી શકે છે.

**પુદ્ગલના પાંચ ભેદ:** (૧) **દ્રવ્યથી** અનંતા અનંત છે. (૨) **ક્ષેત્રથી** આખા લોકમાં છે. (૩) **કાળથી** અનાદિ અનંત (૪) **ભાવથી** રૂપી વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી યુક્ત. (૫) **ગુણથી** પુરણ-ગલન સ્વભાવવાળા, ગળે-મળે છે, છૂટા થાય છે અને ભેગા પણ થાય છે.

**પુદ્ગલના લક્ષણ:** स्पर्श रस गन्ध वर्णवन्तः पुद्गलाः। પુદ્ગલો સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા હોય છે. આ ચાર ગુણ જે દ્રવ્યમાં હોય તે દ્રવ્ય પુદ્ગલ છે. સ્પર્શ આદિ ચારે ગુણો સાથે જ રહે છે. આથી જ્યાં સ્પર્શ કે અન્ય કોઈ એક ગુણ હોય ત્યાં અન્ય ત્રણ ગુણ પણ અવશ્ય હોય જ છે. અન્ય ગુણો અવ્યક્ત હોય એવું બને પણ હોય જ નહીં એવું કદી ન બને. જેમકે-વાયુના સ્પર્શને આપણે જાણી શકીએ છીએ પણ વાયુના રૂપને જાણી શકતા નથી કારણકે વાયુનું રૂપ એટલું સૂક્ષ્મ છે કે આપણી આંખમાં તેને જોવાની શક્તિ નથી પણ જ્યારે એ જ વાયુ વૈજ્ઞાનિક પદ્ધતિથી હાઈડ્રોજન અને ઓકિસજનના મિશ્રણથી પાણી સ્વરૂપ બની જાય છે ત્યારે તેનું રૂપ જોઈ શકાય છે કારણ કે એ બે વાયુના મિશ્રણથી તે અણુઓ સૂક્ષ્મપણાનો ત્યાગ કરી

સ્થૂળ બની જાય છે. તે જ રીતે વાયુમાં રસ, ગંધ, વર્ણ જાણી લેવા.

સ્પર્શના આઠ પ્રકાર છે. કઠોર- ખરબચડો સ્પર્શ. જેમકે પત્થર આદિ, મૃદુ-સુંવાળો સ્પર્શ. જેમકે રૂ, રેશમ આદિ, ગુરુ- ભારે સ્પર્શ. જેમકે લોખંડ આદિ, લઘુ- હળવો સ્પર્શ. જેમકે રૂ આદિ.

શીત ઠંડો, ઉષ્ણ-ગરમ, રૂક્ષ-લૂખો, સ્નિગ્ધ-જેના યોગે બે વસ્તુ ચોંટી જાય. આ આઠ સ્પર્શમાંથી શીત-ઉષ્ણ, સ્નિગ્ધ - રૂક્ષ, આ ચાર મૂળ સ્પર્શ છે અને કઠોર-મૃદુ, ગુરુ-લઘુ, આ ચાર સાંયોગિક સ્પર્શ છે. એક પરમાણુમાં ચાર મૂળ સ્પર્શમાંથી કોઈ પણ બે સ્પર્શ હોય છે અને ચઉસ્પર્શી સ્કંધોમાં પણ ચાર સ્પર્શ હોય છે. ચઉસ્પર્શી સ્કંધો સૂક્ષ્મ હોય છે, તે આંખથી દેખાતા નથી. અષ્ટસ્પર્શી સ્થૂળ સ્કંધોને જ આપણે જોઈ શકીએ છીએ.

એ ઉપરાંત દ્રવ્યમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ છે.

**પુદ્ગલના પ્રકાર :** પરિણામની અપેક્ષાએ પુદ્ગલ ત્રણ પ્રકારના હોય છે. વિસ્રસા પુદ્ગલ, પ્રયોગસા પુદ્ગલ અને મિશ્રસા પુદ્ગલ. સ્વભાવત: જેનું પરિણમન થાય છે, તે વિસ્રસા છે. જેમકે મેઘધનુષ્ય. જીવના પ્રયોગથી શરીર આદિ રૂપમાં પરિણત પુદ્ગલ પ્રયોગસા અને જીવે છોડેલા પુદ્ગલો, જ્યાં સુધી પૂર્વ પરિણામનો ત્યાગ ન કરે ત્યાં સુધી તે મિશ્રસા કહેવાય છે. જેમકે મૃત શરીર, જ્યાં સુધી શરીરના આકારમાં રહે ત્યાં સુધી તે મિશ્રસા કહેવાય છે.

**જીવે ગ્રહ્યા તે પ્રયોગસા, મૂક્યા મિશ્રસા જાણ,**
**વિસા હાથ ન આવે એમ બોલ્યા જિન ભગવાન.**

પુદ્ગલના પરિણામ છે : **તેના ૧૦ પ્રકાર છે.**

**૧) શબ્દ :** શબ્દની ઉત્પતિ વિસ્રસાથી અર્થાત્ સ્વાભાવિક રીતે અને પ્રયોગથી એમ બે રીતે થાય છે. વીજળી વગેરેનો અવાજ કોઈ પણ જાતના જીવના પ્રયોગ વિના સ્વાભવિક રીતે (વિસ્રસાથી) ઉત્પન્ન થાય છે. પ્રાયોગિક શબ્દ આત્માના પ્રયત્નથી ઉત્પન્ન થાય છે. જેમકે આપણા બોલાતા શબ્દો. પ્રયોગિકના છ ભેદ.

તત, વિતત, ઘન, શુષિર, સંઘર્ષ અને ભાષા. કેટલાંક દાર્શનિકો શબ્દને આકાશનો ગુણ માને છે પરંતુ જૈનદર્શન શબ્દને પુદ્ગલનું પરિણમન માને છે. જે જે વસ્તુ ઈન્દ્રિય દ્વારા ગ્રહણ થાય છે, તે સર્વ પૌદ્ગલિક છે. શબ્દ કાન દ્વારા સંભળાય છે, તેથી તે પૌદ્ગલિક છે, ઈન્દ્રિયો સ્વયં પૌદ્ગલિક છે અને તે પુદ્ગલને જ ગ્રહણ કરે છે.

**૨) બંધ:** પરસ્પર બે વસ્તુઓનો સંયોગ (મિલન). તેના બે ભેદ છે પ્રયોગસા અને વિસ્રસા બંધ. જેમકે કર્મોનો બંધ થવો તે પ્રયોગસા છે અને વાદળાઓનું બંધાવું, તે વિસ્રસા બંધ છે અને બે દોરીમાં ગાંઠ બાંધવી તે પ્રયોગસા બંધ છે. જીવ સાથે કર્મોના બંધ શાસ્ત્રોમાં જુદી જુદી દૃષ્ટિએ અનેક પ્રકારે બતાવવામાં આવ્યા છે. તેમાં ફળની અપેક્ષાએ સ્પૃષ્ટ, બદ્ધ, નિદ્ધત અને નિકાચિત બંધ થાય છે.

**૩) સૂક્ષ્મતા:** અંત્ય (અંતિમ) અને આપેક્ષિકા (અપેક્ષાથી) એમ બે ભેદ છે. પરમાણુથી સૂક્ષ્મ કોઈ પદાર્થ નથી એટલે પરમાણુ અંત્ય સૂક્ષ્મ છે અન્યની અપેક્ષાએ થતી સૂક્ષ્મતા આપેક્ષિક સૂક્ષ્મતા છે. જેમકે ઘઉં કરતાં બાજરો સૂક્ષ્મ છે.

**૪) સ્થૂળતા:** સ્થૂળતાના પણ બે ભેદ-અંત્ય અને આપેક્ષિક. સંપૂર્ણ લોકવ્યાપક સ્કંધની સ્થૂળતા અંત્ય છે. જેમકે અચિત્ત મહાસ્કંધ અને નાનાની અપેક્ષાએ મોટું એ આપેક્ષિત સ્થૂળતા છે. જેમકે બાજરા કરતાં ઘઉં સ્થૂળ છે.

**૫) સંસ્થાન:** આકૃતિ

તેના બે પ્રકાર છે-

**૧) ઈત્થંત્વરૂપ:** જે આકારની કોઈની સાથે તુલના કરી શકાય તે.

**૨) અનિત્થંત્વરૂપ:** જેની કોઈની સાથે તુલના ન થાય તે.

ઈત્થંત્વરૂપ સંસ્થાનના પાંચ ભેદ છે. પરિમંડળ, ગોળ, વટ્ટ, ત્રંસ, ચઉરંસ અને આયત. પરિમંડળ- બંગડીના આકારે ગોળ, વટ્ટ- લાડવાના આકારે ગોળ, ત્રંસ- ત્રિકોણ, ચઉરંસ- ચોરસ, આયત- લાંબી લાકડીના આકારે.

**૬) ભેદ :** એક વસ્તુના અનેક ભાગ પડવા તે. અજીવ પુદ્‌ગલ પાંચ પ્રકારે ભેદાય છે. ખંડ, પ્રતર, ચૂર્ણ, અનુતટિકા અને ઉત્કારિકા ભેદ.

**૭) અંધકાર :** એ કાળા રંગે પરિણમેલા પુદ્‌ગલોનો સમૂહ છે. પ્રકાશનો અભાવરૂપ નથી પરંતુ તે પ્રકાશની જેમ પુદ્‌ગલની પર્યાય છે.

**૮) છાયા :** પ્રત્યેક વસ્તુમાંથી પ્રતિસમય જળના ફૂવારાની માફક સ્કંધો વહ્યા કરે છે, વહી રહેલા પુદ્‌ગલો અતિ સૂક્ષ્મ હોવાથી આપણને દેખાતા નથી. એ પુદ્‌ગલો પ્રકાશ આદિ દ્વારા કે વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા તદાકાર (જેવી વસ્તુ હોય તેવો આકાર) પિંડિત થઈ જાય છે. એને પ્રતિબિંબ કે છાયા કહે છે.

**૯) આતાપ :** સૂર્યના પ્રકાશને આતાપ કહેવાય છે.

**૧૦) ઉદ્યોત :** ચંદ્ર, ચંદ્રકાંતમણિ, કેટલાક રત્નો વગેરેના પ્રકાશને ઉદ્યોત કહે છે.

આ દશ પ્રકારના પરિણામ પુદ્‌ગલના છે.

પુદ્‌ગલના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એમ ચાર ભેદ છે. પુદ્‌ગલ એક એવું દ્રવ્ય છે જેના પ્રદેશ સ્કંધથી છૂટા પડે છે. તેના છૂટા પડેલા એક પ્રદેશને પરમાણુ કહેવામાં આવે છે અને બે, ત્રણ આદિ પરમાણુ ભેગા થઈને ફરી સ્કંધ પણ બની શકે છે. આ રીતે પુદ્‌ગલ દ્રવ્યમાં ભેગા થવું અને છૂટા પડવું તેવી ક્રિયાઓ થયા કરે છે. બાકી બીજા કોઈમાં પ્રદેશ છૂટા પડતા નથી.

**૧) પરમાણુ :** પરમ + અણુ – પદાર્થનો નાનામાં નાનો અણુ જેના બીજા ભાગની કલ્પના ન થઈ શકે. પરમ-અંતિમ નાનામાં નાનો ભાગ. અછેદ્ય – છેદી ન શકાય, અભેદ્ય – જેના ભાગ ન પડી શકે, અગ્રાહ્ય – જેને કોઈ ગ્રહણ ન કરી શકે, અદાહ્ય – જેને કોઈ બાળી ન શકે એવો અંતિમ અંશ છે. પરમાણુ ભૌતિક જગતની અંતિમ પરિણતિ છે. તે અત્યંત સૂક્ષ્મ હોવાને કારણે ઈન્દ્રિય ગ્રાહ્ય નથી, તે નિત્ય છે એમાં એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ આ ચાર ગુણ હોય એટલે કે પાંચ વર્ણમાંથી કોઈ પણ એક વર્ણ, કોઈ પણ એક ગંધ, કોઈ પણ એક રસ અને ચાર મૂળ સ્પર્શમાંથી કોઈપણ બે સ્પર્શ હોય છે. સ્નિગ્ધ-શીત, સ્નિગ્ધ-ઉષ્ણ, રૂક્ષ-શીત, રૂક્ષ-

ઉષ્ણ આ ચાર યુગ્મ (જોડકા) માંથી કોઈ પણ એક જોડી હોય. એમાં ગુરુ-લઘુ, કર્કશ- કોમળ એ ચાર સ્પર્શમાંથી એક પણ સ્પર્શ હોતો નથી. એક અપેક્ષાથી પુદ્ગલ દ્રવ્યના બે ભેદ છે : **પરમાણુ અને સ્કંધ**

પરમાણુની ઓળખ અનુમાનથી અને તેના કાર્યથી થાય છે. એકલા પરમાણુને માત્ર કેવળી જ જાણી શકે છે પરમાણુના પાંચ ભેદ.

**૧) દ્રવ્યથી :** પરમાણુ પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય છે. એમાં ગુણ અને પર્યાય બંને હોય છે. તે અનંત હોય છે.

**૨) ક્ષેત્રથી :** એક પરમાણુ આકાશના એક પ્રદેશનું અવગાહન કરે છે. એકથી અધિક પ્રદેશનું અવગાહન કરી શક્તા નથી. લોકાકાશના પ્રત્યેક પ્રદેશ પર પરમાણુનું અસ્તિત્વ છે.

**૩) કાળથી :** અનાદિ અનંત.

**૪) ભાવથી :** રૂપી છે. તેમાં એક વર્ણ, એક ગંધ, એક રસ, બે સ્પર્શ હોય છે.

**૫) ગુણથી :** એક પરમાણુમાં વર્ણાદિ હોય તે એક ગુણથી અનંત ગુણવાળા હોય છે. દા.ત. કાળો વર્ણ છે, તો તે એક ગુણ કાળો, બે ગુણ કાળો યાવત્ અનંતગુણ કાળો હોઈ શકે છે. એમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ માટે સમજી લેવું. પ્રત્યેક પરમાણુમાં અલગ વર્ણ, ગંધ આદિ હોવાને કારણે એના ૨૦૦ પ્રકાર થાય છે. ૫વર્ણ X ૨ગંધ X ૫ રસ X ૪સ્પર્શ = ૨૦૦ પ્રકાર થઈ શકે છે.

પર્યાયની દૃષ્ટિએ - એક ગુણ કાળા વર્ણવાળા પરમાણુ દ્વિગુણમાં, ત્રિગુણમાં યાવત્ સંખ્યાત, અસંખ્યાત, અનંત ગુણમાં પરિવર્તિત થઈ જાય છે. એ જ રીતે અનંત ગુણવાળા ક્રમશઃ એક ગુણવાળા પણ થઈ જાય તેમજ એક વર્ણમાંથી બીજા વર્ણમાં પરિવર્તિત થઈ શકે છે, તે જ રીતે ગંધ, રસ અને સ્પર્શમાં પણ પરિવર્તન થઈ શકે છે.

એક ગુણવાળા પુદ્ગલ જો એ જ રૂપમાં રહે તો જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાળ સુધી રહી શકે છે. (ભગવતી સૂત્ર ૫/૭/૧૯૨) આટલા સમય પછી અવશ્ય પર્યાય બદલાઈ જાય છે.

પરમાણુ દ્રવ્યની દષ્ટિથી નિત્ય છે. પર્યાયની દષ્ટિથી અનિત્ય છે માટે, તેને પરિણામી નિત્ય કે નિત્યાનિત્ય કહેવામાં આવે છે.

**સ્કંધ :** બે કે અધિક પરમાણુઓ ભેગા થવાથી સ્કંધ બને છે. તેના દ્વિપ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સ્કંધ સુધીના અનંત ભેદ થાય છે. સ્કંધ પણ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે.

છ દ્રવ્યોમાં એક પુદ્ગલ દ્રવ્ય જ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત અર્થાત્ રૂપી છે. તેથી લોકમાં જે કાંઇ દેખાય છે, તે સર્વ પુદ્ગલ જ છે, તે ભૌતિક છે. આપણા રાગ- દ્વેષનું, સંકલ્પ- વિકલ્પનું, આદાન-પ્રદાનનું, મમત્વભાવનું નિમિત્ત પુદ્ગલ કે આ ભૌતિક રંગ- રાગ છે. તે શુદ્ધ સ્વરૂપી ચૈતન્યયુક્ત આત્મ તત્ત્વથી સર્વથા ભિન્ન છે. બંને દ્રવ્યના સ્વરૂપને સમજીને પૌદ્ગલિક પદાર્થોના મમત્વને છોડીને પોતાના સ્વભાવરૂપ આત્મ દ્રવ્યમાં સ્થિર થવું, તે જ અજીવ તત્ત્વના બોધની સફળતા છે.

| ૮ સ્પર્શ | | ૮ સ્પર્શ શરીરમાં | ૮ સ્પર્શ લોકમાં |
|---|---|---|---|
| ઠંડું | - | કાનની બૂટ | પાણી |
| ગરમ | - | છાતી | અગ્નિ |
| લૂખું | - | જીભ | રાખ |
| ચીકણું | - | કીકી | ઘી |
| ભારે | - | હાડકાં | સીસું |
| હળવું | - | વાળ | રૂ |
| કર્કશ (ખરખરો) | - | પગની પાની | બાવળ-બોરડીના કાંટા |
| સુંવાળું (કોમળ) | - | તાળવું | માખણ |

# 3. PUNYA TATVA




શુભ ભાવોની વૃદ્ધિથી બંધ થાય પુણ્ય કર્મ...
જીવ પામે ભૌતિક સુખ એ છે ધર્મનો મર્મ...

## પુણ્ય તત્ત્વ

પુણ્ય શબ્દનો વ્યુત્પતિજન્ય અર્થ આ પ્રમાણે છે–

**पुणाति शुभीकरोति, पुनाति वा पवित्री करोति आत्मानं इति पुण्यां ।।**

મન, વચન, કાયાની જે પ્રવૃત્તિ આત્માનું શુભ કરે, જે આચરણ આત્માને પવિત્ર બનાવે તે પુણ્ય છે અથવા જે કર્મ આપણને સર્વ પ્રકારની અનુકૂળતા આપે તે પુણ્ય છે.

જીવે બાંધેલા કર્મોના બે પ્રકાર છે. શુભ કર્મ અને અશુભ કર્મ છે. જે કર્મોનો ઉદય જીવને સર્વ પ્રકારની અનુકૂળતા આપે તે શુભ કર્મ છે. શુભ કર્મ એટલે પુણ્ય કર્મ.

અનાદિકાળથી સંસાર પરિભ્રમણ કરી રહેલા, કર્મોના બંધનથી બંધાયેલા જીવો શારીરિક, માનસિક, પારિવારિક, સાંયોગિક કે આર્થિક અનુકૂળતાને ઝંખતો હોય છે. તે સર્વ પ્રકારની અનુકૂળતા શુભ કર્મના ઉદયથી જ પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત આત્મ સાધનાને યોગ્ય શરીર, સંયોગ, ક્ષેત્ર-કાળ વગેરે તમામ સામગ્રીઓ પણ શુભ કર્મ-પુણ્ય કર્મના ઉદયથી જ પ્રાપ્ત થાય છે. તેથી પુણ્ય કર્મ કેવી રીતે બંધાય છે ? તેનું ફળ કેવી રીતે પ્રગટ થાય છે ? વગેરે વિષયોની જાણકારી સાધના માર્ગમાં જરૂરી બની જાય છે. તેથી નવ તત્ત્વોમાં પુણ્યની ગણના એક તત્ત્વ તરીકે કરી છે.

પ્રત્યેક સંસારી જીવ સિદ્ધ ન થાય ત્યાં સુધી પુણ્ય અને પાપથી સંકળાયેલો રહે છે. જીવ અશુભ કર્મબંધથી દૂર રહી શુભ કર્મ-પુણ્ય કર્મબંધ તરફ પ્રેરિત થાય છે, તે આશયથી શાસ્ત્રોકારોએ પુણ્ય તત્ત્વનો બોધ આપ્યો છે.

**પુણ્યબંધના કારણો :**

શ્રી ઠાણાંગ સૂત્રમાં ભગવાને ફરમાવ્યું છે

**णवविहे पुण्णे पण्णत्ते, तं जहा- अण्णपुण्णे, पाणपुण्णे, वत्थपुण्णे, लेणपुण्णे, सयणपुण्णे, मणपुण्णे, वइपुण्णे, कायपुण्णे, णमोक्कारपुण्णे ।**

અન્ન પુણ્ય, પાણ પુણ્ય, વસ્ત્ર પુણ્ય, લયન પુણ્ય, શયન પુણ્ય, મન પુણ્ય, વચન પુણ્ય, કાય પુણ્ય અને નમસ્કાર પુણ્ય.

સામાન્ય રીતે પરોપકાર તે પુણ્યબંધનું મુખ્ય કારણ છે. અન્ય જીવોનો કોઈપણ પ્રકારે ઉપકાર કરવો. તેને ભોજન, પાણી, વસ્ત્ર, પાત્ર, સ્થાનાદિ પ્રદાન કરવા, તે સર્વ પરોપકારમય પ્રવૃત્તિઓ પુણ્યબંધનું કારણ છે. ક્યારેક વસ્તુ આપ્યા વિના જ મનથી કે વચનથી તે જીવો માટે સદ્‌ભાવના રાખવી તે પણ પુણ્યબંધનું કારણ બને છે.

**૧) અન્ન પુણ્ય :** જીવની ભૂખ શાંત થાય, તે માટે તેને ભોજન સામગ્રી આપવી. ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મ અને જૈનતર દરેક ધર્મોએ અન્નદાનની મહત્તા સ્વીકારી છે. અન્નદાન મહાદાન કહેવાય છે.

ભૂખથી પીડિત જીવો પોતાની ભૂખને શાંત કરવા અન્ય ગમે તે પાપ કરતો હોય છે. સંસારી ત્રસ કે સ્થાવર જીવો પોતાનું પેટ ભરવા જ વિધ- વિધ પાપ કરે છે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે

बुभूक्षितम् किं न करोति पापम्।

ભૂખ્યો માણસ કયું પાપ કરતા નથી ? અર્થાત્ તે ગમે તે પાપ કરતાં અચકાતો નથી. કૂતરી પોતાના બચ્ચાને જન્મ આપીને પોતાની ભૂખને શાંત કરવા જો અન્ય ભોજન ન મળે, તો પોતાના બચ્ચાને પણ ખાઈ જાય છે. આમ ભૂખની પીડા જીવને અનેક અનર્થોનું આચરણ કરાવે છે અને ભૂખની શાંતિ તેના મનને પણ શાંત કરે છે તેમજ તેના અનેક પાપ અટકી જાય છે. તેથી અન્નદાનનો અનોખો મહિમા છે.

ફક્ત મનુષ્ય જ નહી પરંતુ જીવમાત્રને તેનું ભોજન આપવું તે અન્ન પુણ્ય છે. કૂતરાને રોટલા, પક્ષીને ચણ, કીડીયારું પૂરવું વગેરે પારંપારિક પ્રવૃત્તિ અન્નદાનના મહત્ત્વને પ્રગટ કરે છે.

**૨) પાણ પુણ્ય:** જીવની તૃષા શાંત થાય તેના માટે પાણી પીવડાવવું, પાણીની પરબો બંધાવવી તે પાણ પુણ્ય છે. તૃષાથી પીડિત વ્યક્તિ આકૂળ-વ્યાકૂળ બની જાય છે. તેને પાણી આપવાથી તેની તૃષા શાંત થવાની સાથે તેની વ્યાકૂળતા શમી જાય છે.

**૩) લયન પુણ્ય:** જીવમાત્રને રહેવા માટે સ્થાન આપવું. ઉપાશ્રય, પૌષધશાળા બંધાવવી, આવાસ યોજના કરી સાધર્મિક ભાઇ-બહેનોની રહેવાની વ્યવસ્થા કરવી.

**૪) શયન પુણ્ય:** શયન એટલે સૂવા માટે પથારી, ઓઢવા માટે કંબલ વગેરે આપવા. રાત્રે ઠંડીમાં ઠુઠવાતા લોકોને ધાબળા ઓઢાડવા, ગામડેથી આવતા નોકર આદિની સૂવાની વ્યવસ્થા કરવી, ઉપાશ્રયમાં પાટ-પાટિયા આપવા.

**૫) વસ્ત્ર પુણ્ય:** પહેરવા માટે વસ્ત્રો આપવા. ઘણા લોકો પાસે લાજ ઢંકાય એટલાં કપડાં પણ હોતા નથી એમને વસ્ત્રદાન કરવું.

રોટી, કપડા, મકાન તે જીવોની મૂળભૂત જરૂરિયાત છે. તેની પૂર્તિ થવાથી જીવો સુખ-ચેનથી રહે છે. વ્યક્તિ પોતાની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ થયા પછી જ પોતાના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ બને છે. તેમજ ત્યાર પછી તે આત્મ સાધનાના માર્ગે કે ધર્મમાર્ગે જોડાય છે.

**૬) મન પુણ્ય:** મનથી જગતના જીવો પ્રત્યે શુભ ભાવના કરવી. જગતના પ્રત્યેક જીવો સુખી થાય, તેના દુ:ખ દૂર થાય, તે સન્માર્ગને પામે વગેરે શુભ ભાવના મન પુણ્યબંધનું કારણ છે.

જગતના અનંતાનંત જીવોમાંથી કદાચ પાંચ-પચ્ચીસ કે બસો પાંચસો વ્યક્તિને ભોજન-પાણી કે વસ્ત્ર-પાત્ર આદિ વસ્તુ પ્રદાન કરી શકીએ પરંતુ સર્વ જીવો માટે શુભ ભાવના અવશ્ય કરી શકીએ છીએ. 'શુભ થાઓ આ સકલ વિશ્વનું' આવી મંગલ ભાવના મન પુણ્યનું મુખ્યતમ કારણ છે.

તીર્થંકર પરમાત્માએ પૂર્વના ત્રીજા ભવમાં જગતના સમસ્ત જીવો

જિનશાસન રસિક બને તેવી ઉત્કૃષ્ટ ભાવના ભાવી. તેનાથી શ્રેષ્ઠ પુણ્ય પ્રકૃતિ તીર્થંકર નામ કર્મનો બંધ થયો. આ રીતે મન દ્વારા શ્રેષ્ઠતમ પુણ્યનો બંધ થઈ શકે છે. આ રીતે મન પુણ્યનો વ્યાપ અત્યંત વિશાળ છે.

૭) **વચન પુણ્ય :** આપણી મધુર વાણીથી જીવોને સાંત્વના આપવુ, સન્માર્ગનો-સદ્બોધ આપવો, વચન દ્વારા અન્ય જીવોને પુણ્ય પ્રવૃત્તિ માટે પ્રેરિત કરવા તે વચન પુણ્ય છે.

૮) **કાય પુણ્ય :** કાયાથી સેવાકીય પ્રવૃત્તિ કરવી તે કાય પુણ્ય છે.

૯) **નમસ્કાર પુણ્ય :** પંચ પરમેષ્ઠી ભગવાન, ઉપકારી ગુરુ ભગવંતો, જન્મદાતા, સંસ્કારદાતા માતા-પિતા વગેરે ઉપકારી જીવોને અહોભાવપૂર્વક, કૃતજ્ઞતાના ભાવપૂર્વક વંદન- નમસ્કાર કરવા તે નમસ્કાર પુણ્ય છે.

નવ પ્રકારના પુણ્યબંધની પ્રવૃત્તિને વિસ્તારથી સમજતાં સ્પષ્ટ થાય છે કે નાના કે મોટા, ધનિક કે ગરીબ, રોગી કે નિરોગી, કોઈપણ ક્ષેત્રમાં રહેતી વ્યક્તિ જો પુણ્યબંધને સમજે તો, તે અવશ્ય પુણ્યબંધ કરી શકે છે. પુણ્યના કાર્યો ધનવાનો જ કરે, તેમ નથી, વસ્તુના અભાવમાં પણ અંતિમ ચાર પુણ્યનો બંધ સરળતાથી થઈ શકે છે.

**પુણ્યનું ફળ :** પુણ્યનું ફળ ૪૨ પ્રકારે ભોગવાય છે (વિસ્તાર માટે પાઠાવલી નંબર-૨ જોવી.) તેમ શાસ્ત્રકારોએ કહ્યું છે. પુણ્યના ઉદયે તેને મનુષ્ય કે દેવ ગતિ, પંચેન્દ્રિયની પરિપૂર્ણતા, નિરોગી શરીર, ઉચ્ચ કુળ, દીર્ઘ આયુષ્ય વગેરે ૪૨ કર્મપ્રકૃતિનો ઉદય થાય છે.

પુણ્યનો ઉદય કેવળ અઘાતી ચાર કર્મ, વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રની શુભ પ્રકૃતિઓ દ્વારા જ પ્રગટ થાય છે. ઘાતી કર્મ સાથે પુણ્યને કોઈ સંબંધ નથી.

સંક્ષેપમાં આત્મસાધનાને યોગ્ય નિરોગી શરીર, ક્ષેત્ર, કાળ, સંયોગો સદ્ગુરુનો યોગ, જિનવાણીનું શ્રવણ વગેરે સાધનોની પ્રાપ્તિ માટે પુણ્ય ઉપાદેય છે. તેનો સંબંધ બાહ્ય જગતની સર્વ સુવિધાઓ તથા આત્મસાધનાને યોગ્ય સર્વ પ્રકારની અનુકૂળતાઓ સાથે છે. તેથી સાધનાકાળમાં તે અવશ્ય ઉપાદેય છે અને અંતે હેય છે.

પુણ્ય કે પાપ, બંને પ્રકારના કર્મો છૂટે ત્યારે જ જીવનો મોક્ષ થાય છે. સમગ્ર રીતે વિચારતાં સ્પષ્ટ થાય છે કે સાધનાકાળ માટે પુણ્ય ઉપાદેય અને અંતે પુણ્ય હેય-છોડવા યોગ્ય છે.

**પુણ્યના બે પ્રકાર છે : આરંભી પુણ્ય અને અનારંભી પુણ્ય.**

૧) **આરંભી પુણ્ય :** જે પુણ્યની પ્રવૃત્તિ માટે જીવને- હિંસાદિ પાપ કરવા પડે તે આરંભી પુણ્ય છે, જેમકે ભોજનશાળા ખોલવી કે પાણીનું પરબ બંધાવવું. ભોજનશાળા કે પાણીની પરબ તે સત્કાર્ય પુણ્યનો બંધ કરાવે છે, ભોજનાદિ બનાવવામાં તેને પાપ પ્રવૃત્તિ કરવી પડે છે, તેથી આરંભી પુણ્ય કહે છે.

૨) **અનારંભી પુણ્ય :** જે પુણ્યની પ્રવૃત્તિ માટે જીવને હિંસાદિ એક પણ પાપનું સેવન કરવું ન પડે તે અનારંભી પુણ્ય છે. જેમકે મન પુણ્ય પૂર્ણત: અનારંભી છે. તેમજ સામાયિક, પ્રતિક્રમણ આદિ ધાર્મિક અનુષ્ઠાનોની આરાધનામાં જે પુણ્યનો બંધ થાય છે તે અનારંભી પુણ્ય છે.

આ બંને પ્રકારમાંથી અનારંભી પુણ્ય શ્રેષ્ઠ છે તેમ છતાં ગૃહસ્થો માટે આરંભી પુણ્ય પણ કોઈક અપેક્ષાએ કરવા યોગ્ય છે કારણ કે ગૃહસ્થો પોતાના વ્યક્તિગત જીવનમાં વિવિધ આરંભ- સમારંભ કરે જ છે અને દાન વગેરે સત્ પ્રવૃત્તિમાં તેના ભાવોની પ્રબળતા વિશેષ મહત્વની છે, તે સત્કાર્યો તેનામાં દયા, અનુકંપા, કરૂણા જેવા આત્મ ગુણોને પ્રગટાવે છે, તેથી તે તેના લાભનું કારણ બને છે.

અન્ન પુણ્ય, પાણ પુણ્ય, લયન પુણ્ય, શયન પુણ્ય, વસ્ત્ર પુણ્ય આ પાંચ આરંભી પુણ્ય છે. મન પુણ્ય અને નમસ્કાર પુણ્ય અનારંભી પુણ્ય છે. વચન પુણ્ય અને કાય પુણ્ય આરંભી કે અનારંભી બંને હોઈ શકે છે.

બીજી અપેક્ષાએ પુણ્યના બે પ્રકાર છે. લૌકિક પુણ્ય અને લોકોત્તર પુણ્ય.

૧) **લૌકિક પુણ્ય :** કોઈપણ જીવોને ઇહલૌકિક અનુકૂળતા, ભોજન, પાણી આપવાથી જે પુણ્યનો બંધ થાય તે લૌકિક પુણ્ય છે. તેના ઉદયમાં ઇહલૌકિક અનુકૂળતા પ્રાપ્ત થાય છે.

૨) **લોકોત્તર પુણ્ય:** અન્ય જીવોને ધર્મમાર્ગમાં સહાયતા આપવાથી જે પુણ્યનો બંધ થાય તે લોકોત્તર પુણ્ય છે. જેમકે આત્મસાધના માટે સ્થાનની અનુકૂળતા આપવી તપ-જપ, સ્વાધ્યાય આદિમાં સહાયક બનવું તે લોકોત્તર પુણ્યબંધનું કારણ બને છે. તેના ઉદયમાં જીવને દેવ, ગુરુ, ધર્મની પ્રાપ્તિ થાય, સાધનાની અનુકૂળતા પ્રાપ્ત થાય છે. સાધના માર્ગમાં લોકોત્તર પુણ્યની મહત્તા છે.

**પુણ્ય-પાપની ચૌભંગી:** પુણ્યના ઉદયે પ્રાપ્ત થતી સંપત્તિ આદિ સાધનોને પચાવવા અર્થાત્ તેમાં આસક્ત ન થવું તે અત્યંત કઠિન છે. અનાદિકાળના સંસ્કારના કારણે વ્યક્તિ પુણ્યના ઉદયમાં મૂર્ચ્છિત થઇને ભાન ભૂલી જાય છે, તેમાં રાગ- દ્વેષ કરીને પાપકર્મનો બંધ પણ થઇ શકે છે, તેને ચૌભંગીથી સમજી શકાય છે.

૧) **પુણ્યાનુબંધી પુણ્ય:** પુણ્યના ઉદયમાં પુણ્યનો જ બંધ કરાવે તેવું પુણ્ય પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે. જેમકે શાલિભદ્રે પુણ્યના ઉદયે અઢળક સંપત્તિ પ્રાપ્ત કરી પરંતુ આસક્ત થયા વિના ક્ષણ માત્રમાં તેનો ત્યાગ કરી, સંયમ-તપની સાધના કરી સાધનાના માધ્યમે અનંત કર્મોની નિર્જરા સાથે નવા પુણ્યકર્મનો બંધ કર્યો અને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા.

૨) **પાપાનુબંધી પુણ્ય:** પાપનો જ બંધ કરાવે, તેવું પુણ્ય પાપાનુબંધી પુણ્ય કહેવાય છે. જેમકે મમ્મણશેઠ પુણ્યના ઉદયે તેને પણ અઢળક સંપત્તિ પ્રાપ્ત થઈ હતી, પરંતુ તેના તીવ્ર લોભના કારણે પોતે વાપરી શક્યા નહીં અને સંપત્તિનો સદ્વ્યય કરી શક્યા નહીં. અત્યંત મૂર્ચ્છિત ભાવે તેણે સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું.

કોઇ સંપત્તિશાળી વ્યક્તિ પ્રાપ્ત થયેલી સંપત્તિને માત્ર પોતાના જ ભોગ-વિલાસમાં વાપરે અથવા મૂર્ચ્છિત ભાવે માત્ર તેનો સંગ્રહ જ કરે તો પુણ્યનો ઉદય તેના પાપના બંધનું કારણ બને છે.

**તે જ રીતે પાપના પણ બે પ્રકાર છે.**

૩) **પુણ્યાનુબંધી પાપ:** પુણ્યનો જ બંધ કરાવે તેવું પાપ પુણ્યાનુબંધી પાપ

કહેવાય છે. જેમકે પુણિયો શ્રાવક. પુણિયા શ્રાવકને સંપત્તિરૂપ પુણ્યનો ઉદય ન હતો. તેથી તેની આર્થિક પરિસ્થિતિ નબળી હતી. તેમ છતાં તેનામાં નીતિ, પ્રામાણિકતા જેવા સદ્ગુણોની સંપત્તિ હતી, તેના કારણે તેણે પુણ્યનો બંધ કર્યો હતો.

૪) **પાપાનુબંધી પાપ :** પાપનો જ બંધ કરાવે તેવું પાપ, પાપાનુબંધી પાપ કહેવાય છે. જેમકે કાલસોરિક કસાઇ. પાપના ઉદયે નીચ જાતિ, કુળમાં જન્મ થયો, તેણે પ્રતિદિન ૫૦૦ જીવોની ઘાત કરીને અનંત પાપકર્મનો બંધ કર્યો હતો.

કોઇ અત્યંત દીન- હીન વ્યક્તિ વર્તમાને પાપના ઉદયને ભોગવતો હોય અને તેવી વ્યક્તિ દારૂ, જુગાર જેવા વ્યસનમાં ફસાઇને પાપકર્મનો બંધ કરે છે, તે પાપાનુબંધી પાપ છે.

આ ચાર ભંગ દ્વારા પુણ્ય-પાપના ઉદયની વિચિત્રતા સમજાય છે. આ ચાર ભંગમાંથી પુણ્યાનુબંધી પુણ્ય શ્રેષ્ઠ છે. તથા પ્રકારનો પુણ્યોદય વ્યક્તિને ભોગના માર્ગથી ત્યાગના માર્ગે લઇ જાય છે. પરંપરાએ સદ્ગતિ અને સિદ્ધગતિ પ્રાપ્ત કરાવે છે.

અથવા આ ચૌભંગીને બીજી રીતે પણ સમજી શકાય છે.

૧) **પુણ્યાનુબંધી પુણ્ય :** જે જીવો પુણ્યકર્મની પ્રવૃત્તિ કરતાં હોય અને તેના અનુબંધમાં પણ પુણ્યનો જ ભાવ હોય તો તે પુણ્યનો જ અનુબંધ કરાવે તેવું પુણ્ય અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્ય છે. જેમકે ભૂખ્યા જીવોને ભોજન કરાવવું તે અન્ન પુણ્ય છે. ભોજન કરાવનારના મનમાં જીવો પ્રતિ કરૂણા, દયા, અનુકંપાના ભાવ હોય, તો તેના અનુબંધમાં પણ પુણ્યનો જ બંધ થાય તે પુણ્યાનુબંધી પુણ્ય છે.

૨) **પાપાનુબંધી પુણ્ય :** જે જીવો પુણ્યકર્મની પ્રવૃત્તિ કરતાં હોય, પરંતુ તેના અનુબંધમાં જો પાપના ભાવ હોય તો, તે પાપાનુબંધી પુણ્ય છે. જેમકે ભોજનશાળા ચલાવે, પુણ્યની પ્રવૃત્તિ કરે, પરંતુ તેના અંતરમાં અહંકાર,

પ્રતિષ્ઠાનો લોભ હોય. જીવો પ્રતિ દયાના ભાવ ન હોય પરંતુ જીવો પ્રતિ અવહેલના કે અનાદરનો ભાવ હોય તો, તે અનુબંધમાં પાપનો બંધ કરે છે તે પાપાનુબંધી પુણ્ય છે.

૩) **પુણ્યાનુબંધી પાપ:** જે જીવો પાપ પ્રવૃત્તિ કરતાં કરતાં પણ પોતાના શુભ ભાવોથી પુણ્યનો અનુબંધ કરે છે. જેમકે ગૃહસ્થ જીવનમાં પોતાની આજીવિકા માટે કેટલાંક પાપકર્મોનો બંધ થાય છે, પરંતુ તેના અંતરમાં સતત તે પાપ પ્રવૃત્તિનો ખેદ હોય, હું આ પાપથી કયારે છૂટીશ ? તેવો ત્યાગ ભાવ બળવત્તર હોય તો, તે પાપ પ્રવૃત્તિમાં પણ પુણ્યનો અનુબંધ કરે છે તે પુણ્યાનુબંધી પાપ છે.

૪) **પાપાનુબંધી પાપ:** જે જીવો ક્રૂરતાથી પાપ પ્રવૃતિ કરતાં હોય અને તેના અંતરમાં તે જ ક્રૂરતાનો ભાવો હોય તો, તે પાપ પ્રવૃતિમાં પાપનો જ અનુબંધ કરે છે. જેમકે ૫૦૦ પાડાની હિંસા કરનારા કસાઇના અંતરમાં હિંસાના સમયે ક્રૂરતા હોય, તેવી જ ક્રૂરતા ત્યાર પછી પણ હોય તે પાપાનુબંધી પાપ છે. આ રીતે બંધ અને અનુબંધની અપેક્ષાએ પાપાનુબંધી પાપ છે.

અહીં એક વાત વિચારણીય છે કે કોઇપણ પુણ્ય પ્રવૃત્તિમાં નિ:સ્વાર્થ ભાવ અત્યંત જરૂરી છે. પદ- પ્રતિષ્ઠાની કામના, માનની અભિલાષા અથવા જેના પર ઉપકાર થઇ રહ્યો હોય તેના તરફથી કોઇપણ પ્રકારની અપેક્ષા વગેરે દોષો પુણ્ય પ્રવૃત્તિને કલંકિત કરે છે, ઉપરોક્ત દોષોથી રહિત જીવ માત્રને સહાયક બનવાની શુદ્ધ ભાવનાથી બંધાયેલું પુણ્ય જ યથાર્થ રીતે પુણ્ય પ્રવૃત્તિ છે. તેનાથી સ્વાર્થભાવ ઘટે છે અને કરૂણા કે અનુકંપાનો ભાવ ક્રમશ: વધે છે.

સંક્ષેપમાં પુણ્ય તત્ત્વને સમજીને આપણને મળેલી તન, મન કે ધનની શક્તિનો વધુમાં વધુ પરોપકારમાં કે પરમાર્થમાં પ્રયોગ કરીએ તે જ પુણ્યની સફળતા છે.

# 4. PAAP TATVA




અશુભ ભાવોની પરંપરા કરે અનંત પાપની વૃદ્ધિ,
અઢાર સ્થાન તેના જાણો, થાય ભવભ્રમણની વૃદ્ધિ

## પાપ તત્ત્વ

અશુભ કર્મ પાપરૂપ છે. જે આત્માને અપવિત્ર બનાવે છે, જે દુર્ગતિમાં પાડે છે તે પાપ છે. પાપનું સ્વરૂપ તે પાપ તત્ત્વ છે.

અનાદિકાળથી કર્મથી બંધાયેલો જીવ ક્રોધાદિ કષાય અને યોગની પ્રવૃત્તિથી કર્મની પરંપરાને તેમજ ભવભ્રમણની પરંપરાને વધારે છે. તેમાં ક્યારેક શુભ અને ક્યારેક અશુભ કર્મનો બંધ કરે છે. શુભકર્મ-પુણ્યકર્મ અનુકૂળતા આપે છે, તે રીતે પાપકર્મ જીવોને સર્વ પ્રકારની પ્રતિકૂળતા આપે છે.

પ્રત્યેક જીવ સુખને, અનુકૂળતાને ઇચ્છે છે અને પ્રતિકૂળતાથી તે દૂર ભાગે છે, તેથી પ્રતિકૂળતાનું સર્જન કોણ કરે છે ? કેવી રીતે કરે છે અને તેનું ફળ કેવી રીતે આપે છે ? તે જાણવું તે પાપ તત્ત્વનો વિષય છે.

**પાપ કર્મબંધના કારણો :** હિંસા, અસત્ય, ચોરી આદિ અઢાર પાપસ્થાન પાપબંધના કારણ છે.

જીવની વિપરીત માન્યતારૂપ મિથ્યાત્વ તથા રાગ-દ્વેષ આદિ મલિન પરિણામો પ્રત્યેક પાપસ્થાનને જન્મ આપે છે. તેથી અઢાર પાપસ્થાનમાં મિથ્યાત્વનું પાપ સર્વથી મોટું છે.

જીવને સત્ય સમજણ ન હોય, દેવ-ગુરુ-ધર્મમાં શ્રદ્ધા ન હોય, કર્મના સિદ્ધાંતમાં વિશ્વાસ ન હોય, ત્યારે જ તે જીવ પોતાના સુખ માટે હિંસાદિ પાપસ્થાનનો આશ્રય લે છે અને પાપકર્મનો બંધ કરે છે.

**પાપનું ફળ :** પાપનું ફળ ૮૨ પ્રકારે ભોગવાય છે. (વિસ્તાર માટે પાઠાવલી નંબર-૨ જોવી.) શાસ્ત્રોમાં ૮૨ પ્રકારની પાપ પ્રકૃતિ કહી છે.

પાપકર્મના ઉદયથી શારીરિક, માનસિક, આર્થિક, પારિવારિક પ્રતિકૂળતા પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત વિશેષતા એ છે કે પુણ્યકર્મની અસર માત્ર અઘાતી કર્મ દ્વારા જ પ્રગટ થાય છે, પરંતુ પાપકર્મનું ફળ ઘાતી અને અઘાતી, બંને પ્રકારના કર્મો દ્વારા અર્થાત્ આઠે કર્મો દ્વારા પ્રગટ થાય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને

અંતરાય આ ચારે કર્મોની પ્રકૃતિઓ એકાંતે અશુભ જ છે, પાપરૂપ જ છે. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર આ ચારે અઘાતી કર્મોની પ્રકૃતિઓમાં શુભ અને અશુભ બે પ્રકાર છે. જેમકે શાતા વેદનીય અને અશાતા વેદનીય. તેમાં શાતા વેદનીય શુભ છે, તે પુણ્ય પ્રકૃતિ છે, અશાતા વેદનીય અશુભ છે તે પાપ પ્રકૃતિ છે. ચારે અઘાતી કર્મોમાં શુભ પ્રકૃતિઓનો પુણ્યમાં અને અશુભ પ્રકૃતિઓનો પાપમાં સમાવેશ થાય છે.

નરક અને નિગોદ જેવી દુર્ગતિમાં જન્મ, ત્યાં દુ:ખદાયક શરીર અને સંયોગો, પરાધીનતાનું મહાદુ:ખ, ભૂખનું દુ:ખ, ભયંકર ત્રાસ, છેદન, ભેદન, પીડન વગેરે વિવિધ પ્રકારની પ્રતિકૂળતાઓ કદાચ મનુષ્ય જન્મરૂપ સારી ગતિ મળે તો, પણ તેમાં અંધત્વ, મૂંગા, બહેરા, લૂલા-લંગડા, મંદબુદ્ધિ, વિકલ ઈન્દ્રિયો વગેરે આ જગતમાં દેખાતી તમામ દુ:ખમય પરિસ્થિતિઓ પાપકર્મનું પરિણામ છે. શ્રી દુ:ખવિપાક સૂત્રના દશ ચરિત્રો પાપના ફળને પ્રગટ કરે છે.

આ રીતે જોતાં સ્પષ્ટ થાય છે કે પાપના સેવનથી ઘાતી કર્મનો બંધ થાય અને તેના દ્વારા આત્મ ગુણોની ઘાત થાય છે. તે ઉપરાંત પાપ અનંત સંસાર પરિભ્રમણને વધારે છે. સંસાર પરિભ્રમણનું બીજ પાપ છે અને તેનાથી જ આધિ-વ્યાધિ-ઉપાધિરૂપમય સંસારનું વિષવૃક્ષ પાંગરે છે.

આ જગતમાં પાપો અનેક છે પરંતુ તે દરેક પાપોનો સમાવેશ અઢાર પાપમાં થઈ જાય છે માટે આચાર્યોએ મુખ્ય પાપ અઢાર બતાવ્યા છે. બધાં જ પાપમાં અઢારમું પાપ "મિથ્યાદર્શન શલ્ય" સૌથી મોટું પાપ છે. જ્યાં સુધી મિથ્યાત્વના પાપનો સંપૂર્ણ નાશ થતો નથી ત્યાં સુધી ૧૭ પાપનો પૂર્ણ ત્યાગ થતો નથી, માટે મિથ્યાદર્શનશલ્ય સૌથી મોટું પાપ છે. તે સર્વ પાપનું મૂળ છે. મિચ્છાદંસણશલ્ય દર્શન મોહનીયના ઉદયથી છે બાકીના ૧૭ ચારિત્ર મોહનીયના ઉદયથી છે.

પાપકર્મનો બંધ મુખ્યત્વે યોગથી થાય છે. તેમાં...

**મનથી** - ૭- પાપ- ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મિથ્યાદર્શનશલ્ય.

**વચનથી**- ૬- પાપ- મૃષાવાદ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, માયા- મોષો

**કાયાથી**- ૫-પાપ- પ્રાણાતિપાત, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, રઈ અરઈ.

અઢાર પાપમાં પ્રથમ પાંચ પાપ વિરમણ એટલે પાપોના ત્યાગરૂપ વિરતિ પરિણામ રૂપ છે. જ્યારે પછીના તેર પાપનો ભગવાને વિવેક કરવાનું કહ્યું છે. વિવેકથી સમજણથી તેનો ત્યાગ થઈ શકે છે. પાપ પ્રવૃત્તિના ફળરૂપ કષ્ટોને સમજીને પાપના ફળથી નહી પરંતુ પાપકર્મના બંધના કારણોથી દૂર રહેવા સાવધાન રહેવું તે જ આપણું કર્તવ્ય છે.

પુણ્ય અને પાપ તત્ત્વની સમજણ કર્મસિદ્ધાંતને પુષ્ટ કરે છે. મને વર્તમાને જે મળ્યું છે, જેવું મળ્યું છે, જેટલું મળ્યું છે અને જ્યારે મળે છે તે મારા સ્વયંના જ શુભ કે અશુભ કર્મોનું પરિણામ છે. તેથી અનુકૂળતા કે પ્રતિકૂળતામાં, વસ્તુના સદ્‌ભાવ કે અભાવમાં અન્યને નિમિત્ત રૂપ માનવા, તેના પર ખોટા આક્ષેપો મૂકવા તે મારી મોટી ભૂલ છે. જે પરિસ્થિતિ છે તેનો સમભાવથી, પ્રસન્નતાથી સ્વીકાર કરું તે જ સમજણનો સાર છે.

**પાપને પરિહરું, પુણ્યને આદરું**
**ક્ષણ ક્ષણ સાવધાન રહી, સમયને સફળ બનાવું...**

---

**પાપ તત્ત્વ:** ૧) દુ:ખ, પ્રતિકૂળતા, અનિષ્ટનો સંયોગ પોતાના પાપકર્મના ઉદયે મળે છે માટે આર્ત્તધ્યાન ન કરતા સમતાભાવ રાખવો. ૨) પાપનો ડર રાખી આત્માને હળુકર્મી બનાવવા ૧૮ પાપનો ત્યાગ કરવો. ૩) દુ:ખનું મૂળ પાપ છે, પાપનું મૂળ હિંસા છે, હિંસાથી અશાતા બંધાય છે, માટે પાપના સ્વરૂપને જાણી પાપનો ત્યાગ કરવો અને સમભાવે દુ:ખનો સ્વીકાર થાય તેવું જીવન બનાવવું.

# 5. ASHRAY TATVA




શુભાશુભ ભાવોથી આત્મામાં આવે કર્મપૂર
આ શ્રવ છે તેનું નામ, કરો શીઘ્ર તેને દૂર...

## આશ્રવ તત્વ

આ જગતમાં મુખ્ય છ દ્રવ્ય છે, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ આ છ દ્રવ્યોમાંથી ધર્માસ્તિકાય,અધર્માસ્તિકાય,આકાશાસ્તિકાય, કાળ, આ ચાર દ્રવ્યો હંમેશા પોતાના સ્વભાવમાં જ સ્થિત છે, તે ક્યારેય વિકૃત થતાં નથી. માત્ર જીવ દ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્ય જ પોતાનો સ્વભાવ છોડી વિભાવમાં જાય છે અને વિકૃત થાય છે. જીવ સ્વયં ચૈતન્ય સ્વરૂપ હોવા છતાં તેણે અનાદિકાળથી પુદ્ગલ દ્રવ્ય સાથે સંગ કરીને પોતાના સ્વરૂપને વિકૃત બનાવ્યું છે અને પરિણામે તે ચાર ગતિમાં જન્મ-મરણ કર્યા કરે છે.

કર્મદ્રવ્ય પૌદ્ગલિક છે. તેથી જીવ અને કર્મનો સંયોગ તે સંસાર અને જીવ અને કર્મનો વિયોગ એટલે કર્મદ્રવ્યના સંયોગનું પૂર્ણત: છૂટવું તે જ મોક્ષ છે, કર્મદ્રવ્યનો સંયોગ જ સંસારનું, સમસ્ત દુ:ખનું કારણ છે, તો પ્રશ્ન થાય કે જીવ કર્મનો સંયોગ કેવી રીતે અને ક્યારે કરે છે ? આ પ્રશ્નનું સમાધાન આશ્રવ તત્ત્વ અને આશ્રવના કારણોથી થાય છે.

**आ समन्तात् स्त्रवते इति आश्रव ।**

ચારે બાજુથી સ્રવ-આવવું તે આશ્રવ. આ + શ્રવ આ = આવવું શ્રવ = સરકીને, આકર્ષાઇને કે ખેંચાઇને આવવું. જે ક્રિયાથી આત્મા પાસે કાર્મણ વર્ગણા (કર્મનું રો મટીરીયલ) આવે છે તેને આશ્રવ કહેવાય છે. જે રીતે ડેમનો દરવાજો ખોલતાં પાણીનો પ્રવાહ અંદર આવે છે, તે રીતે જીવની યોગ અને કષાય આદિ પ્રવૃત્તિથી કાર્મણ વર્ગણાના દલિકોનો પ્રવાહ આત્મપ્રદેશોમાં પ્રવેશ કરે તે આશ્રવ છે.

એટલે આશ્રવ કર્મને બાંધવા માટેની આમંત્રણ પત્રિકા છે. આશ્રવ દ્વારા કર્મદલિકોનો પ્રવેશ થાય અને ત્યારપછી તે દલિકો આત્મા સાથે દૂધ અને પાણીની જેમ એકમેક થાય છે તે જ બંધ. આ રીતે આશ્રવ કારણ છે, બંધ તેનું કાર્ય છે, શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં આશ્રવ-સંવરનું વિસ્તારથી વર્ણન છે.

શ્રી તત્ત્વાર્થસૂત્રમાં काय वाड्. मनः कर्म योगः। स आश्रवः। મન, વચન અને કાયાની પ્રવૃત્તિ તે, યોગ અને યોગને આશ્રવ કહ્યો છે. પ્રત્યેક જીવોના આત્મપ્રદેશોમાં સતત એક પ્રકારનું કંપન થાય છે, આ કંપન મનના માધ્યમથી થાય તેને મનયોગ, વચન કે કાયાના માધ્યમથી થાય, તેને ક્રમશઃ વચન યોગ અને કાય યોગ કહે છે. કંપનની પ્રક્રિયાથી જ લોહચુંબક લોખંડના કણને ખેંચી લે, તે રીતે આત્મપ્રદેશો પણ કર્મદલિકોને ખેંચે છે. બસ ! કર્મદલિકોને ખેંચવાની કે આકર્ષિત કરવાની ક્રિયા તે જ આશ્રવ છે.

આશ્રવના કારણના વિષયમાં વિવિધ વિચારણાઓ છે,

**૧. આશ્રવનું મુખ્ય એક કારણ યોગ છે.**

**૨. આશ્રવના બે કારણ છે કષાય અને યોગ.**

**૩. આશ્રવના ચાર કારણ છે મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ.**

**૪. આશ્રવના પાંચ કારણ છે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ.**

આશ્રવના સામાન્ય રીતે ૨૦ ભેદ છે : તેના વિસ્તારથી ૪૨ ભેદ છે. (વિસ્તાર માટે જુઓ પાઠાવલી ભાગ-૨ Page No. ૯૯)

અન્ય રીતે આશ્રવના બે પ્રકાર છે. (૧) સાંપરાયિક આશ્રવ (૨) ઈર્યાપથિક આશ્રવ.

सकषायाकषाययो : साम्परायिर्यापथ्यो : કષાય સહિત અને કષાય રહિત, આત્માનો યોગ કષાય અને અકષાય અનુક્રમે સાંપરાયિક અને ઈર્યાપથ કર્મબંધનો હેતુ થાય છે. જે જીવોને ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોનો ઉદય હોય તે સકષાયી અને જેનામાં તે તે કષાય ન હોય તે અકષાયી છે. એકથી દશમા ગુણસ્થાન સુધી બધા જીવો સકષાયી છે અને અગિયારથી ચૌદ ગુણસ્થાનવાળા જીવો અકષાયી કહેવાય છે.

**સાંપરાયિક આશ્રવ:** યોગ દ્વારા આકૃષ્ટ જે કર્મો કષાયોદયના કારણથી આત્મા સાથે સંબંદ્ધ થઈને સ્થિતિ પ્રાપ્ત કરે છે તે સાંપરાયિક આશ્રવ છે. સાંપરાયિક

આશ્રવથી કર્મ ભીના કપડા પર પડેલ રજની જેમ આત્મપ્રદેશે ચીટકી જાય છે.

**ઈર્યાપથિક આશ્રવ :** કષાય રહિત કર્મ સૂકા કપડા પર લાગેલી રજ સમાન હોય છે. કષાય રહિત માત્ર યોગથી આકૃષ્ટ જે કર્મ છે, તે આત્મપ્રદેશથી તરત છૂટી જાય છે તે ઈર્યાપથિક આશ્રવ છે. તેની સ્થિતિ માત્ર બે સમયની છે.

**અન્ય રીતે આશ્રવના બે પ્રકાર :** દ્રવ્ય આશ્રવ અને ભાવ આશ્રવ

**દ્રવ્ય આશ્રવ :** કર્મદલિકોનું આવવું, તે દ્રવ્યઆશ્રવ છે.

**ભાવ આશ્રવ :** મિથ્યાત્વ આદિ આશ્રવના કારણો મિથ્યાત્વાદિ, મલિનભાવો, ભાવ-આશ્રવ છે.

આશ્રવના કારણોનો વિચાર કરતાં સમજાય છે કે જીવની પ્રત્યેક પ્રવૃત્તિ આશ્રવનું કારણ છે. શુભ પ્રવૃત્તિથી શુભ કર્મનો પુણ્યરૂપ આશ્રવ અને અશુભ પ્રવૃત્તિથી પાપરૂપ આશ્રવ થાય છે. આશ્રવથી કર્મબંધ અને કર્મબંધથી જન્મ-મરણની પરંપરા અને સંસારના સમસ્ત દુ:ખોની પરંપરાનું સર્જન થાય છે. તેથી જ દુ:ખથી મુક્ત થવા માટે સૌ પ્રથમ આશ્રવનો નિરોધ કરવો જરૂરી છે, આશ્રવને રોકવા મિથ્યાત્વ, અવ્રત આદિ ભાવથી દૂર થઈ, શ્રદ્ધા, વ્રત, પચ્ચક્ખાણ આદિનો સ્વીકાર કરવો જોઈએ.

**ક્યા ગુણસ્થાને કર્મબંધના કારણભૂત ક્યા આશ્રવ છે –**

પ્રથમ ગુણસ્થાને આશ્રવના મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ કષાય અને યોગ આ પાંચ કારણ છે.

બીજે, ત્રીજે અને ચોથે ગુણસ્થાને આશ્રવના અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ આ ચાર કારણ છે.

પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને આશ્રવના પ્રમાદ, કષાય, યોગ આ ત્રણ કારણ છે.

સાતમાથી દશમા ગુણસ્થાન સુધી આશ્રવના કષાય અને યોગ આ બે કારણ છે.

અગિયારમા, બારમા અને તેરમા ગુણસ્થાને આશ્રવનું યોગ એક કારણ છે.

ચૌદમે ગુણસ્થાને આશ્રવના કોઈ કારણ નથી, તેથી ચૌદમા ગુણસ્થાને કોઈ કર્મનો

બંધ થતો નથી. એક થી દશ ગુણસ્થાન સુધી સાંપરાયિક આશ્રવ અને અગિયારથી તેર ગુણસ્થાન સુધી વીતરાગી જીવોને ઈર્યાપથિક આશ્રવ હોય છે.

કર્મ આવવાના કારણો દૂર કરવાનો પુરુષાર્થ એક મનુષ્યભવમાં જ શક્ય છે, આ દુર્લભ માનવદેહ મહાપુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય છે. મનુષ્યભવમાં આત્મકલ્યાણ કરવાની શ્રેષ્ઠ તક છે. તેનું કારણ છે માનવદેહમાં આત્માને ભૂલાવી દે તેવા સુખ નથી કે નરક જેવા દુ:ખ નથી, એક માત્ર મનુષ્ય જ સર્વ પાપોથી કે અવ્રતના ભાવોથી મુક્ત થઈ શકે છે, તિર્યંચ ગતિના કેટલાંક જીવો શ્રાવકવ્રત સ્વીકારે છે. પરંતુ સર્વ ત્યાગ કરી શક્તા નથી માટે જ હે જીવ! આ મહામૂલો માનવ ભવ મળ્યો છે તેને સાર્થક કરી લે. કર્મ આશ્રવમાં જાગૃતિ રાખ.

**આશ્રવ :** બારીમાંથી આવતી ધૂળ ઘરને ગંદું બનાવે છે, તેમ રાગ-દ્વેષ રૂપ બારીમાંથી આવતી કર્મરૂપ ધૂળ મારા આત્માને મલિન કરે છે, તે હંમેશા યાદ રાખીએ.

**આશ્રવ તત્ત્વ :** ૧) મિથ્યાત્વ આદિ ભાવ કરવાથી આત્માને કર્મની આવક થાય છે તે શ્રદ્ધા કરવી. ૨) કર્મબંધના કારણભૂત પચ્ચીસ ક્રિયાઓને જાણી બચવા જાગૃત બનવું. ૩) ૨૫ ક્રિયાઓને જાણ્યા પછી જેટલી ક્રિયાથી છૂટી શકાય તેટલી ક્રિયાથી છૂટવું. ક્રિયાથી છૂટવા અંતિમ ઘડીએ સંથારો કરવાની તૈયારી રાખવી. ૪) લાચારીથી આશ્રવના કાર્ય કરવા પડે તો પ્રતિક્રમણ અને પ્રાયશ્ચિત્ત કરવા.

મિથ્યા માન્યતાઓથી છૂટી, સમકિતને દૃઢ કરીએ. અવ્રતને જાણ્યા પછી જેની જેની જરૂર નથી તેના તેના પચ્ચક્ખાણ કરીએ. "મારે પચ્ચક્ખાણની જરૂર નથી" એ માન્યતાનો ત્યાગ કરીએ. અવ્રતનો દ્વાર ખુલ્લો છે, તેથી કર્મ તો આવશે જ. માટે ના.. ના..ના ન કરો, નાના-નાના પચ્ચક્ખાણ કરો, જેથી કર્મ આવતા બંધ થાય.

# 6. SAMVAR TATVA

## કાણું બંધ કરવું




કર્મપૂરને રોકવા બંધ કરી દો આ શ્રવદ્વાર
સમ્યક્ સંયમની પ્રવૃત્તિથી સંવરમાં આવે બહાર...

# સંવર તત્ત્વ

આશ્રવ તત્ત્વને વિસ્તારથી સમજ્યા પછી સ્પષ્ટ થાય છે કે કર્મનો પ્રવાહ ભલે સતત આવી રહ્યો છે. ભલે અનાદિકાલીન હોય, પરંતુ જીવ જ્યારે જાગૃત બની જાય, દુ:ખના કારણભૂત આશ્રવને બંધ કરવા કટિબદ્ધ બને છે, ત્યારે તે આશ્રવના દ્વારને બંધ કરે છે, તે જ સંવર છે.

શ્રી ઠાણાંગ સૂત્રમાં સંવરનો અર્થ કરતાં કહ્યું છે કે -

**संवरण जीवतडागे कर्मजलस्य निरोधनं संवर।**

અર્થાત્ જીવરૂપી તળાવમાં આવતા કર્મરૂપી જળનો નિરોધ કરવો તેને સંવર કહેવાય છે અર્થાત્ આશ્રવનો નિરોધ તે સંવર છે, જે ધર્મક્રિયાઓ દ્વારા આત્મામાં આવતા કર્મો રોકાય છે, તે ધર્મક્રિયાઓને પણ સંવર કહેવાય છે. આવતા કર્મ અટકાવવા, રોકવા તે સંવર છે. સંવરથી કર્મબંધ અટકી જાય, આ રીતે ક્રમશ:, સંવરની સાધનાથી જ સાધક ક્રમશ: આત્મશુદ્ધિના માર્ગે આગળ વધે, અંતે ચૌદમા ગુણસ્થાને સંપૂર્ણ સંવર થતાં જીવ સિદ્ધ થાય છે. આ રીતે સંવર આત્મશુદ્ધિનું પ્રથમ સોપાન છે. સંવરના બે પ્રકાર છે.

૧) **દ્રવ્ય સંવર:** કર્મ પુદ્ગલોના પ્રવેશને બંધ કરવા, આવતા કર્મને અટકાવવા તે દ્રવ્ય સંવર છે.

૨) **ભાવ સંવર:** સંસારના કારણરૂપ કષાય અને યોગરૂપ આત્માના પરિણામ છે તેનો ત્યાગ તે ભાવ સંવર.

સરોવરના ઉઘાડા દ્વારોમાંથી ચારે તરફથી પાણી પ્રવેશે છે, પરંતુ તે દ્વારોને બંધ કર્યા પછી સહેજે પાણી અંદર આવતું નથી. તે જ પ્રમાણે ચારે તરફથી મિથ્યાત્વ, અવ્રત, કષાય આદિ આશ્રવ દ્વારોને બંધ કરવાથી સંવરવાન આત્મામાં કર્મદ્રવ્યનો પ્રવેશ થતો નથી.

સંવરના પ્રકાર -સંવરના સામાન્ય પ્રકારે વીસ ભેદ- (વિસ્તાર માટે જુઓ પાઠાવલી ભાગ-2 Page No. 100)

**સંવરના વિસ્તારથી ૫૭ ભેદ:** અષ્ટ પ્રવચન માતાનું પાલન, દસ યતિ ધર્મ, બાર ભાવના (અનુપ્રેક્ષા), બાવીસ પરિષહ જય, પાંચ ચારિત્રનું પાલન આ ૫૭ ભેદ (વિસ્તાર માટે જુઓ પાઠાવલી પુસ્તક ૨ પાના નંબર... ૧૦૦, ૧૦૧, ૧૦૨ પ્રમાણે જાણવું). આ ૫૭ પ્રકાર આશ્રવને રોકવાના સિદ્ધ ઉપાય છે. આ પ્રકારોને જીવનમાં આચારવંત બનાવવાથી આત્મજાગૃતિ વધે છે. આ ઉપરાંત ૧૭ પ્રકારના સંયમધર્મના આચરણ દ્વારા વિષય સુખોમાં દુ:ખના દર્શન કરવાથી વૈરાગ્યભાવ ઉત્પન્ન થાય છે, જેનાથી આશ્રવ અટકે અને સંવરની આરાધના થાય છે. સંસારની ઈચ્છાનો ઉચ્છેદ એ જ તાત્ત્વિક વૈરાગ્ય છે, સંસારની રાગ-દ્વેષ, રતિ-અરતિ આદિ વિષમતાઓ પર ચિંતન કરવાથી વૈરાગ્ય પ્રાપ્ત થાય, ચાર કષાય ક્રોધ-માન-માયા અને લોભને અનુક્રમે ક્ષમા-નમ્રતા-સરળતા અને સંતોષથી જીતીએ તો, સંવરની આરાધના શક્ય બને, મન-વચન-કાયાની પ્રવૃત્તિનો નિરોધ કરવો અર્થાત્ તેને ગોપવવા, તે ગુપ્તિ છે. જ્યારે યોગની પ્રવૃત્તિનો પૂર્ણત: નિરોધ ન થાય ત્યારે શુભયોગમાં રમણ કરવું તેને ગુપ્તિ કહે છે, આ જ સંવરની આરાધનાના ઉપાય છે.

ગુણસ્થાનની અપેક્ષાએ સંવર સાધના - શાસ્ત્રોમાં, ક્યા ક્યા ગુણસ્થાને કોનો કોનો સંવર થાય છે તે કહ્યું છે.

ચોથા ગુણસ્થાને મિથ્યાત્વના ઉપશમથી સમકિતના માધ્યમથી મિથ્યાત્વનો સંવર થાય છે,

પાંચમા દેશવિરતિ ગુણસ્થાને વ્રતના માધ્યમથી અવ્રતનો આંશિક સંવર થાય છે,

છઠ્ઠા સર્વવિરતિ ગુણસ્થાને વ્રતના માધ્યમથી અવ્રતનો સંપૂર્ણ સંવર થાય છે,

સાતમા અપ્રમત્ત ગુણસ્થાને અપ્રમત્ત ભાવના માધ્યમથી પ્રમાદનો સંવર થાય છે,

ઉપશાંત મોહનીય અને ક્ષીણ મોહાદિ (૧૧, ૧૨, ૧૩)ગુણસ્થાને કષાયનો સંવર થાય છે, ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાને યોગ નિરોધ થતાં યોગનો સંપૂર્ણ સંવર થાય છે.

સંવરના અન્ય અપેક્ષાએ બે ભેદ છે દેશ સંવર અને સર્વ સંવર- દેશ સંવર

એટલે અમુક થોડા આશ્રવોનો અભાવ, સર્વ સંવર એટલે સર્વ પ્રકારના આશ્રવોનો અભાવ. જે યોગ નિરોધ પછી ૧૪ મા ગુણસ્થાને પ્રાપ્ત થાય છે. ૪ થી ૧૩ ગુણસ્થાન સુધી દેશ સંવર છે, દેશ સંવર વિના સર્વ સંવર થતો નથી એટલે પ્રથમ દેશ સંવર માટે પ્રયત્ન કરવો જોઈએ, સમકિતની પ્રાપ્તિ થાય પછી સંવર થવાની શરૂઆત થાય અર્થાત્ કર્મ આવતા (અંશે અંશે) અટકે છે.

સંવરના અભિલાષી જીવોને લાભ-અલાભ, પ્રાપ્તિ-અપ્રાપ્તિં, સુખ-દુ:ખ, જીવન-મૃત્યુ, શત્રુ-મિત્ર, માન-અપમાન એ બધી પરિસ્થિતિ કર્મના ઉદયે જ આવે છે, તેથી તેમાં રાગ-દ્વેષ ન કરવો, સમભાવ રાખવો. શ્રાવક દરરોજ ત્રણ મનોરથની ભાવના ભાવે છે, હે ભગવાન હું ક્યારે આરંભ અને પરિગ્રહને ત્યાગું ? ક્યારે પંચમહાવ્રતધારી સાધુ બનીશ ? ક્યારે ચાર શરણાં લેતો થકો અનશનની આરાધના કરતાં શુભ ભાવનામાં દેહત્યાગ કરીશ ? જ્યારે સાધુ એવી ઈચ્છા કરે હું ક્યારે ગુરુ પાસેથી સૂત્ર ભણીશ ? કયારે એકલ વિહાર પ્રતિમા ધારણ કરીશ ? ક્યારે સંલેખનાનું આરાધના કરતાં કરતાં દેહનો ત્યાગ કરીશ ? આ ત્રણ મનોરથમાં ભાવ વિશુદ્ધિ થતી હોવાથી તે સંવરનું કારણ બને છે.

**વર્તમાનકાળે સંવર ભાવનાની ઉપયોગિતા:** વર્તમાન સમય મહત્ત્વકાંક્ષા અને દેખાદેખીનો યુગ છે. માનવીને ઘણું બધું મેળવવું છે. જે બીજા પાસે છે, તે બધું જ તેને જોઈએ છે અફસોસ તો એ છે કે તેને ઈચ્છિત વસ્તુ મળી જાય એટલું પૂરતું નથી, બીજા કરતાં મને વધુ મળે તેવી તેની ભાવના છે. પોતાની પાસે વસ્તુ, વ્યક્તિ, સંપત્તિ નથી, તેના દુ:ખ કરતાં બીજા પાસે તે તે વસ્તુ વગેરે છે તેનું તેને વધારે દુ:ખ છે, પરિણામે તે બધું મેળવી શક્તો નથી. પોતાની પાસે જે છે તેનો આનંદ માણી શક્તો નથી. તેને પોતાના દુ:ખ કરતાં બીજાનું સુખ વધુ પીડિત કરે છે. આવા અનેક અનર્થકારી વિચારોથી ક્ષણે ક્ષણે કર્મનો બંધ થાય જ છે. બાંધેલા કર્મો અવશ્ય ભોગવવા પડે છે. બંધ સમયે જ જીવ જો સાવધાન બની જાય તો, તેને ભયંકર દુ:ખ ભોગવવા પડતા નથી.

મનુષ્યને સંવર ભાવનાનું યથાયોગ્ય જ્ઞાન હોય તો, તે આવી ઈર્ષ્યાવૃત્તિથી દૂર થાય, અનેક કર્મજન્ય સંકલ્પ-વિકલ્પોથી દૂર થાય છે અને ઘણા નવા કર્મબંધથી બચી શકે છે, બાર ભાવનામાં પણ સંવર ભાવના શિરોમણી છે, તેનું ચિંતન-મનન-આચરણ કરવાથી જ ક્રમશ: મોક્ષ મંઝિલને પ્રાપ્ત કરે છે.

**સંવર :** શત્રુથી બચવા શત્રુના પ્રવેશદ્વારને બંધ કરવા તે જ ડહાપણ છે. તેમ કર્મરૂપ શત્રુ થી બચવા માટે કર્મના પ્રવેશ દ્વાર બંધ કરી સંવર કરવો, તેમાં જ શાણપણ છે.




જીવ, અજીવ, બંધ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ એ 9 તત્ત્વ (પદાર્થ) છે. આ નવ તત્ત્વો (પદાર્થ) ના યથાર્થ ભાવોની શ્રદ્ધા કરવી તેને સમ્યક્ત્વ કહે છે.

# 7. NIRJARA TATVA




બાર પ્રકારના તપ છે નિર્જરા તત્ત્વનો સાર,
સંચિત કર્મોનો નાશ થાય ને પ્રગટે આત્મગુણો અપાર.

# નિર્જરા તત્ત્વ

આત્મા સાથે બંધાયેલા એકમેક થયેલાં કર્મ દલિકોનું આત્માથી છૂટું પડવું તે નિર્જરા છે.

આત્મા સાથે બંધાયેલા કર્મો પ્રવાહની અપેક્ષાએ અનાદિકાલીન છે. અનાદિકાળથી આત્મા કર્મોથી બંધાયેલો છે પરંતુ એક એક કર્મબંધની ચોક્કસ સ્થિતિ હોય છે, તે સ્થિતિ પૂર્ણ થતાં તે તે કર્મનું બંધન છૂટતું જાય છે. જેમ કોઇ ગુનેગારને પાંચ વર્ષની જેલની સજા થઇ હોય તો, પાંચ વર્ષ પૂર્ણ થતાં તે ગુનેગાર મુક્ત થાય છે. ક્યારેક તે ગુનેગારના સદ્‌વ્યવહારથી, ક્યારેક અન્ય પ્રયત્નોથી તેની સજા ઘટી જાય છે. પાંચ વર્ષના બદલે ત્રણ-ચાર વર્ષમાં પણ તે ગુનેગાર છૂટી જાય છે. સંક્ષેપમાં ગુનેગારના જેલમાંથી છૂટવા સમાન, બંધાયેલા કર્મોનું આત્મપ્રદેશોથી છૂટવું,અલગ થવું તે નિર્જરા છે.

કોઇપણ જીવ સમયે સમયે કર્મોનો બંધ કરે છે, તેમ કર્મો પોતાનું ફળ આપીને સમયે સમયે છૂટે પણ છે. બંધ જેમ સતત થાય છે, તેમ નિર્જરા પણ સતત થાય છે.

**નિર્જરાના પ્રકાર :** નિર્જરાના બે પ્રકાર છે. અકામ નિર્જરા અને સકામ નિર્જરા.

**૧) અકામ નિર્જરા:** જીવની કામના, ઇચ્છા વિના, સમજણ વિના, બંધ કે નિર્જરાના જ્ઞાન વિના પણ કર્મો પોતાનું ફળ આપીને સ્વત: છૂટા પડી જાય તેને અકામ નિર્જરા કહે છે, જેમ ભીંત ઉપર લગાવેલું સ્ટીકર તેનો ગમ ખલાસ થતાં, ચીકાશ સૂકાઇ જતાં પોતાની મેળે જ ઉખડી જાય છે, તે રીતે કર્મોની સ્થિતિ પૂર્ણ થતાં કર્મો પણ આત્માથી છૂટી જાય છે.

અથવા ઇચ્છા વિના દુ:ખ સહન કરવા જેમકે બસસ્ટેન્ડ પર બસ માટે એક કલાક તડકામાં ઉભા રહેવું પડે. તેનાથી અશાતાનો ક્ષય થાય, તે અકામ નિર્જરા છે. મિથ્યાત્વી કે અજ્ઞાની જીવોની નિર્જરા અકામ નિર્જરા છે.

**૨) સકામ નિર્જરા :** સમજણપૂર્વક, બંધ અને નિર્જરા કે મોક્ષના સમ્યગ્‌જ્ઞાનપૂર્વક,

કર્મક્ષયના લક્ષ્યપૂર્વક જીવના પુરુષાર્થથી જે કર્મો છૂટા પડે, કર્મોનો ક્ષય થાય, તેને સકામ નિર્જરા કહે છે.

જીવને જ્યારે શુધ્ધ આત્મતત્ત્વનો બોધ થાય, કર્મબંધની પરાધીનતાનો અનુભવ થાય છે, ત્યાર પછી તે પરાધીનતાથી મુક્ત થવા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની આરાધના કરે, તે પુરુષાર્થથી કર્મોનો નાશ થાય, તે સકામ નિર્જરા છે. આત્મશુદ્ધિ માટે સકામ નિર્જરા જ ઉપયોગી બને છે. સકામ નિર્જરાથી કર્મો ક્રમશઃ દૂર થાય અને આત્મગુણો પ્રગટ થાય છે. સમ્યગ્દષ્ટિ જીવો પોતાના સમ્યક્ પુરુષાર્થથી જે નિર્જરા કરે છે, તે સકામ નિર્જરા છે. સકામ નિર્જરા જ અધ્યાત્મ વિકાસનું કારણ છે. નિર્જરા તત્ત્વ તરીકે પણ એને જ સ્થાન મળે છે.

અથવા નિર્જરાના બે પ્રકાર છે. સવિપાક નિર્જરા અને અવિપાક નિર્જરા.

૧) **સવિપાક નિર્જરા :** કર્મો પોતાના ફળનો અનુભવ કરાવે, ત્યાર પછી આત્માથી છૂટા પડે, તે સવિપાક નિર્જરા છે. જેમકે બંધાયેલું અશાતા વેદનીય કર્મ ઉદયમાં આવે, અશાતાનો અનુભવ કરાવે, ત્યાર પછી તેનો નાશ થાય તે સવિપાક નિર્જરા છે.

૨) **અવિપાક નિર્જરા :** ક્યારેક કર્મ પોતાનો ફળનો અનુભવ કરાવ્યા વિના આત્મપ્રદેશથી છૂટા પડી જાય, તે અવિપાક નિર્જરા છે, જેમકે બંધાયેલાં કર્મોનું સંક્રમણ થઇ જાય, સ્થિતિ ઘટી જાય અથવા બંધાયેલા કર્મોને ઉદયમાં આવવા યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ન હોય, ત્યારે કર્મો પોતાના ફળનો અનુભવ કરાવી શકતા નથી. જેમકે સ્ત્રી વેદનો બંધ કર્યો હોય, તે કર્મનો આબાધાકાળ પૂર્ણ થઇ ગયો હોય, તે કર્મને ઉદયમાં આવવાનું હોય પરંતુ જીવ ત્રીજા દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયો હોય તો, ત્યાં સ્ત્રીવેદનો ઉદય થતો નથી કારણકે ત્રીજા દેવલોકના દેવોને માત્ર પુરુષવેદ જ હોય છે, ત્યારે સ્ત્રીવેદનો અનુભવ થતો નથી. ત્યારે તે કર્મનું સંક્રમણ થઇ જાય અથવા તે કર્મોનો માત્ર પ્રદેશોદય થાય (કર્મના ફળનો અનુભવ ન થાય) અને કર્મો આત્માથી છૂટા પડે તે અવિપાક નિર્જરા છે.

સમુદ્‌ઘાત સમયે અનંત કર્મોનો ક્ષય થાય છે. ત્યારે પ્રાય: અવિપાક નિર્જરા થાય છે. કેવળી સમુદ્‌ઘાતમાં વેદનીય, નામ અને ગોત્ર કર્મની સ્થિતિને આયુષ્ય કર્મની સમાન બનાવાય છે, ત્યારે આત્મપ્રદેશો ક્રમશ: લોકવ્યાપી બને અને તે ત્રણે કર્મોના દલિકોનો નાશ થાય, ત્યારે તે કર્મોના ફળનો અનુભવ થતો નથી તે અવિપાક નિર્જરા છે.

**નિર્જરાના ભેદ:** શાસ્ત્રોમાં બાર પ્રકારના તપની અપેક્ષાએ નિર્જરાના બાર પ્રકાર કહ્યાં છે.

પ્રશ્ન છે કે તપથી નિર્જરા કેવી રીતે થાય ?

જેમ જીર્ણ થયેલું કાષ્ટ અગ્નિમાં ભસ્મીભૂત થઇ જાય છે. તેમ તપરૂપ અગ્નિથી અનંતકાલીન કર્મો પણ ભસ્મીભૂત થાય છે. શાસ્ત્રકારોએ તપને અગ્નિની ઉપમા આપી છે. તપરૂપી અગ્નિથી કર્મના રસનો નાશ થાય છે. રસની તીવ્રતાથી કર્મો આત્માની સાથે એકમેક થાય છે, બંધાય છે, જ્યારે રસ સૂકાઇ જાય, ત્યારે નીરસ થયેલાં કર્મદલિકો સહજ રીતે ખરી જાય છે. આત્માથી છૂટા પડી જાય છે. તે જ કર્મોની નિર્જરા છે. આ રીતે નિર્જરાનું મુખ્ય કારણ બાર પ્રકારના તપ છે.

**બાહ્ય તપના ૬ ભેદ:**

**૧) અનશન:** અન્- નહીં, અશન- ભોજન. ભોજનનો ત્યાગ કરવો, તે અનશન છે. જૈનદર્શનમાં મુખ્યત્વે આહારના ચાર પ્રકાર બતાવ્યા છે.

**૧. અસણ- અન્ન.** જેનાથી ક્ષુધા વેદનીય શાંત થાય છે. ધાન્ય-કઠોળ વગેરે અનાજની બનાવટ.

**૨. પાણં-** જેનાથી તૃષા વેદનીય શાંત થાય. કૂવા, તળાવ વગેરેના પાણી.

**૩. ખાઇમં-** જેનાથી ક્ષુધા અને તૃષા વેદનીય શાંત થાય. મીઠાઇ, ફળ, જ્યુસ, મેવાદિ.

**૪. સાઇમં-** સ્વાદિમ્-જેનાથી ક્ષુધા કે તૃષા શાંત નથી થતી. માત્ર સ્વાદ માટે જ ખવાય છે. મુખવાસ, એલચી વગેરે. આ ચાર પ્રકારના આહારનો અલ્પ સમય

માટે કે યાવજ્જીવન પર્યંત ત્યાગ કરવો, તેને અનશન કહે છે.

**અનશન તપ બે પ્રકારના છે. ૧) ઇત્વરિક ૨) યાવત્કથિત.**

**૧) ઇત્વરિક :** તે થોડા કાળનું. એક દિવસ, બે દિવસ માટે આહારનો ત્યાગ કરવો, ભગવાન મહાવીરના શાસનમાં જઘન્ય એક ઉપવાસથી લઇ વધુમાં વધુ ૧૮૦ ઉપવાસ બતાવ્યા છે.

**૨) યાવત્ કથિત અનશન :** જાવજ્જીવ સુધી ચારે આહારનો ત્યાગ. જેને સંથારો કહે છે. તેના ત્રણ પ્રકાર છે.

**૧) ભક્ત પ્રત્યાખ્યાન :** જાવજ્જીવ સુધી ત્રણ કે ચાર આહારનો ત્યાગ-તેમાં હલન-ચલન તથા સેવા કરવા કે કરાવવાની છૂટ હોય છે. તેમાં તિવિહારા કે ચૌવિહારા ઉપવાસ હોય છે.

**૨) ઇંગિત મરણ :** ચાર પ્રકારના આહારનો ત્યાગ કરે. તેમજ ઇંગિત ઇશારો અર્થાત્ નજરમાં આવે તેટલાં ક્ષેત્રની છૂટ અથવા મર્યાદા કરે ત્યાં સુધી આવવા-જવાની છૂટ હોય છે. તે પોતાના ભાવો સંકેત દ્વારા પ્રગટ કરી શકે છે.

**૩) પાદપોપગમન :** પાદપ- વૃક્ષ, ઉપગમન-ગમન કરવું અર્થાત્ વૃક્ષની ડાળ પડી હોય તેમ નિશ્ચેષ્ઠ રહેવું. તેમાં શરીરની કોઇપણ ચેષ્ટા હોતી નથી. તેમાં બીજાની સેવા લેતા નથી. આ પ્રકારના મરણમાં ચારે આહારનો ત્યાગ હોય જ છે.

**૨) ઉણોદરી :** અવમોદરિકા- ઉણ = ઓછું, ઉદર = પેટ એટલે કે પેટ થોડું ઉણું રાખવું. આ તપમાં આહાર ઉપરાંત ઉપધિ અને કષાય પણ ઓછા રાખવાની વાત આવે છે. જેમ ફૂલસ્પીડમાં ચાલતી ગાડીને બ્રેક મારવી કઠિન છે. તેમ મનગમતા ભાવતા ભોજન સામે હોય, રસપૂર્વક ભોજન થતું હોય, તેમાં એકાદ કવલ પણ ઓછો ખાવો, તે અત્યંત કઠિન છે તેથી ઘણીવાર અનશન કરતાં ઉણોદરી તપ કઠિન થઇ જાય છે.

**ઉણોદરી તપ બે પ્રકારના છે. દ્રવ્ય ઉણોદરી અને ભાવ ઉણોદરી.**

**દ્રવ્ય ઉણોદરીના બે પ્રકાર છે.**

**૧) ઉપકરણ ઉણોદરી અને ૨) ભક્તપાન ઉણોદરી.**

**૧) ઉપકરણ ઉણોદરી :** જરૂરિયાત કરતાં વસ્ત્ર પાત્રાદિ ઓછા રાખવા અથવા અલ્પ મૂલ્યના વસ્ત્રો કે પાત્રા રાખવા. તેનાથી મમત્ત્વ ઘટે જ્ઞાન-ધ્યાનમાં વૃધ્ધિ થાય.

**૨) ભક્તપાન ઉણોદરી :** પુરુષોનો ૩૨ કવલનો આહાર હોય. તેમાં આઠ કવલ આહાર લે તે પોણી ઉણોદરી, ૧૬ કવલ લે તો અર્ધ ઉણોદરી, ૨૪ કવલ લે તો, તે પા ઉણોદરી, ૩૧ કવલ લે અર્થાત્ એક કવલ પણ ઓછો લે તો, કિંચિત ઉણોદરી થાય.

આહાર ઓછો લેવાથી પ્રમાદ ઘટે, ઇચ્છા નિરોધની ટેવ પડે. અનશન તપ કરતાં ઉણોદરી તપમાં ઇચ્છા નિરોધ વધુ થાય છે. શરીર નિરોગી રહે. બુદ્ધિની વૃદ્ધિ થાય છે.

**ભાવ ઉણોદરી :** ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ આદિ દોષો ઓછા કરવા. જેનાથી ડીપ્રેસન, હૃદયરોગ વગેરેથી બચી શકાય અને સ્વમાં સ્થિર થઇ શકાય. ઉપવાસ પછી ઉણોદરી તપ કરવાથી આરોગ્ય બરાબર જળવાઇ રહે છે.

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ઉણોદરી તપના ચાર ભેદ કહ્યા છે.**

**દ્રવ્ય ઉણોદરી, ક્ષેત્ર ઉણોદરી, કાળ ઉણોદરી અને ભાવ ઉણોદરી.**

**૩) વૃત્તિસંક્ષેપ :** જીવન જરૂરિયાત કરતાં ઓછામાં ઓછા દ્રવ્યથી ચલાવવું. સચેત દ્રવ્યનો ત્યાગ, કંદમૂળનો ત્યાગ, ભક્ષ્યાભક્ષ્યનો વિવેક રાખવો. પર્વ તિથિના દિવસે લીલોતરીનો ત્યાગ કરવો, વિષય- કષાયમાં જતી વૃત્તિને રોકવી તે, વૃત્તિસંક્ષેપ છે. શ્રી સમવાયાંગ સૂત્રમાં વૃત્તિસંક્ષેપના સ્થાને ભિક્ષાચર્યા નામના તપનો ઉલ્લેખ છે. કોઇપણ અભિગ્રહ સહિત ગૌચરી જવું તે, ભિક્ષાચર્યા તપ છે. ભગવાન મહાવીરનો ૧૩ બોલનો અભિગ્રહ તે ભિક્ષાચરી તપ કહેવાય.

૪) **રસપરિત્યાગ:** ભોજનમાંથી રસનો ત્યાગ કરવો. વિગયનો ત્યાગ કરવો. જેમકે આયંબિલ કરવી, વઘાર વિનાનો નિરસ આહાર કરવો. બીજાને અપ્રિય લાગે તેવો આહાર કરવો, તે માટે ધન્ના અણગારનું ઉદાહરણ પ્રચલિત છે. વિગય ત્યાગ માટે આયંબિલ તપનું કથન તે જૈનધર્મની વિશિષ્ટતા છે. જૈનદર્શને વિગયના વિભાગ બતાવ્યાં છે. વિગય અને મહાવિગય. (વિગય એટલે જેના ભક્ષણથી જીવનો સ્વભાવ વિકૃત થાય. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેવાયું છે કે

**''रस पगामं न निसेवियव्वा''**

વિગયોનું સેવન પુષ્કળ પ્રમાણમાં ન કરવું. વિગયમાં- દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, સાકરનો સમાવેશ થાય છે, જ્યારે મહાવિગય- માંસ, મદિરા (દારૂ), માખણ, મધનો સમાવેશ થાય છે. મહાવિગયનો સદંતર ત્યાગ કરવાનો હોય છે.

૫) **કાયક્લેશ:** દેહના મમત્વને છોડવા માટે નિર્જરાના લક્ષપૂર્વક કાયાને વિવિધ પ્રકારે કષ્ટ આપવું. ગરમીમાં તડકાની આતાપના લેવી. ઠંડીમાં હાથ-પગ પસારીને વસ્ત્ર રહિત ઠંડીની આતાપના લેવી. ઉકડુ આસન કે ગોદુહાસને બેસવું, શરીરની સાર-સંભાળ ન કરવી, લોચ કરવો, ઉઘાડે પગે વિહાર કરવો, મેલ ન ઉતારવો, સાધુની ૧૨ પડિમા ગ્રહણ કરવી. શ્રી ઉવવાઈ સૂત્રમાં વિવિધ આસનો બતાવ્યાં છે. કષ્ટ સાધ્ય આસનોની કઠિનતમ સાધનાથી देह दुक्खं महाफलं ના સિદ્ધાંતથી કર્મની નિર્જરારૂપ મહાન ફળ પ્રાપ્ત થાય છે. તપના સર્વ ભેદોનો મુખ્ય ઉદ્દેશ્ય કર્મક્ષયનો જ હોય છે.

૬) **પ્રતિસંલીનતા:** યોગ, કષાય કે ઈન્દ્રિયોની અશુભ પ્રવૃત્તિને રોકવી. આત્મ સ્વરૂપમાં લીન થવું. ઈન્દ્રિયોને ગોપવવી, આ તપમાં ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાં રાગ-દ્વેષ કરતી રોકવાની છે. તેનાથી કામવાસના પર કંટ્રોલ રહે છે. ઈન્દ્રિય પ્રતિસંલીનતાની સાથે કષાય પ્રતિસંલીનતા પણ બહુ જરૂરી છે. કષાયથી ભવ પરંપરા વધે છે, માટે કષાય પ્રતિસંલીનતા જરૂરી છે. યોગ એટલે મન,

વચન, કાયાની પ્રવૃત્તિ અર્થાત્ ત્રણેય યોગની મિથ્યા પ્રવૃત્તિ છોડવાથી પ્રતિસંલીનતા તપ થાય છે. મન જેટલું શાંત રહે, વચનથી મૌન રહે અને કાયાનો જેટલો સંવર થાય, તેટલું પ્રતિસંલીનતા તપ થાય છે. મન, વચન, કાયાનો સંવર આવતા કર્મને રોકે છે. જ્યાં સંવર છે ત્યાં નિર્જરા પણ થાય છે. સંવર અને નિર્જરા એક સિક્કાની બે બાજુ છે.

**બાહ્ય તપના છ પ્રકાર છે તેમ આભ્યંતર તપના પણ છ પ્રકાર છે.**

૧) **પ્રાયશ્ચિત:** અતિચારોની શુધ્ધિ માટે ગુરુ સમક્ષ પાપને પ્રગટ કરી, તેનો પશ્ચાતાપ કરવો અને ગુરુના આદેશ અનુસાર તેના દંડ રૂપે તપનો સ્વીકાર કરવો તેને પ્રાયશ્ચિત તપ કહે છે. પાપની પર્યાયનું છેદન કરે તે પ્રાયશ્ચિત. શ્રાવકો માટે ૯૯ અતિચાર અને સાધુ માટે પાંચ મહાવ્રતની ૨૫ ભાવના દ્વારા પાપની ઓળખાણ કરાવી અને પાપના પ્રાયશ્ચિત માટે પ્રતિક્રમણની સુંદર વ્યવસ્થા છે. પ્રાયશ્ચિત તપના મુખ્ય ૧૦ પ્રકાર છે. સાધકે જે દોષનું સેવન કર્યું હોય, તેનું પ્રાયશ્ચિત કરવું.

પ્રાયશ્ચિતના દશ પ્રકાર :

૧. **આલોચના:** પોતાના દોષોનું નિરીક્ષણ કરવું, ત્યાર પછી સરળ અને નિર્દોષ ભાવે પોતાના પાપ-દોષોને ગુરુ સમક્ષ પ્રકાશવા. કોઇ સાધુથી કોઇપણ દોષનું સેવન થયું, પછી તેને થયું કે હું ગુરુ પાસે જઇને પાપ-દોષને પ્રગટ કરું અને પ્રાયશ્ચિત લઉં. તે ત્યાંથી નીકળ્યો અને ગુરુ પાસે પહોંચ્યો તે પહેલાં કાળધર્મ પામ્યો તો પણ તે આરાધક થાય છે કારણ કે ભાવથી તે પ્રાયશ્ચિત માટે તૈયાર થયો હતો. જે દોષની શુદ્ધિ આલોચના માત્રથી થઇ જાય, તેને આલોચનાર્હ પ્રાયશ્ચિત કહે છે.

૨. **પ્રતિક્રમણ:** કરેલાં પાપદોષથી અથવા અશુભ યોગથી પાછા ફરી મિચ્છામિ દુક્કડંમ્ કહી પ્રતિક્રમણ કરવું અને ભવિષ્યમાં તે દોષનું ફરી સેવન ન થાય તે માટે

સંકલ્પ કરવો. જે દોષની શુદ્ધિ પ્રતિક્રમણથી થાય તેને પ્રતિક્રમણાર્હ પ્રાયશ્ચિત કહે છે.

**૩. આલોચના અને પ્રતિક્રમણ:** આલોચના અને પ્રતિક્રમણ બંને કરવાથી જે દોષની શુદ્ધિ થાય તેને તદુભયાર્હ પ્રાયશ્ચિત કહે છે.

**૪. વિવેક :** જ્ઞાનપૂર્વક દોષિત વસ્તુનો ત્યાગ કરવો. જે દોષની શુદ્ધિ આધાકર્માદિ દોષયુક્ત આહારનો વિવેક અર્થાત્ ત્યાગ કરવાથી થાય તેને વિવેકાર્હ પ્રાયશ્ચિત કહે છે.

**૫. વ્યુત્સર્ગ:** જે દોષોની શુદ્ધિ માટે શરીરને એક આસને સ્થિર કરીને ઉપયોગને સ્થિર કરવો તે વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત છે.

**૬. તપ:** દોષની શુદ્ધિ માટે એકાસણા, આયંબિલ યાવત્ છ માસી તપ કરવું તે તપ પ્રાયશ્ચિત છે.

**૭. છેદ:** દોષની શુદ્ધિ માટે દીક્ષા પર્યાયનો છેદ કરવો અર્થાત્ દીક્ષાનો સમય ઓછો કરવો તેને છેદ પ્રાયશ્ચિત કહે છે.

**૮. મૂલ:** જે દોષની શુદ્ધિ માટે સંયમ પર્યાયનો પૂર્ણત: છેદ કરીને પુન: નવી દીક્ષા અપાય તે મૂલ પ્રાયશ્ચિત કહે છે.

**૯. અનવસ્થાપિત:** પ્રાયશ્ચિતમાં આપેલું વિશિષ્ટ તપ જ્યાં સુધી ન કરે ત્યાં સુધી સાધુ સમુદાયની બહાર રાખવા, પછી ફરી નવી દીક્ષા આપવી, તે અનવસ્થાપિત પ્રાયશ્ચિત કહે છે.

**૧૦. પારંચિત:** સાધુ વેશ ઉતરાવી ગૃહસ્થવેશ પહેરાવી છ માસ સમુદાયથી અલગ રાખી ફરી નવી દીક્ષા દેવી તે પારંચિત પ્રાયશ્ચિત છે.

સામાન્ય સાધુઓને પ્રારંભના આઠ પ્રાયશ્ચિત જ અપાય છે. અંતના બે પ્રાયશ્ચિત વર્તમાને અપાતા નથી.

આ દસ પ્રકારના પ્રાયશ્ચિતમાંથી દોષ સેવન, તેની તીવ્રતા-મંદતાના આધારે ગુરુ કોઈપણ એક પ્રાયશ્ચિત આપી દોષની શુદ્ધિ કરાવે છે.

છે. તેથી આ તપ સ્વ પર લાભદાયક આભ્યંતર તપ છે.

૪) **સ્વાધ્યાય : स्वेन स्वस्य अध्ययनं स्वाध्याय-** સ્વયં દ્વારા સ્વયંનું અધ્યયન કરવું. શ્રી ઉવવાઈ સૂત્રમાં સ્વાધ્યાયના અર્થ આ પ્રમાણે કહ્યા છે. ૧. પોતાના આત્માને હિતકારી થાય તે રીતે અધ્યયન કરવું. ૨. આળસનો ત્યાગ કરી જ્ઞાન આરાધના કરવી. ૩. તત્ત્વજ્ઞાનનું પઠન-પાઠન અને પુનરાવર્તન કરવું. ૪. જિનપ્રણિત શાસ્ત્રનું ભક્તિ-ભાવથી અધ્યયન- અધ્યાપન કરવું તે સ્વાધ્યાય તપ છે.

**આ તપના પાંચ પ્રકાર છે.**

૧. **વાચના :** તત્ત્વ નિરૂપક આધ્યાત્મિક ગ્રંથોને વાંચી તેના મર્મ શોધવા સ્વયં પ્રયત્ન કરવો.

૨. **પૃચ્છના :** વાંચન કર્યા પછી સમજમાં ન આવે તો સમજવાના ઉદ્દેશથી કોઈ વિશેષ જ્ઞાનીને વિનયપૂર્વક પૂછવું.

૩. **અનુપ્રેક્ષા :** વાંચવા અને પૂછવાથી જે જ્ઞાન પ્રાપ્ત થયું હોય તેનું ચિંતન-મનન કરવું.

૪. **પરિયટ્ટણા :** પરિયટ્ટણા જ્ઞાન વૃદ્ધિનો અમોઘ ઉપાય છે. વાંચન- પૃચ્છા અને અનુપ્રેક્ષા પછી નિશ્ચિત વિષયને સ્થિર કરવા, તેની ધારણા માટે વારંવાર ગોખવું, ફેરવવું.

૫. **ધર્મકથા :** ઉપરના ચાર તબક્કા પછી તે વિષયનો અન્ય જીવોને હિતાર્થે ઉપદેશ આપવો.

સ્વાધ્યાય કરવાથી જ્ઞાન, વિજ્ઞાન, આચારનિષ્ઠા, શ્રદ્ધા, ભક્તિ, વૈરાગ્ય, શ્રુત સંપન્નતા, ચિત્તની એકાગ્રતા વગેરે અનેકાનેક ગુણો પ્રગટ થાય છે. સ્વાધ્યાય આભ્યંતર તપ હોવાથી તે સર્વ કર્મની નિર્જરાનું કારણ બને છે અને વિશેષત : તેનાથી જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા થાય છે.

**૨) વિનય :** શ્રી ઉવવાઇ સૂત્રમાં વિનયની સુંદર વ્યાખ્યા કરી છે.

**विशेषेण नीयते मोक्षोन्मुख आत्मा क्रियते येन स विनय:।**

૧. જે ક્રિયાથી આત્મા વિશેષપણે મોક્ષની નજીક જાય છે તે વિનય છે. ૨. જેના દ્વારા દુ:ખના કારણભૂત આઠ કર્મોનું વિનયન-વિનાશ થાય તેને વિનય કહે છે. ૩. ગુરુજનોની કે રત્નાધિકોનો દેશકાળ અનુસાર સેવા, ભક્તિ અને સત્કાર-સન્માન કરવો તે વિનય. **धम्मस्स विणओ मूलं**- ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય છે. **परमो से मोक्खो**- વિનયનું અંતિમ ફળ સર્વ કર્મ ક્ષયરૂપ મોક્ષ છે. વિનયના સાત ભેદ છે. જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, મનો વિનય, વચન વિનય, કાય વિનય, લોકોપચાર વિનય. શિષ્ય કેવળજ્ઞાની થઇ જાય તો પણ તે છદ્મસ્થ ગુરુને વંદન કરે છે. તેનું શ્રેષ્ઠ દૃષ્ટાંત મૃગાવતી ચંદનબાળાને વંદન કરી ખમાવે છે. ગુર્વાદિકો પ્રતિ ભક્તિ બહુમાનપૂર્વકનો વ્યવહાર વિનય તપ છે. નાના સાધુ સાથે પણ પ્રેમપૂર્વક સમુચિત વ્યવહાર કરવો જોઇએ. સંક્ષેપમાં ગુરુ કે વડીલ પ્રતિ સંપૂર્ણ વિનય વ્યવહાર અને નાના પ્રતિ આદરભાવપૂર્વક સમુચિત આચરણ કરવું તે વિનયવાનનું લક્ષણ છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન-૧ માં વિનય તપનું સુંદર વર્ણન છે.

**૩) વૈયાવચ્ચ (વૈયાવૃત્ત):** સેવા. સેવા કરવા યોગ્ય પાત્રોના આધારે તેના દસ પ્રકાર છે. **૧. આચાર્યની ૨. ઉપાધ્યાયની ૩. શૈક્ષની (નવદીક્ષિત) ૪. ગ્લાન- રોગીની ૫. તપસ્વીની ૬. સ્થવિરની ૭. સાધર્મિક- સમાન સમાચારીવાળા શ્રમણોની ૮. કુળ- એક આચાર્યના શિષ્ય પરિવારની ૯. ગણ- અનેક આચાર્યના સમુદાયની ૧૦. ચતુર્વિધ સંઘની વૈયાવચ્ચ કરવી.** શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં વૈયાવચ્ચ માહાત્મ્યને પ્રદર્શિત કરીને કહ્યું છે. વૈયાવચ્ચ કરનાર જીવ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે છે. વૈયાવચ્ચ કરનારી વ્યક્તિ આત્માના અનેક ગુણોને પ્રગટ કરે છે. અન્યની સાધનામાં સહાયક બને

**૫) ધ્યાન :** બાર તપમાંથી ધ્યાન તપ એક સાધ્ય છે. બાકીના તપ સાધન છે.

**ध्यायते वस्तु अनेन इति ध्यानम्।**

૧. જેના દ્વારા વસ્તુનું ચિંતન કરાય તે ધ્યાન. ૨. ચંચળ ચેતના તે ચિત્ત અને સ્થિર ચેતના તે ધ્યાન. ૩.અંતર્મુહૂર્ત સુધી એક વસ્તુના ચિંતનમાં સ્થિર રહેવું તે છદ્મસ્થનું ધ્યાન અને યોગોનો નિરોધ કરવો તે કેવળીનું ધ્યાન. ૪ મન-વચન-કાયાની સ્થિરતા તે ધ્યાન. સંક્ષેપમાં મોક્ષની સાધનામાં સહાયક તત્ત્વમાં એકાગ્રતાપૂર્વક તલ્લીન થઈ જવું તે ધ્યાન તપ છે. ધ્યાનના ચાર પ્રકાર છે. આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન (વિસ્તાર માટે જુઓ પાઠાવલી ભાગ-૩ Page No. ૩૪, ૩૫, ૩૬...)

ચારે ધ્યાનનું સ્વરૂપ યથાર્થ રીતે જાણીને આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાનનો સર્વથા ત્યાગ કરી ધર્મધ્યાન, શુક્લધ્યાનમાં સ્થિર થવું, તે જ આભ્યંતર ધ્યાન તપ છે.

**૬) વ્યુત્સર્ગ (કાયોત્સર્ગ):** બાર પ્રકારના તપમાં વ્યુત્સર્ગ તપ છેલ્લું છે. વિ + ઉત્સર્ગ = વ્યુત્સર્ગ. વિ-વિશેષ પ્રકારે, ઉત્સર્ગ- છોડવું. વ્યુત્સર્ગ એટલે નિ: સંગતા, અનાસક્તિ, નિર્ભયતા અને જીવનની આશાનો ત્યાગ. આ એક શિથિલીકરણીની પ્રક્રિયા છે. સાધક શ્વાસને યૌગિક પ્રક્રિયાથી સૂક્ષ્મ કરે છે. મન-વચન-કાયાને સ્થિર કરી અયોગીપણાને પ્રાપ્ત કરે છે. શરીર પ્રત્યે મમત્વ ભાવ છૂટે છે. કાયા સાથે કષાય, કર્મ અને સંસારનો ત્યાગ કરવો.

**વ્યુત્સર્ગના બે પ્રકાર છે. ૧. દ્રવ્ય વ્યુત્ર્સગ અને ૨. ભાવ વ્યુત્સર્ગ.**

**૧. દ્રવ્ય વ્યુત્સર્ગ:** ૧. શરીર વ્યુત્સર્ગ- દેહનો ત્યાગ ૨. ગણ વ્યુત્સર્ગ- ગણ-સમુદાયનો ત્યાગ કરી એકાકીપણે આત્મસાધના કરવી. ૩. ઉપધિ વ્યુત્સર્ગ- સંયમના ઉપકરણનો ત્યાગ. ૪. ભક્ત-પાન વ્યુત્સર્ગ- આહાર-પાણીનો ત્યાગ.

**૨. ભાવ વ્યુત્સર્ગ:** ચાર કષાયનો ત્યાગ અને સંસાર વ્યુત્સર્ગ એટલે ચાર ગતિના પરિભ્રમણ રૂપે કર્મબંધનો ત્યાગ અને આઠ કર્મના કારણોનો ત્યાગ કરવો.

આમ કર્મ, કષાય અને સંસારનો ત્યાગ કરી મુક્તાત્મા સિદ્ધક્ષેત્રમાં સ્થિર

થાય છે. પૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરે છે અને Jain way of healthy living ને ચરિતાર્થ કરે છે.

આમ આહાર ત્યાગ (અનશન) થી શરૂઆત કરી સાધકની સ્વસ્થ જીવનની યાત્રા સંસાર ત્યાગ (વ્યુત્સર્ગ) માં પરિણમે છે. દરેક તપ ક્રમશઃ શ્રેષ્ઠ છે. સંપૂર્ણ સુખ, સમાધિ, શાંતિ અપાવે છે.

**બાર પ્રકારના તપની ક્રમિકતા અને ઉપયોગિતા:**

**तपसा निर्जरा च**- તપથી નિર્જરા થાય છે. તપને સંવરનો અને નિર્જરાનો શ્રેષ્ઠ ઉપાય માનવામાં આવ્યો છે. અનાદિકાળથી આત્માનો આહાર સાથે ગાઢ સંબંધ છે, તેથી જ ૧૨ પ્રકારના તપમાં **અનશન** તપનો પ્રથમ નંબર છે. આહારની આસક્તિ છૂટે પછી ક્રમશઃ **ઉણોદરી** તરફ જવાનું છે જેમાં વૃત્તિ પર કાબુ મેળવવાનો છે. અનશનમાં ખાવાનું જ નથી. તેથી બીજો વિકલ્પ ન હોય,જ્યારે ખાવાનું શરૂ કરીએ પછી અટકવું મુશ્કેલ છે. એકવાર જમવા બેઠા પછી ભરપેટ ખાધા વગર ઉભા થવું અતિ મુશ્કેલ છે. ક્રમશઃ પછીના તપમાં કઠિનતા વધુ છે. તેમ લાભ પણ વધુ છે. ઉણોદરીમાં બધું ખાઇ શકાય છે. જ્યારે **વૃત્તિસંક્ષેપ** તપમાં પોતાની વૃત્તિઓને અંદર તરફ વાળવાની છે. આપણી વૃત્તિઓ- ઇચ્છાઓ જે માંગણી કરે તેનો કંટ્રોલ કરવાનો છે. દ્રવ્ય વગેરેની મર્યાદા કરવાની છે. ઓછા દ્રવ્યથી ચલાવવાનું છે. ઉણોદરીમાં બધાં દ્રવ્ય વાપરી શકતા હતા, જ્યારે આ તપમાં ઇચ્છા પર રોક લગાવવાની છે. આગળ વધી **રસપરિત્યાગ,** વૃત્તિસંક્ષેપ કરતાં વધુ કઠિન છે. આ તપમાં વિગયનો ત્યાગ, ભોજન પ્રતિ રાગનો ત્યાગ, જીભને સ્વાદહીન ભોજન આપવાનું છે. આ તપ એટલે આયંબિલનો આહાર અથવા નીરસ આહાર કરવો. ઉપવાસ શ્રેષ્ઠ છે પણ આયંબિલથી વિકાર પર કાબુ આવે છે. સતી સુંદરીની ૬૦,૦૦૦ આયંબિલ તથા ધન્ના અણગારે માત્ર ૯ માસ છઠ્ઠના પારણે આયંબિલ તપ કર્યું હતું તેનું ઉત્તમ ઉદાહરણ છે. આ ચારે તપ આહાર પર આધારિત છે. સ્વસ્થ જીવન માટે યોગ્ય આહાર, વિહાર અને વિશ્રામ લેવો જરૂરી છે. યોગ્ય આહાર પછી વિહાર એટલે

વ્યાયામ- કસરત જરૂરી છે. રસપરિત્યાગ પછી **કાયકલેશ** તપ છે. સ્વેચ્છાએ સ્વાધીનપણે નિર્જરા અર્થે કાયાને કષ્ટ આપવું તે કાયકલેશ તપ. તેમાં વિવિધ આસનો છે તેમાં જો સાથે પૂર્ણ ભાવ ભળે તો શારીરિક, માનસિક અને આત્મિક સ્વસ્થતા પ્રગટ થઇ શકે છે. ત્યાર પછી **પ્રતિસંલીનતા**, તેમાં ઈન્દ્રિયોને તથા યોગોને પોતપોતાના વિષયમાં રાગ-દ્વેષ કરતાં રોકવાના છે. તેમાં કામવાસના પર કંટ્રોલ આવે છે. અહીંથી હવે વિશ્રામની શરૂઆત થાય છે. આભ્યંતર તપમાં પ્રવેશ થાય છે. તેમાં પહેલું તપ **પ્રાયશ્ચિત.** હવે શારીરિકથી માનસિક તપ તરફ વળવાનું છે. પ્રાયશ્ચિત એટલે પાપનો પ્રશ્ચાતાપ કરી પાપથી પાછા ફરવું. પ્રતિક્રમણ દ્વારા પ્રાયશ્ચિત તપ થાય છે. પ્રાયશ્ચિતથી પાવન બનેલો જીવ જ યોગ્ય **વિનય** કરી શકે. જ્ઞાનાદિના ધારક પ્રત્યે અનંત બહુમાનનો ભાવ પ્રગટે તો જ તેમની **વૈયાવૃત્ય** થઇ શકે. વૈયાવચ્ચને કારણે માનસિક, આત્મિક સ્વસ્થતા, ચિત્ત સ્વસ્થતા કરનાર જ **સ્વાધ્યાય** કરી શકે. મનની એકાગ્રતા વધે તો **ધ્યાન** થઇ શકે. ધ્યાનથી પોતાના સ્વરૂપમાં સ્થિર થવાય, તો જ **વ્યુત્સર્ગ** તપ સહજ થઇ શકે. આમ બાર પ્રકારના તપ દ્વારા નિર્જરા અંતે મુક્તિ મળે છે.

**બાહ્ય- આભ્યંતર તપ એકબીજાના પૂરક છે તે સમજીએ.**

૧. અનશન કરીએ તો પ્રાયશ્ચિત માટે વિચારણાનો સમય મળે છે.

૨. ઊણોદરીથી આળસનો ત્યાગ થતાં વિનય કરવામાં સરળતા રહે છે.

૩. વૃત્તિસંક્ષેપ- જરૂરિયાત ઘટાડવાથી વૈયાવચ્ચ સરળ રીતે થઇ શકે છે.

૪. રસપરિત્યાગ કરવાથી સ્વાધ્યાયમાં લીન થવાય છે.

૫. કાયકલેશ તપથી શરીર સ્થિર રાખવાનો અભ્યાસ થાય, તો ધ્યાનમાં સ્થિર આસને બેસી શકે છે. દેહાધ્યાસ છૂટે છે.

૬. ઈન્દ્રિય પ્રતિસંલીનતાથી વ્યુત્સર્ગ થઇ શકે છે.

આ રીતે બાહ્ય તપ અને આભ્યંતર તપ બન્ને પરસ્પર એકબીજાના પોષક છે.

ઘણાં એમ વિચારે છે કે બાહ્ય તપ પૂરું થાય પછી આભ્યંતર તપમાં પ્રવેશ

કરશું તો એ શકય નથી. તપના બંને પાસા જરૂરી છે.

આ બાર પ્રકારના તપ દ્વારા પૂર્વકૃત કર્મો તપની અગ્નિમાં ભસ્મીભૂત થાય છે. જીવ અને કર્મો છૂટા પડે છે, તેમ તેમ આત્મશુદ્ધિ થતી જાય છે, જેમ માખણને તપાવતાં તેમાં રહેલું જલીય તત્ત્વ બળી જાય છે અને શુદ્ધ ઘી પ્રાપ્ત થાય છે, તેમ કર્મો બળી જતાં ચિદાનંદમય આત્મસ્વરૂપ પ્રગટ થાય છે.

કર્મની નિર્જરા અર્થે ૧૨ તપને day to day life માં practice કરવા માટે નિત્ય એક નિયમ ધારી શકાય.

૧. **અનશન તપ:** રાત્રિ ભોજનનો ત્યાગ, એક એક કલાકના ચૌવિહાર.

૨. **ઉણોદરી તપ:** ભૂખ કરતાં થોડું ઓછું જમવું.

૩. **વૃત્તિસંક્ષેપ તપ:** ૧૪ નિયમ ધારવા, દ્રવ્યની મર્યાદા.

૪. **રસપરિત્યાગ:** કોઈપણ એક વિગયનો ત્યાગ.

૫. **કાયકલેશ:** લિફ્ટનો ત્યાગ, ચપ્પલનો ત્યાગ ઇત્યાદિ.

૬. **પ્રતિસંલિનતા:** સ્નાન ત્યાગ, ટી. વી., સિનેમાનો ત્યાગ.

૭. **પ્રાયશ્ચિત:** સૂતાં પહેલાં ઘરના દરેક વ્યક્તિને sorry કહેવું. ૮૪ લાખ જીવાયોનિના જીવોને ખમાવવા.

૮. **વિનય:** ગુરુ અને સંતોને વંદન કરવા, માતા-પિતા અને વડિલોને જય-જિનેન્દ્ર કહેવું.

૯. **વૈયાવચ્ચ:** જીવ માત્ર પ્રત્યે અનુકંપા રાખવી. ઘરના દરેક સભ્યો સાથે અનુકૂળ વ્યવહાર કરવો.

૧૦. **સ્વાધ્યાય:** પૂર્વે શીખેલું જ્ઞાન ઓછામાં ઓછું ૧૦ મિનિટ ફેરવવું અથવા ધાર્મિક વાંચન કરવું.

૧૧. **ધ્યાન:** થોડો સમય કાયાને સ્થિર કરી પોતાના શ્વાસોચ્છ્વાસ અનુભવવાનો પ્રયત્ન કરવો.

૧૨. **વ્યુત્સર્ગ:** ત્રણે યોગના મમત્વનો ત્યાગ કરી કાયોત્સર્ગ મુદ્રામાં બેસવું.

# સમ્યક્ તપ અને તેના પ્રકાર

## બાહ્ય તપ

### પ્રથમ ચાર તપ આહારની અપેક્ષાએ

**1**



**અનશન તપ**
No food at all
આહારનો ત્યાગ

**2**



**ઉણોદરી તપ**
Control on quantity of food
ઈચ્છા હોવા છતાં પણ ભોજન ઉપર રોક

**3**



**વૃત્તિસંક્ષેપ તપ**
Control on variety of food
ભોજનમાં વિવિધતા હોવા છતાં દ્રવ્યની મર્યાદા

**4**



**રસપરિત્યાગ તપ**
Taste less food
વિગય સહિત સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ (આયંબિલ તપ)

**5**



**કાયકલેશ**
Knowingly giving pain to body
કાયાની માયા છોડી કાયાને કષ્ટ આપવું

**6**



**પ્રતિસંલિનતા**
Control over sensory organs
ઈન્દ્રિયો તથા યોગ- કષાયની અશુભ પ્રવૃત્તિને વશમાં રાખવી

# આભ્યંતર તપ

## ૧. પ્રાયશ્ચિત તપ

Repentance

પાપનું પક્ષાલન કરવું

પ્રતિક્રમણ કરવું.



## ૨. વિનય તપ

To Respect Guru,
Elders etc

પ્રાયશ્ચિત દ્વારા
હળવો બનેલો જીવ
વિનય દ્વારા
કર્મની નિર્જરા



## ૩. વૈયાવચ્ચ તપ

To Serve or Help others

વિનયી આત્મા
અહોભાવ પ્રગટ થતાં
વૈયાવચ્ચ (સેવા)
દ્વારા કર્મની નિર્જરા.



## ૪. સ્વાધ્યાય તપ

Self study

વૈયાવચ્ચથી માનસિક,
આત્મિક સ્વસ્થતા વધતાં
સ્વના અધ્યયન દ્વારા
કર્મની નિર્જરા



## ૫. ધ્યાન તપ

Meditation

સ્વાધ્યાય દ્વારા મનની
એકાગ્રતા વધતાં ધ્યાન
દ્વારા કર્મની નિર્જરા.



## ૬. વ્યુત્સર્ગ તપ

To dissociate soul
from the body

ત્રણે યોગની સ્થિરતા
દ્વારા કર્મની નિર્જરા



# 8. BANDH TATVA

## કર્મરજ રૂપી પાણીનો સંગ્રહ



ક્ષીર- નીર સમ જડ ને ચેતન એકમેક થાય,
પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ ચારે કર્મબંધ કહેવાય

## બંધ તત્ત્વ

બંધ તત્ત્વ જીવની બંધન અવસ્થાને પ્રગટ કરે છે, જેણે બંધનથી મુક્ત થઈને સ્વતંત્રતાનો આનંદ માણવો હોય, તેણે બંધની સ્થિતિ, બંધનું સ્વરૂપ સમજવું અનિવાર્ય છે.

આ લોકમાં રહેલા કાર્મણ વર્ગણાના અનંતાનંત દલિકો આશ્રવના કારણે આકર્ષિત થાય અને ત્યાર પછી આત્મપ્રદેશો સાથે દૂધ અને પાણીની જેમ એકમેક થઈ જાય, તેને જ કર્મબંધ કહે છે. અહીં બંધનો અર્થ દોરી આદિથી બે વસ્તુને ભેગી કરીને બાંધવી તે પ્રમાણે નથી, પરંતુ ચૈતન્ય સ્વરૂપ આત્મપ્રદેશો અને જડ સ્વરૂપ કાર્મણવર્ગણાના દલિકોનું એકમેક થવું તે બંધ છે. જે રીતે બંધનમાં રહેલી વ્યક્તિ પરાધીન કે પરતંત્ર બની જાય છે, તેમ કર્મબંધથી અનંત શક્તિવંત આત્મા પરાધીન કે પરતંત્ર બની જાય છે, તેની શક્તિ કે તેના અનંતગુણો કર્મબંધથી આવરિત થઈ જાય છે, દબાઈ જાય છે, તેથી આ ક્રિયાને શાસ્ત્રકાર બંધ કહે છે.

તેને એક રૂપક દ્વારા સમજીએ....

કર્મનું નેટવર્ક સ્વયં સંચાલિત અને અદ્ભૂત છે. જ્યાં સુધી જીવ મુક્ત ન થાય ત્યાં સુધી નેટવર્ક ક્યારેય ખોરવાતું નથી. તે અવિરતપણે ચાલ્યા કરે છે. જીવના મન, વચન અને કાયા તે બેટરી રૂપ છે અને રાગ-દ્વેષ આદિ કષાયના પરિણામે બેટરી રીચાર્જ થયા જ કરે છે. શરીર રૂપ મોબાઇલમાં અનાદિકાળથી કર્મથી બંધાયેલો આત્મા સીમકાર્ડ રૂપ છે અને કર્મોની સત્તા રૂપ મેમરીકાર્ડ છે. કર્મનું નેટવર્ક બરાબર ચાલે તે માટે આખા વિશ્વમાં કાર્મણ વર્ગણા રૂપ તરંગો (waves) ફેલાયેલા છે. કાર્મણ વર્ગણા રૂપ તરંગો આશ્રવ દ્વારા સીમકાર્ડમાં પ્રવેશે છે અને મોબાઇલનું નેટવર્ક એક્ટિવેટ થતું રહે છે અને કર્મના નેટવર્કની અંતર્ગત વિવિધ અવસ્થાઓ અસ્તિત્વમાં આવે છે. જેને ચાર પ્રકારના બંધ કહે છે.

કર્મબંધ સમયે જ તેમાં ચાર અંશનું નિર્માણ થાય છે. જેમ ગાય ઘાસ ખાય અને તેનું પરિણમન દૂધ રૂપે થાય, ત્યારે તેમાં ચાર અંશનું નિર્માણ થાય છે જેમકે

૧. દૂધની પ્રકૃતિ એટલે સ્વભાવ, ૨. દૂધની દૂધ રૂપે રહેવાની કાળમર્યાદા એટલે સ્થિતિ, ૩. દૂધના સ્વાદની તીવ્રતા અને મંદતા એટલે અનુભાગ તથા ૪. દૂધનું પ્રમાણ એટલે પ્રદેશ.

ચાર પ્રકારના બંધ ઇંજેક્શનના દૃષ્ટાંત દ્વારા સમજીએ: કોઈ ઈન્જેક્શન તાવને મટાડે, કોઈ ઈન્જેક્શન શરદી મટાડે, તેમ કોઈ કર્મ શરીર આપે, કોઈ કર્મ સંયોગ આપે તે પ્રકૃતિ બંધ. કોઈ ઈન્જેક્શનની અસર ચાર કલાક રહે, કોઈની ૨૪ કલાક રહે, તેમ કોઈ કર્મ એક સાગરોપમ રહે, કોઈ એક ક્રોડાક્રોડ સાગરોપમ રહે, તે સ્થિતિ બંધ. કોઈ ઈન્જેક્શન લો પાવરનું હોય, કોઈ હાઈ પાવરનું, તેમ કોઈ કર્મ મંદ રસથી ભોગવાય, કોઈ તીવ્ર રસથી ભોગવાય તે રસબંધ. નાના ઈન્જેક્શનમાં થોડી દવા અને મોટા ઈન્જેક્શનમાં વધુ દવા હોય, તેમ કર્મના પુદ્‌ગલ ઓછા કે વધારે આત્મા સાથ જોડાય તે પ્રદેશબંધ કહેવાય.

તે જ રીતે કર્મબંધ સમયે જ તે (૧) કર્મની પ્રકૃતિ-સ્વભાવ, (૨) કર્મોની સ્થિતિ (૩) કર્મોની ફળ આપવાની તીવ્ર-મંદ શક્તિ અને (૪) કર્મોનું પ્રમાણ અર્થાત જથ્થો. આ નક્કી થાય છે. આ પ્રક્રિયાના આધારે જ કર્મબંધના ચાર પ્રકાર છે.

### કર્મબંધના ચાર પ્રકાર:

**૧) પ્રકૃતિ બંધ:** પ્રકૃતિ- સ્વભાવ. આત્મા સાથે કર્મ બંધાય તેમાં સ્વભાવ નક્કી થાય કે આ કર્મ આ જીવના જ્ઞાનને રોકશે કે દર્શનને? શાતા આપશે કે અશાતા? આ રીતે કર્મનો સ્વભાવ. પ્રકૃતિ બંધ આઠ પ્રકારનો છે, જેને આઠ કર્મ કહેવાય છે. (વિસ્તાર થી ૧૪૮ કર્મપ્રકૃતિઓ છે. જુઓ પાઠાવલી ભાગ-૨ કર્મપ્રકૃતિ).

**૨) સ્થિતિ બંધ:** સ્થિતિ-સમય મર્યાદા. બંધાયેલું કર્મ કેટલો કાળ સુધી આત્મા સાથે રહેશે? એક વર્ષ રહેશે, એક સાગર રહેશે કે એક ક્રોડાક્રોડ સાગરોપમ રહેશે? આ સ્થિતિ અંતર્મુહૂર્તથી લઈ ૭૦ ક્રોડાક્રોડ સાગરની હોય છે તે સ્થિતિ બંધ છે.

**૩) અનુભાગ બંધ અથવા રસ બંધ:** અનુભાગ-તીવ્ર-મંદ, શુભ-અશુભ રસ. બંધાયેલું કર્મ કેટલા તીવ્ર રસથી કે કેટલા મંદ રસથી ફળ આપશે તે નક્કી થવું. ઓછા-અધિક રસ પ્રમાણે કર્મ ભોગવાય છે.

**૪) પ્રદેશ બંધ:** પુદ્‌ગલના પ્રદેશ. કર્મ બંધાય તેમાં કેટલા કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો આવે અને આત્મા સાથે ચોંટે તે પ્રદેશ બંધ કહેવાય. કર્મનો જથ્થો પ્રદેશ બંધ છે.

કષાયની તીવ્રતા-મંદતાના આધારે કર્મબંધના ચાર પ્રકાર: કર્મબંધની તીવ્રતા કે મંદતાનો આધાર કષાયની તીવ્રતા અને મંદતા છે.

**૧. સ્પૃષ્ટ (શિથિલ) કર્મબંધ:** જે કર્મબંધમાં કષાયની માત્રા અત્યંત અલ્પ હોય, તે સ્પૃષ્ટ કર્મબંધ છે. જેમ સૂકા કપડાં ઉપર લાગેલી રજકણ ખંખેરવા માત્રથી દૂર થઈ જાય છે અથવા દોરામાં શિથિલ-ઢીલી ગાંઠ વાળવામાં આવે તો તે સહજ પ્રયત્નથી ખુલ્લી જાય છે, તેમ જે કર્મ સ્પર્શ માત્ર સંબંધથી બંધાયા હોય તે સામાન્ય પશ્ચાતાપથી છૂટી જાય છે. જેમકે પ્રસન્નચંદ્ર રાજર્ષિના કર્મો.

**૨. બદ્ધ (ગાઢ) કર્મબંધ:** જે કર્મબંધમાં કષાયની માત્રા અધિક હોય તે બદ્ધ- ગાઢ કર્મબંધ છે. જેમ ભીના કપડાં ઉપર લાગેલી રજકણ કાઢવા વિશેષ પ્રયત્ન કરવો પડે. તે ખંખેરવા માત્રથી નીકળતી નથી, તેના માટે સાબુનો પ્રયોગ કરવો પડે છે અથવા દોરામાં ખેંચીને સખત રીતે ગાંઠ વાળવામાં આવે તો તેને ખોલવા થોડી મુશ્કેલી થાય છે, તેમ જે કર્મ ગાઢ બંધનથી બંધાયા હોય તેનો નાશ કરવા વિશેષ પુરુષાર્થ કરવો પડે છે. જેમકે અયવંતામુનિના કર્મો.

**૩. નિદ્ધત કર્મબંધ:** જે કર્મબંધમાં કષાયની માત્રા તીવ્રતર હોય તે નિદ્ધત કર્મબંધ છે. જેમ ભીના કપડાં ઉપર લાગેલા કાદવના ડાઘ કાઢવા સાબુ સાથે બ્રશનો પ્રયોગ કરવો પડે છે, અથવા રેશમી દોરામાં મજબૂત ગાંઠ વાળી હોય તો તે ઘણી મુશ્કેલીથી છૂટે છે, તેમ જે કર્મ અત્યંત ગાઢ બંધનથી બંધાયેલા હોય તેનો નાશ કરવા પ્રાયશ્ચિતના ભાવ સાથે વિશેષ તપની સાધના કરવી પડે છે. જેમકે અર્જુનમાળીના કર્મો.

**૪. નિકાચિત કર્મબંધ :** જે કર્મબંધમાં કષાયની માત્રા તીવ્રતમ હોય તે નિકાચિત કર્મબંધ છે. જેમ કપડાં પર કીલના ડાઘ લાગેલાં હોય તો તે કોઈપણ પ્રયત્ને નીકળતા નથી અથવા રેશમની દોરીમાં મજબૂત વાળેલી ગાંઠ ઉપર મીણનું ટીપુ મૂકયું હોય તે ગાંઠ ખોલવી અશકય બની જાય છે, તેમ જે કર્મનો નાશ તપ સાધનાથી પણ થતો નથી, જે કર્મ અવશ્ય ભોગવવા પડે છે. તે નિકાચિત કર્મબંધ છે. જેમકે શ્રેણિક રાજાના કર્મો.

**બંધના બે પ્રકાર છે : દ્રવ્યબંધ અને ભાવબંધ**

**દ્રવ્યબંધ :** કર્મદલિકોનું આત્મપ્રદેશોની સાથે એકમેક થવું તે દ્રવ્યબંધ છે.

**ભાવબંધ :** દ્રવ્યબંધના કારણભૂત મિથ્યાત્વાદિ ભાવો ભાવબંધ છે.

પ્રશ્ન થાય કે આ કર્મબંધનો પ્રારંભ ક્યારથી થયો ? પ્રવાહની અપેક્ષાએ કર્મબંધ અનાદિકાલીન છે, જેમ ખાણમાંથી નીકળેલું સોનું માટી મિશ્રિત જ હોય છે. સોનું માટી સાથે મિશ્રિત ક્યારે થયું, તે પ્રશ્નનો આપણી પાસે જવાબ નથી, તે રીતે જીવ પણ અનાદિકાળથી કર્મયુક્ત જ હોય છે.

**કાળની અપેક્ષાએ કર્મબંધના બે પ્રકાર છે –**

૧) અનાદિ કર્મબંધ અને ૨) સાદિ કર્મબંધ-પ્રવાહની અપેક્ષાએ કર્મબંધ અનાદિકાલીન હોવા છતાં એક ચોક્કસ કર્મની અપેક્ષાએ તેનો પ્રારંભ થાય છે, તેથી તે સાદિ કર્મબંધ છે. શ્રી ઠાણાંગ સૂત્રમાં એક ચૌભંગી દ્વારા ચાર પ્રકારની બંધસ્થિતિ બતાવી છે.

**બંધસ્થિતિની અપેક્ષાએ કર્મબંધના ચાર પ્રકાર :**

**૧) અનાદિ અનંત :** અભવી જીવોના કર્મો અનાદિકાલીન છે, તે જીવોનો મોક્ષ થતો ન હોવાથી તેના કર્મોનો અંત ક્યારેય થતો નથી, તેથી તે અનાદિ અનંત છે.

**૨) અનાદિ સાંત :** મોક્ષગામી ભવી જીવોના કર્મો અનાદિકાલીન છે પરંતુ, તે જીવો મોક્ષે જાય ત્યારે તેનો અંત થાય છે તેથી તે અનાદિ સાંત છે.

**૩) સાદિ અનંત :** આ ભંગ શૂન્ય છે, કારણકે કોઈ પણ એક કર્મની સ્થિતિ

અનંતકાળની હોતી નથી. જે કર્મની આદિ હોય તેનો અંત અવશ્ય થાય છે.

૪) **સાદિ સાંત :** વીતરાગી જીવોનો ઈર્યાપથિક કર્મબંધ સાદિ સાંત છે, અગિયારમા કે બારમા ગુણસ્થાનના પ્રથમ સમયે તેનો પ્રારંભ થાય છે અને અગિયારમું ગુણસ્થાન પૂરું થાય ત્યારે અથવા તેરમા ગુણસ્થાનના અંત સમયે તેનો અંત થાય છે, આ રીતે ઈર્યાપથિક કર્મબંધ સાદિ સાંત છે.

### કર્મબંધક જીવોની અપેક્ષાએ કર્મબંધના બે પ્રકાર છે –

૧) **સાંપરાયિક બંધ :** એક થી દશ ગુણસ્થાન સુધીના સકષાયી જીવોના કર્મબંધને સાંપરાયિક બંધ કહે છે.

૨) **ઈર્યાપથિક બંધ :** ૧૧ થી ૧૩ ગુણસ્થાન સુધીના વીતરાગી જીવોના કર્મબંધને ઈર્યાપથિક કર્મબંધ કહે છે. તેમાં કર્મોની સ્થિતિ માત્ર બે સમયની જ હોય છે. પ્રથમ સમયે બાંધે અને બીજા જ સમયે ઉદયમાં આવીને તે કર્મોનો નાશ થઈ જાય છે.

પ્રકૃતિ બંધ આઠ પ્રકારનો છે. તે આ પ્રમાણે–જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય.

સ્થિતિ બંધ અસંખ્ય પ્રકારનો છે. અંતર્મૂહુર્તથી એક–એક સમયની સ્થિતિ વધતા ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમના જેટલા સમય થાય તેટલા પ્રકારનો સ્થિતિ બંધ જાણવો.

અનુભાગ બંધ અનંત પ્રકારનો છે. કર્મ ભોગવવાના રસનો એક–એક અંશ વધતાં રસ બંધ/અનુભાગ બંધ અનંત પ્રકારનો હોય છે.

પ્રદેશ બંધ અનંત પ્રકારનો છે. એક સમયમાં જીવ સાથે ઓછામાં ઓછા અનંત પ્રદેશી કર્મ પુદ્ગલો બંધાય છે. તેથી પ્રદેશ બંધ અનંત પ્રકારનો હોય છે. મન, વચન, કાયાના યોગ જેટલા ઉત્કૃષ્ટ હોય તેટલા કર્મના દલિકો વધારે આવે છે. યોગની પ્રવૃત્તિ જઘન્ય હોય અર્થાત્ મંદ હોય, તેટલા કર્મના દલિકો ઓછા આવે છે.

પ્રકૃતિ બંધ અને પ્રદેશ બંધ યોગથી નક્કી થાય છે. સ્થિતિ બંધ અને રસ બંધ કષાયથી નક્કી થાય છે.

બંધ તત્ત્વ દ્વારા આઠ કર્મોનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે અને તેના દ્વારા આ સંસારની વિચિત્રતા, પોતાના શરીર, સંયોગો, પ્રાપ્ત થયેલી અનુકૂળતા-પ્રતિકૂળતા વગેરે તમામ ઘટનાઓ માટે સ્વયં બાંધેલા કર્મો જ કારણભૂત છે. બાંધેલા કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી, મારા બાંધેલા કર્મો મારે જ ભોગવવા પડે છે. કર્મ સિદ્ધાંતની શ્રદ્ધા અને આ ત્રૈકાલિક સત્યની સમજ વ્યક્તિનો અસમાધિભાવ દૂર કરીને ચિત્તને શાંત અને સ્વસ્થ બનાવે છે. પોતાની પ્રત્યેક પરિસ્થિતિ માટે સ્વયં પોતે જ જવાબદાર છે તેવી સમજ સ્પષ્ટ થવાથી નિમિત્ત પરથી દૃષ્ટિ હટી જાય છે અને ક્રમશ: સ્વયંના ઉપાદાનની- આત્માની શુદ્ધિ થાય છે.



# 9. MOKSHA TATVA




જ્ઞાન- દર્શન-ચારિત્ર-તપ સાધના મોક્ષમાર્ગ વિચાર,
અનંતકાલીન બંધન છૂટે, આતમદેવ કરે ભવપાર

## મોક્ષ તત્ત્વ

નવ તત્ત્વમાં છેલ્લું તત્ત્વ એટલે મોક્ષ તત્ત્વ. આત્મશુદ્ધિની સાધનાનું આ અંતિમ અને પરમફળ છે. આ તત્ત્વને જાણવું અને પામવું તે જીવનું પરમ લક્ષ છે. કર્મથી સંપૂર્ણ મુક્તિ એ જ મોક્ષ છે.

**મોક્ષના બે પ્રકાર છે :** ૧)અભાવાત્મક મોક્ષ અને ૨) સદ્ભાવાત્મક મોક્ષ

**૧) અભાવાત્મક મોક્ષ :** સર્વ કર્મોનો સંપૂર્ણત : નાશ થવો તે અભાવાત્મક મોક્ષ છે.

**કર્મના ચાર પ્રકાર છે :** ૧) ક્રિયાત્મક કર્મ ૨) સત્તાત્મક કર્મ ૩) ઉદ્ધાત્મક કર્મ ૪) ફ્લાત્મક કર્મ આ ચારે પ્રકારના કર્મોના નાશ થવો તે મોક્ષ છે.

**૧) ક્રિયાત્મક કર્મ :** જીવ જે કરે છે તે ક્રિયમાણ કર્મ ક્રિયાત્મક છે. ચૌદમાં ગુણસ્થાને ક્રિયાત્મક કર્મોનો નાશ થઇ ગયો હોય છે.

**૨) સત્તાત્મક કર્મ :** ક્રિયા દ્વારા જે કર્મો બંધાય અને આત્મા સાથે સ્ટોકમાં રહે તે સત્તાત્મક કર્મ છે.

**૩) ઉદયાત્મક કર્મ :** કર્મ ઉદયમાં આવે અને તેનું ફ્ળ પ્રગટ કરે તે ઉદયાત્મક કર્મ છે.

**૪) ફ્લાત્મક કર્મ :** ઉદયાત્મક કર્મ પોતાનું ફ્ળ પ્રગટ કરે, તેનાથી આત્મભાવોની જે પરિણતિ થાય, સુખ દુ :ખની અનુભૂતિ થાય તે ફ્લાત્મક કર્મ છે.

આ ચારે પ્રકારના કર્મોનો સંપૂર્ણપણે નાશ થાય, ક્ષય થાય તે જ મોક્ષ છે. તે અભાવાત્મક મોક્ષ છે.

**સદ્ભાવાત્મક મોક્ષ :** સ્વભાવમાં સ્થિત થવું, શુદ્ધ અને શાશ્વત આત્મભાવમાં સ્થિત થવું. અનંત અને અખંડ આનંદની અનુભૂતિ કરવી તે જ મોક્ષ છે. આ આનંદની તુલના સંસારના કોઈ પણ આનંદ સાથે થઈ શક્તી નથી.

**શુદ્ધાત્માના ગુણો :** સંપૂર્ણ કર્મોના ક્ષયથી સિદ્ધાત્મામાં અનંત ગુણો પ્રગટ થાય છે. અનંત ગુણોનું કથન થઇ શક્તું નથી.

**શુદ્ધાત્માના જઘન્ય આઠ ગુણ :** આઠ કર્મના ક્ષયથી શુદ્ધાત્મામાં આઠ આત્મગુણો પ્રગટ થાય છે. (૧) કેવળજ્ઞાન (૨) કેવળદર્શન (૩) અવ્યાબાધ આત્મિક સુખ (૪)

વીતરાગતા (ક્ષાયક સમકિત) (૫) અક્ષય સ્થિતિ (૬) અમૂર્ત (૭) અગુરૂલઘુ (૮) અનંત વીર્ય.

શ્રી આવશ્યક સૂત્રના ચોથા શ્રમણસૂત્રમાં **एगतीसाए सिद्धाइगुणेहिं।** સિદ્ધ ભગવાનના ૩૧ ગુણોનું કથન કર્યું છે. તે આઠ કર્મોની ૩૧ ઉત્તર પ્રકૃતિઓના ક્ષયથી પ્રગટ થાય છે.

**મધ્યમ ૩૧ ગુણ :**

| | |
|---|---|
| જ્ઞાનાવરણીયની કર્મની | - ૫ પ્રકૃતિ |
| દર્શનાવરણીયની કર્મની | - ૯ પ્રકૃતિ |
| વેદનીયની કર્મની | - ૨ પ્રકૃતિ |
| મોહનીય કર્મની | - ૨ પ્રકૃતિ |
| આયુષ્ય કર્મની | - ૪ પ્રકૃતિ |
| નામ કર્મની | - ૨ પ્રકૃતિ |
| ગોત્ર કર્મની | - ૨ પ્રકૃતિ |
| અંતરાય કર્મની | - ૫ પ્રકૃતિ |
| **મધ્યમ ગુણ** | **- ૩૧ પ્રકૃતિનો ક્ષય થવાથી** |

**ઉત્કૃષ્ટ ગુણ :** અનંતા

**સિદ્ધોનું સ્વરૂપ :** સર્વ કર્મોથી સર્વથા મુક્ત, શુદ્ધ ચૈતન્યઘન, કેવળજ્ઞાન-કેવળ દર્શન યુક્ત, અનંત સુખ સંપન્ન, શાશ્વત કાળપર્યંત સિદ્ધક્ષેત્રમાં પ્રતિષ્ઠિત થયેલા આત્માને સિદ્ધ કહે છે. શ્રી પન્નવણા સૂત્ર, શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, શ્રી ઉવવાઈ સૂત્રમાં સિદ્ધોનું સ્વરૂપ પ્રગટ કરવા સૂત્રકારે કેટલાક વિશેષણોનો પ્રયોગ કર્યો છે.

**असरीरा** સિદ્ધ ભગવાન કર્મજન્ય સ્થૂળ ઔદારિક શરીર અને સૂક્ષ્મ તૈજસ-કાર્મણ શરીરથી સર્વથા મુક્ત હોવાથી અશરીરી હોય છે.

**जीवघणा** સિદ્ધ થતાં પહેલા જ શૈલેશીકરણ સમયે આત્મપ્રદેશો ઘનીભૂત-નક્કર થઈ જાય છે, તેથી સિદ્ધોને જીવઘન કહ્યા છે.

**उवउत्ता दंसणे य णाणे य** સિદ્ધ આત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપ ક્રમશ: સાકાર અને અનાકારોપયોગ યુક્ત હોય છે.

સિદ્ધ ભગવાન કેવળજ્ઞાન દ્વારા ત્રણે લોકના ત્રણે કાળના સર્વ પદાર્થોને સંપૂર્ણ રીતે જાણે છે અને કેવળદર્શન દ્વારા તે પદાર્થોને સંપૂર્ણ દેખે છે.

**णिट्ठियट्ठा** નિષ્ઠિતાર્થ, કૃતાર્થ, સિદ્ધ ભગવાનના સર્વ કાર્યો સિદ્ધ થઈ ગયા છે. નિષ્ઠિતાર્થ એટલે તેમને હવે કાંઈ જ કરવાનું શેષ રહેતું નથી અને કૃતકૃતાર્થ એટલે સંપૂર્ણ કાર્યની સિદ્ધિ થઇ ગઇ છે.

**णीरया** કર્મરજથી રહિત, સિદ્ધ બધ્યમાન અને ઉદયમાન બંને પ્રકારની કર્મરજથી રહિત છે.

**णीरेयणा** નિષ્કંપ, સિદ્ધોમાં કંપન ક્રિયાની કારણભૂત કોઈપણ અધ્યવસાય કે યૌગિક પ્રવૃત્તિ નથી, તેથી તેમના આત્મપ્રદેશો સંપૂર્ણ રીતે નિષ્કંપ હોય છે.

**वितिमिरा** અજ્ઞાનરૂપ અંધકારથી રહિત.

**विसुद्धा** વિજાતીય દ્રવ્યોના સંયોગ રહિત પૂર્ણ વિશુદ્ધ.

**सासयमणागयद्धं** શાશ્વત અનાગત, ભવિષ્યકાળમાં સદા તે જ સ્થિતિમાં સ્થિત રહે છે, જે રીતે અગ્નિમાં બળી ગયેલું બીજ ફરીવાર કદાપિ અંકુરિત થતું નથી, તે રીતે સિદ્ધ ભગવાનના પુનર્જન્મ ધારણ કરવાના બીજભૂત રાગ-દ્વેષાદિ વૈભાવિક ભાવો શુકલધ્યાનની અગ્નિમાં ભસ્મીભૂત થઈ ગયા છે. તેથી અનંતકાળ સુધી તે શુદ્ધાત્મામાં કોઈપણ કર્મરૂપી અંકુર અંકુરિત થતા નથી, પૂર્ણ વિશુદ્ધ થયેલા તે સિદ્ધ આત્મા પૂર્ણ વિશુધ્ધ સ્વરૂપે શાશ્વત અનંતકાળ પર્યંત તે જ સ્થિતિમાં સ્થિત રહે છે. સિદ્ધ પરમાત્મા ક્યારેય અવતાર ધારણ કરીને લોકમાં જન્મ ધારણ કરતા નથી.

**अउलं सुहं संपत्ता** સિદ્ધ અતુલ સુખ સંપન્ન હોય છે, સંસારી જીવોનું સુખ વેદનીય કર્મજન્ય છે, તેથી તે નાશવંત છે, તરતમતાવાળું છે. જ્યારે સિદ્ધોનું સુખ આત્મિક છે, એક સમાન છે, અનંતકાળ પર્યંત રહેવાનું છે.

સંસારના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સુખોથી અનંતગણું અધિક છે. કેટલાક દાર્શનિકો મોક્ષને દુઃખના ધ્વંસરૂપ જ માને છે, જૈન સિદ્ધાંત અનુસાર સિદ્ધનું સુખ-દુઃખ નાશરૂપ તો છે જ, પરંતુ તેની સાથે અનંત સુખની ઉપલબ્ધિરૂપ પણ છે.

**अफुसमाणगइए** અસ્પૃશ્યમાન ગતિ. (૧) સ્વ અવગાઢ આકાશપ્રદેશો સિવાયના આકાશપ્રદેશોને સ્પર્શ કર્યા વિના તે સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે. (૨) મનુષ્ય ક્ષેત્રમાંથી સિદ્ધ ક્ષેત્ર સુધી એક સમયમાં લોકાગ્રે પહોંચી જાય છે, ખરેખર જે સમયે કર્મોથી મુક્ત થાય તે જ સમયે સિદ્ધક્ષેત્રે પહોંચે છે. માર્ગમાં અન્ય આકાશપ્રદેશને ન સ્પર્શવાથી તેની અસ્પૃશ્યમાન ગતિ કહેવાય.

**सागारोवउते सिज्झई** સાકાર ઉપયોગે સિદ્ધ થાય છે, મુક્ત થયેલા જીવને કેવળજ્ઞાન-કેવળદર્શન આ બે ઉપયોગ હોય પરંતુ સિદ્ધ થવાના સમયે સાકાર ઉપયોગ-કેવળજ્ઞાનનો ઉપયોગ હોય કારણ કે કોઈપણ લબ્ધિ સાકારોપયોગે જ હોય છે.

**लोगेगदेसे ते सव्वे** લોકના એક દેશમાં એક વિભાગમાં જ સર્વ સિદ્ધ સ્થિત છે, શુદ્ધાત્માઓ લોકોગ્રે સિદ્ધક્ષેત્રમાં જ સ્થિત થઈ જાય છે, ત્યાં સ્થિત થયા પછી સંસારનો પાર પામી ગયા હોવાથી તેમનું હલન-ચલન કે મૃત્યુલોકમાં પુનરાગમન, અવતાર ધારણ વગેરે થતું નથી.

**શ્રી આચારાંગ સૂત્રમાં સિદ્ધાત્માનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે-**

सव्वे सरा णियट्टंति तक्का जत्थ ण विज्जइ, मई तत्थ ण गाहिया। ओए अप्पइट्ठाणस्स खेयण्णे।

से ण दीहे, ण हस्से, ण वट्टे, ण तंसे, ण चउरंसे, ण परिमंडले, ण किण्हे, ण णीले, ण लोहिए, ण हालिद्दे, ण सुक्किले, ण सुब्भिगंधे, ण दुब्भिगंधे, ण तित्ते, ण कडुए, ण कसाए, ण अंबिले, ण महुरे, ण कक्खडे, ण

मउए, ण गरुए, ण लहुए, ण सीए, ण उण्हे, ण णिद्धे, ण लुक्खे, ण काऊ ण रुहे, ण संगे, ण इत्थी, ण पुरिसे, ण अण्णहा।

परिण्णे, सण्णे। उवमा ण विज्जइ। अरुवी सत्ता। अपयस्स पयं णत्थि। से ण सद्दे, ण रुवे, ण गंधे, ण रसे, ण फासे, इच्चेयावंति।

તે મુક્તાત્માનું સ્વરૂપ કે અવસ્થા બતાવવા માટે સર્વ શબ્દો પાછા ફરે છે અર્થાત્ પરમાત્માનું સ્વરૂપ શબ્દોથી કહી શકાતું નથી. ત્યાં કોઇ તર્ક નથી, તર્કથી તેને જાણી શકાતો નથી, ત્યાં મતિ પણ પ્રવેશ કરી શકતી નથી, તે બુદ્ધિથી ગ્રાહ્ય નથી. તે સર્વકર્મરૂપી મેલથી રહિત છે. મોક્ષ અને સંસાર સ્વરૂપને જાણનાર છે.

તે પરમાત્મા દીર્ઘ નથી, હ્રસ્વ નથી, ગોળ નથી, ત્રિકોણ નથી, ચતુષ્કોણ નથી, પરિમંડળ નથી, કાળા નથી, લીલા નથી, લાલ નથી, પીળા નથી સફેદ નથી, તે સુગંધી નથી અને દુર્ગંધી પણ નથી. તે તીખા નથી કડવા નથી, કસાયેલા-તૂરા નથી, ખાટા નથી, મીઠા નથી, તે કર્કશ નથી, કોમળ નથી, ભારે નથી, હળવા નથી, ઠંડા નથી, ગરમ નથી, ચીકણા નથી રૂક્ષ નથી. તે મુક્તાત્મા શરીરધારી નથી. તે પુનર્જન્મધારી નથી. (અજન્મા છે) તે કર્મ સંગ રહિત નિર્લેપ છે. તે સ્ત્રી નથી, પુરુષ નથી, નંપુસક નથી.

તે શુદ્ધાત્મા જ્ઞાન-દર્શનયુક્ત છે, અનુપમ, અરૂપી, અમૂર્ત અસ્તિત્વ યુક્ત છે, તે પદાતીત, વચનાતીત, શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ રહિત છે. શુદ્ધાત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, તેથી તેને સમજાવવા કોઇપણ શબ્દ નથી. શબ્દ જડ હોવાથી તે સ્વરૂપને સમજાવી શકતા નથી. અન્ય દાર્શનિકો શુદ્ધસ્વરૂપી પરમાત્મા માટે નેતિ નેતિ ( તે નથી, તે નથી.) શબ્દ પ્રયોગ કરે છે.


કર્મોથી મુક્ત થયેલા સિદ્ધ જીવો કયાં રહે છે ? તે ક્ષેત્ર કયાં છે અને કેવું છે ? તે જાણવા માટે પહેલાં સિદ્ધશિલા અને ત્યાર પછી સિદ્ધક્ષેત્રને જાણીએ.

**સિદ્ધશિલા (ઈષત્પ્રાગ્ભાર) પ્રમાણ:** આ લોકમાં આઠ પૃથ્વી છે, સાત નરકની સાત પૃથ્વી અધોલોકમાં છે. આઠમી ઈષત્પ્રાગ્ભાર પૃથ્વી ઊર્ધ્વલોકમાં છે. તે સિદ્ધશિલા નામથી પ્રસિદ્ધ છે, તે ૪૫ લાખ યોજન લાંબી-પહોળી છે. વચ્ચે આઠ યોજન તેની જાડાઈ છે.

**સિદ્ધશિલાનો વર્ણ:** સિદ્ધશિલા પૃથ્વીરૂપ છે, તેનો વર્ણ સફેદ સોનું, શંખ, અંકરત્ન અને સફેદ કુંદ પુષ્પની સમાન અત્યંત શ્વેત, સુંદર, ક્રાંતિમય, સ્વાભાવિક નિર્મળ અને સુખદાયક છે.

**સિદ્ધશિલાનો આકાર:** સિદ્ધશિલાથી સિદ્ધોની અને અલોકની દૂરી સર્વત્ર સમાન છે, તેથી તેનો આકાર ઉપરના ભાગમાં સપાટ અને ક્રમશ: ઘટતી ગોળાઈવાળો છે. તેનો આકાર उत्ताणगच्छसंठाण उत्तान એટલે પ્રસરાવેલા અર્થાત્ ખોલેલા છત્ર જેવો, દંડ રહિત ખોલેલા અને ઉંધા છત્ર જેવો છે.

**સિદ્ધશિલાના નામ:** સિદ્ધશિલા એ શાશ્વત પૃથ્વી છે. શ્રી સમવાયાંગ સૂત્રમાં તેના બાર પર્યાયવાચી શાશ્વત નામ કહ્યા છે, યથા (૧) ઈષત્ (૨) ઈષત્પ્રાગ્ભાર (૩) તન્વી (૪) તનુતરા (૫) સિદ્ધિ (૬) સિદ્ધાલય (૭) મુક્તિ (૮) મુક્તાલય (૯) બ્રહ્મ (૧૦) બ્રહ્માવતંસક (૧૧) લોકપ્રતિપૂર્ણ (૧૨) લોકાગ્ર.




**સિદ્ધક્ષેત્ર ક્યાં છે?:** સિદ્ધક્ષેત્ર લોકાંતે છે, સિદ્ધશિલાથી ઉપર એક યોજનના અંતરે લોકાંત છે, ૪ ગાઉ = ૧ યોજન, સિદ્ધશિલા પૃથ્વીથી ઉપરના એક યોજનના અંતિમ છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગમાં સિદ્ધક્ષેત્ર છે.

બધી શાશ્વતી વસ્તુનું માપ પ્રમાણ અંગુલથી થાય છે, પરંતુ સિદ્ધશિલા પૃથ્વીથી ઉપરના એક યોજનનું માપ ઉત્સેધાંગુલથી મપાય છે, તેના ૧

યોજનના છેલ્લા ગાઉનો છઠ્ઠો ભાગ - ૩૩૩ ધનુષ્ય - ૩૨ અંગુલ થાય.

૪ ગાઉ = ૧ યોજન

૨૦૦૦ ધનુષ્ય = ૧ ગાઉ

અંતિમ ગાઉનો છઠ્ઠો ભાગ = ૨૦૦૦/૬ = ૩૩૩ ૨/૬ ધનુષ્ય.

૯૬ અંગુલ = ૧ ધનુષ્ય

૨/૬ ધનુષ્યના અંગુલ કરવા તેને ૯૬ થી ગુણાકાર કરવાથી

૨/૬ X ૯૬/૧ = ૩૨ અંગુલ

આ રીતે છેલ્લા ગાઉનો ૬ઠ્ઠો ભાગ ૩૩૩ ધનુષ્ય અને ૩૨ અંગુલ થાય છે, તેટલું જ સિદ્ધક્ષેત્ર છે. સિદ્ધશિલાની જેમ સિદ્ધક્ષેત્ર પણ ૪૫ લાખ યોજન લાંબું-પહોળું છે અને તે ૩૩૩ ધનુષ્ય અને ૩૨ અંગુલ ઊંચું છે. મનુષ્ય ક્ષેત્ર પણ ૪૫ લાખ યોજન લાંબું-પહોળું છે. મનુષ્ય ક્ષેત્રના કોઈપણ વિભાગમાંથી મનુષ્ય સિદ્ધ થાય, તો તે જીવ ઋજુ ગતિથી એક જ સમયમાં સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે.

ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા મનુષ્યો સિદ્ધ થાય છે, શૈલેશીકરણ સમયે આત્મપ્રદેશો ઘનીભૂત થાય છે, ત્યારે તેની અવગાહનાનો ત્રીજો ભાગ ઘટે છે, તેથી ૩૩૩ ધનુષ્ય અને ૩૨ અંગુલ શેષ રહે છે. તે જ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના છે. જઘન્ય બે હાથની અવગાહનાવાળા મનુષ્યો સિદ્ધ થાય, ત્યારે તેની જઘન્ય અવગાહના ૧ હાથ અને આઠ અંગુલની થાય છે.

**સિદ્ધોની સ્થિતિ:** સાદિ અનંતકાળની છે. આત્મા જે સમયે કર્મથી મુક્ત થઈને સિદ્ધ-અવસ્થા પ્રાપ્ત કરે છે, તે સમયે સિદ્ધ અવસ્થાની આદિ થાય છે. સિદ્ધ થયા પછી તે જીવને ફરી જન્મ-મરણ કરવાના નથી. તે જીવ શાશ્વત કાળ પર્યંત તે સ્થાનમાં રહે છે. સિદ્ધોની સ્થિતિનો અંત ન હોવાથી અનંત છે. આ રીતે સિદ્ધની સ્થિતિ સાદિ-અનંતકાળની છે. ઘણા સિદ્ધોની અપેક્ષાએ સિદ્ધની સ્થિતિ અનાદિ-અનંત છે.

**સિદ્ધ થવાની પ્રક્રિયા:** મોક્ષ પ્રાપ્તિ પૂર્વે થતી સર્વ ક્રિયાઓ-આવર્જીકરણ, કેવળી

સમુદ્‌ઘાત ત્યાર પછી સમુદ્‌ઘાતગત કેવળીની યોગ પ્રવૃત્તિ, સમુદ્‌ઘાત નિવૃત્તિ પછીની યોગ પ્રવૃત્તિ, યોગ નિરોધ અને મોક્ષ પ્રાપ્તિ આ બધી ક્રિયાઓ ક્રમશ: થાય છે.

**આવર્જીકરણ:** કેવળ સમુદ્‌ઘાત પહેલાં અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત કાળ દરમ્યાન જીવ મોક્ષની સન્મુખ થાય છે તેને આવર્જીકરણ કહે છે. તે કાળ દરમ્યાન કર્મ પુદ્‌ગલોનો પ્રક્ષેપ ઉદયાવલિકામાં થાય છે. તેથી તે પ્રક્રિયામાં વિશેષ પ્રકારની ઉદીરણા હોય છે. આવર્જીકરણને આવશ્યકકરણ પણ કહેવાય છે. મોક્ષપ્રાપ્તિ પૂર્વે પ્રત્યેક કેવળી ભગવાન કેવળી સમુદ્‌ઘાત કરતાં નથી પરંતુ આવર્જીકરણ તો અવશ્ય કરે છે. જે કેવળી ભગવાન કેવળી સમુદ્‌ઘાત કરવાના હોય તેઓ આવર્જીકરણ પછી તરત જ સમુદ્‌ઘાતનો પ્રારંભ કરે છે.

(કેવળી સમુદ્‌ઘાતના વિસ્તૃત વર્ણન માટે જુઓ પાઠાવલી શ્રેણી-૨૩ પેજ નં ૧૬, ૧૭, ૧૮)

**કેવળી સમુદ્‌ઘાતમાં યોગ:** કેવળી સમુદ્‌ઘાતના આઠ સમય દરમ્યાન મનયોગ કે વચનયોગનો પ્રયોગ થતો નથી. કાયયોગના સાત પ્રકારમાંથી ૩ પ્રકારના કાયયોગનો પ્રયોગ થાય છે. તેમાં પ્રથમ અને આઠમા સમયે ઔદારિક કાયયોગ, બીજા, છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિક મિશ્ર કાયયોગ અને ત્રીજા, ચોથા, પાંચમા સમયે કાર્મણ કાયયોગ હોય છે.

**સમુદ્‌ઘાત પછી યોગની પ્રવૃત્તિ:** આઠ સમયના સમુદ્‌ઘાત પછી કેવળી ભગવાનનું અંતર્મુહૂર્તનું આયુષ્ય શેષ હોય છે. તે કાળમાં તે સયોગી અવસ્થામાં ત્રણે યોગનો પ્રયોગ કરે છે. સત્ય અને વ્યવહાર મનયોગ દ્વારા મન:પર્યવજ્ઞાની કે અનુત્તર વિમાનવાસી દેવોએ પૂછેલા પ્રશ્નોના મનથી ઉત્તર આપે છે. સત્ય અને વ્યવહાર વચનયોગથી ઉપદેશ અથવા પ્રશ્નોના ઉત્તર આપે છે. ઔદારિક કાયયોગ દ્વારા ગમનાગમન આદિ સંયમ સમાચારી સંબંધી કાયિક પ્રવૃત્તિ કરે છે.

**યોગ નિરોધ:** આયુષ્યના અંતિમ અસંખ્યાત સમયના અંતર્મુહૂર્તકાળ દરમ્યાન કેવળી ભગવાન યોગનિરોધ કરે છે, સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ નામના શુક્લધ્યાનના

ત્રીજા ચરણમાં પ્રવર્તમાન કેવળી ભગવાન સર્વ પ્રથમ મનયોગનો નિરોધ કરે છે, ત્યાર પછી ક્રમશઃ વચનયોગ અને કાયયોગનો પણ નિરોધ કરે છે. ત્યાર પછી શુક્લધ્યાનના ચોથા ભેદ સમુચ્છિન્નક્રિયા અનિવૃત્તિથી શરીરની સૂક્ષ્મ ક્રિયાનો અને અંતે અસંખ્યાત સમયમાં શ્વાસોચ્છ્વાસનો નિરોધ થઈ જાય છે.

**શૈલેશી અવસ્થા:** યોગનો નિરોધ થતાં જ કેવળી ભગવાન અયોગી તેમજ શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થાય છે, તેમાં આત્મપ્રદેશો સંપૂર્ણતઃ નિષ્કંપ થઈ જાય છે. તેની સ્થિતિ અ, ઈ, ઉ, ઋ, લૃ પાંચ હસ્વ અક્ષરના ઉચ્ચારણ કાળ પ્રમાણ છે, તે કાલ દરમ્યાન પૂર્વ રચિત ગુણશ્રેણી પ્રમાણે અનંત કર્મનો નાશ કરે છે, આ રીતે ચારે અઘાતી કર્મો નાશ પામે છે, ઔદારિક, તૈજસ, કાર્મણ શરીર છૂટી જાય છે. દેહમુક્ત થયેલો આત્મા સિદ્ધ થાય છે.

**उज्जुसेढीपते-** ઋજુશ્રેણીને પ્રાપ્ત થઈને - કર્મમુક્ત થયેલો જીવ ઋજુશ્રેણી અર્થાત્ વળાંક રહિત એક સમયમાં જ અસ્પૃશ્યમાન ગતિથી લોકોગ્રે તેની જ બરાબર ઉપર સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે.

**સિદ્ધોની અવગાહના:** સિદ્ધ ભગવાન અશરીરી છે, પરંતુ તેના આત્મપ્રદેશો અસંખ્યાત આકાશપ્રદેશમાં સ્થિત થાય છે, તે અપેક્ષાએ સિદ્ધોની અવગાહનાનું કથન છે. જીવ જે અંતિમ શરીર છોડીને સિદ્ધ થાય, તે શરીરનો ત્રીજો ભાગ ન્યૂન તેઓની અવગાહના રહે છે.

જીવ જ્યારે શૈલેશીકરણ કરે છે, ત્યારે આત્મપ્રદેશો ઘનીભૂત થાય છે. શરીરનો પોલાણનો ભાગ ઘટી જાય છે. શરીરમાં લગભગ ત્રીજા ભાગ પ્રમાણ પોલાણ હોય છે, તે ઘટી જતા જઘન્ય અવગાહના એક હાથ અને આઠ અંગુલની હોય છે અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા સિદ્ધ થાય ત્યારે સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના ૩૩૩ ધનુષ્ય- ૩૨ અંગુલની હોય છે.

**સિદ્ધોનું સંસ્થાન:** નામકર્મજન્ય સમચતુરંસ્ર આદિ છ સંસ્થાનમાંથી સિદ્ધોનું સંસ્થાન નથી. શુદ્ધ થયેલા આત્મપ્રદેશો નિરંજન-નિરાકાર હોય છે. તેમ છતાં જેમ

વિવિધ આકારની બોટલમાં પાણી ભરીને તેનો બરફ કરીએ, બરફ થઇ ગયા પછી બોટલને તોડી નાંખીએ તો અંદર રહેલો બરફ બોટલના આકારનો હોય છે, તેમ સિદ્ધ જીવો જે અંતિમ શરીર છોડે છે, તેનો ત્રીજો ભાગ ન્યૂન થઇને તે આકારમાં આત્મપ્રદેશો સ્થિત થાય છે.

**સિદ્ધોની સ્પર્શના :** પ્રત્યેક સિદ્ધ પોતાના સમસ્ત આત્મપ્રદેશો દ્વારા અનંત સિદ્ધોને સ્પર્શે છે. એક સિદ્ધ હોય ત્યાં અનંત સિદ્ધો રહી શકે છે. તેઓ પરસ્પર બાધક બનતા નથી તેમ છતાં પ્રત્યેક સિદ્ધનું દ્રવ્ય સંપૂર્ણ સ્વતંત્ર હોય છે.

**સિદ્ધ થનારા જીવોની યોગ્યતા :**

૧) **સંઘયણ :** મોક્ષપ્રાપ્તિની સાધના માટે શરીરની મજબૂતાઈ જરૂરી છે. તેથી જ વજ્ર ઋષભનારાચ સંઘયણવાળા જીવો જ મોક્ષ જઈ શકે છે.

૨) **સંસ્થાન :** મોક્ષપ્રાપ્તિની સાધનામાં દેહાકૃતિનું કોઈ મહત્ત્વ નથી, તેથી છ સંસ્થાનમાંથી કોઈ પણ સંસ્થાનવાળા જીવો મોક્ષે જઈ શકે છે.

૩) **આયુષ્ય :** જઘન્ય સાધિક આઠ વર્ષની ઉંમરવાળા, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષના આયુષ્યવાળા મનુષ્ય મોક્ષે જઈ શકે. કર્મભૂમિના પર્યાપ્તા ગર્ભજ મનુષ્યો જ મોક્ષે જઈ શકે.

**अलोए पडिहया सिद्धा -** જીવની ગતિ ધર્માસ્તિકાય દ્રવ્યથી થાય છે. સિદ્ધ થયેલા જીવ સ્વાભાવિક રીતે ઊર્ધ્વગમન કરીને લોકાંતે પહોંચી જાય છે, અલોકમાં ધર્માસ્તિકાય દ્રવ્યનો અભાવ હોવાથી ત્યાં જીવની ગતિ થતી નથી.

**इह बोंदि चइत्ताणं -** જીવ સિદ્ધ થાય ત્યારે સર્વ કર્મજન્ય ભાવો અહીં જ છોડી દે છે. મનુષ્યલોકમાં જ સ્થૂળ ઔદારિક અને સૂક્ષ્મ તેજસ-કાર્મણ શરીરનો ત્યાગ કરી અશરીરી બનીને સિદ્ધ જીવની ગતિ થાય છે.

**तत्थ गंतूण सिज्झइ-** જે સમયે કર્મજન્ય ભાવો છૂટે છે, તે જ સમયે જીવ સિદ્ધક્ષેત્રમાં જાય છે. ત્યાં જ તે સિદ્ધ થાય છે, તે જ અશરીરી અવસ્થાનો પ્રથમ

સમય અને કર્મ સહિત અવસ્થાનો અંતિમ સમય હોય છે. સર્વ કર્મનો ક્ષય થવો, શરીરનું છૂટવું, લોકાગ્રે પહોંચવું અને સ્થિત થવું તે ચારે ક્રિયા સમસમયવર્તી જ છે.

સિદ્ધ ભગવંતોએ સર્વ પ્રયોજનો સિદ્ધ કર્યા હોવાથી **સિદ્ધ** છે.

કેવળજ્ઞાન દ્વારા સર્વ પદાર્થોનો બોધ પ્રાપ્ત કર્યો હોવાથી **બુદ્ધ** છે.

સંસાર સાગરને પાર કરી ગયા હોવાથી **પારંગત** છે.

મોક્ષ સાધનાના આલંબનભૂત મનુષ્ય ગતિ આદિની પરંપરાથી ભવસાગરને પાર કર્યો હોવાથી **પરંપરાગત** છે.

કર્મરૂપ કવચનું ભેદન કર્યું હોવાથી સર્વથા **મુક્ત** છે.

આયુષ્ય કર્મનો આત્યંતિક નાશ કર્યો હોવાથી **અજર-અમર** છે.

સર્વ પ્રકારના પૌદ્ગલિક ભાવોથી મુક્ત હોવાથી **અસંગ** છે.

અતુલ સુખ સાગરમાં લીન, નિર્બાધ, અનુપમ, મુક્તાવસ્થાને પ્રાપ્ત થયેલા સિદ્ધ ભગવાન શાશ્વત અનાગતકાળ સુધી સુખી જ રહે છે.

જીવ સૂતાં-બેસતાં- ઊભા આદિ કોઈપણ સ્થિતિમાં હોય પણ મોક્ષમાં જતી વખતે સીધા જ જાય છે. જેમ ગેસના ફુગ્ગાને સીધો-ઊંધો- આડો અવળો ગમે તે રીતે છોડો તે ઉપર તો સીધો જ જાય છે. બધાં ફુગ્ગા ઉપરના ભાગથી છતને સ્પર્શિત હોય છે, તે નાના-મોટા હશે તો નીચેના ભાગમાં નાના-મોટા રહશે. એમ સર્વ સિદ્ધોના આત્મપ્રદેશો મસ્તકના ભાગે અલોકને સ્પર્શે છે.

**જીવની ઊર્ધ્વગતિના કારણો:** મનુષ્ય ક્ષેત્રમાં કર્મોથી મુક્ત થયેલો જીવ એક સમયમાં ઊર્ધ્વગતિથી લોકાગ્રે પહોંચી જાય છે. તેના છ કારણો છે.

૧. **નિ:સંગતા:** ઘાસ અને માટીજન્ય લેપ દૂર થતાં તુંબડું પાણીની ઉપર આવે છે, તેમ કર્મનો સંગ દૂર થતાં જીવની ઊર્ધ્વગતિ થાય છે.

૨. **નીરાગતા:** લેપ રહિત તુંબડાની જેમ રાગ રહિત જીવની પણ ઊર્ધ્વગતિ થાય છે.

૩. **ગતિ પરિણામ:** જળની સપાટી પર તરવાના સ્વભાવવાળું તુંબડું સ્વભાવથી જ ઊર્ધ્વગતિ કરી જળની સપાટી પર આવી જાય છે. તે જ રીતે કર્મ રહિત થતાં

ઊર્ધ્વગમનના સ્વભાવથી જ જીવ લોકોગ્રે પહોંચી જાય છે.

૪. **બંધચ્છેદ:** વટાણા આદિની શીંગ અથવા એરંડબીજની જેમ કર્મનો વિચ્છેદ થતાં જીવની ઊર્ધ્વગતિ થાય છે.

૫. **નિરિન્ધનતા:** ઇન્ધનરહિત ધૂમની ઊર્ધ્વગતિની જેમ કર્મ અને શરીર રહિત જીવની ઊર્ધ્વગતિ થાય છે.

૬. **પૂર્વપ્રયોગ:** અનાદિકાળથી કર્મ અને શરીરના સંયોગથી જીવનું ગમન થતું રહ્યું છે. કર્મ અને શરીરથી મુક્ત થવા છતાં પૂર્વપ્રયોગથી જીવની ગતિ થાય છે. જેમ કુંભારનો ચાક (ચક્ર) દંડ હટાવી લીધા પછી પણ થોડીવાર ફર્યા કરે છે, તેમ જીવ પણ મુક્ત થયા પછી પૂર્વ પ્રયત્નથી જ એક સમય માટે ઊર્ધ્વગતિ કરે છે. આ રીતે કર્મોથી મુક્ત થયેલો જીવ એક જ સમયમાં ઊર્ધ્વગતિથી લોકાગ્રે પહોંચી જાય છે. શુદ્ધ થયેલાં જીવો પૂર્વપ્રયોગથી ગતિ કરે છે, તેથી સિદ્ધ જીવ લોકાંતે સ્થિર થઇ જાય છે. લોકની બહાર જતાં નથી. જીવ અને પુદ્ગલની ગતિ, ગતિ સહાયક ધર્માસ્તિકાય દ્રવ્યની સહાયતાથી જ થાય છે. ધર્માસ્તિકાય દ્રવ્ય લોકમાં જ છે. અલોકમાં ધર્માસ્તિકાય દ્રવ્ય ન હોવાથી સિદ્ધ થયેલાં જીવની લોકની બહાર અલોકમાં ગતિ થતી નથી. તે લોકાન્તમાં જઇને સિદ્ધક્ષેત્રમાં સ્થિર થાય છે.

**ઉપસંહાર:** આ રીતે જીવ તત્ત્વથી પ્રારંભ થયેલી આત્મશુદ્ધિની યાત્રાનું મોક્ષ તત્ત્વથી પૂર્ણવિરામ થાય છે. અનાદિકાળથી ચાલતી સંસારની યાત્રાનો અંત થાય છે. નવ તત્ત્વને વિસ્તારથી વિચારતાં સ્પષ્ટ થાય છે કે જીવ અને અજીવ મુખ્ય બે જ તત્ત્વ છે. પુણ્ય, પાપ, આશ્રવ, બંધ આદિ જીવ અને અજીવનો સંયોગ છે. સંવર, નિર્જરા અને મોક્ષ તત્ત્વ જીવ અને અજીવના વિયોગરૂપ છે. તેથી જ પુણ્ય-પાપ, આશ્રવ અને બંધ તત્ત્વ મોક્ષના બાધક છે. સંવર અને નિર્જરા તત્ત્વ મોક્ષ તત્ત્વના સાધક છે.

બસ ! જીવ અને અજીવના શુદ્ધ સ્વરૂપ જાણીને કર્મરૂપ અજીવ દ્રવ્યના આગમનથી પુણ્ય-પાપની માયાવી રમતને નિહાળીને, તેનાથી બચવાના ઉપાયો શોધીને, સંવર દ્વારા તેના પર પ્રતિબંધ મૂકીને, નિર્જરા દ્વારા ધીરે ધીરે તેને વળાવીને

અંતે તેનો પૂર્ણત: નિકાલ કરીને મુક્ત બનીને સત્ ચિત્ આનંદ સ્વરૂપી આત્મતત્ત્વમાં અનંતકાળ માટે સ્થિર બની જવું. આપણા અંતિમ લક્ષ્યને સિદ્ધ કરીએ એ જ નવ તત્ત્વનો સાર છે.


## બંધનું સ્થાન ત્રીજું/ આઠમું

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર આદિ આગમ શાસ્ત્રોમાં નવ તત્ત્વના ક્રમમાં ત્રીજા સ્થાને બંધ દર્શાવ્યું છે કારણ કે જીવાત્માની સંસારી અવસ્થાને અનુસરતાં જીવ બંધન યુક્ત હોવાથી બંધ તત્ત્વને ત્રીજા સ્થાને જ લઈ લીધું છે.


જો કે ત્યાર બાદ અર્થાત્ આગમ શાસ્ત્ર સિવાયના ગ્રંથોમાં કે પછી થોકડા જેવા ઉપયોગી પુસ્તકોમાં આચાર્યોએ દરેક તત્ત્વના પ્રતિપક્ષને ધ્યાનમાં રાખી નવ તત્ત્વનું વિવેચન કર્યું છે. તે દૃષ્ટિથી બંધન સાથે મુક્તિ- મોક્ષને સ્થાન આપવા આઠમા ક્રમે બંધ લીધું છે. ભવી જીવનું બંધન છે તો મુક્તિ પણ છે અને આ દૃષ્ટિને ફલીભૂત બનાવવા બંધનથી મુક્ત થવાની પ્રક્રિયા એટલે જ નવ તત્ત્વનું નિરૂપણ કર્યું છે.


જો કે આ બન્ને ક્રમના બંધમાં ભાવની દૃષ્ટિથી કોઈ અંતર નથી. સર્વ કર્મના બંધનો ક્ષય એ જ મોક્ષ છે.

**બૃહદ્સંગ્રહણી ગ્રંથમાં દર્શાવેલી સિદ્ધશિલાની ત્રણ આકૃતિઓ:**



## સિદ્ધશિલાથી સિદ્ધક્ષેત્રનું અંતર



# નવ તત્વના પ્રશ્નોત્તર

૧) જીવના ૧૪ ભેદમાંથી ત્રસનાડી અને સ્થાવરનાડીમાં કેટલા ભેદ ? ત્રસના ભેદો સ્થાવરનાડીમાં કેમ લીધા ?

જીવના ૧૪ ભેદમાંથી ત્રસનાડીમાં ૧૪, સ્થાવરનાડીમાં ૧૦, ૪ સ્થાવરના નિયમા, બેઈન્દ્રિયના, તેઈન્દ્રિયના ચૌરેન્દ્રિયના, અસંજ્ઞી પંચેન્દ્રિયના અને સંજ્ઞી પંચેન્દ્રિયના એ પાંચના અપર્યાપ્તા અને સંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્તા કેવળ સમુ. આશ્રી. એ ૬ ની ભજના. સ્થાવરનાડીમાં ત્રણ અપેક્ષાએ ત્રસ જીવો લીધા.

૧. કેવળ સમુદ્ઘાત આશ્રી સંજ્ઞીનો પર્યાપ્તો.

૨. ત્રસ જીવે સ્થાવરમાં ઉત્પન્ન થવાનું આયુષ્ય બાંધ્યું હોય તે મારણાંતિક સમુદ્ઘાત કરે તે અપેક્ષાએ.

૩. સ્થાવર જીવો ત્રસમાં ઉત્પન્ન થવાના હોય તે અપેક્ષાએ.

૨) અદૃશ્ય જીવો કયા ? કયા જીવો અદૃશ્ય હોય છે ? અર્થાત્ આપણને દેખાતા નથી ?

સૂક્ષ્મ જીવો, અપર્યાપ્તા, સિદ્ધ, ગર્ભસ્થ આદિ.

૩) નારકી કરતાં વધુ દુ:ખ કોને હોય ?

નિગોદના જીવોને.

૪) અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય કરતાં મનુષ્યાણી કેટલા ગણી વધારે હોય ?

બંને સરખા હોય કારણ કે તેઓ યુગલિક છે.

૫) ક્યા વાઘ, સિંહ અહિંસક હોય ? શાકાહારી હોય ?

અકર્મભૂમિના.

૬) ભગવાન મહાવીરના જીવ પાસે હમણાં કેટલા તત્ત્વ છે ?

બે તત્ત્વ, જીવ તત્ત્વ અને મોક્ષ તત્ત્વ.

૭) અસંખ્યાત સમયના અણાહારી મનુષ્ય (ચૌદમા ગુણસ્થાનના જીવો) પાસે કેટલા તત્ત્વ હોય ?

જીવ તત્ત્વ, અજીવ તત્ત્વ, પુણ્ય તત્ત્વ, પાપ તત્ત્વ, સંવર તત્ત્વ, નિર્જરા તત્ત્વ અને મોક્ષ તત્ત્વ એમ સાત તત્ત્વ.

૮) અજીવના મુખ્ય ૧૪ ભેદમાંથી લોકમાં કેટલા અને અલોકમાં કેટલા ?

અલોકમાં- ૨ ભેદ આકાશાસ્તિકાયનો દેશ, પ્રદેશ.

લોકમાં- ૧૧ ભેદ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયનો સ્કંધ, પ્રદેશ.

આકાશાસ્તિકાયનો દેશ, પ્રદેશ ,અદ્ધાસમય કાળ, પુદ્ગલના ૪.

૯) અજીવના મુખ્ય ૧૪ ભેદમાંથી એવો ક્યો ભેદ છે જે લોકમાં પણ નથી, અલોકમાં પણ નથી ?

આકાશાસ્તિકાયનો સ્કંધ.

૧૦) અજીવ દ્રવ્ય વધારે કે પુદ્ગલાસ્તિકાય ?

અજીવ વધારે કારણ કે પુદ્ગલ અજીવનો જ ભેદ છે અને અજીવ દ્રવ્યમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યનો પણ સમાવેશ થાય છે, તેથી અજીવ દ્રવ્ય વધી જાય છે.

૧૧) પુણ્યને કર્મની નિર્જરાનું સાધન શા માટે કહ્યું છે ?

નિર્જરા એટલે કર્મનું ઝરવું, પરંતુ પુણ્ય આત્માને નિર્જરાને યોગ્ય ક્ષેત્ર, કાળ, સંયોગ, વગેરેની પ્રાપ્તિ કરાવે છે માટે પુણ્યને સાધન કહ્યું છે.

૧૨) પુણ્ય તત્ત્વમાં કેટલા કર્મની પ્રકૃતિનો ઉદય છે ?

ચાર અઘાતી કર્મની પ્રકૃતિનો ઉદય છે. ૧ વેદનીયની, ૧ ગોત્રની, ૩ આયુષ્યની અને નામની ૩૭ પ્રકૃતિ મળીને ૪૨ પ્રકૃતિ.

૧૩) સંવર અને નિર્જરામાં શું તફાવત છે ?

સંવરથી આત્મામાં નવા કર્મો આવતા અટકે છે, જ્યારે નિર્જરામાં જે કર્મો આવી ગયા છે તેને ખપાવીને ક્ષય કરાય છે. કર્મોનો નાશ થાય છે.

૧૪) બંધ અને આશ્રવ વચ્ચે શું તફાવત છે ?

આશ્રવ એટલે આત્મામાં કર્મદલિકોનું આવવું અને બંધ એટલે આત્મા અને કર્મનું એકબીજા સાથે એક-મેક થઈ જવું, બંધાવું.

૧૫) નારકી, દેવ, તિર્યંચ, મનુષ્ય, મિથ્યાત્વી અને સમકિતીને કેટલા તત્ત્વ લાભે ?

નારકી, દેવ, તિર્યંચને-આઠ તત્ત્વ લાભે. મોક્ષ વર્જીને.

મનુષ્ય સમકિતીને - નવ તત્ત્વ લાભે.

મિથ્યાત્વીને - છ તત્ત્વ સંવર, નિર્જરા અને મોક્ષ વર્જીને.

૧૬) વામન સંસ્થાનવાળો મોક્ષે જાય કે ઋષભનારાચ સંઘયણવાળો મોક્ષે જાય ?

વામન સંસ્થાનવાળો મોક્ષે જાય. પણ ઋષભનારાચ સંઘયણવાળો મોક્ષે ન જાય. મોક્ષમાં જવા માટે વ્રજઋષભનારાચ સંઘયણ જ જોઈએ.

૧૭) જગતીના કોટ થકી એટલે શું ?

જંબુદ્વીપના છેવાડેથી શરૂ થાય તે જગતીના કોટ થકી કહેવાય.

૧૮) નવ તત્ત્વની અંદર પુણ્ય-પાપને જુદા ગણ્યા છે તેમ ધર્મ-અધર્મને જુદા તત્ત્વ તરીકે શા માટે ગણ્યા નથી ?

ધર્મનો સમાવેશ સંવરમાં થાય છે અને અધર્મનો સમાવેશ બંધમાં થાય છે તેથી તેની ગણના અલગ તત્ત્વ તરીકે કરી નથી.

૧૯) એક તત્ત્વ ક્યાં લાભે ?

અલોકમાં એક જ તત્ત્વ લાભે. અજીવ.

૨૦) વર્તમાને સીમંધર સ્વામીને કેટલા તત્ત્વ લાભે ?

૮ તત્ત્વ લાભે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા અને બંધ.

૨૧) સિદ્ધને કેટલા તત્ત્વ લાભે ?

બે, મોક્ષ અને જીવ.

૨૨) સાધુ-સાધ્વીજીને કેટલા તત્ત્વ લાભે ? વર્તમાને સાધુ-સાધ્વીને કેટલા તત્ત્વ ?

નવ, વર્તમાને- ૮

૨૩) શ્રાવક-શ્રાવિકાને કેટલા તત્ત્વ લાભે ?

૮-મોક્ષ વર્જીને.

૨૪) નવ તત્ત્વમાં દેવ-ગુરુ-ધર્મના કયા તત્ત્વ છે ?

મોક્ષ-દેવ, સંવર-ગુરુ, નિર્જરા ધર્મ.

૨૫) નિગોદના જીવને પુણ્યનો ઉદય હોય ?

હા, શરીર, શ્વોસોચ્છ્વાસ, પર્યાપ્તપણું આ પુણ્યના ઉદયથી મળે છે.

૨૬) સર્વાર્થસિદ્ધના જીવોને પાપ તત્ત્વ લાભે ?

હા, આઠે કર્મ છે. જેમાં ઘાતી કર્મ તો પાપ તત્ત્વની પ્રકૃતિમાં જ છે, માટે પાપ તત્ત્વનો ઉદય છે.

૨૭) સર્વાર્થસિદ્ધના જીવોને પાપ તત્ત્વની ઘાતી કર્મની કેટલી પ્રકૃતિ લાભે ?

૩૫ પ્રકૃતિ લાભે.પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય, નિદ્રા, પ્રચલા, પાંચ અંતરાય અને ૧૯ મોહનીય (૪ અનંતાનુબંધી + ૧ મિથ્યાત્વ મોહનીય + ૨ વેદ વર્જીને)

૨૮) તીર્થંકરને પાપ તત્ત્વનો ઉદય હોય ?

હા, તીર્થંકરને અસ્થિર દ્વિકનો ઉદય છે. અસ્થિર નામ અને અશુભનામ આ બે પ્રકૃતિ પાપ તત્ત્વની છે. કોઈ પણ જીવ એવો નથી જેને એકાંત પુણ્યનો ઉદય હોય કે એકાંતે પાપનો ઉદય હોય. આ બે પ્રકૃતિ ધ્રુવોદયી છે ૧૩મા ગુણસ્થાન સુધી હોય.

૨૯) અજ્ઞાની ન બાંધે પણ જ્ઞાની બાંધે તે શું ?

તીર્થંકર નામ કર્મ અને આહારક દ્વિક.

૩૦) અજીવના ૫૬૦ ભેદમાંથી લોકમાં, અલોકમાં અને લોકાલોકમાં કેટલા ભેદ હોય ?

લોકમાં-૫૫૫-આકાશાસ્તિકાયનો સ્કંધ, દ્રવ્ય થકી-૧, ક્ષેત્ર થકી લોકાલોક પ્રમાણે એ ત્રણ ન હોય તથા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો દેશ ન હોય

એમ પાંચ વર્જીને ૫૫૫.

અલોકમાં પાંચ ભેદ લાભે-આકાશાસ્તિકાયના દેશ, પ્રદેશ, કાળથી અનાદિ અનંત, ભાવથી અરૂપી અને ગુણથી અવગાહનાદાન.

લોકાલોકમાં ૭ ભેદ લાભે. આકાશાસ્તિકાયનો સ્કંધ, પ્રદેશ, દ્રવ્ય થકી ૧, ક્ષેત્ર થકી લોકાલોક પ્રમાણે, કાળથી અનાદિ અનંત, ભાવથી અરૂપી અને ગુણથી અવગાહનાદાન-૭.

૩૧) ત્રણ નરક સુધી પરમાધામી દેવો છે, ૪ થી ૭ નરકના જીવોને કુંભીમાંથી બહાર કોણ કાઢે ?

૧ થી ત્રણ નરકમાં સ્વયં પણ નીકળે અને પરમાધામી દેવો પણ બહાર કાઢે. ૪ થી ૭ નરકના તો સ્વયં જ નીકળે અને બીજા નારકીઓપણ કાઢે છે.

૩૨) વાણવ્યંતરના નગર ક્યાં હોય ? કેટલા હોય ?

દ્વીપોની નીચે હોય. સમુદ્રની નીચે ન હોય. દ્વીપ અસંખ્યાતા છે માટે એમના નગર પણ અસંખ્યાતા હોય.

૩૩) નીચેની પ્રવૃત્તિમાં ૧ ૨ તપમાંથી ક્યું તપ હોય ? (આ રીતે બીજા પૂછાશે)

૧. એક જ પાત્રમાં વહોરી લાવીને વાપરે - વૃત્તિ સંક્ષેપ.

૨. આ જીવ એકલો આવ્યો ને એકલો જશે એવો વિચાર કરે - ધ્યાન.

૩૪) સિદ્ધક્ષેત્રમાં કેટલા તત્ત્વ હોય ?

સિદ્ધક્ષેત્રમાં સૂક્ષ્મ જીવો અને બાદર વાયુકાયના જીવો તથા સિદ્ધના જીવો છે, તે અપેક્ષાએ સાત તત્ત્વ. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, મોક્ષ.

૩૫) ઘનવાતમાં કેટલા તત્ત્વ હોય ?

છ, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ.

૩૬) સર્વાર્થસિદ્ધના દેવ પાસે સંવરના કેટલા ભેદ હોય ? નિર્જરાના કેટલા ભેદ ?

૧ - સમકિત તે સંવર, ૬ આભ્યંતર તપના તે નિર્જરાના.

૩૭) બ્રહ્મચર્યનો સમાવેશ કયા તપમાં થાય ?

ઈન્દ્રિય પ્રતિસંલીનતા.

૩૮) વીતરાગી તથા તીર્થંકરને પુણ્ય તત્ત્વની કેટલી પ્રકૃતિ હોય ?

૩૧ પ્રકૃતિ હોય- વેદનીયની ૧ શાતા વેદનીય, આયુષ્યની-૧ મનુષ્યનું આયુષ્ય, નામની-૨૮. મનુષ્ય ગતિ, પંચન્દ્રિયની જાતિ, ઔદારિક શરીર, ઔદારિક-અંગોપાંગ, તૈજસ-કાર્મણ શરીર, વજ્ર ઋષભનારાચ સંઘયણ, સમચતુરંસ્ત્ર સંસ્થાન, શુભ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ, શુભ વિહાયોગતિ, અગુરુલઘુ નામ, પરાઘાત નામ, ઉચ્છ્વાસ નામ, નિર્માણ નામ, તીર્થંકર નામ, ત્રસ દશક- ૨૮. ઉચ્ચ ગોત્રની- ૧ મળીને ૩૧ પ્રકૃતિ હોય. (૧+૧+૨૮+૧)

૩૯) છદ્મસ્થ વીતરાગીને પાપ તત્ત્વની કેટલી પ્રકૃતિ હોય ?

૩૩ પ્રકૃતિ હોય, જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય -૬ ૪ દર્શન અને બે નિદ્રા-પ્રચલા, વેદનીયની-૧ અશાતા વેદનીય, મોહનીયની -૦, આયુષ્ય -૦, નામની -૧૬- ઋષભનારાચ સંઘયણ, નારાચ સંઘયણ, પાંચ સંસ્થાન (સમચતુરંસ્ત્ર વર્જીને,) અશુભ-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અશુભ વિહાયોગતિ, ઉપઘાત નામ, અસ્થિર નામ, અશુભ નામ, દુ:સ્વર નામ-૧૬, ગોત્રની -૦ અંતરાયની -૫ કુલ ૩૩ પ્રકૃતિ હોય.

(૫+૬+૧+૦+૦+૧૬+૦+૫ = ૩૩)

૪૦) સયોગી કેવળીને પાપ તત્ત્વની કેટલી પ્રકૃતિ હોય ?

૧૫, વેદનીયની-૧, આયુ-૦, નામની-૧૪-પાંચ સંસ્થાન, અશુભવર્ણ-ગંધ-રસ-સ્પર્શ, અશુભ વિહાયોગતિ, ઉપઘાત નામ, અસ્થિર નામ, અશુભ નામ, દુ:સ્વર નામ એ ૧૪, ગોત્ર-૦ = ૧૫ પ્રકૃતિ.

(૧+૦+૧૪+0= ૧૫)

૪૧) દેવ ગતિમાં પુણ્ય-પાપ તત્ત્વની કેટલી પ્રકૃતિ ?

| | પુણ્ય | પાપ |
|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૦ | ૫ |
| દર્શનાવરણીય | ૦ | ૬ ચાર દર્શન નિદ્રા-પ્રચલા. |
| વેદનીય | ૧ | ૧ |
| મોહનીય | ૦ | ૨૫ નપુંસક વેદ વર્જીને |
| આયુષ્ય | ૧ | ૦ |
| નામ | ૨૭ | ૧૦ |
| ગોત્ર | ૧ | ૦ |
| અંતરાય | ૦ | ૫ |
| કુલ | ૩૦ | ૫૨ પ્રકૃતિ |

પુણ્યમાં નામની-૨૭, દેવગતિ પંચેન્દ્રિયની જાતિ, વૈક્રિય શરીર, વૈક્રિય અંગોપાંગ, તૈજસ શરીર, કાર્મણ શરીર, સમચતુરંસ્ત્ર સંસ્થાન, શુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, દેવાનુપૂર્વી, અગુરુલઘુ નામ, પરાઘાત નામ, ઉચ્છ્વાસ નામ, નિર્માણ નામ, શુભ વિહાયોગતિ, ત્રસ દશક- ૨૭ એ ૨૭ પુણ્ય તત્ત્વની.

પાપ તત્ત્વમાં નામની-૧૦-અશુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અસ્થિર નામ, અનાદેય નામ, દુર્ભગ નામ, અપયશ નામ. અશુભ નામ, ઉપઘાત નામ

૪૨) નરક ગતિમાં પુણ્ય-પાપ તત્ત્વની કેટલી પ્રકૃતિ ?

| | પુણ્ય | પાપ |
|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૦ | ૫ |
| દર્શનવરણીય | ૦ | ૬ |
| વેદનીય | ૧ | ૧ |
| મોહનીય | ૦ | ૨૪ સ્ત્રીવેદ, પુરૂષવેદ વર્જીને |
| આયુષ્ય | ૦ | ૧ |
| નામ | ૧૯ | ૧૫ |

| | | |
|---|---|---|
| ગોત્ર | ૦ | ૧ |
| અંતરાય | ૦ | ૫ |
| કુલ | ૨૦ | ૫૮ |

પુણ્યમાં નામની ૧૯, વૈક્રિય શરીર, વૈક્રિય અંગોપાંગ, પંચેન્દ્રિય જાતિ, તૈજસ શરીર, કાર્મણ શરીર, શુભ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ, અગુરુલઘુ નામ, નિર્માણ નામ, સ્થિર નામ, શુભ નામ, પરાઘાત નામ, ઉચ્છ્વાસ નામ, ત્રસ નામ, બાદર નામ, પર્યાપ્તા નામ, પ્રત્યેક નામ-૧૯. શાતા વેદનીયની- ૧

પાપમાં નામની- ૧૫ નરક ગતિ, નરકાનુપૂર્વી, હુંડ સંસ્થાન, અસ્થિર નામ, અશુભ નામ, ઉપઘાત નામ, અશુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અશુભ વિહાયોગતિ, દુર્ભગ નામ, દુ:સ્વર નામ, અનાદેય નામ, અયશોકીર્તિ નામ.

૪૩) નંદીશ્વર દ્વીપના શ્રાવકને કેટલા તત્ત્વ લાભે ?

૮, મોક્ષ વર્જીને

૪૪) ૨૫ ક્રિયામાંથી સાધુને, શ્રાવકને, કેવળીને, સિદ્ધને, સમકિતીને કેટલી ક્રિયા લાભે ?

સાધુને-૨૨, શ્રાવકને-૨૨, કેવળીને-૧, ઈર્યાપથિકી ક્રિયા, સમકિતીને-૨૪, સિદ્ધ-૦.

૪૫) દ્રવ્ય સંવર અને ભાવ સંવર કોને કહેવાય ?

કર્મ પુદ્ગલો આવતા અટકે એને દ્રવ્ય સંવર કહેવાય. આવતા નવા કર્મોને રોકવાવાળા આત્માના પરિણામને ભાવ સંવર કહેવાય. અશુભ ભાવને ફિલ્ટર કરીને શુભ ભાવમાં ફેરવવા એનું નામ જ ભાવ સંવર છે.

૪૬) સમિતિ અને ગુપ્તિમાં શું ફરક છે ?

યત્નાપૂર્વકની સમ્યક્ પ્રવૃત્તિ સમિતિ છે. ગુપ્તિ એટલે અશુભ મન આદિથી નિવૃત્તિ. સમિતિમાં સમ્યગ્ ક્રિયા છે. ગુપ્તિમાં સમ્યગ્ જ્ઞાન છે. સમિતિ

વ્યવહાર છે. ગુપ્તિ નિશ્ચય છે. સમિતિ અપવાદ માર્ગ છે. ગુપ્તિ ઉત્સર્ગ ચારિત્રનો મુખ્ય માર્ગ છે.

૪૭) ભાષા સમિતિ અને વચન ગુપ્તિમાં શું ફરક છે ?

ભાષા સમિતિ એટલે કર્કશકારી, કઠોરકારી વગેરે આઠ પ્રકારની જે ભાષા બતાવી છે તે ન બોલવી. સત્ય પણ પ્રિય જ બોલવું અને કોઈ પણ ભાષા ન બોલવી, વચન ગુપ્તિ એટલે વચન યોગનો નિરોધ કરવા પુરૂષાર્થ કરવો અને બોલવું જ પડે તો સત્ય ભાષાનો પ્રયોગ કરવો.

૪૮) ૧૨ તપમાં સાધ્ય કેટલા સાધન કેટલા ?

૧ ધ્યાન સાધ્ય, બાકીના સાધન.

૪૯) ઈન્દ્રિય સંવર અને ઈન્દ્રિય પ્રતિસંલીનતામાં શું તફાવત છે ?

ઈન્દ્રિય સંવરમાં ઈન્દ્રિયો દ્વારા આવતા કર્મોને રોકનારા આત્મ પરિણામ છે, જ્યારે પ્રતિસંલીનતામાં વિષયોમાં જોડાયેલી ઈન્દ્રિયોને વિષયમાંથી પાછી વાળવાની છે.

૫૦) ધર્માસ્તિકાય સર્વથી સહાય કોને કરે ? તથા સ્કંધ, દેશ, પ્રદેશ ત્રણેથી સહાય કોને કરે ?

કેવળી સમુદ્‌ઘાત કરતાં જીવને આખા સ્કંધોથી સહાય કરે. કેવળી સમુદ્‌ઘાત કરતાં જીવને દંડ, કપાટ, મંથન વખતે દેશથી અને પ્રદેશથી સહાય કરે. આંતરા પૂરે ત્યારે સ્કંધ અને પ્રદેશથી કરે.

૫૧) કર્મબંધ માટેના સ્કંધ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી કેવા હોય ?

દ્રવ્યથી અનંત પ્રદેશી, ક્ષેત્રથી અસંખ્યાત આકાશ પ્રદેશની અવગાહનાવાળા, કાળથી એક સમયની સ્થિતિથી અસંખ્યાત કાળની સ્થિતિવાળા, ભાવથી ચઉપ્રદેશી હોય.

# નવ તત્ત્વની વિવિધ બોલમાં વિચારણા

સૌ પ્રથમ દરેક તત્ત્વના ભેદ જોઈએ પછી એને વિવિધ બોલમાં કેવી રીતે લઈ શકાય એ જોઈએ. શ્રેણી ૪માં આપણે નવ તત્ત્વના જાણપણાના ૧૧૫ બોલ કર્યા હતા એ બોલમાંથી કોને કેટલા બોલ હોય તે જોઈએ.

જીવ તત્ત્વના - ૧૪ ભેદ (કયા ભેદ છે શ્રેણી ૪ માં જોવા વિનંતી) (વિશેષમાં ૫૬૩)

અજીવ તત્ત્વના - ૧૪ ભેદ (વિશેષમાં ૫૬૦)

પુણ્યના તત્ત્વના - ૯ ભેદ

પાપ તત્ત્વના - ૧૮ ભેદ

આશ્રવ તત્ત્વના - ૨૦ ભેદ

સંવર તત્ત્વના - ૨૦ ભેદ

નિર્જરા તત્ત્વના - ૧૨ ભેદ

બંધ તત્ત્વના - ૪ ભેદ

મોક્ષ તત્ત્વના - ૪ ભેદ

| | ઔદારિક શરીર | વૈક્રિય શરીર ભવધારી | આહારક શરીર |
|---|---|---|---|
| જીવ | ૧૪ | ૩ | ૧ |
| અજીવના | ૧૩ (૧) | ૧૧ (૨) | ૧૧ (૨) |
| પુણ્ય | ૯ | ૯ | ૯ |
| પાપ | ૧૮ | ૧૮ | ૦ |
| આશ્રવ | ૨૦ | ૨૦ | ૮ (૩) |
| સંવર | ૨૦ | ૧ (૪) | ૨૦ |
| નિર્જરા | ૧૨ | ૬ (૫) | ૧૨ |
| બંધ | ૪ | ૪ | ૪ |
| મોક્ષ | ૪ | ૨ (૬) | ૪ |

❖ કોષ્ટકમાં કૌંસમાં લખેલા અંકની સમજણ પાછળ આપી છે.

(૧) આકાશાસ્તિકાયનો સ્કંધ વર્જીને.

(૨) અરૂપીના ત્રણ સ્કંધ વર્જીને.

(૩) પ્રમાદ, કષાય, અશુભ યોગ, મન, વચન, કાયા, ભંડ ઉપકરણ અયત્નાએ લે મૂકે તે, શુચિ કુસગ્ગ કરે તે આ આઠ બોલ હોય.

(૪) સમકિત તે સંવર.

(૫) આભ્યંતર તપ.

(૬) જ્ઞાન અને દર્શન

તૈજસ કાર્મણ શરીર (વાટે વહેતા જીવોનીઅપેક્ષાએ)

| | |
|---|---|
| જીવ | ૭ અપર્યાપ્તા |
| અજીવ | ૧૧ |
| પુણ્ય | ૧ (૧) |
| પાપ | ૧૮ |
| આશ્રવ | ૧૫ (૨) |
| સંવર | ૧ |
| નિર્જરા | ૦ |
| બંધ | ૪ |
| મોક્ષ | ૨ |

(૧) કાય પુણ્ય.

(૨) મન, વચન, મૃષાવાદ, ભંડ ઉપકરણ અયત્નાએ લે મૂકે તે, શુચિ કુસગ્ગ કરે આ પાંચ વર્જીને.

| | સૂક્ષ્મ જીવો | બાદર જીવો |
|---|---|---|
| જીવ | ૨ | ૧૨ |
| અજીવ | ૧૧ (૧) | ૧૩ (૨) |
| પુણ્ય | ૧ (કાય પુણ્ય) | ૯ |
| પાપ | ૧૮ | ૧૮ |
| આશ્રવ | ૧૧ (૩) | ૨૦ |
| સંવર | ૦ | ૨૦ |
| નિર્જરા | ૦ | ૧૨ |
| બંધ | ૪ | ૪ |
| મોક્ષ | ૦ | ૪ |

(૧) ધર્મસ્તિકાય, અધર્મસ્તિકાય, આકાશાસ્તિકાયના સ્કંધ વર્જીને

(૨) આકાશાસ્તિકાયનો સ્કંધ વર્જીને

(૩) મન, વચન, મૃશાવાદ, ભંડ ઉપકરણ અયત્નાએ લે મૂકે તે, શુચિ કુસગ્ગ કરે તે, ચાર ઈન્દ્રિય (સ્પર્શેન્દ્રિય વર્જીને) અયોગ્ય ઉપયોગ કરે તે નવ વર્જીને

| ચાર ગતિ | નારકી | તિર્યંચ | મનુષ્ય | દેવ |
|---|---|---|---|---|
| જીવ | ૩ | ૧૪ | ૩ | ૩ |
| અજીવ | ૧૧ | ૧૧ | ૧૩ | ૧૧ |
| પુણ્ય | ૪ (૧) | ૯ | ૯ | ૯ |
| પાપ | ૧૮ | ૧૮ | ૧૮ | ૧૮ |
| આશ્રવ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| સંવર | ૧ | ૨ (૨) | ૨૦ | ૧ (૪) |
| નિર્જરા | ૬ (૩) | ૧૨ | ૧૨ | ૬ (૩) |
| બંધ | ૪ | ૪ | ૪ | ૪ |
| મોક્ષ | ૨ (૫) | ૪ | ૪ | ૨ (૫) |

(૧) મન, વચન, કાયા, નમસ્કાર

(૨) સમકિત, વ્રત પચ્ચક્ખાણ

(૩) છ આભ્યંતર તપ

(૪) સમકિત તે સંવર

(૫) જ્ઞાન, દર્શન

# તપોમાર્ગ ગતિ

## અધ્યયન પરિચય

- આ અધ્યયનમાં તપસ્યાના માર્ગ તરફ ગતિ (પુરુષાર્થ) કરવાનું સૂચન છે, તેથી તેનું નામ તપોમાર્ગ ગતિ છે.
- જ્ઞાન, દર્શન અને ચારિત્રની જેમ તપ પણ મોક્ષમાર્ગ છે. વસ્તુત: તે ચારિત્રનું જ એક અંગ છે. તેમ છતાં કર્મક્ષયની સાધનામાં તપ એ એક તીક્ષ્ણ સાધન છે, તેથી તેની વિશિષ્ટતા સૂચિત કરવા શાસ્ત્રકારે અઠ્ઠાવીસમા અધ્યયનમાં મોક્ષમાર્ગના ચાર અંગોમાં ચોથા અંગરૂપે તપનું અલગ કથન કર્યું છે તેમજ પ્રસ્તુત સંપૂર્ણ અધ્યયન તપના વિસ્તાર માટે જ નિરૂપિત કર્યું છે.
- અધ્યયનમાં પ્રારંભની ગાથાઓમાં તપનું માહાત્મ્ય પ્રદર્શિત કર્યું છે કે તપથી કરોડો ભવોના સંચિત કર્મોનો ક્ષય થાય છે.
- તપ એ દિવ્ય રસાયણ છે, તે શરીર અને આત્માના યૌગિક ભાવોને દૂર કરી આત્માને પોતાના અયોગી સ્વરૂપમાં સ્થાપિત કરે છે. અનાદિકાળથી આત્માને શરીર સાથે ગાઢ સંબંધ રહ્યો છે. તે સંબંધ તૂટે, શરીરની મૂર્ચ્છા છૂટે, તો જ આત્મા સંયમમાં સ્થિર રહી શકે છે. તપ એ શરીરની મૂર્ચ્છા તોડવા માટેનો એક અમોઘ ઉપાય છે.
- બાહ્ય તપમાં શરીરની પ્રધાનતા છે, તેમ છતાં ભાવપૂર્વકનું બાહ્ય તપ સફળ થાય છે. આભ્યંતર તપમાં આત્મભાવોની મુખ્યતા છે તેમ છતાં તેમાં પણ શરીરની સહાયતા જરૂરી છે. આ રીતે મનુષ્યનું શરીર અને આત્મભાવોના સુમેળપૂર્વક જ તપ-સંયમની આરાધના થાય છે. બાહ્ય તપ અને આભ્યંતર તપ તે સંજ્ઞા ક્રમશ: શરીર અને આત્મભાવોની પ્રધાનતાની અપેક્ષાએ છે.

१) **जहा उ पावगं कम्मं, रागदोस समज्जियं।**
**खवेइ तवसा भिक्खू, तमेगग्गमणो सुण ।।**

**શબ્દાર્થ :** रागदोस समज्जियं - રાગદ્વેષથી ઉત્પન્ન થયેલાં पावगं - પાપ कम्मं - કર્મને भिक्खू - ભિક્ષુ जहा - જે પ્રકારે तवसा - તપથી खवेइ - ક્ષય કરે છે तं - તેને एगग्गमणो - એકાગ્ર ચિત્તથી सुण - સાંભળો.

**ભાવાર્થ :** ભિક્ષુ રાગદ્વેષથી ઉત્પન્ન થયેલાં પાપ કર્મોનો જે પ્રકારે તપ દ્વારા ક્ષય કરે છે, તેને તમે એકાગ્ર ચિત્ત થઈ સાંભળો.

२) **पाणिवह-मुसावाया, अदत्तमेहुण-परिग्गहा विरओ।**
**राइभोयण-विरओ, जीवो हवइ अणासवो ।।**

**શબ્દાર્થ :** पाणिवह- પ્રાણીવધ, જીવહિંસા मुसावाया-મૃષાવાદ, ખોટું બોલવું अदत्त-આપ્યા વિના વસ્તુ લેવી मेहुण-મૈથુન, કુશીલ સેવન परिग्गहा-ધન ધાન્યાદિનો સંગ્રહ અને મમત્વ. આ પાંચ પાપોથી विरओ- નિવૃત્ત થયેલો અને रायभोयण-विरओ-રાત્રિભોજનથી નિવૃત્ત થયેલો हवइ-થાય છે जीवो-જીવ अणासवो-આશ્રવ રહિત, કર્મબંધ થતો નથી.

**ભાવાર્થ :** હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ અને રાત્રિભોજનની વિરતિથી જીવ આશ્રવ રહિત બને છે અર્થાત્ હિંસાદિના ત્યાગથી કર્મબંધ અટકી જાય છે.

३) **पंचसमिओ तिगुत्तो, अकसाओ जिइंदिओ।**
**अगारवो य णिस्सलो, जीवो होइ अणासवो ।।**

**શબ્દાર્થ :** पंचसमिओ-પાંચ સમિતિથી યુક્ત तिगुत्तो-ત્રણ ગુપ્તિઓથી યુક્ત

अकसाओ-કષાય રહિત जिइंदिओ-જિતેન્દ્રિય अगारवो- ત્રણ ગૌરવ (ગર્વ) રહિત णिस्सलो-નિ :શલ્ય, ત્રણ શલ્ય રહિત होइ-થાય છે.

**ભાવાર્થ :** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સહિત, ચાર કષાય રહિત, જિતેન્દ્રિય, ત્રણ ગર્વથી રહિત તથા ત્રણ શલ્ય રહિત જીવ અનાશ્રવી થાય છે.

**૪) एएसिं तु विवच्चासे, रागदोस-समज्जियं।**
**खवेइ उ जहा भिक्खू, तमेगग्गमणो सुण।।**

**શબ્દાર્થ :** एएसिं-ઉપર બતાવેલા જે ગુણો છે તેનાથી विवच्चासे-વિપરીત અવગુણોના કારણે रागदोस-समज्जियं-રાગદ્વેષથી સંચિત કરેલાં કર્મોને जहा-જે પ્રકારે भिक्खू-ભિક્ષુ खवेइ-ક્ષય કરે છે तं-તે વિધિને एगग्गमणो-એકાગ્ર ચિત્ત થઈને सुण-સાંભળો.

**ભાવાર્થ :** ઉપરોક્ત ગુણોથી વિપરીત એવા દોષો દ્વારા રાગદ્વેષ આદિ અવગુણોથી સંચિત કરેલા કર્મોને, જે વિધિથી ભિક્ષુ નષ્ટ કરે છે, તે તમે એકાગ્રચિત્ત થઈને સાંભળો.

**૫) जहा महातलायस्स, सण्णिरूद्धे जलागमे।**
**उस्सिंचणाए तवणाए, कमेणं सोसणा भवे।।**

**૬) एवं तु संजयस्सावि, पावकम्म णिरासवे।**
**भवकोडी संचियं कम्मं, तवसा णिज्जरिज्जइ।।**

**શબ્દાર્થ :** जहा-જે રીતે महातलायस्स-કોઈ મોટા તળાવના जलागमे-જળ આવવાના માર્ગોને सण्णिरूद्धे-રોકી દેવામાં આવે તો, તે તળાવનું પાણી

उस्सिंचणाए-ઉલેચાઈ જવાથી તથા तवणाए-સૂર્યના તાપ દ્વારા कमेणं-ક્રમથી, ધીરે-ધીરે सोसणा भवे-સૂકાઈ જાય છે एवं तु-આ રીતે संजयस्सावि-સંયમી સાધુઓના पावकम्म-णिरासवे-પાપકર્મોના નિરાશ્રવથી, નવીન પાપકર્મો રોકી દેવાથી भवकोडी संचियं कम्मं-કરોડો ભવોના સંચિત કર્મો तवसा-તપ દ્વારા णिज्जरिज्जइ-ક્ષય થઈ જાય છે.

**ભાવાર્થ :** જે રીતે કોઈ મોટા તળાવમાં પાણીનો પ્રવાહ આવતો રોકાઈ જાય, જૂનું પાણી ઉલેચાઈ જાય અને સૂર્યના તાપથી તે તળાવનું પાણી કાળક્રમે સૂકાઈ જાય છે, તેવી જ રીતે સંયમી જીવોને પાપકર્મ આવવાનો માર્ગ બંધ થઈ જવાથી કરોડો ભવોના સંચિત થયેલા કર્મોની તપ દ્વારા નિર્જરા થાય છે. ।।૫-૬।।

**તપના પ્રકાર :**

૭) सो तवो दुविहो वुत्तो, बाहिरब्भंतरो तहा।
बाहिरो छव्विहो वुत्तो, एवमब्भंतरो तवो।।

**શબ્દાર્થ :** तवो-તપ सो-તે बाहिरो-બાહ્ય तहा-અને अब्भंतरो-આભ્યંતરના ભેદથી दुविहो-બે પ્રકારના वुत्तो-કહ્યા છે बाहिरो-બાહ્ય તપ छव्विहो-છ પ્રકારના वुत्तो-કહ્યા છે एव-આ પ્રકારે अब्भंतरो-આભ્યંતર.

**ભાવાર્થ :** તે તપના બે પ્રકાર છે - બાહ્ય તપ અને આભ્યંતર તપ. બાહ્ય તપના છ પ્રકાર છે અને આભ્યંતર તપના પણ છ પ્રકાર છે.

**બાહ્ય તપના પ્રકાર :**

૮) अणसणमूणोयरिया, भिक्खायरिया य रसपरिच्चाओ।
कायकिलेसो संलीणया, य बज्झो तवो होइ।।

**શબ્દાર્થ :** अणसणं-અનશન (તપ) ऊणोयरिया-ઊણોદરી, ઊનોદરિકા भिक्खायरिया-ભિક્ષાચર્યા रसपरिच्चाओ-રસ પરિત્યાગ कायकिलेसो-કાયક્લેશ संलीणया-સંલીનતપ-પ્રતિસંલીનતા बज्झो-બાહ્ય तवो- તપના છ ભેદ (પ્રકાર) होइ-હોય છે.

**ભાવાર્થ :** (૧) અનશન (૨) ઊણોદરી (૩) ભિક્ષાચર્યા (૪) રસ પરિત્યાગ (૫) કાયક્લેશ અને (૬) સંલીનતા, આ છ બાહ્ય તપ છે.

**૧) બાહ્ય તપ અનશન :** ઈત્વરિક અનશન તપ :

**૯) इत्तरिय मरणकाला य, अणसणा दुविहा भवे।**
**इत्तरिय सावकंखा, णिरवकंखा उ बिइज्जिया।।**

**શબ્દાર્થ :** अणसणा-અનશન તપ दुविहा-બે પ્રકારના भवे-થાય છે इत्तरिय-થોડા સમયનું मरणकाला-જીવન પર્યંત, મરણકાળ સુધીનું इत्तरिय-થોડા સમયનું તપ सावकंखा-આહારની આકાંક્ષા સહિત હોય છે बिइज्जिया-બીજું મરણકાળ સુધીનું અનશન णिरवकंखा-આહારની આકાંક્ષા રહિત હોય છે.

**ભાવાર્થ :** અનશન તપના બે પ્રકાર છે - ઈત્વરિક (થોડા સમય માટેનું અનશન) અને જીવન પર્યંતનું અનશન. ઈત્વરિક અનશન આકાંક્ષા અને મર્યાદા સહિત હોય છે, જીવન પર્યંતનું અનશન આકાંક્ષા અને મર્યાદા રહિત હોય છે.

**૧૦) जो सो इत्तरिय तवो, सो समासेण छव्विहो।**
**सेढितवो पयरतवो, घणो य तह होइ वग्गो य।।**

११) तत्तो य वग्गवग्गो उ, पंचमो छट्ठओ पइण्णतवो।
मणइच्छियचित्तत्थो, णायव्वो होइ इत्तरिओ।।

**શબ્દાર્થ:** जो-જે सो-આ इत्तरिय-ઈત્વરિક तवो-તપ છે सो-તે समासेण-સંક્ષેપમાં छव्विहो-છ પ્રકારના होइ-છે सेढितवो-શ્રેણી તપ पयरतवो-પ્રતર તપ घणो-ઘન તપ वग्गो-વર્ગ તપ वग्गवग्गो-વર્ગ વર્ગ તપ पंचमो-પાંચમું छट्ठओ-છઠ્ઠું पइण्णतवो-પ્રકીર્ણ તપ मणइच्छिय-મનઈચ્છિત, ઈચ્છા પ્રમાણે (મનોવાંછિત) चित्तत्थो-વિવિધ પ્રકારના સ્વર્ગાપવર્ગ મોક્ષ ફળ ને આપવાવાળા होइ-થાય છે णायव्वो-તેમ જાણવું જોઈએ.

**ભાવાર્થ:** સંક્ષેપમાં ઈત્વરિક તપના છ પ્રકાર છે-શ્રેણિતપ, પ્રતરતપ, ઘનતપ, વર્ગ તપ, પાંચમું વર્ગ-વર્ગ તપ અને છઠ્ઠું પ્રકીર્ણ તપ. આ પ્રમાણે વિવિધ પ્રકારના મનોવાંછિત સ્વર્ગાપવર્ગ આદિ ફળને આપનાર ઈત્વરિત તપ છે.

મરણકાલિક અનશન તપ:

१२) जा सा अणसणा मरणे, दुविहा सा वियाहिया।
सवियारमवियारा, कायचिट्ठं पई भवे।।

१३) अहवा सपरिकम्मा, अपरिकम्मा य आहिया।
णीहारिमणीहारी, आहारच्छेओ दोसु वि।।

**શબ્દાર્થ:** सा-તે जा-જો मरणे-મરણકાલિક अणसणा-અનશન છે दुविहा-બે પ્રકારના वियाहिया-કહ્યા છે सवियारं-સવિચાર, કાયચેષ્ટા સહિત अवियारा-અવિચાર (કાયચેષ્ટા રહિત) આ ભેદ कायचिट्ठं पइ-કાયચેષ્ટાની અપેક્ષાએ भवे-

હોય છે अहवा-અથવા, પ્રકારાન્તરથી आहिया-કહ્યા છે सपरिकम्मा-સપરિકર્મ, બીજાની સેવા લેવી अपरिकम्मा-અપરિકર્મ, બીજાની સેવા ન લેવી णीहारिं-અંતિમ સંસ્કાર વિધિ સહિત अणीहारी-અંતિમ સંસ્કાર વિધિ રહિત दोसु वि-બન્ને પ્રકારના અનશનોમાં आहारच्छेओ-આહારનો ત્યાગ હોય છે.

**ભાવાર્થ :** મરણકાલિક અનશન કાયચેષ્ટાને આધારે, સવિચાર (પડખું બદલવું વગેરે ક્રિયા સહિત) અને અવિચાર (ઉક્ત ક્રિયા રહિત) એમ બે પ્રકારનું છે.

અથવા મરણકાલિક અનશનના સપરિકર્મ અને અપરિકર્મ એમ બે ભેદ છે. તથા નિર્હારીમ અને અનિર્હારીમ એમ બે ભેદ પણ થાય છે. બન્નેમાં આહારનો ત્યાગ હોય છે.

### ૨) બાહ્યતપ : ઉણોદરી તપ :

**૧૪) ओमोयरणं पंचहा, समासेण वियाहियं।**
**दव्वओ खेत्त कालेणं, भावेणं पज्जवेहि य।।**

**શબ્દાર્થ :** दव्वओ-દ્રવ્યથી खेत्तकालेणं-ક્ષેત્રથી, કાળથી भावेणं-ભાવથી य-અને पज्जवेहि-પર્યાયોથી ओमोयरणं-ઊણોદરી તપ समासेण-સંક્ષેપમાં पंचहा-પાંચ પ્રકારના वियाहियं-કહ્યા છે.

**ભાવાર્થ :** ઊણોદરી તપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પર્યાયોની અપેક્ષાએ સંક્ષેપમાં પાંચ પ્રકાર છે.

**૧૫) जो जस्स उ आहारो, तत्तो ओमं तु जो करे।**
**जहण्णेणेगसित्थाई, एवं दव्वेण उ भवे।।**

**શબ્દાર્થ :** जस्स-જેનો जो-જેટલો आहारो-આહાર છે तत्तो-તેનાથી जो-જે

ओमं-ઓછો करे-કરે છે जहण्णेण-જઘન્યથી एगसित्थाई-એક કવલ, બે કવલ આદિ उ-પણ ઓછો કરે છે एवं-એ પ્રકારે दव्वेण-દ્રવ્યથી ઊણોદરી भवे-થાય છે.

**ભાવાર્થ :** જેનો જેટલો આહાર હોય તેનાથી યથા શક્તિ ઓછું ખાવું, તે દ્રવ્ય ઊણોદરી તપ છે. તેમાં ઓછામાં ઓછા એક, બે આદિ કવલ ઓછાં ખાય તો પણ ઊણોદરી તપ થાય છે.

**૧૬) गामे णगरे तह रायहाणी, णिगमे य आगरे पल्ली।**
**खेडे कब्बडदोणमुह, पट्टण मडंब संबाहे।**

**૧૭) आसमपए विहारे, सण्णिवेसे समाय घोसे य।**
**थलिसेणाखंधारे, सत्थे संवट्टकोट्टे य।।**

**૧૮) वाडेसु व रत्थासु व, घरेसु वा एवमित्तियं खेतं।**
**कप्पइ उ एवमाई, एवं खेत्तेण उ भवे।।**

**શબ્દાર્થ :** गामे-ગ્રામ णगरे-નગર रायहाणी-રાજધાની णिगमे-જે નગરમાં વ્યાપાર કરનારા મહાજનોની વસ્તી વિશેષ હોય आगरे-સોના, ચાંદી વગેરે ધાતુની ખાણ पल्ली-ચારે તરફ વૃક્ષોથી ઘેરાયેલું સ્થાન, જ્યાં ચોર વગેરે રહેતા હોય खेडे-જે વસતીની ચારે તરફ માટીનો કિલ્લો હોય कब्बड-કસબો, ઓછી વસતીવાળું નગર दोणमुह-સમુદ્ર કિનારાની વસતી, જ્યાં જવા જળમાર્ગ અને સ્થળમાર્ગ બન્ને પ્રકારનો માર્ગ હોય पट्टण-પાટણ, વ્યાપાર-વાણિજ્યનું મોટું સ્થળ, જ્યાં ચારે ય દિશામાંથી વેપારીઓનું આવાગમન થતું હોય તેવું સ્થળ मडंब -મંડબ, જેની ચારે ય

દિશાઓમાં અઢી-અઢી ગાઉ સુધી કોઈગામડું વગેરે ન હોય संबाहे-સંબાધ, પર્વતોની વચ્ચે વસેલું ગામ, ચારે ય વર્ણવાળા લોકોની વસતિ आसमपए-આશ્રમ પદ-તપસ્વીઓના રહેવાનું સ્થળ, આશ્રમ विहारे-બૌદ્ધ ભિક્ષુઓને રહેવાનું સ્થળ, દેવસ્થાન सण्णिवेसे-જ્યાં યાત્રા માટે લોકો એકત્રિત થાય समाय-જ્યાં યાત્રી ઊતરે, ધર્મશાળા घोसे-ઘોષ, ગોપાલક વસતિ, ગોકુલ थलिसेणाखंधारे-સ્થળસેનાનો સ્કંધાવાર, સેનાનો પડાવ કરવાનું સ્થાન, છાવણી સ્થળ सत्थे-સાર્થ, સાર્થવાહનો પડાવ, બજાર હાટ, કરિયાણું લેવા માટે આવતાં લોકોનું એકત્રિત થવાનું સ્થળ संवट्ट-સંવર્ત્ત, ભયથી ડરીને લોકો જ્યાં આવીને શરણ લેતાં હોય તે સ્થળ कोट्टे-કિલ્લાવાળું નગર वाडेसु-વાડ, જેની ચારે બાજુ વાડ લગાવેલી હોય તેવું સ્થળ रत्थासु-શેરીઓ, ગલી, લતો घरेसु-ઘર एवमित्तियं-આટલા જ खेतं-ક્ષેત્રોમાં कप्पइ-ગોચરી લેવાનું કલ્પે છે एवमाई-આ પ્રમાણે અભિગ્રહ કરીને જે સાધુ ગોચરી કરે છે एवं उ-આ રીતે खेत्तेण-ક્ષેત્રથી ઊણોદરી તપ भवे-થાય છે.

**ભાવાર્થ :** ગામ, નગર, રાજધાની, નિગમ, આકર, પલ્લી, ખેડ, કર્બટ, દ્રોણમુખ, પત્તન, મડંબ, સંબાધ, આશ્રમ-પદ, વિહાર, સંન્નિવેશ, ધર્મશાળા, ગોકુળ, છાવણી, હાટ બજાર કે સાર્થવાહ પડાવ, સંવર્ત્ત, કોટ, વાટ, ગલી અને ઘર, આ ક્ષેત્રોમાં તેમજ આવાં જ બીજાં સ્થળોમાંથી અમુક નિર્ધારિત ક્ષેત્રમાં જ ભિક્ષા માટે જવું, તેવો અભિગ્રહ ધારણ કરવો, તે ક્ષેત્ર ઊણોદરી તપ છે.

## ૧૯) पेडा य अद्धपेडा, गोमुत्ति-पयंग वीहिया चेव।
## संबुक्कावट्टाययागंतुं, पच्चागया य छट्ठा।।

**શબ્દાર્થ :** पेडा-પેટીના આકારે, વચ્ચેના ઘરો છોડી ચારે દિશાઓમાં ફરતાં ગોચરી કરે अद्धपेडा-અર્ધ પેટીના આકારે ઘરોમાં જતાં ગોચરી કરે गोमुत्ति-ગોમુત્રિકા,

બળદના મૂત્રના આકારે ઘરોમાં ગોચરી કરે અર્થાત્ પ્રથમ ડાબી બાજુ, પછી જમણી બાજુ, પછી ડાબી બાજુ, તેમ સામસામેના ઘરોમાં ગોચરી કરે पयंग वीहिया-પતંગ વીથિકા, પતંગિયાની ગતિની જેમ દિશા કે ઘરોના ક્રમ વિના વ્યુત્ક્રમે ગોચરી કરે चेव- અને संबुक्कावट्टा-શમ્બુકાવર્તા ગોચરી, શંખના આવર્તની જેમ ગોળ छट्ठा-છઠ્ઠી आयया-આયતાકારે, લાંબા સીધા માર્ગે ચાલતાં गंतुं-જતાં ગોચરી કરવી पच्चागया-પ્રત્યાગતા ગોચરી, પાછા ફરતાં ગોચરી કરવી.

**ભાવાર્થ :** (૧) પેટીના આકારે ઘરોમાં જતાં ગોચરી કરે તેમજ (૨) અર્ધ પેટિકાના આકારમાં (૩) બળદના મૂત્રના આકારમાં (૪) પતંગિયાની ગતિ જેવા આકારમાં (૫-૬) શંખાવર્તના અને આયતા, આ બંને આકારમાં જતાં કે પાછા ફરતાં ગોચરી કરે. એમ છ પ્રકારે ક્ષેત્ર સંબંધી અભિગ્રહ ધારણ કરીને ગોચરી કરવી, તે ક્ષેત્ર ઊણોદરી તપ છે.

## ૨૦) दिवसस्स पोरिसीणं, चउण्हं पि उ जत्तिओ भवे कालो। एवं चरमाणो खलु, कालोमाणं मुणेयव्वं।।

**શબ્દાર્થ :** दिवसस्स-દિવસના चउण्हं पि-ચાર पोरिसीणं-પ્રહરોમાં जत्तिओ कालो-જેટલા સમયનો અભિગ્રહ भवे-હોય અથવા આજે હું અમુક પ્રહરમાં ગોચરી જઈશ एवं-આ પ્રકારે અભિગ્રહ કરી चरमाणो-વિચરતા સાધુનું खलु-નિશ્ચય જ कालोमाणं-કાળની અપેક્ષાએ ઊણોદરી તપ થાય છે मुणेयव्वं-એમ જાણવું જોઈએ.

**ભાવાર્થ :** દિવસના ચાર પ્રહરોમાંથી જે પ્રહરમાં જેટલો કાળ ગોચરી લેવાના અભિગ્રહરૂપે નિયત કર્યો હોય, તે નિયત સમયમાં જ ભિક્ષા માટે જવું, તેને કાળ ઊણોદરી તપ કહેવાય છે.

२१) अहवा तइयाए पोरिसीए, ऊणाइ घासमेसंतो।
चउभागूणाए वा, एवं कालेण ऊ भवे।।

**શબ્દાર્થ :** अहवा-અથવા तइयाए-ત્રીજા पोरिसीए-પ્રહરમાં ऊणाइ-થોડા ઓછા સમયે चउभागूणाए-ચોથા ભાગથી ઓછા અથવા ત્રીજા પ્રહરમાં અંતિમ ચોથા ભાગમાં સાધુ, घासं-આહારની एसंतो-ગવેષણા કરવાનો અભિગ્રહ કરે તો एवं-આ પ્રકારને कालेण-કાળથી, ઊણોદરી તપ भवे-થાય છે.

**ભાવાર્થ :** અથવા તૃતીય પ્રહરમાં જ અમુક ભાગ ન્યૂન કે ચોથો ભાગ ન્યૂન તેમ કોઈ પણ અભિગ્રહ પૂર્વક ત્રીજા પ્રહરે ગોચરી કરવી, તે પણ કાળથી ઊણોદરી તપ છે.

२२) इत्थी वा पुरिसो वा, अलंकिओ वा णालंकिओ वावि।
अण्णयर वयत्थो वा, अण्णयरेणं व वत्थेणं।।

२३) अण्णेण विसेसेणं, वण्णेणं भाव मणुमुयंते उ।
एवं चरमाणो खलु, भावोमाणं मुणेयव्वं।।

**શબ્દાર્થ :** इत्थी-સ્ત્રી पुरिसो-પુરુષ अलंकिओ-અલંકૃત ण अलंकिओ-અલંકાર રહિત अण्णयर वयत्थो-અમુક અવસ્થાવાળા अण्णयरेणं वत्थेणं-અમુક વસ્ત્રથી યુક્ત वण्णेणं-વર્ણ આદિ अण्णेण-અન્ય કોઈ विसेसेणं-વિશેષતાથી યુક્ત भाव मणुमुयंते-ભાવ સંબંધી અભિગ્રહ કરે एवं-આ રીતે चरमाणो-વિચરણ કરનારને खलु-નિશ્ચયથી भावोमाणं-ભાવ ઊણોદરી તપ मुणेयव्वं-જાણવું.

**ભાવાર્થ :** સ્ત્રી અથવા પુરુષ, અલંકારયુક્ત કે અલંકાર રહિત, અમુક વયવાળા અને અમુક વસ્ત્ર પહેરેલ વ્યક્તિ સંબંધી અભિગ્રહ કરીને.

તેમજ અન્ય કોઈ વર્ણ આદિ વિશેષતા યુક્ત ભાવ સંબંધી અભિગ્રહ ધારણ કરીને ગોચરી માટે વિચરણ કરનારા મુનિને ભાવ ઊણોદરી તપ થાય છે, તેમ જાણવું જોઈએ.

## ૨૪) दव्वे खेत्ते काले, भावम्मि य आहिया उ जे भावा।
## एएहिं ओमचरओ, पज्जवचरओ भवे भिक्खू।।

**શબ્દાર્થ :** दव्वे-દ્રવ્ય खेत्ते-ક્ષેત્ર काले-કાળ भावम्मि-ભાવમાં जे-જો भावा-ભાવ आहिया-કહ્યા છે एएहिं-તેનાથી ओमचरओ-ઊણોદરી તપ કરનારો भिक्खू-સાધુ पज्जवचरओ-પર્યાયથી ઊણોદરી કરનારો भवे-હોય છે.

**ભાવાર્થ :** (પૂર્વોક્ત ગાથાઓમાં) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ઊણોદરી અંગે જે જે વર્ણન કર્યું છે તે બધામાંથી એકી સાથે ઊણોદરીરૂપે અભિગ્રહ ધારણ કરનાર ભિક્ષુ 'પર્યવચરક' ઊણોદરી તપ કરનાર થાય છે.

### ૩)બાહ્ય તપ : ભિક્ષાચર્યા તપ :

## ૨૫) अट्ठविह-गोयरग्गं तु, तहा सत्तेव एसणा।
## अभिग्गहा य जे अण्णे, भिक्खायरियमाहिया।।

**શબ્દાર્થ :** अट्ठविह-આઠ પ્રકારની गोयरग्गं-ગોચરાગ્ર, ગોચરી तु तहा-અને सत्तेव-સાત પ્રકારની एसणा-એષણા अण्णेय य जे-બીજા પણ જે अभिग्गहा-અભિગ્રહો છે भिक्खायरियं-ભિક્ષાચરી आहिया-કહેવાય છે.

**ભાવાર્થ :** આઠ પ્રકારની ગોચરી, સાત પ્રકારની પિંડેષણા અને બીજા પણ અનેક પ્રકારના અભિગ્રહો છે, તેને ભિક્ષાચર્યા તપ કહેવાય છે.

### ૪) બાહ્ય તપ : રસ પરિત્યાગ તપ :

૨૬) **खीरदहि सप्पिमाई, पणीयं पाणभोयणं।**

**परिवज्जणं रसाणं तु, भणियं रस विवज्जणं।।**

**શબ્દાર્થ :** खीर-ક્ષીર, દૂધ दहि-દહીં सप्पिं-ઘી आाई-આદિ, તેલ અને ગોળ, સાકર तु-અને पणीयं-ગરિષ્ઠ-ઘી, તેલ આદિથી તરબોળ પદાર્થો માલપૂવા વગેરે पाणभोयणं-પેય પદાર્થોનો આહાર रसाणं-રસોનો, અન્ય સ્વાદિષ્ટ પદાર્થોનો, સરસ પદાર્થોનો परिवज्जणं-ત્યાગ કરવો रस विवज्जणं-રસપરિત્યાગ નામનું તપ भणियं-કહ્યું છે.

**ભાવાર્થ :** દૂધ, દહીં, ઘી વગેરે વિગયો તેમજ ઘી, તેલાદિથી તરબોળ ખાદ્ય પદાર્થો તેમજ રસવંતા (સ્વાદિષ્ટ) પદાર્થોનો ત્યાગ કરવો, તેને 'રસપરિત્યાગ' તપ કહ્યું છે.

### ૫)બાહ્ય તપ : કાયક્લેશ તપ :

૨૭) **ठाणा वीरासणाइया, जीवस्स उ सुहावहा।**

**उग्गा जहा धरिज्जंति, कायकिलेसं तमाहियं।।**

**શબ્દાર્થ :** जीवस्स-જીવને માટે सुहावहा-ભવિષ્યમાં સુખકારી उग्गा-ઉગ્ર, કઠોર वीरासणा-વીરાસન आइया-કેશ લોચ, ગોદુહાસન વગેરે ठाणा-સ્થાન जहा-જે પ્રકારે धरिज्जंति-સેવન કરાય છે तं-તે कायकिलेसं-કાયક્લેશ નામનું તપ आहियं-કહ્યું છે.

**ભાવાર્થ :** આત્માને સુખાકારી વીરાસન, ગોદુહાસન વગેરે જે કઠિન આસનોનો સ્વીકાર કરવામાં આવે છે, તે કાયક્લેશ તપ છે.

### ૬) બાહ્ય તપ : પ્રતિસંલીનતા તપ :

२८) एगंत मणावाए, इत्थीपसुविवज्जिए।

सयणासण सेवणया, विवित्तसयणासणं।।

**શબ્દાર્થ :** एगंतं-એકાંત अणावाए-જન સામાન્યના આવાગમન રહિત इत्थीपसुविवज्जिए-સ્ત્રી, પશુ અને નપુંસકથી વર્જિત, સ્ત્રી આદિના નિવાસ રહિત સ્થાનમાં सयणासणसेवणया-શયન, આસન કરવું विवित्तसयणासणं-વિવિક્ત શયનાસન પ્રતિસંલીનતા તપ છે.

**ભાવાર્થ :** જન સામાન્યના આવાગમન રહિત, સ્ત્રી, પશુ, નપુંસકના નિવાસ રહિત એકાંત સ્થાનમાં શયન, આસન ગ્રહણ કરવું, રહેવું, તે વિવિક્ત શયનાસનરૂપ પ્રતિસંલીનતા તપ છે.

**બાહ્ય તપ ઉપસંહાર :**

२९) एसो बाहिरगं तवो, समासेण वियाहिओ।

अब्भिंतरं तवं एत्तो, विच्छामि अणुपुव्वसो।।

**શબ્દાર્થ :** एसो-આ बाहिरगं-બાહ્ય तवो-તપ समासेण-સંક્ષેપથી वियाहिओ-કહ્યા છે एत्तो-હવે, ત્યાર પછી अणुपुव्वसो-અનુક્રમથી अब्भिंतरं-આભ્યંતર तवं-તપનું विच्छामि-વર્ણન કરીશ.

**ભાવાર્થ :** આ પ્રમાણે સંક્ષેપમાં બાહ્ય તપનું કથન કર્યું. હવે ક્રમશ: આભ્યન્તર તપનું નિરૂપણ કરીશ.

**આભ્યંતર તપના પ્રકાર :**

૩૦) **पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।**
**झाणं च विउस्सग्गो, एसो अब्भिंतरो तवो ।।**

**શબ્દાર્થ :** पायच्छित्तं-પ્રાયશ્ચિત્ત विणओ-વિનય वेयावच्चं-વૈયાવૃત્ય सज्झाओ-સ્વાધ્યાય झाणं-ધ્યાન विउस्सग्गो-વ્યુત્સર્ગ, કાયોત્સર્ગ एसो-આ છ પ્રકારના अब्भिंतरो-આભ્યંતર तवो-તપ છે. तहेव- એ પ્રમાણે.

**ભાવાર્થ :** પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ, આ છ આભ્યંતર તપ છે.

**૧) આભ્યંતર તપ : પ્રાયશ્ચિત્ત :**

૩૧) **आलोयणारिहाईयं, पायच्छित्तं तु दसविहं ।**
**जे भिक्खू वहइ सम्मं, पायच्छित्तं तमाहियं ।।**

**શબ્દાર્થ :** आलोयणारिहाईयं -આલોચનાર્હ, આલોચના યોગ્ય આદિ पायच्छित्तं-પ્રાયશ્ચિત્ત दसविहं-દસ પ્રકારના છે जे-જેનું भिक्खू-ભિક્ષુ सम्मं-સમ્યક્ પ્રકારથી वहइ-વહન કરે, ગ્રહણ-ધારણ રૂપમાં સેવન કરે છે तं-તેને पायच्छित्तं-પ્રાયશ્ચિત્તआहियं-કહે છે.

**ભાવાર્થ :** આલોચના યોગ્ય વગેરે દસ પ્રકારના પ્રાયશ્ચિત્ત છે, જેનું ભિક્ષુ સમ્યક્ પ્રકારે વહન કરે છે, તેને પ્રાયશ્ચિત્ત તપ કહેવામાં આવે છે.

**૨) આભ્યંતર તપ : વિનય :**

૩૨) **अब्भुट्ठाणं अंजलिकरणं, तहेवासण दायणं ।**
**गुरुभत्ति भावसुस्सूसा, विणओ एस वियाहिओ ।।**

**શબ્દાર્થ :** अब्भुट्ठाणं-અભ્યુત્થાન, ગુરુ મહારાજ વગેરેને આવતાં જોઈને ઊભા થવું अंजलिकरणं-હાથ જોડવા, વંદન-નમસ્કાર કરવા आसणदायणं-તેઓને આસન આપવું गुरुभत्ति-ગુરુજનોની ભક્તિ કરવી भावसुस्सूसा-શ્રદ્ધાપૂર્વક, ભાવપૂર્વક તેમની સેવા શુશ્રૂષા કરવી एस-આ विणओ-વિનય वियाहिओ-કહ્યો છે.

**ભાવાર્થ :** ગુરુ કે રત્નાધિક (પર્યાયથી જયેષ્ઠ) સાધુ ભગવંતો પધારે ત્યારે ઊભા થવું, હાથ જોડવા, તેમને આસન આપવું, ગુરુજનોની ભક્તિ કરવી તથા ભાવપૂર્વક સેવા શુશ્રૂષા કરવી તે વિનય તપ છે.

## ૩) આભ્યંતર તપ : વૈયાવૃત્ય :

**૩૩) आयरियमाईए, वेयावच्चम्मि दसविहे।**
**आसेवणं जहाथामं, वेयावच्चं तमाहिणं।।**

**શબ્દાર્થ :** वेयावच्चम्मि-વૈયાવૃત્ય કરવા યોગ્ય आयरियमाईए-આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષ, સાધર્મિક, કુલ, ગણ અને સંઘ આ दसविहे-દસ સ્થાનોની जहाथामं-યથાશક્તિ, શારીરિક શક્તિ પ્રમાણે आसेवणं-સેવા-ભક્તિ કરવી तं-તેને वेयावच्चं-વૈયાવૃત્ય, વૈયાવચ્ચ તપ आहिणं-કહ્યું છે.

**ભાવાર્થ :** આચાર્ય આદિની અપેક્ષાએ વૈયાવૃત્યના દશ ભેદ છે. તે દશેયની યથાશક્તિ સેવા કરવી તેને વૈયાવૃત્ય તપ કહ્યું છે.

## ૪) આભ્યંતર તપ : સ્વાધ્યાય :

**૩૪) वायणा पुच्छणा चेव, तहेव परियट्टणा।**
**अणुप्पेहा धम्मकहा, सज्झाओ पंचहा भवे।।**

**શબ્દાર્થ :** वायणा-વાચના (ગુરુ પાસેથી સૂત્ર-અર્થની વાચના લેવી) पुच्छणा-

પૂછવું, શંકાની નિવૃત્તિ માટે પ્રશ્ન પૂછવા तहेव-આ પ્રકારે परियट्टणा-શીખેલા જ્ઞાનની પુનરાવૃત્તિ કરવી अणुप्पेहा-અનુપ્રેક્ષા, ચિંતન-મનન કરવું धम्मकहा-ધર્મોપદેશ આપવો पंचहा-આ પાંચ ભેદ सज्झाओ-સ્વાધ્યાય તપના भवे-થાય છે.

**ભાવાર્થ :** વાચના, પૃચ્છના, પુનરાવર્તન, અનુપ્રેક્ષા અને ધર્મકથા, આ રીતે સ્વાધ્યાય તપના પાંચ પ્રકાર છે.

### ૫) આભ્યંતર તપ : ધ્યાન :

**૩૫) अट्टरुद्दाणि वज्जित्ता, झाएज्जा सुसमाहिए।**
**धम्म-सुक्काइं झाणाइं, झाणं तं तु बुहा वए।।**

**શબ્દાર્થ :** सुसमाहिए-સુસમાધિવંત સાધુ अट्टरुद्दाणि-આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનને वज्जित्ता-છોડીને धम्मसुक्काइं झाणाइं-ધર્મધ્યાન અને શુકલધ્યાન-આ બે ધ્યાનોનું झाएज्जा-ધ્યાન કરે तं-તેને बुहा-બુદ્ધ, તત્ત્વજ્ઞાની झाणं-ધ્યાન वए-કહે છે. तु- પાદપૂર્તિ માટે

**ભાવાર્થ :** આર્ત્ત અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરીને સુસમાધિવંત થઈને મુનિ ધર્મધ્યાન અને શુકલ ધ્યાન કરે છે, તેને જ્ઞાનીજનો ધ્યાન તપ કહે છે.

### ૬) આભ્યંતર તપ : વ્યુત્સર્ગ તપ :

**૩૬) सयणासणठाणे वा, जे उ भिक्खू ण वावरे।**
**कायस्स विउस्सग्गो, छट्ठो सो परिकित्तिओ।।**

**શબ્દાર્થ :** सयणासणठाणे वा-શય્યા ઉપર, આસન ઉપર અથવા ઊભા ઊભા जे-જે भिक्खू-ભિક્ષુ, સાધુ ण वावरे-અન્ય હલન-ચલન આદિ પ્રવૃત્તિઓ કરતો નથી

सो-તેને कायस्स विउस्सग्गो-કાયવ્યુત્સર્ગ નામનું, छट्ठो-છઠ્ઠું તપ परिकित्तिओ-કહ્યું છે.

**ભાવાર્થ :** સૂતાં-સૂતાં, બેઠાં-બેઠાં અને ઊભાં-ઊભાં વગેરે કોઈ પણ અવસ્થામાં ભિક્ષુ શરીરની હલન-ચલનરૂપ પ્રવૃત્તિઓને બંધ કરે છે, તેને શરીર વ્યુત્સર્ગ કહે છે. તે વ્યુત્સર્ગ નામનું છઠ્ઠું આભ્યંતર તપ છે.

**તપાચરણનું પરિણામ :**

**૩૭) एयं तवं तु दुविहं, जे सम्मं आयरे मुणी।**
**सो खिप्पं सव्वसंसारा, विप्पमुच्चइ पंडिए।। त्ति बेमि।।**

**શબ્દાર્થ :** एयं-આ બાહ્ય અને આભ્યંતર दुविहं બન્ને પ્રકારના तवं તપનું जे-જે मुणी-મુનિ सम्मं-સમ્યક્ પ્રકારે आयरे-આચરણ કરે છે से-તે पंडिए-પંડિત સાધુ खिप्पं-તરત, શીઘ્ર જ सव्वसंसारा-સમસ્ત સંસારથી विप्पमुच्चइ-વિમુક્ત, છૂટી જાય છે. त्ति बेमि- આ પ્રમાણે હું કહું છું.

**ભાવાર્થ :** આ પ્રમાણે જે મુનિ બન્ને પ્રકારનાં તપનું સમ્યક્ પ્રકારે આચરણ કરે છે, તે જ સાચો પંડિત છે, તે સાધુ સમસ્ત સંસારથી, સમસ્ત કર્મોથી વિમુક્ત થઈ જાય છે.

## માર્ગણાના નિયમો

૧) અશાશ્વતા- શાશ્વતા

૭ નરકના અપર્યાપ્તા + ૫ સંજ્ઞી તિર્યંચના અપર્યાપ્તા + ૨૦૨ મનુષ્યના અપર્યાપ્તા + ૯૯ દેવના અપર્યાપ્તા = ૩૧૩ ભેદ અપર્યાપ્તા અશાશ્વતા છે.

★ જેનો વિરહકાળ અંત. થી અધિક હોય તેના અપર્યાપ્તા અશાશ્વતા હોય.

૭ નરકના પર્યાપ્તા + ૪૩ તિર્યંચના (૫ સંજ્ઞી તિર્યંચના અપર્યાપ્તા વર્જીને) + ૧૦૧ મનુષ્યના પર્યાપ્તા + ૯૯ દેવના પર્યાપ્તા = ૨૫૦ ભેદ પર્યાપ્તા શાશ્વતા છે.

૨) તિર્યંચના ૪૮ ભેદમાંથી પ્રત્યેકના ભેદ ૪૪ છે. ૪૮ ભેદમાંથી સાધારણના ૪ ભેદ બાદ કરવા.

તિર્યંચના ૪૮ ભેદમાંથી બાદરના ૩૮ ભેદ થાય. ૪૮ ભેદમાંથી સૂક્ષ્મના ૧૦ ભેદ બાદ કરવા.

પ્રત્યેક અને બાદર બન્નેના મળી ૩૬ ભેદ થાય. ૪૮ ભેદમાંથી સૂક્ષ્મના ૧૦ અને સાધારણના ૨ એમ ૧૨ ભેદ બાદ કરવા.

૩) સંસ્થાન, લેશ્યા, સંઘયણ અને વેદમાં અપર્યાપ્તા અને પર્યાપ્તા બન્ને ભેદ લેવા.

૪) મિશ્ર દ્રષ્ટિમાં સંજ્ઞી પંચેન્દ્રિયના ત્રણ દ્રષ્ટિવાળા પર્યાપ્તા જ લેવા.

૫) અવધિજ્ઞાન, અવધિદર્શન, વિભંગજ્ઞાન એ ત્રણ હંમેશા સંજ્ઞીને જ હોય છે. પાંચ સંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા, નારકી-દેવના અપર્યાપ્તા-પર્યાપ્તા બન્નેમાં હોય. મનુષ્યમાં ૧૫ કર્મભૂમિના અપર્યાપ્તામાં વિભંગજ્ઞાન સિવાયના બન્ને જ્ઞાન-દર્શન હોય. પર્યાપ્તામાં ત્રણે જ્ઞાન હોય.

૬) અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય ૧ લી નરક કે ૫૧ જાતિના દેવતામાં ઉત્પન્ન થયા પછી પર્યાપ્તો થાય ત્યાર પછી વિભંગજ્ઞાન અને અવધિદર્શન ઉત્પન્ન થાય .

૭) નારકી કે દેવમાંથી કોઇપણ જીવ તિર્યંચ ગતિમાં આવે, તો અવધિજ્ઞાન-

અવધિદર્શન કે વિભંગજ્ઞાન સાથે લઇને આવતા નથી.

૮) નારકી કે દેવમાંથી કોઇપણ જીવ મનુષ્ય ગતિમાં આવે તો અવધિજ્ઞાન, અવધિદર્શન સાથે લઇને આવે છે, પરંતુ વિભંગજ્ઞાન લઇને આવતા જ નથી.

૯) ભવસિદ્ધિ એટલે જેની મોક્ષમાં જવાની લાયકાત છે. જે બધા જ ભેદમાં હોય શકે. ભલે આપણને ખબર નથી એટલે બીજું જે પૂછ્યું હોય તે પ્રમાણે ભેદ કાઢવા.

૧૦) સંજ્ઞી તિર્યંચ કે સંજ્ઞી મનુષ્ય જેને નારકી કે દેવમાં જવું છે, જો તે સમકિતી હોય તો અવધિજ્ઞાન અને અવધિદર્શન અને મિથ્યાત્વી હોય તો વિભંગજ્ઞાન અને અવધિદર્શન લઇને જ નિયમા જાય છે.

૧૧) ક્રિયાવાદી એટલે સમકિત દૃષ્ટિ અને સંજ્ઞી હોય.

૧૨) તિર્યંચમાં અવધિજ્ઞાન અને અવધિદર્શન સંજ્ઞીના પર્યાપ્તામાં જ હોય છે.

૧૩) અવધિજ્ઞાનમાં કિલ્વિષી અને પરમાધામી એકાંત મિથ્યાત્વી હોવાથી ન આવે, અવધિદર્શનમાં કિલ્વિષી અને પરમાધામી ભેદ આવે.

૧૪) અપર્યાપ્તામાં મન યોગ અને વચન યોગ ન હોય.

૧૫) ઘણાં ભવવાળા એટલે બે થી વધારે ભવ જેના બાકી હોય, તેવા જીવો તેમાં સર્વાર્થસિદ્ધના બે ભેદ બાદ કરવા.

૧૬) કાર્મણ કાયયોગ અપર્યાપ્તામાં જ હોય. (કેવળ સમુદ્‌ઘાત અપેક્ષાએ ૧૫ કર્મભૂમિના પર્યાપ્તામાં હોય )

૧૭) ખેચર જુગલિયા એકાંત મિથ્યાત્વી હોય. સ્થળચર જુગલિયા સમકિતી, મિથ્યાત્વી બન્ને હોય.

૧૮) તેજોલેશી દેવીમાં ૬૪ જાતિના દેવતા અપર્યાપ્તા- પર્યાપ્તા લેવા. (૬૪ જાતિના દેવને જ દેવી હોય.)

૧૯) અંતર્મૂહુર્તથી પૂર્વક્રોડ વર્ષ સુધીનું આયુષ્ય સંખ્યાતકાળમાં ગણાય-પૂર્વક્રોડથી ઝાઝેરું બધું અસંખ્યાતકાળ ગણાય. અપર્યાપ્તા બધા જ સંખ્યાતકાળની

સ્થિતિવાળા હોય.

૨૦) તિર્યંચ જુગલિયાના ચાર ભેદ, સ્થળચર- ખેચરના અપર્યાપ્તા- પર્યાપ્તા.

૨૧) જુગલિયાનું આયુષ્ય અસંખ્યાતકાળમાં આવે.

૨૨) કોઈપણ જીવના અપર્યાપ્તામાં મિશ્રયોગ અવશ્ય હોય છે. પર્યાપ્તામાં જેને ઉત્તર વૈક્રિય કે આહારક શરીર કરવું હોય તેને મિશ્રયોગ અવશ્ય હોય.

૨૩) બાદર અગ્નિ અઢીદ્વીપમાં જ છે માટે અઢીદ્વીપ બહાર અને ઉર્ધ્વલોકમાં તેઉકાયના એટલે બાદર અગ્નિના બે ભેદ બાદ કરવા.

## જ્ઞાનમાં જીવના ભેદ

**વિભંગજ્ઞાન :** નારકી- ૧૪ ભેદ

તિર્યંચ : ૫ સંજ્ઞી તિ. ના પર્યા.

મનુષ્ય : ૧૫ કર્મભૂમિના પર્યા.

દેવતા : ૧૮૮

(૫ અનુત્તરના ૧૦ અપર્યાપ્તા- પર્યાપ્તા વર્જીને)

**અવધિજ્ઞાન :** નારકી-૧૩ ભેદ (સાતમી નરકના અપર્યાપ્તા વર્જીને)

તિર્યંચ : ૫ સંજ્ઞી તિ. ના પર્યાપ્તા

મનુષ્ય : ૩૦ (૧૫ કર્મભૂમિના અપર્યાપ્તા- પર્યાપ્તા)

દેવતા : ૧૬૨ (૧૫ પરમાધામી + ૩ કિલ્વીષીના અપર્યાપ્તા- પર્યાપ્તા વર્જીને)

**અવધિદર્શન :**

નારકી : ૧૪ ભેદ

તિર્યંચ : ૫ સંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા

મનુષ્ય : ૩૦ કર્મભૂમિના અપર્યાપ્તા- પર્યાપ્તા

દેવતા : ૧૯૮

## દેવતામાં લેશ્યા :

કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યા : ૫૧ દેવ (અપર્યાપ્તા- પર્યાપ્તા) = ૧૦૨ ભેદ

(ભવનપતિ દેવના ૨૫ + વ્યંતર દેવના - ૨૬)

તેજો લેશ્યા - ૬૪ જાતિના દેવ, તેના અપર્યાપ્તા- પર્યાપ્તા = ૧૨૮ ભેદ

**એકાંત તેજો લેશ્યા :** ૧૦ જ્યોતિષીના ચર/અચર + પહેલું, બીજું દેવલોક + પહેલું કિલ્વિષી = ૧૩ તેના અપર્યાપ્તા- પર્યાપ્તા = ૨૬ ભેદ

**એકાંત પદ્મ લેશ્યા :** ૧૩. ૩, ૪, ૫ દેવ + ૯ લોકાંતિક + બીજું કિલ્વિષી તેના અપર્યાપ્તા- પર્યાપ્તા = ૨૬ ભેદ

**એકાંત શુક્લ લેશ્યા :** ૨૨. છઠ્ઠા દેવ. થી સર્વાર્થ.+ ત્રીજું કિલ્વિષી તેના અપર્યાપ્તા- પર્યાપ્તા = ૪૪ ભેદ

## અધોલોકમાં દેવના ભેદ ?

૧૦ ભવનપતિના અપર્યાપ્તા - પર્યાપ્તા = ૨૦

૧૫ પરમાધામીના અપર્યાપ્તા - પર્યાપ્તા = ૩૦

**કુલ = ૫૦**

## તિર્ચ્છાલોકમાં દેવના ભેદ ?

૧૬ વાણવ્યંતર દેવના અપર્યાપ્તા- પર્યાપ્તા = ૩૨

૧૦ જૃંભક દેવના અપર્યાપ્તા-પર્યાપ્તા = ૨૦

૧૦ જ્યોતિષી દેવના અપર્યાપ્તા-પર્યાપ્તા = ૨૦

**કુલ = ૭૨**

### મનુષ્યના મુખ્ય બે ભેદ :

ગર્ભજ અને સંમૂર્ચ્છિમ

ગર્ભજ મનુષ્યના અપર્યાપ્ત અને પર્યા- ૨ ભેદ.

સંમુર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્તા જ છે- ૧ ભેદ

આ રીતે મનુષ્યના કુલ =૩ ભેદ

કાલોદધિ સમુદ્રમાં મનુષ્ય ક્ષેત્ર નથી, તેથી મનુષ્યો હોતા નથી.

### નારકીના ૧૪ ભેદમાંથી :

સંજ્ઞી :૧૪ ભેદ

અસંજ્ઞી : ૧ ભેદ (પહેલી નરકના અપર્યાપ્તા)

એકાંત સંજ્ઞી : ૧૩ ભેદ

એકાંત અસંજ્ઞી : એકેય નથી

સંજ્ઞી- અસંજ્ઞી બન્ને- ૧ ભેદ (પહેલી નરકના અપર્યાપ્તા)

### નારકીના ૧૪ ભેદમાંથી

સંખ્યાત વર્ષના : ૮ ભેદ (સાત નરકના અપર્યાપ્તા, પહેલી નરકના પર્યાપ્તા)

અસંખ્યાત વર્ષના : ૭ ભેદ (સાત નરકના પર્યાપ્તા)

એકાંત સંખ્યાત વર્ષના : ૭ ભેદ (સાત નરકના અપર્યાપ્તા)

એકાંત અસંખ્યાત વર્ષના : ૬ ભેદ ( બીજી નરક થી સાતમી નરકના પર્યાપ્તા)

સંખ્યાત, અસંખ્યાત વર્ષના બન્ને - ૧ ભેદ (પહેલી નરકનો પર્યાપ્તા)

### ઔદારિક મિશ્ર કાયયોગ કયારે હોય ?

૧. મનુષ્ય કે તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થતી વખતે, અપર્યાપ્ત અવસ્થામાં

૨. વૈક્રિય લબ્ધિધારી મનુષ્ય અને તિર્યંચ જ્યારે વૈક્રિય શરીર બનાવીને તેનો ત્યાગ કરે અને આત્મપ્રદેશો મૂળ શરીરમાં પાછા આવે ત્યારે ઔદારિક મિશ્ર કાયયોગ હોય.

૩. આહારક લબ્ધિધારી પૂર્વધર સયંતિ જ્યારે આહારક શરીર બનાવીને તેનો ત્યાગ કરે

અને આત્મપ્રદેશો મૂળ શરીરમાં પાછા આવે ત્યારે ઔદારિક મિશ્ર કાયયોગ હોય.

૪. કેવળી ભગવંત જ્યારે કેવળી સમુદ્ઘાત કરે ત્યારે બીજા- છઠ્ઠા- સાતમા સમયે ઔદારિક મિશ્ર કાયયોગ હોય.

### મિશ્રયોગ ક્યારે હોય :

અપર્યાપ્તા - બધામાં મિશ્રયોગ હોય. પર્યાપ્તા જે ઉત્તર વૈક્રિય શરીર કે આહારક શરીર બનાવે તેને મિશ્રયોગ હોય. કોઈપણ ઔદારિક શરીરી જીવ વૈક્રિય લબ્ધિ કે આહારક લબ્ધિ ફોરવે ત્યારે અને ફરી મૂળ શરીરમાં આવે ત્યારે મિશ્રયોગ હોય.

**નારકી :** ૭ પર્યાપ્તા ઉત્તર વૈક્રિય કરે ત્યારે વૈક્રિય મિશ્ર યોગ લાભે. અપર્યાપ્તા તો બધાંને જ હોય એટલે નારકી =૧૪

**તિર્યંચ :** ૫ સંજ્ઞી તિર્યંચ + બાદર વાયુના પર્યાપ્તા એ છ ભેદ ઉત્તર વૈક્રિય કરે ત્યારે તેમાં પર્યાપ્તાના મિશ્ર યોગ લાભે.

૨૪ ભેદ અપર્યાપ્તાના. Total તિર્યંચના ૩૦ ભેદમાં મિશ્ર યોગ હોય.

**મનુષ્ય :** ગર્ભજના ૧૦૧ ભેદમાંથી ફક્ત ૧૫ કર્મભૂમિના જ વૈક્રિય કે આહારક શરીર બનાવી શકે છે એટલે મનુષ્યમાં ૨૦૨ અપર્યાપ્તા અને ૧૫ પર્યાપ્તા એમ મનુષ્યના Total-૨૧૭ ભેદમાં મિશ્ર યોગ હોય.

**દેવતા :** ૯ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવો ઉત્તર વૈક્રિય કરતાં નથી એટલે ૯૯ - ૧૪ = ૮૫ પર્યાપ્તા + ૯૯ અપર્યાપ્તા એમ દેવના = ૧૮૪ ભેદમાં મિશ્ર યોગ લાભે.

### વૈક્રિય- મિશ્ર કાયયોગ ક્યારે હોય ?

૧. વૈક્રિય લબ્ધિવાળા મનુષ્ય કે તિર્યંચ વૈક્રિય રૂપ બનાવે છે ત્યારે.

૨. દેવ તથા નારકીને ઉપપાતના સમયથી શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી વૈક્રિય મિશ્ર કાયયોગ હોય.

૩. દેવતા તથા નારકીને પણ ભવધારિણી વૈક્રિય શરીર હોવા છતાં બીજા રૂપો બનાવતી વખતે જ્યારે ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે ત્યારે અને આત્મપ્રદેશોને બહાર કાઢે છે. વૈક્રિય શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી અને કાર્ય પૂર્ણ થતાં આત્મપ્રદેશો મૂળ શરીરમાં પાછા આવે તે બન્ને વખતે વૈક્રિય મિશ્ર કાયયોગ હોય છે.

## આહારક મિશ્ર કાયયોગ કયારે હોય ?

૧. આહારક શરીર બનાવવાનો પ્રારંભ કરે ત્યારે પ્રથમ સમયથી આહારક શરીર પૂર્ણ બને ત્યાં સુધી આહારક મિશ્ર કાયયોગ હોય છે. શરીર પર્યાપ્તિ પૂર્ણ થતાં આહારક કાયયોગ હોય છે.

## કાર્મણ કાયયોગ કયારે હોય ?

૧. વિગ્રહગ્રતિમાં, અણાહારક અવસ્થામાં સર્વ જીવોને હોય છે.

૨. કેવળી સમુદ્‌ઘાતના ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણ કાયયોગ હોય છે. (વધુ સમજણ માટે શ્રેણી-૮ પાઠાવલી ભાગ-૨ પાના નંબર ૧૯૪ પર જોવું.)

## માર્ગણા IMP

તમને ૧ થી ૨૫૦ માર્ગણા પૂર્વે આવી ગઈ છે એમાંથી પૂછાશે તેમ જ બહારની પૂછાશે એટલે જે માર્ગણા પૂછાશે એનો જવાબ ૧ થી ૨૫૦ માંથી જ આવતો હશે. પરંતુ એ બુકની નહિ હોય. નમૂના માટે તમને નીચે કેટલીક માર્ગણાઓ જવાબ સાથે લખી છે. દા.ત. પુસ્તકમાં પાંચમી માર્ગણામાં પૂછ્યું છે. મિશ્રદૃષ્ટિ તિર્યંચમાં ૫ ભેદ બતાવ્યા છે તેની જગ્યાએ અશાશ્વત તિર્યંચ પૂછ્યું હોય તો પણ જવાબ પાંચ જ આવશે પણ પાંચ સંજ્ઞી તિર્યંચના અપર્યાપ્તા આવશે. તો એ પ્રમાણે સમજીને જવાબ લખવાના રહેશે. હવે નીચે કેટલીક માર્ગણાઓ લખી છે. જે જોશો તો ખ્યાલ આવી જશે.

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આહારક શરીરી | ૦ | ૦ | ૧૫ | ૦ | ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા | ૧૫ |
| ૨ | તિર્યંચ ગતિ | ૦ | ૪૮ | ૦ | ૦ | ૪૮ ભેદ તિર્યંચના | ૪૮ |
| ૩ | કૃષ્ણલેશી અવધિજ્ઞાની | ૫ | ૫ | ૩૦ | ૭૨ | ૫, ૬, ૭ નરકના પર્યાપ્તા ૫ ૬ નરકના અપર્યાપ્તા. ૧૦ ભવનપતિ, ૨૬ વાણવ્યંતર અપર્યા-પર્યા=૭૨. પાંચ સંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા, મનુ. ૧૫ કર્મભૂમિના અપર્યા અને પર્યાપ્તા | ૧૧૨ |
| ૪ | ઔદારિક શરીરી ભાષક | ૦ | ૧૩ | ૧૦૧ | ૦ | ૧૩ ત્રસ તિર્યંચના પર્યાપ્તા અને ૧૦૧ ગર્ભજ મનુષ્યના પર્યાપ્તા. | ૧૧૪ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ઔદારિક અસંજ્ઞી | ૦ | ૩૮ | ૧૦૧ | ૦ | ૧૦ ગર્ભજ તિર્યંચના વર્જીને ૩૮ તિર્યંચના + ૧૦૧ સંમૂચ્છિંમ મનુષ્ય. | ૧૩૯ |
| ૬ | શાશ્વતા તિર્યંચમાં | ૦ | ૪૩ | ૦ | ૦ | ૪૩ પાંચ સંજ્ઞી તિર્યંચના અપર્યાપ્તા વર્જીને . | ૪૩ |
| ૭ | શુક્લલેશી અવધિદર્શની | ૦ | ૫ | ૩૦ | ૪૪ | પાંચ સંજ્ઞી તિર્યંચ પર્યાપ્તા + ૧૫ કર્મભૂમિ મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા દેવના છઠ્ઠા દેવલોકથી સર્વાર્થસિદ્ધના ૨૨ ના અપર્યાપ્તા ને પર્યાપ્તા. | ૭૯ |
| ૮ | અપર્યાપ્ત મનુષ્ય | ૦ | ૦ | ૨૦૨ | ૦ | ૨૦૨ મનુષ્યના અપર્યાપ્તા. | ૨૦૨ |
| ૯ | વૈક્રિય મિશ્ર કાયયોગ | ૧૪ | ૬ | ૧૫ | ૧૮૫ | નારકીના ૧૪, તિર્યંચમાં બાદર વાયુ + ૫ સંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા. મનુષ્યમાં ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા. દેવમાં નવ ગ્રેવેયક, ૫ અનુત્તર વિમાન એ ૧૪ના પર્યાપ્તા વર્જીને ૧૮૫ | ૨૨૦ |
| ૧૦ | તેજો લેશ્યા ઔદારિક અભાષક | ૦ | ૮ | ૧૦૧ | ૦ | પૃથ્વી, પાણી, વનસ્પતિ અને પાંચ સંજ્ઞી તિર્યંચના અપર્યાપ્તા + ૧૦૧ ગર્ભજ મનુષ્યના અપર્યાપ્તા. | ૧૦૯ |

આ રીતે કોઈપણ પ્રશ્ન આવી શકે. પ્રેક્ટીસ માટે નીચે થોડા પ્રશ્નો મૂક્યા છે જેની માર્ગણા શોધવી.

(૧) અમર ભેદમાં
(૨) તેજસ સમુદ્ઘાતમાં
(૩) સિદ્ધ ક્ષેત્રમાં
(૪) ઊર્ધ્વલોકમાં
(૫) કાપોત લેશી અમર
(૬) સંખ્યાતકાળની સ્થિતિવાળા મનુષ્ય
(૭) અધોલોક એકાંત મિથ્યાત્વી દેવ
(૮) શુકલલેશી અણાહારક
(૯) વજ્ર ઋષભનારાચ સંઘયણી
(૧૦) ગર્ભજ અણાહારક
(૧૧) ગર્ભજ પદ્મલેશી અણાહારક

## મનુષ્ય જન્મની દુર્લભતા

લવણ સમુદ્રમાં એક કિનારે સોય અને બીજે કિનારે દોરી મૂકીને બંને તરતા તરતા વચમાં આવે અને સોયના કાણામાં દોરો સ્વયંમેવ પરોવાય આવું અશક્ય હોવા છતાં શક્ય બની શકે પણ મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે એટલે જ કહ્યું છે કે દરરોજ આ સૃષ્ટિમાં **૧૦૦** અબજ જીવનો જન્મ થાય છે, તેમાંથી **૯૯** અબજ તિર્યંચ ગતિમાં જાય છે. વધેલા **૧** અબજમાંથી **૯૯** કરોડ દેવગતિમાં જાય છે. બાકીના **૧** કરોડમાંથી **૯૯** લાખ નરક ગતિમાં જાય છે. વધેલા **૧** લાખમાંથી **૯૯** હજાર સંમૂર્ચ્છિમ મનુષ્ય થાય છે. વધેલા ૧ હજાર માંથી **૯૦૦** જીવ અનાર્ય દેશમાં ઉત્પન્ન થાય છે. વધેલા **૧૦૦** માંથી **૯૯** અજૈન કુળમાં ઉત્પન્ન થાય છે. બચેલો **૧** જીવ એટલે આપણે જે જૈન કુળમાં ઉત્પન્ન થયો. **૧૦૦** અબજમાંથી આપણી પસંદગી થઈ છે. આ જ છે મનુષ્ય જન્મની દુર્લભતા.

।। શ્રી મહાવીરાય નમઃ।।   ।। શ્રી વીતરાગાય નમઃ।।   ।। નમો નાણસ્સ઼।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ


Matushree Maniben Manshi Bhimshi Chhadva Dharmik Shikshan Board

Jayant Arcade, office No 202, 2nd floor, M. G. Road, Rajawadi Signal, Ghatkopar (E), Mumbai - 400077.

◈ E-mail: jainshikshanboard@gmail.com

◈ Website: www.jaineducation.org


**Our Website**

- ◈ Contact Details of Shikshan Board office (Phone & Email)
- ◈ News and Events related to examination and breaking news
- ◈ Know Goals and Visions of Board
- ◈ Facility to enroll forthcoming exams online
- ◈ Historical exams and answer papers available from 2016
- ◈ Download Shreni exams books
- ◈ Access Photographs of various events
- ◈ View Past exams results

**વેબ સાઈટમાં માહિતી**

- ◈ શિક્ષણ બોર્ડની ઓફિસના ફોન નંબર તથા ઇ-મેલ મેળવી શકશે.
- ◈ બોર્ડ દ્વારા આગામી પરીક્ષાની માહિતી વિગતવાર મૂકવામાં આવશે.
- ◈ બોર્ડના હેતુ તથા ધ્યેય જાણવા મળશે.
- ◈ ઘર બેઠા ઓનલાઇન રજીસ્ટ્રેશન કરી શકશે.
- ◈ ૨૦૧૬ વર્ષની પરીક્ષાના પેપર તથા જવાબો મેળવી શકાશે.
- ◈ દરેક શ્રેણીનો અભ્યાસક્રમ ડાઉનલોક કરી શકશો.
- ◈ પ્રોગ્રામના ફોટો જોઇ શકાશે.
- ◈ ભૂતપૂર્વ આપેલી પરિક્ષાનું પરિણામ જોઈ શકશો

।। નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

Matushree Maniben Manshi Bhimshi Chhadva- Dharmik Shikshan Board,

Jayant Arcade, office No 202, 2nd floor, M.G. Road, Rajawadi Signal, Ghatkopar (E), Mumbai- 400077

## જ્ઞાનદાન મહાદાન

માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડના ઉત્કર્ષ કાજે

### જ્ઞાન યોજના

| | |
|---|---|
| ◈ ૧,૦૦,૦૦૦/- | શ્રુતસ્તંભ દાતા |
| ◈ ૫૧,૦૦૦/- | શ્રુતાધાર દાતા |
| ◈ ૨૫,૦૦૦/- | શ્રુતપ્રભાવક દાતા |
| ◈ ૧૧,૦૦૦/- | શ્રુતપ્રેરક દાતા |
| ◈ ૫,૦૦૦/- | શ્રુતસહયોગી દાતા |
| ◈ ૨૫૦૦/- | શ્રુતસહાયક દાતા |
| ◈ ૧૦૦૦/- | શ્રુતઅનુમોદક દાતા |

દેશ-વિદેશના હજારો પરીક્ષાર્થીઓ શ્રેણી ૧ થી ૨૪ની પરીક્ષાઓ આપીને જ્ઞાનવૃદ્ધિ કરી રહ્યા છે.

માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડને સધ્ધર કરવા આપશ્રી જ્ઞાનદાન યોજનમાં સહભાગી બનશો અને અન્યને અનુમોદના માટે પ્રેરિત કરશોજી.

**Banking Details for DONATION to Dharmik Sikshan Board**

A/c Name : Shree Greater Bombay Vardhaman Sthanakvasi Jain Mahasangh
Bank Name : DENA BANK, Zaveri Bazar, Mumbai - 400 002.
Code : RTGS/BKDNO450008
A/c. No. : 021010025716 Phone : +91(22) 22018629

ચેક/ડ્રાફ્ટ "શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થા. જૈન મહાસંઘ" ના નામે લખવો.